નલિનીકાન્ત.

(દામ્પત્ય પ્રેમદિગ્દર્શન)

લેખક

માણેકલાલ મહાદેવ વોરા.

Printed & Published by Bhagavanlal Tribhuvan Bhatt at the Subodhini Printing Press 305 Bazargate, Fort, Bombay.

For

Messrs. M. M. & Co.

વિ. સં. ૧૯૭૧ ઈ. સ. ૧૯૧૪

પ્રથમાવૃત્તિ.

પ્રત ૨૦૦૦

મૂલ્ય રૂા. ૧—૪—૦



પરમઉપકારક હિંદ માતાના ખોળામાં રમનાર તેનાં
સંતાનો પોતાનું સર્વસ્વ તેને અર્પણ કરે તેમાં શું આશ્ચર્ય !

પ્રસ્તાવના.

આ વિચિત્ર વિશ્વતંત્રમાં સર્વ જીવાત્મા, પ્રેરણા (Instinct) અને બુદ્ધિ (Intellect) ને અનુસરી, સુખશાન્તિની ઉપલબ્ધિ અર્થે પ્રવૃત્તિ કરી રહ્યા છે છતાં જ્ઞાનપ્રાધાન્ય પ્રજા, પોતાનું જીવન વિશેષ આદરણીય, વિશેષ વિચારણીય અને વિશેષ અનુકરણીય બને એવું અંતરથી સ્વાભાવિક જ ચાહતી હોય છે. ઉચ્ચ જીવન એ ઉચ્ચ સુખશાન્તિ છે અને ઉચ્ચ સુખશાન્તિ એ આત્માની ઉચ્ચ સ્થિતિ છે

આવું ઉચ્ચ-આદર્શ જીવન સર્વ સ્ત્રીપુરૂષો ગાળવા સદ્ભાગી બને, વિશ્વની વિચિત્રતાને લીધે ડગલે ડગલે પ્રાપ્ત થતી અનેક નાની મોટી મુશ્કેલીઓમાંથી અડગ રહેવાસાથે ઇપ્સિત સિદ્ધિના સાધનરૂપ ગણાતા માર્ગમાં રમણ કરે અને સ્વહિતસાથે પરહિત સાધવાના સાધનભુત દૈવીસંપત્તિને નવપલ્લવ કરે, એ અર્થે દરેક સમયે, દરેક દેશમાં, દરેક દેશના હિતચિન્તકોએ સતત પ્રયત્ન કર્યો છે. જુદી જુદી ભાષામાં અસ્તિત્વ ધરાવતા સર્વ ગ્રંથો, એ તેઓ પૂજ્યશ્રીના પ્રયત્નનું જ પરિણામ છે એમ કહેવામાં આસપાસના સંજોગોપણ સાક્ષી આપે છે.

જે ઉચ્ચ છે તે સર્વને લભ્ય છે. છતાં ક્રમવિના લભ્ય વસ્તુ અલભ્ય બને, લાભના બદલે હાનિ કરે અને ઉન્નતિના બદલે અવનતિના ખાડામાં ઘસડે એવો વિશેષ સંભવ છે. આવું ઉચ્ચજીવન ગાળવા, આપણા દીર્ઘદર્શી મહાત્માઓએ પ્રયત્ન કર્યો હતો અને ભવિષ્યની પ્રજા એવો જ પ્રયત્ન ચાલુ રાખે તે માટે તેઓશ્રીએ આશ્રમપ્રણાલિકા બાંધી હતી જેને આજ પણ આપણે માનની દૃષ્ટિએ જોઇએ છીએ.

प्रथमेनार्जिता विद्या द्वितीये नार्जितं धनं ।

तृतीये ना तपस्तप्तं चतुर्थे किं करिष्यति ॥

આખી નિસરણી એકાદ કુદકે ચડવા આશા રાખવી એકરતાં પગથિયે પગથિયે ચડવા આશા રાખવી એ જેટલું લાભપ્રદ છે તેટલું જ લાભપ્રદ ઉચ્ચજીવન પણ ક્રમે ક્રમે ગાળવા આશા રાખવી તે છે. નદીઓમાં ગંગા સર્વથા ઉચ્ચસ્થાને છે તેમ આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ છે. ગૃહસ્થાશ્રમમાં પાર પડેલાં સ્ત્રી-પુરૂષો અન્ય આશ્રમોને વિશેષ શોભાસ્પદ બનાવવાસાથે અનેક જીવાત્માનું કલ્યાણ સાધે એવો ઇષ્ટમાર્ગ પણ પોતાની પછવાડે મૂકવા ભાગ્યશાળી બની શકે છે.

ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવા આશા રાખનાર સ્ત્રીપુરૂષમાં જે બુદ્ધિ, જ્ઞાન, શક્તિ જોઇએ છીએ તે સર્વને સંપાદન કરવા ખાતર જ બ્રહ્મચર્યાશ્રમ રાખવામાં આવ્યો છે. બ્રહ્મચર્યાશ્રમમાં યથાર્થ વિદ્યાર્થીજીવન ગાળનાર વિદ્યાર્થી જ્યારે, પોતાના સ્વભાવને જાણી શકે, પ્રેમપ્રભુની પવિત્ર ગાથા શિખવવા સાથે નીતિના પવિત્ર પંથે અચળ રહેવા નૂતન સામર્થ્ય આપી શકે, સુખ દુ:ખમાં છાયા પેઠે સાથે રહી, ઉચ્ચ જીવન ગાળવામાં મદદરૂપે બની શકે એવી યોગ્ય યુવતિથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે છે ત્યારે તેનું હૃદય કેવા આનન્દથી ઉછળતું હોય છે ! તેનો અંતરાત્મા કેવી શાન્તિનો અનુભવ કરતો હોય છે ! તેની ગૃહકુંજ, વિશ્વકુંજ કે સ્વર્ગકુંજકરતાં કેટલી બધી રમણીય હોય છે ! અને અન્ય બન્ધુઓના જીવનમાર્ગમાં પોતાના સુખ-શાન્તિનો લોગ આપવા કેવા ઉત્સાહથી ઉભો રહે છે ! તેનો થોડા ઘણા અંશે સુજ્ઞ વાચકોને ખ્યાલ આપવો એટલો જ હેતુ આ ન્હાનકડી નવલકથા લખવામાં રાખ્યો છે.

નવલકથાદ્વારા અપાતું શિક્ષણ વાચકોના અંતઃકરણમાં ઘણી ઉંડી છાપ પાડે છે. પરંતુ નવલકથાનું સ્વરૂપ નવલકથાને અનુરૂપ તો હોવું જ જોઇએ. જે ચિત્રો સંસારમાં સુગમ છે તે ચિત્રો જ વાચકવૃન્દની દૃષ્ટિસમિપ ધરતાં, મોટો ભાગ તે ચિત્રોપ્રત્યે તિરસ્કાર દૃષ્ટિથી જુએ છે; પણ જે ચિત્રો જોવાથી આનન્દસાથે જ્ઞાન મળે, સંસારના અંગે થતી પ્રવૃત્તિ કેટલી ઉન્નતિ કે અવનતિસૂચક છે તેનો વિવેક (Discrimination) કરવા જેટલી શક્તિ વધે એવા ચિત્રોથી પરિપૂર્ણ નવલ-

કથા જો તેમના હાથમાં મૂકવામાં આવે તો તેઓ તેના પ્રત્યે પ્રેમભાવ દર્શાવે એ સહજ સમજાય એવી વાત છે.

વાચકોની શુષ્કવૃત્તિ સંતોષવા ખાતર પવિત્ર લેખિનીને હાથમાં લેવી તે કરતાં વાચકોના હૃદયને ઉન્નત કરે, તેમની ભાષામાં ગૌરવ વધે, તેઓના અંતઃકરણમાં ઉચ્ચ જીવન ગાળવા જેટલું નુતન બળ રેડે અને ઉત્તરોત્તર ઉચ્ચ સુખશાન્તિ મેળવવા ગતિ કરે એવા ઉચ્ચ આશયથી પવિત્ર લેખિનીને હાથમાં લઇ તેની પવિત્રતા સિદ્ધ કરી બતાવવી એ સર્વમતે અભિલષણીય છે; છતાં એ કાર્ય કેટલું બધું દુસ્તર છે તે તેના કાર્યવાહકો સારીપેઠે સમજે છે.

નવલકથાતરીકે આ મારો પ્રથમ પ્રયાસ છે. Perfeotion is not given to mortals એ વિચારને હૃદયમાં સ્થાન આપી સુજ્ઞ પુરૂષો હંસવૃત્તિથી જોશે એવી આશા રાખું છું.

મુ૦ હળવદ. } લિ. માણેકલાલ મહાદેવ વોરા.

૧—સંપૂર્ણતા મનુષ્ય માટે સર્જાયેલી છે.

હેનરી ઇરવીંગ.

અનુક્રમણિકા

નલિની કાન્ત.

પ્રકરણ ૧ લું.

કવિસૃષ્ટિ અને પ્રભુસૃષ્ટિ.

સૃષ્ટાની સૃષ્ટિતણા રસ ઝરા, સૌ દૃષ્ટિ પાસે સરે,
સ્નેહે સર્વ ઉરે અહો ! મૃદુરવે, એ સ્થાન લેતા ખરે;
સૃષ્ટાબાળ છતાં સદા કવિકરે, સૃષ્ટિ અનેરી રમે,
એ સૃષ્ટિ પ્રભુસૃષ્ટિમાં નિરખવા, કૈં કાવ્ય પ્રેમી ભમે.

"સંસારના અન્ય રસો કાવ્યરસપાસે સૂર્યસમીપે કરેલા દીપક જેવા છે."

"કાવ્યરસ પીવામાં અત્યન્ત આનંદ સમાયો છે. તત્સમ્બન્ધી એક સંસ્કૃત સુભાષિત પણ છે."

×" कान्पृच्छामः सुरा स्वर्गे निवसामो वयं भुवि ।
" किं वा काव्यरसः स्वादुः किं वा स्वादीयसी सुधा ॥१॥

"કોઈ પણ હૃદય એવું નહિ હોય કે, કાવ્યરસની અવગણના કરે." નલિનીકાન્તે સ્મિતહાસ્યપૂર્વક કહ્યું.

× દેવો સ્વર્ગમાં અને અમે પૃથ્વી ઉપર વસીએ છીએ. કાવ્યરસ મીઠો કે સુધારસ મીઠો એ અમે કોને પૂછીએ ?

સુભાષિત રત્નભાન્ડાગાર

"સુહૃદ ! કાવ્યરસ સિંહણના પયજેવો છે. પાત્રવિના પીનારા જીવતા છતાં મૃત્યુનોજ અનુભવ કરે." રસિકલાલે જરા ગંભીર બની કહ્યું.

"વસ્તુમાત્રનો સદુપયોગ વા દુરૂપયોગ થઈ શકે છે." વસ્તુ માત્ર તેમાં સ્થિતિ કરી રહેલા ગુણોને લીધે સારી કે ખરાબ નથી મનાતી; પરંતુ વસ્તુનું સારાપણું ગણાય છે; તે તેના ગ્રાહકને લઈનેજ." એ મહાત્મા ભર્તૃહરિનું કથન ખરેખર વિચારણીય છે. કાવ્યરસ મીઠો છે; છતાં અન્યને ઝેરની ગરજ સારે એ બનવા જેવું છે. પ્રેમના પૂજારી પ્રેમનો મહિમા જાણે છે; તેમ કાવ્યરસિકો કાવ્યરસનો મહિમા પણ જાણે છે."

> "સિંહણકેરૂં દુધ હોય તે, સિંહણ સુતને ઝરે,
> "કનક પાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નિસરે; પ્રેમ.
>
> દયારામ

"સ્નિગ્ધ હૃદયવિના કાવ્યરસ રોમે રોમ ફુટી નીકળે છે." નલિનીકાન્તે પોતાના પક્ષનું સમર્થન કર્યું.

"તારૂં કહેવું સત્ય છે; પરંતુ જે રસ પરિણામે વિક્રિયા કરે, તેને રસ કહેતાં હૃદય જરા આંચકો ખાય છે." મિત્રનું હૃદય જાણવાની જીજ્ઞાસા રાખતાં રસિકલાલ બોલ્યો.

"પ્રિય રસિક ! સંસ્કૃત અભ્યાસ તારો કાચો રહ્યો, તેનું આ પરિણામ છે. L. M. & S. ન થતાં જો તું મારી સાથે રહ્યો હોત તો, મારી ખાતરી હતી, કે ઉપરોક્ત શબ્દો તારે ઉચ્ચારવા ન પડત. કાવ્યરસથી રંગાતાં હૃદયને પ્રેમભક્તિ સુલભ છે. કાવ્યરસના મીઠા ઝરામાં ન્હાતાં જે આનન્દની ઉર્મીઓ અંતરમાં ઉપસ્થિત થાય છે; તેનું વર્ણન વાણીદ્વારા અશક્યજ છે.

* "कवितायाः परिपाकं ह्यनुभवरसिको विजानाति

---

* કવિતાની લિજ્જતને અનુભવરસિક પુરૂષો જાણે છે.

ભોજ પ્રબંધ

"કાવ્યરસ પરિણામે વિક્રિયા કરે છે. એમ માનતાં રસિકની રસિકતામાં ખામીજ આવે છે."

"સુહૃદ ! કાવ્યરસથી આનન્દતો આત્મા પ્રેમભક્તિના પવિત્ર પંથે પડયા પહેલાં ફસાઇ જાય છે. શૃંગારરસથી છલકાતાં કાવ્યો વાંચતાં સ્ત્રીપુરૂષો પ્રેમાત્મા થવાને બદલે કામાત્મા થયાના ઘણા દાખલાઓ આ જગમાં મળી આવે એમ છે."

"પરંતુ તેથી શું થયું ! રસિક ! બીજનો સડો વૃક્ષમાં ઉતરે છે; તદ્વત શૃંગારરસથી પરિપૂર્ણ કાવ્યનો આસ્વાદ લેતાં વિવેકના અભાવે ઘણાં યુવક યુવતીઓ તારા કહેવા પ્રમાણે કામાત્મા થયાં હશે, એ હું કબુલ કરૂં છું. પરંતુ જે રસ્તે જતાં લુંટાવાનો સંભવ તે રસ્તો ઉત્તમ છતાં છોડી દેવો, એ તો કાયરપણુંજ કહેવાય."

"કાવ્યસૃષ્ટિની રસિકતા–મનોહરતા માત્ર ગ્રંથોમાંજ જોવામાં આવે છે. પ્રભુ સૃષ્ટિમાં દૃષ્ટિ ફેંકતાં તેમાંનું કાંઇપણ કોઇને લક્ષ્ય થયું હજુ જોવામાં આવ્યું નથી. સુહૃદ ! કવિસૃષ્ટિના સત્ય સ્વર્ગો સુખસ્વર્ગો, પ્રેમસ્વર્ગો અને વાકસૌંદર્ય, પ્રભુસૃષ્ટિમાં શોધવા જતાં માત્ર નિરાશાનાજ પંઝામાં સપડાવું પડે છે; પ્રાપ્ત સ્થિતિનો વિચાર ભૂલી જવાય છે, અને અપ્રાપ્ત એવા વિષયની પાછળ પડતાં, ધોબીનો કુતરો નહિ વાટનો કે નહિ ઘાટનો એના જેવી સ્થિતિ થાય છે. કવિની કાવ્યસૃષ્ટિ એ માત્ર કલ્પનાના ઘોડાવિના બીજું શું છે. !"

"કાવ્યરસનું માધુર્ય તું ચાહે છે, છતાં કાવ્યસૃષ્ટિમાં દૃશ્ય થતાં સ્વર્ગોને તું ટાઢા પહોરની ગપ–કલ્પનાનો હવાઈ કિલ્લો માને છે, એ મને આશ્ચર્ય ઉપજાવે છે. કવિ કુદરતનું બાળક ગણાય છે. જે બાળકની સૃષ્ટિમાં દૃશ્ય થાય તે પ્રભુસૃષ્ટિમાં દૃશ્ય ન થાય; એમ કહેવું એ પ્રભુ સામર્થ્યમાં શંકા કરવા જેવું છે."

"પ્રભુ સામર્થ્યમાં મને શ્રદ્ધા છે. કવિની કાલ્પનિક કાવ્યસૃષ્ટિ પ્રમાણે જો પ્રભુસૃષ્ટિમાં મળી આવે, તો ઉન્નતિને બદલે અવનતિના ખાડામાંજ આખું વિશ્વ ઘસડાઇ જાય એમ

મારૂં માનવું છે. કવિની કાવ્યસૃષ્ટિમાં માત્ર વિચાર દૃષ્ટિએ પ્રત્યક્ષ થતાં, પતિ પત્નિઓની શોધમાં, ઘણું સુંદર યુવક યુવતિયો નીકળી પડયાં હતાં; જે પરિણામે તો અનાચારના અખાડામાંજ ફસાઇ ગયાં છે. પ્રિય સુહૃદ ! વિદ્યાર્થિ અવસ્થામાં જો તારા મનમાં આવું ભુત ભરાણું તો હું ધારૂં છું કે તું નહિ રહે વિદ્યાર્થિ કે નહિ બને ગૃહસ્થી, એટલે અતો ભ્રષ્ટ સ્તતો ભ્રષ્ટઃ થઇશ.”

“M. A થયો છું. L. L. B ની પરિક્ષા હમણાં આપી આવ્યો છું. પરિણામ લાભમાં આવ્યે વિદ્યાર્થિ જીવનનું પ્રાધાન્ય પણું હું રાખવા ચાહતો નથી. ગૃહસ્થાશ્રમી થવાની ફરજ શાસ્ત્રકારો પાડે છે; દામ્પત્ય પ્રેમમાં અનેક સુખ સ્વર્ગો સમાયાનુ સ્વાનુભવી મહર્ષિઓ જણાવે છે અને ધર્માચાર્યો પણ ગૃહસ્થાશ્રમીનેજ અન્ય આશ્રમીઓ કરતાં સારી કોટિમાં મૂકે છે; એટલુંજ નહિ પણ આજદિન સુધીમાં જે ગ્રંથો ભણ્યો, જે નાટકો, કાવ્યો, શાસ્ત્રો, અવલોકયાં, જે વિદ્વાનોના પરિચયમાં આવ્યો, તેમાંનો મોટો ભાગ ગૃહસ્થાશ્રમની શ્રેષ્ટતા પ્રતિપાદન કરનારો છે. ગૃહસ્થાશ્રમની ઉત્તમતા હું પણ હવે સ્વીકારતો થયો છું. છતાં યથાર્થ ગુણજ્ઞ ગૃહિણીના અભાવે ગૃહસ્થાશ્રમ માત્ર ભયંકર અરણ્ય કે ત્રાસદાયક કારાગૃહનોજ અર્થ સારે એમ મારૂં અંતઃકરણથી માનવું છે ”

“આજ કાવ્યસૃષ્ટિમાં દૃષ્ય થતી નાયકાજેવી ગૃહિણી મેળવવાની અભિલાષા તારા હૃદયમન્દિરમાં અગ્રસ્થાન ભોગવવાનું સુચન કરે છે. સુહૃદ ! માત્ર કલ્પનાસૃષ્ટિના તરંગોને તિલાંજલિ આપી પ્રભુ સૃષ્ટિમાંથી જે કાંઇ મળે તેમાં તારા અભિલાષની સિદ્ધિ જોતાં તું શિખે, એવી મારી ઇચ્છા છે. સ્વપ્નસૃષ્ટિ સર્વથા અસત્યજ છે. આજદિન સુધીમાં જે ગૃહસ્થાશ્રમીનાં ચિત્રો તેં ગ્રંથોમાં જોયાં તેમાંનું એકાદ ચિત્ર પણ તું પ્રભુસૃષ્ટિમાં જોઇ શકે છે ?

“નથી જોયું તેજ મારે જોવું છે. શું વિચારસૃષ્ટિમાં આવેલું ઋષિ મુનિએ ઇષ્ટ ગણેલું, કવિઓએ મુકત કંઠે વખાણેલું, એ

બધું સ્વપ્નસૃષ્ટિના જેવું ગણુતાં મારૂં હૃદય આંચકો ખાય છે. ગૃહસ્થાશ્રમી થવું એટલે ગામડાની અશિક્ષિત, યોગ્યાયોગ્ય બાલિકાનું પાણિગ્રહણુ કરવું, એ વ્યાખ્યા જે વયોવૃદ્ધ વડીલો આપણુને સમજાવવા મથે છે, એ મને સર્વથા અગ્રાહ્ય છે. તું શુશિક્ષિત છતાં આવા શુષ્ક વિચારોને હજુ સેવી રહ્યા છે, એ મને ખરેખર આશ્ચર્ય આપે છે.”

“સુહૃદ્ ! તને જે આશ્ચર્ય આપે છે તે મને આશ્ચર્ય નથી આપતું. ગમે તેવા પાત્રથી તું ગૃહસ્થાશ્રમી થા એવી મારી ઇચ્છા નથી, પરંતુ કવિવર્ય बाण, माघ, भवभूति, कालिदास, Shakespeare (શેકસપીઅર) Wordsworth (વર્ડઝ-વર્થ) Longfellow (લોંગફેલો) Cowper (કાઉપર) Tennyson (ટેનિસન) મસ્તકવિ બાલ, બ્રહ્મનિષ્ઠ મણિલાલ, કલાપી આદિનાં કાવ્યો વાંચતાં જે ગૃહિણીનું ચિત્ર તારા મનમાં ખડું થયું છે તે ભૂલવા તું પ્રયત્ન કર અને જે મળે તેમાં સંતોષ માની સંસારગાડી આગળ ધકેલવા રત (મચ્યો) રહે; આજ મારી ઇચ્છા અથવા સ્નેહી તરીકેની ભલામણ છે.”

“જે વાંચ્યું તે અનુભવ્યું નહિ તો જીવ્યું બધું વ્યર્થજ ઠરે.”

“સુહૃદ્ ! શાળામાં ભણુતાં સંસારશાળાના અનુભવથી તું વેગળો રહ્યા છે. વાંચ્યા પ્રમાણે પ્રેમી પાત્રો શોધવા જતાં, ઘણાં સ્ત્રી પુરૂષો નાશીપાસ થયાં છે, તેનાં નામો તારી નોંધ પોથીમાં દાખલ થયાં નથી. કવિસૃષ્ટિના સ્વરૂપથી અંજાઇ ઘણાં સ્ત્રી પુરૂષો પ્રાપ્ત ગૃહસ્થાશ્રમને પાણીચું આપી ચાલતાં થયાં છે. મહાત્મા પ્રણિત લગ્નગ્રંથીને નમસ્કાર કરી, પાશ્ચાત્ય પ્રજાની કામ ચલાઉ લગ્ન પદ્ધતિને શ્રેયસ્કર માનવા લાગ્યા છે અને પ્રેમના નામે મોહના ક્રુર પંઝામાં ઘણાં યુવક યુવતિઓ ફસાઇ પડયાં છે અને જીવતાં છતાં મૃત્યુનો અનુભવ કરતાં યુવક યુવતિઓની સંખ્યા દિનપ્રતિ દિન વધતી ચાલી છે. આવી પ્રવૃત્તિ તારા જેવા વિદ્વાનોને શોભાસ્પદ નથી. કારણ કે કવિની કાવ્યસૃષ્ટિ જોવામાં જે આનન્દ છે, તે આનન્દ તેવી સૃષ્ટિમાં રમવાની

આશા રાખવામાં તો નથીજ. જે પદાર્થનું અસ્તિત્વ હોય તેની આશા રાખી શકાય પણ જેનું અસ્તિત્વજ ન હોય તેની આશા રાખવી એ માત્ર નિરાશાને આમંત્રણ આપવા જેવું છે.”

“ રે ! વ્યર્થ એ સકળ કાવ્યની કલ્પનાઓ !
“ ક્યાંયે નથી પ્રણય શુદ્ધ દિવાંગનાઓ;
“ નિઃસ્વાર્થ પ્રેમ અહિં કે તહિં ક્યાંઈ છે ના,
“ ક્યાંયે નથી ઝરણ નિર્મળ નેહ કેરાં.
“ આ વિશ્વમાં નવ હતી, ન હશે કદાપિ,
“ સામગ્રી એ સુખતણી શુભ કાર્યકારી.—”

મો—પા—દવે

“ જેને તું તરંગ માને છે તેને હું સત્ય માનું છું. રસિક! સમય આવ્યે આ સઘળું જોવાશે; પરંતુ જેના પ્રત્યે હૃદય ઉછાળા મારી શકે એવું પાત્ર ન મળે તો ગૃહસ્થી થવામાં શો લાભ છે? એ તારે વિચારવું ઘટે છે.”

“साध्वी शीलवती दया वसुमती दाक्षिण्य लज्जावती ।
“तन्वी पाप पराङ्ग मुखी स्मितवती मुग्धा प्रियालापिनी ॥
“देव ब्राह्मण गुरु सज्जनरता यस्यास्ति भार्या गृहे ।
“तस्यार्थागम काम मोक्ष फलदाः कुर्वन्ती पुण्य प्रिया ॥

“ રસિક ! તારો ગૃહસ્થાશ્રમ ઉચ્ચ છે. એવો ગૃહસ્થાશ્રમ મારા ભાગ્યમાં પણ વિધાતાએ શું નહિ લખ્યો હોય? સારી,

---

જે પુરૂષના ઘરમાં સ્ત્રી પતિવ્રતા, શીલવતી, દયારૂપી ધનવાળી, ડહાપણ ભરેલી, લજ્જાવાળી, પાપથી દુર રહેનારી, સ્મિતભર્યા મુખવાળી, સૌંદર્યવતિ, મંજુલ પ્રિય ભાષિણી, દેવ, બ્રાહ્મણ, કુટુમ્બીઓ, વિદ્વાન, સજ્જનમનુષ્યોપર પ્રીતિ રાખનારી હોય છે. તે પુરૂષના ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરૂષાર્થ એ પુણ્યવંતી પ્રિયાનાથી ફલવતાં છે.

વસન્ત—વર્ષ. ૯.

ગુણજ્ઞ સ્ત્રીની પ્રાપ્તિ એજ સંસારમાં સ્વર્ગ છે. તું જે સ્વર્ગ સારી સ્ત્રીના પ્રતાપે જુએ છે તેજ સ્વર્ગ જોવા હું પણ આશા રાખું છું. સમજ્યો ?

"મારાથી સવાયું પાત્ર તને મળો; પરંતુ કવિસૃષ્ટિના તરંગોને તો તું હમણાંજ ત્યજ. સુહૃદ ! સમય ઘણો થયો છે. વળી કાલે મળીશું."

"ભલે રસિક ! તું હવે જા. તને અહીં રોકવામાં હું બીજાની દૃષ્ટિએ કદાચ અપરાધી ઠરતો હોઇશ."

"તારા શબ્દો તને પાછા મળવાનો સમય હવે ક્યાં દૂર છે." એટલું બોલતાં રસિકલાલ પોતાના ઘરભણી ઉપડ્યો.

સતી સન્ધ્યા, પ્રભુસૃષ્ટિમાં સ્વેચ્છાનુસાર વિહાર કરી રહી છે; અનિલરાજની આછી આછી લહરીએ, પુષ્પવેલીઓનાં નવપલ્લવ ડાળાં-કુંપળાં, આકાશ અને પૃથ્વિવચ્ચે હિંચકા ખાઇ રહ્યાં છે; અને રાત્રિના આવાગમનના ભણકારાથી પક્ષીઓ પોત પોતાના આશ્રમમાં સ્થાન લેવાની ઇચ્છાએ અનેક પ્રકારનો કોલાહલ મચાવી રહ્યાં છે. ભગવતી સૃષ્ટિદેવીનું સૌન્દર્ય, સૃષ્ટિવાસીને અવનવો આનન્દ આપી રહ્યું છે. ઘણાં સ્ત્રીપુરૂષો અટારિયે ચડી સૃષ્ટિસૌન્દર્ય જોવામાં તલ્લિન થયાં છે; જ્યારે ઘણાં પ્રેમાર્દ્ર હૃદયનાં સ્ત્રીપુરૂષો નંદનવન સમા ઉદ્યાને, સરિતાના રમ્ય કિનારે બેસી, અવનવો આનન્દ અનુભવી રહ્યાં છે. ખરેખર ક્લાંત હૃદયને પુનઃ પ્રશાંત કરવા આ સમય ઓછો અગત્યનો નથીજ.

સૃષ્ટિસૌંદર્યથી પ્રત્યેક આત્મા અંતરમાં જાણ્યે અજાણ્યે અવનવું હસે છે એ નિર્વિવાદ છે; પરંતુ વિચારપુર્વક સૃષ્ટિસૌંદર્યમાં આનન્દ લેતો વિદ્વાનવર્ગ જે આનન્દ લે છે, તે આનન્દનું સ્વરૂપ કાંઇ અલૌકિકજ હોય છે. કાવ્યસરિતાના નિર્મળ રસનું પાન કરનાર નલિનીકાન્ત, શહેરસમીપસ્થ સરિતાના રમ્ય કિનારાપર આવેલા ઉદ્યાનમાંથી હમણાં ઘેર આવ્યો; દિવાનખાનામાં કપડાં ઉતારી તે મહાકવિ ભવભૂતિપ્રણિત ઉત્તરરામચરિત્ લઇ એક સામાન્ય સુખાસનમાં

બેઠો; એકાદ બે મિનિટ શાન્તિમાં પસાર કરી તેણે હાથમાંનું પુસ્તક પહોળું કર્યું; અને કાવ્યનો રસિક આત્મા કાવ્યાનંદમાં નિમગ્ન બન્યો. જેમ જેમ તે વાંચતો ગયો તેમ તેમ તેના હૃદયમાં અનેક રસોર્મિઓ જન્મ પામતી ગઇ. છેવટમાં હૃદય રસથી છલોછલ ભરાયું અને પુસ્તકમાંથી દૃષ્ટિને, દિવાનખાનાની અન્ય વસ્તુઓપ્રતિ મોકલી તે ગાવા લાગ્યો.

" अद्वैतं सुखदुःखयोरनुगतं सर्वास्ववस्थासु य ।
" द्विश्रामो हृदयस्य यत्रजरसा यस्मिन्न हार्यो रसः ।
" कालेनावरणात्ययात्परिणते यत्प्रेमसारे स्थितं
" भद्रं तस्य सुमानुषस्य कथमप्येकं हितत्प्रार्थ्यते ॥ " १

સંગીતકળાનો રસિક નલિનીકાન્ત પુન, પુનઃ આ શ્લોક ગાવા લાગ્યો; હૃદયનો રસઝરો નિરંકુશ બન્યો; અને પોતાની સ્થિતિ પણ ભૂલીજ ગયો. શાન્તસ્વરથી ગાવા છતાં પણ શાન્ત-ધ્વનિ દિવાનખાનામાં વિરમી શકયો નહિ. ઘરના દાદરપર ચડતાં રસિકલાલના કર્ણમાં આ શાન્તસ્વર અથડાયો. જરા પાસે આવતાં ‘ विश्रामो हृदयस्य यत्र जरसा ’ આદિ શબ્દો સ્પષ્ટ સમજાયા, વિદ્યાર્થિજીવનમાં વળી આવું દામ્પત્ય પ્રેમનું સ્વપ્ન નલિનીકાન્તને કયાંથી આવ્યું તે જાણવાની આતુરતાએ તેના પગમાં વિશેષ બળ મૂક્યું; અને સત્વર દિવાનખાનામાં દાખલ

---

૧ જેનું રૂપ ન થાય અન્ય અવળું દુઃખે સુખે સર્વદા,
જેને પામી શકે જનો સહજમાં, સર્વે અવસ્થાવિષે;
સંસારે ઝટ પ્રાપ્ય શોક દુઃખથી, દાઝયું ઠરે જ્યાં દિલ,
ઢોળાયે ન કદાપિ જાય ઘટતો જેનો જરાથી રસ;
જાતાં કાળ ધસાઇ થાય અળગાં સંકોચ લજ્જા ભય,
ત્યારે સાર ચખાય સ્નેહરૂપનો તેમાં ઠર્યો જે રસ;
એવો પૂર્ણ અનંત નિર્મલ રસે-સન્માનવ પ્રેમ તે,
લાધે વિશ્વવિષે મહાશ્રમ પડે તે એકનો એક રે.

ભવભૂતિ (મ. ન. ના ભાષાંતરમાંથી)

ગયો. નલિનીકાન્તનો હમેશ મિત્ર આવતાં બેશી ગયો. રસિકલાલને પાસેની ખુરસીમાં બેસાડયો અને જરા હસ્યો. મિત્રનું અંતઃકરણ જાણવાની જીજ્ઞાસાથી રસિકલાલે યુક્તિપુર્વક કહ્યું.

પ્રકરણ ૨ જું.

પતિભક્ત પ્રમદા.

“ Is is the secret sympathy
“ The silver link the silken tie
“ Which heart to heart and mind to mind
“ In body and in soul can bind.”

Scott's Last Minstrel.

આકાશ તદન શાન્ત હતું; વિશ્વના મુળ સ્વરૂપને બદલી નાખવાના મોહે રાત્રિ, પોતાનું બળ અજમાવી રહી હતી; અન્યથી ન ભેદી શકાય એવો અંધારાનો ગાઢ પડદો વિશ્વ ઉપર પાથરવો રાત્રિએ શરૂ કર્યો હતો, પરંતુ રાત્રિની આવી અનાદરણીય પ્રવૃત્તિમાંથી મુક્ત કરવા નક્ષત્ર મંડળો, પ્રેમભરી દૃષ્ટિનો આછો પ્રકાશ આપી રહ્યા હોવાથી રાત્રિનું મન ધાર્યું હજુ થયું નથી એમ માનવું સકારણ ભાસતું હતું. સર્વથા મૌન શાન્તિ પ્રસરી હતી. નિદ્રાદેવીની આરાધના કરતો જનસમાજ તેણીના કૃપાપ્રસાદમાં આનન્દ લેતો ઘણા અંશે થયો હતો; જ્યારે આહ્લાદપુરમાંના એક ભવ્ય બંગલામાં એક યુવતિ પોતાના વાંચનાલયમાં મેજપાસેની ખુરશીમાં બેઠી હતી; પીતળની રમણીય પણ નાજુક થાળીમાં (Candle plate) એક પ્રકાશ આપતી મીણબત્તી પડી હતી; અને તેણીના હાથમાં એક સોનેરી અક્ષરના પુંઠાવાળું પુસ્તક હતું જે વાંચવામાં તે અજબ આનન્દ અનુભવતી હતી.

"આખી સૃષ્ટિ એ પરમપ્રભુની રમણભૂમિ છે; અને પ્રભુની આ રમણભૂમિમાં મનુષ્યહૃદયને સુખશાન્તિ મળે એવું ઘણું છે. પ્રભુની અમીભરી દૃષ્ટિનો પ્રકાશ મનુષ્યોને સુલભ છે; પ્રભુપ્રેમની મીઠી સરિતાનું પ્રેમપીયુષ પ્રત્યેક મનુષ્યને પ્રતિ પળે મળી શકે છે; અને સૂર્ય, ચન્દ્ર, સમુદ્ર, સરિતા, પશુ, પક્ષી, વનસ્પતિ આદિ મનુષ્યોને હમેશાં કાંઇ ને કાંઇ નવું નવું આપતાં રહે છે–શિખવતાં રહે છે; છતાં મનુષ્યો કેમ સુખશાન્તિનો અનુભવ નથી કરી શકતાં? એ પ્રશ્ન દરેક સમજુ સ્ત્રીપુરૂષે પોતપોતાની બુદ્ધિઅનુસાર એકાંતમાં બેશી વિચારવો ઘટે છે.

"રાત્રિદિવસ અશાન્તિના ખાડામાં આપણે પડયા રહેવું એ કાંઇ કુદરતી નિયમ નથી. જયાં દૃષ્ટિ નાખીશું ત્યાં સુખશાન્તિનું લ્હાણું કરતા પદાર્થોને જ આપણે જોઇ શકીશું. પરંતુ આપણું હૃદય પ્રેમથી પૂર્ણ હોવું જોઇએ. અન્યના સ્વાર્થમાં આપણો સ્વાર્થ માનવા જેટલું આપણું હૃદય વિશુદ્ધ હોવું જોઇએ અને પ્રભુ એ પ્રેમ અને પ્રેમ એ પ્રભુ છે, એ સુત્ર આપણા મનમાં પણ રમી રહેવું જોઇએ; કારણ કે પ્રભુ પ્રેમસ્વરૂપ છે અને એવા પ્રેમથીજ સ્ત્રીપુરૂષનાં હૃદય રસવાં એ ખાસ તેનો હેતુ છે.

"બાલક જન્મ સાથે જ માતાપ્રત્યે પ્રેમભાવથી જ જુએ છે, તેમ માતા પણ લુલા–લંગડા–ગંધાતા બાળકપ્રત્યે પ્રેમભાવથી જ જુએ છે. જો માતામાં આવી વિશુદ્ધ પ્રેમની લાગણી ન હોય તો બાળક મોટું કેમ થાય? અને બાલકમાં વ્હાલસોથી માતાપ્રત્યે જો પ્રેમની લાગણી ન હોય તો તે માતાની ગોદમાં કેમ ભરાય? સ્ત્રીપુરૂષની નાની મોટી ગમે તે અવસ્થા તપાસો તો માલુમ પડશે કે, દરેક અવસ્થામાં પણ તેઓના હૃદયમાં પ્રેમનું તત્વ હોય છેજ. શિશુઅવસ્થામાં માતા પ્રત્યે, વિદ્યાર્થિ અવસ્થામાં ગુરૂપ્રત્યે અને યુવાવસ્થામાં પતિ પોતાની પત્ની પ્રત્યે અને પત્ની પોતાના પતિપ્રત્યે પ્રેમભાવથી જ જોતી હોય છે. જયાંસુધી જીંદગી છે ત્યાં સુધી સ્ત્રીપુરૂષના હૃદયમાં ઓછાવધતા અંશે પ્રેમનું તત્વ રહે છે, એ તો નિર્વિવાદ છે.

"જ્યાં જ્ઞાન ત્યાં અજ્ઞાન ન હોય, જ્યાં સૂર્ય ત્યાં રાત્રિ ન હોય, તદ્વત્ જ્યાં પ્રેમ ત્યાં દુઃખ પણ નજ હોય. મનુષ્ય જે દુઃખ અનુભવે છે તેમાં તેનોજ દોષ હોય છે. શિશુઅવસ્થામાં માતાપિતાની ભૂલથી જ બાલક દુઃખ ભોગવે છે. વિદ્યાર્થીઅવસ્થામાં શિક્ષકોના હૃદયમાં જે પ્રેમ, જે લાગણી, વિદ્યાર્થીપ્રત્યે કુદરતીજ હોવી જોઈએ તે ન હોય એવા શિક્ષકોથી, નિર્દોષ વિદ્યાર્થી દુઃખ પામે છે અને યુવાવસ્થામાં ગૃહસ્થાશ્રમી યુવક-યુવતિઓ, પતિ પત્ની એ એક બીજાપ્રત્યે કેવા પ્રેમથી જોવું જોઇએ, એ નહિ સમજતાં હોવાથીજ કડવો અનુભવ આ સંસારમાં કરતાં હોય છે. પોતાના અજ્ઞાનથી થતાં દુઃખોને અન્ય પ્રેરિત માનવાં એ જ્ઞાનપ્રાધાન્ય મનુષ્યજાતિને નીચું જોવરાવનારૂં છે.

"અન્ય અવસ્થાનાં દુઃખો નદીના પાણીપેઠે થોડોક સમય રહી ચાલ્યાં જાય છે જ્યારે યુવાવસ્થાનાં દુઃખોમાં ઘણું કરીને જીંદગીનો ભોગ આપવા જેવુંજ હોય છે. સ્ત્રી પોતાના સ્વામી પ્રત્યે પ્રેમ ન રાખે અને પુરૂષ પોતાની પત્નીપ્રત્યે પ્રેમ ન રાખે તો તેઓ આ સંસારમાં સુખશાન્તિનો અનુભવ ક્યાંથી કરી શકે? એ સમજવાનું પ્રિય વાંચક ! શું બાકી રહે છે?

"સંસારના અન્ય સંબંધકરતાં પતિપત્નીતરીકેનો સમ્બન્ધ ઘણો શ્રેષ્ટ છે. આ સમ્બન્ધ હાલમાં માત્ર કામ ચલાવવા જેવો થઇ પડયો છે; લગ્નગ્રંથિનું ગાભીર્ય હાલ પાતાળમાં પેશી ગયું છે; અને પુરૂષ પતિધર્મ ને સ્ત્રી પત્નીધર્મ સમજતી હોય કે ન સમજતી હોય, એક બીજા પ્રત્યે એક બીજાનાં હૃદયો પ્રેમથી ઉછળતાં હોય કે ન ઉછળતાં હોય, ગૃહસંસાર ચલાવવા જેટલી એકબીજામાં યોગ્યતા હોય કે ન હોય તો પણ લગ્ન સમ્બન્ધથી તેઓ જોડાયા કરે છે. દુનિયાની દૃષ્ટિએ પરણેલાં સ્ત્રીપુરૂષો દુઃખનોજ અનુભવ કરે એમાં શું આશ્ચર્ય?

"સ્ત્રીને મન સમગ્ર સુખનું સ્થાન જે સ્વામી અને સ્વામીના મન સ્ત્રી પગનું જુતું-પગરખું અથવા પુરૂષના મન સ્ત્રી સર્વ સુખની રસભૂમિ અને સ્ત્રીને મન સ્વામી હાથનું દીધું ખાવાવાળો કે રાત્રિ-દિવસ ગમે તેની તાબેદારી ઉઠાવી, પોતાની સેવામાં મેં માગ્યું લાવી આપનાર નોકર હોય ત્યાં સુખશાન્તિની આશા રાખવી, એ

મૃગજળથી પણ વધે એમ છે. જ્યાં બન્ને આત્મા એક બીજા પ્રત્યે પ્રેમદૃષ્ટિથી જોતાં હોય ત્યાંજ સુખશાન્તિનો સંભવ છે.

દામ્પત્ય પ્રેમનું બંધન એ પ્રભુપ્રેમનું પ્રદર્શન છે. આવા પ્રેમમાં જેની જીવન પળ ગયેલી છે તેનેજ સૃષ્ટિમાં સુખાનુભવ થાય છે." પુસ્તક વાંચવામાં આ યુવતિ હજુ આનન્દ લેતી હતી; પરંતુ ઘડીયાળમાં દસના ટકોરા થતાં તેનું ધ્યાન ખેંચાયું; પુસ્તક બંધ કર્યું પણ તેના મનમાં ચાલતા વિચારો તે બંધ કરી શકી નહિ; વિચારપ્રવાહ વધતાં મુખદ્વારા નીચે પ્રમાણે બહાર આવવો શરૂ થયો.

"ખરેખર પ્રભુની આ સૃષ્ટિ પરમ પ્રભુની રમણભૂમિ છે. પતિના હૃદયમાં પત્નીપ્રત્યે અને પત્નીના હૃદયમાં પતિપ્રત્યે નિર્મળ પ્રેમની સરિતા રેલતી હોય તો આ સંસાર પણ સ્વર્ગથી વિશેષ સુંદર થાય, એ દીવાજેવું છે. જે સાધુ સાધ્વીઓનાં નામ પ્રાતઃકાળે જનસમાજ હજી સંભારે છે, તે એકબીજા પ્રત્યેના પ્રેમનુંજ પરિણામ છે. જેના હૃદયમાં પ્રેમ હોય તે અન્યને પોતાના પ્રત્યે સહજ વાળી શકે છે. પુરૂષના હૃદયકરતાં સ્રીજાતિનું હૃદય વિશેષ કોમળ અને પ્રેમવાળું છે. સ્રી પોતાના પતિને પ્રભુ માની જો ચાહતી હોય તો પુરૂષ પણ તેને સહજ જ ચાહતો થાય, એ તો કુદરતીજ નિયમ છે.

"ચાહ્ય છે જે હસી જેને, તે તેનું પળમાં થતું,
આશાવિના હસી દોડી, વિશ્વપ્રાણી ન ભેટતું.

"સીતા, સાવિત્રી અને દમયંતી આદિ પોતાના સ્વામીને કેવા પ્રેમથી ચાહતાં હતાં! એનાપર જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે મારી બુદ્ધિ કુંઠિત થઇ જાય છે. પતિ એજ સ્રીને મન પરમાત્મા અને તેની હસતા મુખડે સેવા કરવી, એજ સ્રીજીવનનું સાફલ્ય, ખરેખર પતિપરાયણ પ્રમદાઓ સમજતી હોય છે. મારી દરેક બ્હેનો, પતિપર પ્રેમ દર્શાવે, હૃદયઉંડાણમાં પતિની દિવ્યમૂર્તિ રાખી તેમનું માનસિકરીતે પૂજન કરે— અને આ સંસારમાં સ્રીજીવનનું "લ્હાવું અને રહાવું" એ લ્હાણું લેવા ઉત્સાહિની બને તો કેવું સારૂં!

"પુરૂષહૃદયને ખેંચવા સ્ત્રીહૃદયની વિશુદ્ધિ લોહચુંબક છે. તેના થાકયા પાકયા શરીરને પુનઃ બળવાળું કરવા સ્ત્રીના કોમળ કરનો સ્પર્શ મંત્રરૂપ છે. અપ્રસન્નતાના પુરમાં ડુબેલા પુરૂષને પુનઃ પ્રસન્ન-ઉત્સાહી બનાવવા સ્ત્રીની પ્રેમભરી દ્રષ્ટિનો પ્રકાશ રામબાણ જેવો છે. સંસારની અન્ય આધિ વ્યાધિથી મુકત રાખવા સ્ત્રીવાણીનું માધુર્ય અમોઘ ઉપાયરૂપ છે પ્રેમ પ્રભુની પ્રભુતાનું દર્શન કરાવવા સ્ત્રીનું સતીત્વ પુરતું છે અને અન્ય પરિચયમાં આવતાં સગાં સ્નેહીજનોના મનને શાન્તવન આપવામાં, સ્ત્રીની દયા, ઉદારતા, મીઠી નજર, લજ્જા આદિ ગુણો બસ છે. સત્યવાનનું આયુષ્ય ઓછું હતું છતાં આ દૈવિ સંપત્તિના બળેજ એ (સાવિત્રી) યમરાજાને પ્રસન્ન કરી શકી હતી. સાવિત્રી અને યમરાજા વચ્ચે જે સંવાદ થયો છે; તે શું ઓછો મનન કરવા જેવો છે?"

यत्र मे नीयते भर्ता स्वयं वा यत्र गच्छति ।
"मयापि तत्र गन्तव्यमेष धर्मः सनातनः ॥ १ ॥

× × × ×

"कुतः श्रमो भर्तृसमीपतो हिमे यतो हि भर्ता ममसागतिर्ध्रुवा ।
यतः पति नेष्यसि तत्र गतिः ॥ २ ॥

× × × ×

"न दूरमेतन्मम भर्तृसंनिधौ मनो हि मे दूरतरं प्रधावति ३

× × × ×

૧—"જ્યાં મારા સ્વામીને લઇ જવાય છે અથવા જ્યાં પોતેજ જાય છે ત્યાં મારે પણ જવુંજ જોઇએ, એ સનાતન ધર્મ છે."

૨—"સ્વામીની સમીપમાં મને શ્રમ કયાંથી? કારણ કે, પતિ એજ મારી ગતિ છે; અને જ્યાં મારા પતિને લઇ જશો ત્યાં હું પણ આવીશજ."

૩.—'ભર્ત્તાની સમીપમાં મને દુર લાગતું નથી; કારણ મારૂં મન વધારે ને વધારે આગળ દોડયા કરે છે."

" न कामये भर्तुर्विनाकृता सुखं न कामये भर्तुर्विनाकृता
दिवम् ।
" न काम ये भर्तृविनाकृता श्रियं न भर्तृहीना व्यसामिजी
वितुम् ॥ ४ ॥

"સ્વામી એજ સ્ત્રીનું સર્વસ્વ છે. જ્યાં સ્વામીના હૃદયમાં સ્થાન મળ્યું ત્યાંથીજ સ્ત્રીને સંસારનાં સર્વ સુખ મળી ચુક્યાં હું માનું છું. પતિના પ્રેમમાં અનેક સુખસ્વર્ગો પતિવ્રતા પ્રમદાએ જોયાં છે." ઇત્યાદિ વિચારોથી આ યુવતિનું હૃદય સ્વામી પ્રત્યે વિશેષ પ્રેમથી ઉછળવા લાગ્યું અને હૃદયના ભાવ કવિતાના સ્થૂલરૂપે ધીમે ધીમે બહાર આવવા માંડયા.

" ઉર–ભૂમિમાં રસ–વેલ મે રોપીરે, વાલમ! હો! જી રે,
" સીંચો રસ–વારિ રસાળ, રસ–વેલ મેં રોપી રે, વાલમ!
હો, જી રે.

" શ્રીધર્મ નીતિ સુખકુંજમાં, વા'લમ! હો, જી રે,
" સોહે સુવેલ સુખાળ, રસ–વેલ મેં રોપી રે, વા'લમ!
હો, જી રે.

" રસવૃત્તિ ડાળી પ્રભુતા ભરી, વા'લમ! હો જી રે,
" ઝુલે ઝુલાવો હું પ્રાણ! રસ–વેલ મેં રોપીરે, વાલમ?
હો, જી રે.

" પ્રીતિ–પ્રભા ભરી પ્રાણ–પાંખડી, વા'લમ! હો, જી, રે,
" લિયો સુવાસ સુજાણ! રસ–વેલ મેં રોપી રે, વા'લમ?
હો, જી, રે.

૪—" પતિવિના સુખ, સ્વર્ગ અને લક્ષ્મી હુ ચાહતી નથી તેમજ તેમના વિના જીવવાને હુ પ્રયત્ન પણ કરવાની નથીજ.

મહાભારત.

"રસ–સ્વાદે આ ગુણ–ફળ મીઠડાં, વા'લમ ? હો, જી, રે,
"જમો પિયુજી પ્રેમાળ ? રસ–વેલ મેં રોપી રે, વા'લમ ?
હો, જી, રે.

"રસ–લ્હાણી જીવન રસ–વેલડી, વા'લમ ? હો, જી, રે,
"લિયો દિયો સ્નેહાળ ? રસ–વેલ મેં રોપી રે, વાલમ ?
હો, જી, રે.

સાહિત્ય–વર્ષ–૨ અંક–૭.

છેલા શબ્દે બારણું ઉઘડયું: હૃદયવિરાજીત સ્વામીને દૃષ્ટિ-સમીપ જોતાં આ યુવતિ વિશેષ આનન્દ પામી; ખુરશીમાંથી સહર્ષ બેઠી થઇ અને "વ્હાલા ! આજે કેમ મોડા આવ્યા ?" એ શબ્દોના ઉચ્ચારસાથે પતિ પ્રભુ પાસે આવી ઉભી રહી. પ્રેમાર્દ્ર હૃદયની પ્રિયાથી પોતાને વિશેષ સુખી માનતો સ્વામી જરા હસ્યો અને પ્રિયાના હૃદયકમળને વિશેષ વિકસિત કરવાની ઇચ્છા રાખતાં, રસજ્ઞ સ્વામી સસ્મિત બોલી ઉઠયો,

"સ્ત્રીયોનો સ્વભાવ વ્હાલી ! હર્ષઘેલો હોય છે."

વ્હાલા ! આવું અનુમાન આપ શા આધારે આજે કરો છો?"

"તારા હૃદયના પ્રેમભર્યા ઉદ્ગારો સાંભળવા ઉપરથી."

"સ્વામીનું ઘેલું બનાવ્યું વ્હાલા ! કોણ ઘેલુ નથી બન્યું ?"

"ઘણા બન્યા છે. દેવિ ! પણ.........."

"શાને સંકોચ સેવો છો ? જેવું નામ એવો આપનો સ્વભાવ હું કયાં નથી જાણતી ?"

"વ્હાલી ? મારે મન તો સૌથી રસઘેલી–પતિઘેલી તુંજ."

"જે ન ગણો તે થોડું પરંતુ વ્હાલા ! મોડું આવવું અને આમ કારણ છુપાવવું એ શું યોગ્ય ગણાય ?"

"યોગ્ય કે અયોગ્ય એ ન્યાય તો વ્હાલી તારે કરવાનો છે; પરંતુ વ્હાલી ! તારાથી છાનું રાખવા મારી શકિતજ નથી. જ્યાં જાઉં ત્યાં તું હાજર ને હાજર જ હોય છે. વળી તારૂં દીધું

આવું—તારૂં હસાવ્યું હસવું અને તારૂં સૂવાડયું સૂવું. જ્યાં આવી સ્થિતિ મારી છે ત્યાં વળી તારાથી છાનું રાખી હું ક્યાં રહું ! વ્હાલી ! નલિનીકાન્ત આવ્યો છે.”

“ત્યારે તો તમે હવે ત્યાંજ રહેવાના કેમ ?” “સ્નેહી પાછળ સ્નેહી ગાંડાતુર.” વ્હાલા ! મને આજે તમેજ શિખવાડયું. શું તેમનો વિવાહ થવાનો છે ?”

“હજુ તો વેવિશાળ પણ થયું નથી ત્યાં વિવાહનું સ્વપ્ન તને કયાંથી આવ્યું ? વકીલની પરિક્ષા આપ્યા પછી માતાપિતા, સગાંસ્નેહીને તે મળવા આવ્યો છે. વ્હાલી ! વકીલ થવા સાથે તે વિદ્વાન-લેખક અને કવિરાજ પણ થયો છે.”

“ત્યારે તો કવિયાણિની શોધમાં હશે !”

“સત્ય છે. સૂવાનો સમય થઇ ગયો છે.”

“જેવી આપની ઇચ્છા તેવી મારી પ્રવૃત્તિ.” દામ્પત્ય પ્રેમની રસસરિતામાં ન્હાતું દંપતિ નિદ્રાદેવીને આધિન થયું.

પ્રિય વાંચક ! આ દંપતિને તમે ઓળખ્યુંજ હશે પુરૂષનું નામ રસિકલાલ અને પત્નીનું લલિતા છે.

પ્રકરણ ૩ જું.

——:o:——

ઔષધાલય.

“More than the half the causes of death are preventible This we know with certainty Bound up with health are other equally important scinces, moral, social and economic to which due weight must be allowed in public administration.”

वसन्त वर्ष १० अंक १.

"તન્દુરસ્તી જાળવવાના અજ્ઞાનેજ મનુષ્યો માંદગીના ભોગ થઇ પડે છે" રસિકલાલે કહ્યું.

"આહારવિહારનું અનિયમિતપણું એ માંદગીને માનભર્યું આમંત્રણ છે." નલિનીકાન્તે જરા ભાર દઇ કહ્યું.

"માંદગીનું કારણ શોધવા પહેલાં, પ્રારબ્ધદત્ત માનવાનું આપણો ભારતવર્ષ શિખ્યો છે, એ પણ માંદગીના પ્રત્યે પ્રેમનું ચિન્હ દર્શાવવા જેવું છે. જ્યાં મન ધાર્યું થાય ત્યાં મેં કર્યું માનવું અને ધાર્યાથી જ્યાં વિરૂદ્ધ થાય ત્યાં પ્રભુએ કે નસીબે કર્યું માનવું એ મને વાસ્તવિક લાગતું નથી. પ્રારબ્ધવાદ સાચો છે; છતાં હાલ જે પ્રમાણે મનાયો છે તે તો ઇષ્ટ નથી જ." રસિકલાલે પોતાનો વિચાર વ્યક્ત કર્યો.

"પ્રારબ્ધ પુરૂષાર્થના ઝગડાને અહિં અવકાશ નથી. તન્દુરસ્તીના નિયમો જાણ્યાવિના, ખાવાના પદાર્થોમાં વિવેક કર્યાવિના, આપણાં ભાઇબ્હેનો મોટાભાગે માંદગી ભોગવે છે. અનુકરણ કરવામાં હર્ષઘેલાં યુવકયુવતિઓ વિવેકનું રહસ્ય વિસરી જાય છે. અલબત અનુકરણ કરવું એ મનુષ્યના મનનું બંધારણ છે; છતાં પ્રાશ્ચાત્ય પ્રજાના આહારવિહારના અનુકરણે આપણી શારીરિક શક્તિઓને છુંદી નાખી છે; એમ મારૂં માનવુ છે." નલિનીકાન્તે પોતાના હૃદયગત વિચારો ખુલ્લા કર્યા.

"સુહૃદ ! હું પણ તારા વિચારોને ઘણાઅંશે મળતો જ છું. મારા દવાખાનામાં અંગ્રેજી ભણતાં યુવકયુવતિઓ, જેટલી સંખ્યામાં દવા લેવા આવે છે; તેના કરતાં સેંકડે પોણોસો ટકા ઓછી સંખ્યા અન્ય ભાષાના અભ્યાસકોની આવે છે. ઘણા બન્ધુઓ એવા પણ આવે છે કે જો સૂર્ય ઉગ્યાવિના રહે તો તેઓ દવા લીધા વિના રહી શકે. દવાનું પાણી એતો સ્વર્ગંગંગાનું ગંગાજલ-ચંદ્રનું અમૃત જ, તેઓ માનતા હોય છે. કોઇને ભણવાની, કોઇને વાંચવાની, કોઇને દ્રવ્ય કમાવાની, કોઇને સ્વાદિષ્ટ મિષ્ટાન્ન જમવાની, કોઇને ચાહ કોફી પીવાની જેમ લોલુપતા હોય છે; તેમ આવા બન્ધુઓને દવા પીવાની લોલુપતા છે. દવા પીવાની ટેવવાળા બંધુઓને, અફીણના મહામં-

ઓમાંના એક જો આપણે ગણીએ, તો ધારૂં છું કે આપણે તેઅને યોગ્ય ન્યાય આપ્યો ગણાશે."

"રસિક! અન્ય સુધરેલા દેશના યુવક યુવતિઓના મરણપ્રમાણસાથે જયારે આપણા દેશના યુવક યુવતિઓનું મરણપ્રમાણ આપણા દેશહિતચિંતકો સરખાવે છે ત્યારે તેઓનું હૃદય વિના અગ્નિએ જ ખાખ થાય છે. મરણપ્રમાણ વિશેષ આવવામાં પણ તેઓની આવી ખોટી લોલુપતા જ કારણભુત છે. હું ધારૂં છું કે આપણા ડોકટરો દવા આપવા સાથે કુપથ્ય ખાનપાનમાંથી દૂર રહેવાનું લાગણીપૂર્વક જો સમજાવ્યા કરે તો ઘણાઅંશે તેઓની તન્દુરસ્તી સુધરી શકે અને મરણ પ્રમાણ પણ ઉત્તરોત્તર ઘટતું ચાલે."

"વિચાર ઘણો ઉમદા છે; પરંતુ પગ ઉપર કુહાડો કોણ મૂકશે? દરદીની સંખ્યાવિના અમારા ગાડીઘોડાનું, અમારા આહારવિહારનું અને અમારા મોજશોખનું ખર્ચ કોણ ઉપાડશે? મોઢા સામો હાથ સૌ સ્વાભાવિક જ વાળે એક દિવસના બદલે બે દિવસ દવા પીવાનું ન સમજાવીએ કે જેથી અમારી આવક પણ બમણી થાય. L. L. B. ની પરિક્ષામાં પાસ થતાં તું પણ વકીલ થઇશ. વકીલ પોતાના ગ્રાહકોને જો પહેલેથી સાચું કહી દે તો તેનો ધંધો કેમ ચાલે? વૈદ્ય, વેશ્યા અને વકીલને તો પોતાના ગ્રાહક વધે એમાંજ લાભ છે જો સત્યવાન ગ્રાહકને સમજાવે તો છોકરાં ભીખ માગે. પોતાનો સ્વાર્થ જતો કરવા કોણ ઇચ્છશે?"

"રસિક! વેશ્યાની વાત જવા દે. પરંતુ સ્વાર્થને લાત મારવી એ આપણા ડોકટરો કે વકીલો જ્યાંસુધી ન સમજે ત્યાંસુધી આપણા બંધુઓને રડતાં-કકળતાંજ આપણે જોવાના છીએ. પૈસા રળતાં મળશે પણ તન્દુરસ્તી સાચવવાના અજ્ઞાને ડોકટરોની સ્વાર્થ જાળે દર વર્ષે અકાળ મૃત્યુની માફક મરી જતાં યુવક યુવતીઓને તો બચાવવા પગભેર રહેવુંજ જોઇએ. ડાક્ટરોનું કામ ડાકટર જ કરી શકે એમ છે. હજારો બંધુઓને દવાનાં વિષ પીતાં કરી ઘોડા ગાડીમાં ફરવું તે કરતાં તેમને આહારવિહારના નિયમો, માંદગી થવાનાં મુખ્ય કારણો સમજાવી

પુનઃ માંદગીના ભોગ ન થઇ પડે એમ કરવું અને તેમ કરતાં પોતાને પગે ચાલી ઘેર જવાનો વખત આવે, એ શું ઇચ્છવા જેવું નથી? ધર્મ સમજવા છતાં સ્વાર્થને લાત ન મરાય તો ધર્મ સમજવાથી શું? ડોક્ટર એ દરદીને મન તો દેવ છે. દેવના દર્શન કરે. દેવને પૈસાનું નિવેદ ધરે, પોતાનાં ઘોડીયામાં સુતેલાં બાળકો માટે જે ખર્ચ ન કરે તેવું ખર્ચ તેઓ ડોકટરોનાં બાળકો માટે કરે, છતાં તેઓને આખી જીંદગી દવા પીતાં કરવા નિરોગી રહેવાનાં કારણો તેમનાથી દૂર રખાવવાં એ પરમાત્મા કેમ સાંખશે! રસિક! તારી પ્રવૃત્તિ હાલના ડોકટર સાહેબો જેવી ન હોવી જોઇએ."

"મારી પ્રવત્તિ નિન્દવાજેવી નથી. દવા હમેશાં પીવાથી વિશેષ આરોગ્ય મળે છે એવું માનનાર દરદીઓને પ્રસંગપરત્વે ખરૂ સત્ય સમજાવવામાં હું મારો ધર્મ સમજું છું. સુહૃદ! મારો ધર્મ બજાવવા છતાં તેનું પરિણામ સંતોષકારક આવ્યું નથી. દવાનો વિશેષ ઉપયોગ કરતાં શારીરિક શક્તિઓ દીનપ્રતિ દિન ક્ષીણ પડતી જાય છે. શારીરિક શકિતઓ ક્ષીણ થતાં માનસિક શકિતઓ પણ આપોઆપ ક્ષીણ થાય છે" ' Sound body has sound mind." એ અમારો મુખ્ય સિદ્ધાન્ત હોય છે. દેશી વૈદ્યોનું પણ આવું જ માનવું છે. સ્રીના શરીરપ્રમાણે જ ગર્ભ હોય છે. દવા લેનાર આપણું યુવકમંડળ મોટા ભાગે પાચનશક્તિની મંદતા, મગજની નબળાઇ, ધાતુની ક્ષીણતા, શરીરનું ફિક્કાશપણું, આંખનું નિસ્તેજપણું આદિ રોગોથીજ પીડાતું હોય છે."

"રસિક! આમાંનાં ઘણાં કારણો માતાપિતાના અજ્ઞાનથીજ ઉતરી આવ્યાનું ઘણા વિદ્વાનો અનુમાન કરે છે. વીર્યની અપરિપકવ અવસ્થામાં તેનો વ્યય કરવાથી થતી પ્રજામાં તારા કહેવા પ્રમાણે રોગોની અસર સ્વાભાવિકજ હોય એ સહજ સમજી શકાય છે. વિશેષમાં કોમળ મગજ ઉપર અભ્યાસનો ઘણો બોજો હોવાથી, વિદ્યાર્થી યુવકોનાં શરીર-મન ટ્રામના ઘોડાની માફક ઉતરી જાય છે. મુળ બંધારણમાં જ્યારે સુધારો ન થાય ત્યારે વિદ્યાર્થિવર્ગ ક્ષીણ થતી શક્તિઓને પુનઃ સતેજ

કરવા ડોક્ટરોની સલાહ લેવા દોડે છે અને ડોક્ટરો પોતાના સ્વાર્થને લઇ હમેશાં દવા પીતાં બનાવે એમાં કોનો દોષ કાઢવો ! જ્યાં બીજમાં સડો ત્યાં માળીનો કેટલોક દોષ કાઢનો ? મૃત્યુ એ મનુષ્યથી ખાળી શકાય એવું નથી; છતાં તેનું પ્રમાણુ ઘણું અંશે ઓછું કરી શકાય એમ છે. 'જેવો રાજા તેવી પ્રજા' એ જેટલું સ્વાભાવિક છે તેટલું જેવું શુક્ર તેવું શરીર એ પણ છે. અયોગ્ય વયના રાજાના હાથમાં રાજ્યતંત્ર આવતાં જેટલું અંધારૂં રાજ્યમાં ચાલે તેથી સેંકડોગણું અંધારૂં અપરિપકવ શુક્રના હાથમાં શરીરતંત્ર આવતાં ચાલે એ સત્ય જ છે. શરીરનો રાજા શુક્ર છે શુક્ર સારૂં તો શરીર પણ સારૂં થાય. ડોક્ટરો પોતાના સ્વાર્થને જતા કરી પ્રજાના આરોગ્ય માટે ચાંપતા ઇલાજ લે તો ઘણું સારૂં પરિણામ આવવા સંભવ છે."

"સુહૃદ ! શારીરિક શક્તિઓના વિકાસઅર્થે અન્ય વિદ્વાનો જેટલું કરી શકે તેથી સેંકડોગણું અમે ડોક્ટરો કરી શકીએ તેમ છીએ. ફક્ત દ્રવ્ય એકઠું કરવાની લોલુપતાને તિલાંજલિ આપવી જોઇએ. પોતાના થોડા સ્વાર્થખાતર અન્ય સ્ત્રીપુરૂષોની આખી જીંદગી બગાડનારા હમણાં ભલે બે ઘોડાની ગાડીમાં ફરે, પણ એક એવો સમય આવશે કે. સ્વાર્થ કરતાં પરમાર્થમાં પગલું ભરવું એજ જીવનનું સાફલ્ય અને સુખશાંતિ ભર્યું ખરૂં સ્વર્ગ છે. દુનિયાના સ્વાર્થોમાં આંધળા થવું એ તો ઘણું જ સહેલું છે; પરંતુ પોતાના દુઃખી બંધુઓને તેમના રોગોનાં મુળ કારણો સમજાવી તેમને હમેશના માટે રોગમુકત રાખી જીવનભરની તેમની મોંઘી આશિષો લેવી એ ઘણું દોહ્યલું છે. જે દોહ્યલું છે તે મને સહેલું થાય એવીજ નેમથી હું ધંધામાં પ્રવર્ત્તેલો છું. જેટલા પ્રમાણુમાં હું સ્વાર્થમાંથી બચતો જાઉં છું તેટલા પ્રમાણુમાં મારાં સુખશાન્તિ પણ વધતાં જાય છે. મારા અન્ય ડોક્ટર બન્ધુઓ પોતાનો શાસ્ત્રીય ધર્મ સમજે એવુંજ હું અંતઃકરણથી ઇચ્છા કરૂં છું. સુહૃદ ! વકીલ થયા પછી તું પણ સ્વાર્થને જતો કરી, કોર્ટના ખોટા ખર્ચમાંથી આપણા બન્ધુઓને બચાવવા બનતું કરજે."

"કહેવાથી કરી બતાવવું સારૂં છે. મારી સ્થિતિ મારા વિચારોથી વિરૂદ્ધ છે. સમય મળ્યે સૌ સારૂંજ થશે."

સહસ્ત્રર શ્મ સૂર્ય ભગવાનનો શાન્ત પ્રકાશ જગત ઉપર પ્રસરી ચૂકયો હતો. પ્રાતઃકાળનો મંદ મંદ પવન, વસંતવૈભવને આગળ કરી, પૃથ્વિની સપાટીઉપર દોડધામ કરી રહ્યો હતો; જનસમાજ પોતપોતાના કામમાં ગુંથાવા ઉત્સુક હતો. દિવસના લગભગ સાડા આઠ વાગ્યા હતા. તે સમયે રસિકલાલ પોતાના ઔષધાલયમાં બેસી, આવેલા દરદીઓને તપાસતો હતો. નદીતીરે જળ ભરવા જતી યુવતિઓપેઠે, દરદીલોકો દવાનું પાણી ભરવા હાથમાં નાની મોટી શીશીઓ રાખી ઔષધાલય પ્રતિ દોડયાં આવતાં હતાં; જેમાં નલિનીકાન્ત માત્ર શીશી વિના માલુમ પડતો હતો. જોતજોતામાં તે ઔષધાલયમાં આવી પહોચ્યો અને રસિકલાલની પાસેની ખુરસીમાં આવી ચુપચુપ બેસી ગયો,

એક પછી એક એમ દરદીઓને તપાસી રસિકલાલે પોતાની પાસેથી ભીડ ઓછી કરી અને પોતાના મિત્રની સાથે વાતચિત્ત કરવા લાગ્યો. વાતચિત્તમાં બન્ને મિત્રો એટલા બધા તલ્લિન થયા હતા કે તેઓ આ ઔષધાલયમાં કયાં સુધી બેશી રહેત એ કહેવું જરા સંશયગ્રસ્ત હતું. એટલામાં ઘડીયાળમાં અગીયાર વાગ્યાના ટકોરા થયા અને ટકોરા સાથેજ બન્ને મિત્રોની વાતનો પણ અંત આવ્યો. બન્ને મિત્રો ઉઠયા અને પોતપોતાના સ્થળપ્રત્યે જવાના માર્ગે પડી ચુકયા.

પ્રકરણ ૪ થું.

ગૃહકુંજ કે સ્વર્ગકુંજ?

सानन्दं सदनं सुताश्च सुधियः कान्ता न दुर्भाषिणी ।
सन्मित्रं सुधनं स्वयोषिति रतिश्चाज्ञा पराः सेवकाः ।
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्न पानं गृहे ।
साधोः सङ्गमुपासते हि सततं धन्यो गृहस्थाश्रमः ॥

આહલાદપુર એ રાજપુત રાજ્યકર્તાનું પાટનગર હતું. શત્રુ સૈન્યના જોરજુલમનો કટુ આસ્વાદ પ્રજાની દૃષ્ટિથી હમેશના માટે દૂર રહે એવા મજબુત કિલ્લાથી આ શહેરનું રક્ષણ કરવામાં આવ્યું હતું. શહેરના ઉત્તર ભાગમાં એક વિસ્તૃત અને ચારે કાંઠાથી બાંધેલું તળાવ હતું. જ્યારે દક્ષિણ ભાગમાં એક સામાન્ય ડુંગરો હતો, જેની હવા ઘણી આરોગ્ય આપનારી હોવાથી, શહેરના રાજ્યકર્તા, અમલદાર વર્ગ, સદ્‌ગૃહસ્થ વર્ગ અને વિદ્વાન મંડળ ત્યાં ભવ્ય બંગલાઓ બાંધી રહેતા હતા બંગલાઓનું કોતરકામ એટલું બધું નમુનેદાર હતું કે જે જોવાથી શિલ્પકલામાં આગળ હિંદુસ્થાન કેટલું ઉચ્ચસ્થાન ભોગવતું હશે તેની સહજ કલ્પના સંસ્કારી હૃદયો કરી શકે એમ હતું. પૂર્વભાગમાં બીજી ભાગિરથીનુ ભાન કરાવે એવી સરિતા સર્પાકારે ગમન કરી રહી હતી, જ્યારે પશ્ચિમભાગમાં વ્યાપારના સાધનોમાં સુગમતાદર્શક-દૂરદેશના વ્યવહારને સામાન્ય કરવામાં સાધનભૂત ગણાતાં રેલ્વે સ્ટેશન, જીનીંગ ફેક્ટરી, પ્રેસ, મીલો આદિ આવેલ હતાં.

રાજ્યકર્તાતરીકે હાલમાં ક્ષાત્રગુણસંપન્ન, પ્રજાપ્રેમથી વિભૂષિત મહારાણાશ્રી પ્રતાપસિંહજી બિરાજમાન હતા. તેમનો પ્રતાપ પણ તેમના નામ પ્રમાણેજ હતો. અમાત્યમંડળ ઘણું

નીતીજ્ઞ હતું; જેમાં નાગર સદ્દગૃહસ્થ નવલરામથી પ્રજાવર્ગને વિશેષ સંતોષ હતો. તેમનો સ્વભાવ શાન્ત હતો. ગમે તેના સાથે મળી જવામાં તેઓ કુશળ હતા અને જે કામ હાથમાં આવે તે કામથી રાજા પ્રજાના હકમાં શું લાભાલાભ રહ્યા છે તે વિચારીનેજ કામ કરવાની ટેવ હોવાથી ઉભય-વર્ગની પ્રીતિ મેળવવામાં તેઓ વિજયી નીવડયા હતા. રાજ્યની નોકરી ઘણી જોખમી છે એ તેઓ સારીપેઠે સમ-જતા હતા. મહેરબાનીનો દુરૂપયોગ અન્ય અમલદારો ન કરે એ તેમનો ઉચ્ચાશય હતો અને અન્ય ખટપટી અમલદારોની ખટપટમાં ફસી ન જવાય એવી ખટપટ તેઓ જાણતા હતા. જ્યાં જેની જરૂર ત્યાં તેનેજ ગોઠવતા કે જેથી ખટપટ થવાનું કારણ જ ન રહેતું. રાજ્યકર્ત્તા અને પ્રજાવર્ગ ઉભયની પ્રીતિ સંપાદન કરવી ઘણી દોહ્યલી છે.

> नरपति हितकर्त्ता द्वेष्यतां याति लोके ।
> जनपदहितकर्त्ता त्यज्यते पार्थिवेन ॥
> इति महति बिरोधे वर्तमाने समाजे ।
> नृपतिजनपदानां दुर्लभः कार्यकर्त्ता ॥ १ ॥

બન્ને પક્ષના હક જાળવી કામ લેવુ એ નવલરામે પોતાના બુદ્ધિબળથી સુલભ કરી બતાવ્યું હતું. ઘરમાં તેમનાં સ્ત્રી ઘણાં ડાહ્યા અને સારા સ્વભાવનાં હતાં. સ્વામીની સરસાઇ જોતાં અન્ય સ્ત્રીયોમાં જે મદ સ્વાભાવિક જ આવે છે તે મદ તેણીના હૃદયને અડકી શકયો નહતો. તેમનું નામ પ્રેમલક્ષ્મી હતું તેમને સંતાનમાં એક પુત્ર અને પુત્રી હતી. પુત્રનું નામ રસિકલાલ અને પુત્રીનું નામ શારદાગવરી હતું. બન્નેના સ્વભાવ

૧ રાજ્યકર્તાનો હિતેચ્છુ પ્રજાની દ્દષ્ટિમાં નિન્દાને પાત્ર હોય છે. પ્રજાના હિતચિંતકને રાજ્યકર્તા તિલાંજલી આપે છે. ચાલુ જમાનાના આવા મહાન વિરોધમાં ઉભય પક્ષનું હિત જાળવી કામ કરે એવો કાર્યદક્ષ પુરૂષ દુર્લભ છે.

પંચતન્ત્ર.

તેમના માતા પિતા પ્રમાણેજ હતો. રસિકલાલે L. M. & S ની પરીક્ષા પસાર કરી હતી. શારદાગવરીએ અંગ્રેજી પાંચ ધોરણ પુરાં કર્યાં હતાં. રસિકલાલનું વય હમણાં ચોવીસ વર્ષનું હતું, જેનું લગ્ન બે વર્ષ થયાં પાસેના ગામના આબરૂદાર કુટુમ્બમાં થયું હતું. તેની સ્રીનું નામ લલિતા હતું. દુધમાં સાકર ભળ્યા જેવો જ આ સમ્બન્ધ હતો. પોતાના સ્વભાવને સાનુકુળ પોતાની પત્નીનો સ્વભાવ હોવાથી, દામ્પત્ય પ્રેમમાં રસિકલાલ રસબસ થયો હતો. લલિતાએ સ્વામીભક્તિમાં રસ લેતી હતી. તે સુશિક્ષિત હતી. અંગ્રેજી તે ભણી નહતી પરંતુ સંસ્કૃત અને ગુજરાતી ભાષા ઉપર તેણે સારો કાબુ મેળવ્યો હતો. પરણ્યા પછી પણ સ્વામીની મદદથી તે હજુ અભ્યાસ આગળ વધારતીજ હતી તેનું વય હાલ જો કે સોળ વર્ષનું હતુ છતાં તેણીના વિચારો એક આધેડ સ્રીને ગૃહણ કરવા જેવા હતા. તેણીનું વર્તન સ્વામીને, સાસુ સસરાને અને અન્ય સગા સ્નેહીજનોને તેના ઉપર પૂજ્યભાવ ઉત્પન્ન કરાવે એવું હતું.

શારદા સુશિક્ષિત હતી. પુત્રીના ગુણોને જાણનાર માતા પિતાએ આહલાદપુરથી બહુ છેટે નહિ એવા શ્રીનગરમાં તેને આપેલી હતી. જેમાં ઘર જોવા કરતાં વર જોવા ઉપર ખાસ લક્ષ આપ્યુ હતું. માતા પિતાના ક્ષણિક લ્હાવાથી અન્ય બાળાઓનું લગ્ન યજ્ઞમાં જેવું બળિદાન થાય છે તેવું બળિદાન પોતાની બાળાનું ન થાય એ વિચાર નવલરામના મનમાં રાત્રિ દિવસ રમ્યા કરતો હતો. પરમાત્માએ આવી ભૂલથી પોતાને બચાવી લીધો તેને માટે તેમનું અંતર આનંદથી હમેશાં ઉછળતું હતું. શારદાગવરી સર્વપ્રકારે સુખીજીવન ગાળી શકે એવો તેણીનો સ્વામી ડાહ્યો હતો.

નવલરામનું વય હાલ પચ્ચાસ વર્ષનું હતું પુત્રને ધંધામાં જોડી પોતે રાજીનામું હાલ આપ્યું હતું, જે રાજ્યકર્તાએ મંજુર કર્યું હતું. તેમજ તેમની કદર કરવા પણ રાણાશ્રી ચુકયા ન હતા. દરમાસે જીવે ત્યાંસુધી પેન્સનતરીકે રૂા. ૧૦૦) સો રૂપીયા આપવાનો ઠરાવ તેઓએ કર્યો હતો. તેમજ રસિકલાલને રૂા. ૩૦૦) ત્રણસેંના પગારથી મોટા ડોકટરની જગ્યાએ નીમ્યો.

વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરતાં સાસુ સસરાની સેવા કરવામાં પુત્રવધુ લલિતા પોતાનો ધર્મ સમજતી હોવાથી આ કુટુમ્બ દરેક વાતે સુખી હતુ. 'સ્વામીના પૂજ્ય તે સ્ત્રીને પણ પૂજ્ય જ હોવા જોઇએ' તે લલિતા સારીપેઠે જાણતી હતી. જે સ્ત્રી સાસુ સસરાને સંતાપે છે તેને આ સંસારમાં પણ સન્માન મળતું નથી તો પરલોકમાં તો ક્યાંથી જ મળે ! એ વિચાર તેના હૃદયમાં સારૂં સ્થાન ભોગવતો હતો. "સોય પછવાડે દોરો અને વહુ ન કરે જોરો" એ ગુજરાતી કહેવતનું રહસ્ય તે આસપાસના ગૃહસંસારથી, પુસ્તકના પઠનપાઠનથી શીખી શકી હતી. આજે જે વહુ તીર્થસ્વરૂપ સાસુસસરાને દુઃખ દેશે તેજ વહુ બે ચાર વર્ષે સાસુ થશે અને તેની પુત્રવધુ તેને પણ દુઃખ આપશે જ જેવું કરવું તેવું પામવું. જેવું વાવવું તેવું લણવું. એ પરમ પ્રભુનો કાયદો રંકથી તે રાજાસુધી એક સરખોજ છે. વેંત નમશે તેને દુનિયા હાથ નમશે. જે પોતાના વયોવૃદ્ધ પ્રત્યે પ્રેમભાવ રાખશે તેમના પ્રત્યે તેમની સંતતિ પણ પૂજ્યભાવ રાખશે એ સત્ય સૌના માટે છે.

જે સાસુના હાથે પુત્રવધુ રીબાય છે તે સાસુની વૃદ્ધાવસ્થા પુત્રવધુથી બહુજ ખરાબ થાય છે. જે પુત્રવધુ સાસુપ્રત્યે સિંહણજેવા સ્વભાવથી ઉઠે છે તેના પ્રત્યે આજે કાલે તેનીજ પુત્રવધુ સિંહણરૂપે જ ઉઠશે. સમય આવ્યે સૌના હાથ નીચા પડે છે. પુત્રવધુ સાસુપ્રત્યે પ્રેમભાવ રાખે અને સાસુઓ પુત્રવધૂપ્રત્યે પ્રેમભાવ રાખે તોજ આ હિંદુસંસારના કલહકંકાસો ટળવાનો સંભવ છે. જ્યાંસુધી આવો ભાવ ન ઉદ્ભવે ત્યાંસુધી હિંદુસંસારનાં ચિત્રો ફારસો રૂપે અન્ય પ્રજાની દૃષ્ટિમાં રમવાનાં છે એ સમજાવવું અવશેષ રહેતું નથી.

જે સ્ત્રી સાસુસસરાપ્રત્યે પૂજ્યભાવ રાખે તેનો સ્વામી તે સ્ત્રીપ્રત્યે કેવો પ્રેમ રાખે એ અનુભવ અન્ય સ્ત્રીઓને ક્યાંથીજ થાય ? કફગ્રસ્ત રોગીને ઘીના ગુણો ક્યાંથી સમજાય ? બાળાને ખોળામાં રમાડતી ચુમ્બીઓ ભરતી, વ્હાલસોયી માતાનો

આનંદ અન્ય વાંઝણી સ્રીને ક્યાંથી કલ્પનામાં પણ આવે ? ન જ આવે. લલિતાના આવા સદ્‌ગુણોએ રસિકલાલનું હૃદય જીતીજ લીધું હતું.

પ્રાતઃકાળનો સમય હતો, લલિતા ઘરકામકાજમાં ગુંથાણી હતી, એ સમયે ટપાલવાળો (Post man) પોતાના કમ્પાઉન્ડમાં દાખલ થયો અને એકાદ કવર નાંખી ચાલતો થયો. કોનો પત્ર છે ? એ જાણવાની જીજ્ઞાસાએ લલિતાએ તુરતજ કાગળ હાથમાં લીધો. અક્ષર ઓળખી કાઢયા. શારદાગવરીનો પત્ર છે જાણી આનંદ થયો. વાંચવા હૃદય ઉત્સુક બન્યું પરંતુ દૃષ્ટિ પાસે પડેલું કામ, સ્વામી આવવાનો સમય અને ઘરની અવ્યવસ્થાએ તેમ કરતાં તેણીને અટકાવી. પત્ર ઠેકાણે મૂકી તે પુનઃ ઘરકામકાજમાં ગુંથાણી.

પ્રકરણ ૫ મું.

શારદાનો પત્ર.

ચ્હાયે સરિતા ઉદધિને, ચ્હાયે ચકોરી ચંદ્રને,
ચ્હાયે સુહૃદ સુમિત્રને, ચ્હાયે સતી નિજ સ્વામીને;
સૌ હૃદય વાંછિત સ્નેહીને, સપ્રેમ ! હા, ચાહ્યા કરે,
ચાહી પિયુ, પિયુસંગ રહેતાં, હૃદય–મન શું નવ હસે ?

સ્વામીના સમીપમાં સ્રીજાતિનું સર્વસ્વ છે. વિશ્વકુંજસમ દીલચામણા ગૃહકુંજમાં આનંદ અનુભવતાં, પ્રેમના પવિત્ર પથે સંચરતાં અને પતિભક્તિના મીઠા રસઝરામાં ન્હાતાં સ્રીયો અન્ય સંબંધ ભૂલી જાય છે એ અક્ષરશઃ સાચું છે.

ખરેખર સ્વામીની હૃદયવાટિકામાં હસતા મુખડે વિહરવું, સ્વામીના મુખારવિંદમાંથી બહાર આવતા, પ્રેમભર્યા શબ્દો સાં–

જાળવા અને તેમની દ્રષ્ટિમાં ઉછાળા મારતું પ્રેમપીયુષ દ્રષ્ટિદ્વારા પીતાં, અંતઃકરણમાં થતી લાગણીઓ અનુભવવી, એ આપણું સંસારના અંગે પરમ સદ્દભાગ્ય છે.

" भर्ता हि दैवतं स्त्रीणां भर्ता च गतिरुच्यते ।
" जीवत्पत्याः स्त्रियो भर्त्ता दैवतं प्रभुरेव च ॥ १ ॥
" स्वामिसाध्या च या नारी कुलधर्म भयास्थिता ।
" कान्ते न सार्ध्धं सा कान्ता वैकुंठं याति निश्चयात् ॥ २

"આપણું સર્વસ્વ સ્વામી છે. એ સૂત્ર સ્વાનુભવે આપણી સર્વ બ્હેનો સમજતી થાય તો આ સંસાર પણ સ્વર્ગ બને એમાં જરાય શંકા નથી.

" વ્હાવું સ્હાવું સ્ત્રીય જીવનનું દિવ્ય લ્હાણું અમોલું,
" લેવું લ્હાણું હૃદય હસતાં સેવ્ય શાસ્ત્રે ગણેલું;
" વ્હાવું તેમાં સ્ત્રીયહૃદયની આર્દ્રતા પૂર્ણ રાજે,
" સ્હાવું એમાં સ્ત્રીયધરમનું તત્વ સંસાર કાજે.

" વ્હાલાસાથે જીવન વહવું દિવ્ય લ્હાણું જીવ્યાનું,
" વ્હાલાસાથે મધુર હસવું સાર લ્હાણું જીવ્યાનું,
" વ્હાલા વ્હાલા ! વદી વિરમવું હાસ્ય મોઘું જીવ્યાનું,
" વ્હાલા સાથે મળી હું ભુલવું પ્રેમ લ્હાણું જીવ્યાનું."

"જ્યાં બે આત્માનાં હૃદયો એક બીજા પ્રત્યે પ્રેમના પવિત્ર આંદોલનો ફેંકી રહ્યાં છે, જ્યાં એક બીજાના દર્શનમાં બન્ને

૧—સ્ત્રીયોનું દૈવત સ્વામી છે અને સ્વામી જ તેની ગતિ છે. સૌભાગ્યવતિ સ્ત્રીઓને સ્વામીજ પરમાત્મા પ્રભુ છે.

'वन्हि पुराण'

૨—જે સ્વામીનાપર પ્રીતિવાળી છે અને જે કુલધર્મ જાળવવામાં બ્હીતી રહે છે; તે સ્ત્રી, ચોક્કસ પોતાના સ્વામીસાથે વૈકુંઠ સિધાવે છે.

'ब्रह्मवैवर्त पुराण'

આત્મા અવનવો આનંદ અનુભવી રહ્યા છે અને ભવ્ય સંસારના અટપટા માર્ગમાં એક બીજાના મદદનીશ બની વિહરી રહ્યા છે ત્યાં દેવોની ભૂમિ તુચ્છ જણાય, ગૃહકુંજ એ સ્વર્ગકુંજ મનાય, એમાં જરા પણ અતિશયોક્તિ ભરેલું નથીજ. સ્ત્રી સ્વામીથી સંતુષ્ટ રહે અને સ્વામી સ્ત્રીથી સંતુષ્ટ રહે એમાંજ સંસારના સુખની સમાપ્તિ છે.

લી૦ આપનું શુભ ચાહનાર

શારદાની આશિષ વાંચશો.

તા. ક. વિશેષમાં અહીંના સદ્‌ગૃહસ્થ કીર્તિદાસના પુત્ર ચિમનલાલની જાન ત્યાં આવનારી છે. કીર્તિદાસના ઘરસાથે અમારે ઘણો સંબંધ હોવાથી અમે બધાંય ત્યાં આવવાનાં છીયે જે આપને સહજ જાણવા લખ્યું છે.

અહીંના નામાંકિત શેઠ કીર્તિદાસ છે. ઘર સારૂં જોઇ પુત્રીના પિતા લલચાય છે, અને દીવા ઉપર પતંગીયાં આંધળાં થઇને પડે તે પેઠે તેઓ પણ પડે છે. ચીમનલાલનું વય હાલ અગીયાર વર્ષનું છે છતાં બુદ્ધિમાં ન્હાના બાળક કરતાં સહજ ચડીયાતા છે. તેમના સ્વાર્થી પિતાએ, ગુજરાતી ચાર ધોરણ પુરાં કર્યાં પહેલાં વળી પુત્રને દુકાને બેસાડયો જેથી ચીમનલાલમાં એકે સારો ગુણ પ્રવેશવા પામ્યો નથી કે, જેને લીધે શાન્તા તેના પ્રત્યે પ્રેમભાવ રાખી શકે. આહલાદપુરના શેઠ લક્ષ્મીદાસ અને શ્રીનગરના શેઠ કીર્તિદાસ બન્ને ઘર સારાં ગણાય પણ વર સારો છે કે નહિ? એ હવે કોણ જુએ છે? પુત્રમાં કાંઈ ન હોય છતાં ખોટી કીર્તિની ખાતર બીજાનો ભવ બાળવો એ ખરેખર ધિક્કારવા જેવું છે, વાણીયાવિના રાવણનું રાજ્ય ગયું એવી લોકોક્તિ જગપ્રસિદ્ધ છે છતાં બાળલગ્નના રિવાજને હજુ કેમ વળગી રહ્યા હશે? એ સમજાતું નથી. આ તો મોટાની મોટી ભૂલ જેવું થયું.

“ મોટા એનાં દર્શન ખોટાં, મોટા મોટી ભૂલ કરે છે,
“ બાળપ્રજાને ઉગતી કાપે, તોય હૃદય આનન્દ ધરે છે. ”

પ્રભુની માયામાં મનુષ્યબુદ્ધિ ચાલતી નથી. ગૃહસ્થની દીકરી અને ગૃહસ્થના ઘરની વહુ છતાં શાન્તા સુખશાન્તિ મેળવશે કે કેમ ? એ સંશય પડતું છે. જન્મેજયજેવા ભાવિને જાણતા છતાં નિવારી શકયા ન હતા તો ભાવિના ખેલને નહિ જાણનારા મનુષ્યો તે બાબતમાં શું કરી શકે ? પ્રારબ્ધ માન્યાવિના આવા પ્રસંગે શાન્તિ થવી અશકય છે. સમજુને વિશેષ શું લખવું ? એજ.

લિ. શારદા.

સ્વામી અને સસરાના જમ્યા પછી સાસુ વહુએ સંસારવ્યવહારની વાતો કરતાં જમી લીધું. જમ્યા પછી પુત્રવધુએ ચોકો દીધો; વાસણ માંજવાનું કાર્ય, કામકરનારી બાઇને સોંપ્યું અને આવેલો પત્ર વાંચવાની જીજ્ઞાસાએ લલિતા મેડી માથેના દિવાનખાનામાં ઉતાવળી ઉતાવળી દોડી આવી. પત્ર હાથમાં લીધો, હર્ષભેર ફોડયો અને વાંચવામાં નિમગ્ન બની. પત્ર વાંચતાં એકપક્ષે આનન્દ પામી જયારે બીજા પક્ષે શાન્તા આમ અણધારી બાળલગ્નમાં હોમાશે એ જાણી શોક થયો. ઘડીભર કપાળે હાથ મૂકી. ઉંડા વિચારમાં ડુબી અને તેનું બળતું હૃદય વાણીદ્વારા બહાર આવવા ઉત્સુક બન્યું.

"બાળાઓનું આમ બલિદાન થતું કયારે અટકશે ! દ્રવ્યની આશાએ—આબરૂદાર સગાની આશાએ, રંક બાળાઓનો આવો અણછાજતો વિનાશ કયારે વિરમશે ! બાળાઓમાં વિચાર કરવાનું બળ આવ્યા પહેલાં, આમ મોઢું બાંધી મારનારા દુષ્ટ પિતા માતાઓ, પોતાની બાળાઓપ્રત્યેના શાસ્ત્રીય ધર્મને કયારે સમજશે ? અને જે બાળાઓના હાથથી આ ભારતભૂમિનો ઉદય થવાનો છે તે બાળાઓને આમ અકાળે છુંદી નાખનારાઓની સંખ્યા કયારે ઘટશે ! હાય, પ્રભુ પણ બાળાઓની મદદે આવતો નથી.

"શાન્તા જેવી નિર્દોષ બાળાઓને આમ બલિદાનતરીકે હોમવામાં આવે અને પિતા માતા, ભ્રાતા અને સગાં આદિથી આનન્દ મનાય, ન્યાતવરામાં લક્ષ્મી લુંટાવી દેતાં કીર્તિ મનાય,

એ રિવાજ આર્યદેશમાં કયાંથી આવ્યો ? અજ્ઞાનના અંધકારથી આર્યદેશ હમણાં ઢંકાઇ ગયો છે, અંધારૂં ઘણું ગાઢું છે; જેમાં દ્રષ્ટિ પણ કાંઇ જોઇ શકતી નથી ત્યાં શો ઉપાય ?

"કળી ખીલ્યા પહેલાં અકાળે ચુંટાય તો સુગંધ ન મળે; એજ પ્રમાણે બાળકભાવ હૃદયથી હજુ ખસ્યો ન હોય ત્યાં બિચારીને આમ પરણાવાય તો ગૃહસંસારનું ખરૂં રહસ્ય જગત્‌ને કયાંથી મળે ! હિન્દુ ભાગ્યજ હવે આવી રહ્યું છે. જયાં દૈવ જ વાંકું ત્યાં શું કરવું ? સ્નેહમુદ્રામાં આલેખેલું ચિત્ર દ્રષ્ટિપ્રત્યક્ષ ચેતનરૂપે આજે ખડું થયું.

હરિગીત.

" મુજ જેવું વૃત્ત ઘણાકનું શુણશો પૃછ્યે આ દેશમાં,
" પરદેશી સજ્જન ! હિન્દુઓ ગાળે જીવન કલેશમાં;
" નર જાત સુખી હશે અહીં કદી મ્હાલતી સ્વચ્છન્દથી,
" પણ નારીને રોવાવિના નહિ કર્મમાં બીજું કંઇ."

સ્નેહમુદ્રા.

"શાન્તાજેવી સમજુ બાળાને પણ આવુંજ થયું છે. જે બાળાને યોગ્ય વયે, યોગ્ય માળીના હાથમાં મૂકતાં આખા વિશ્વમાં એક આર્યગૃહિણી, આર્યમાતાતરીકે નામ કાઢે એવી છે; તે બાળાને કીર્તિલોભી પિતા, આમ ઉગ્યા પહેલાં છુંદી નાખવા તૈયાર થયો છે; એ શું ભારતનું ઓછું દુર્ભાગ્ય છે. ?

"કુમળું બાળક કુવાડાના ઘા કેમ સહન કરશે ! આજકાલના સાસુ સસરાના જુલમી જુલમો, બાળભાવમાં રમતી શાન્તા કેમ સહી શકશે ? અજ્ઞાન અને બાળ સ્વામીની સ્વાર્થી ઇચ્છાઓને તે કેમ પોષશે ? વહુ જોવાના બ્હાને અવાર નવાર આવતી આડોશીપાડોશીની સ્ત્રીયોસાથે તે કેમ બોલી શકશે ? કોઇ વહુને જોઇ મોઢું મરડશે, કોઇ કાળું ગોરૂં કહેશે, કોઇ મોટું ગરીબડું આંખમાં ઝેરનું કહેશે, કોઇ બોલવાની કયાં પોચ બળી છે કે, પુછે એવી વહુ પકકી છે અને કોઇ મોટી

થયે સ્વામીને પણ સુતો વેચે એવી તાલમબાજ છે એમ કહે શે. આ બધું સાંભળતાં ગરીબ શાન્તા કેમ શાન્ત રહી શકશે ?

"દીકરી અને ગાય જયાં દોરે ત્યાં જાય" એના જેવું જ બિચારી શાન્તાની બાબતમાં થવા બેઠું છે. બાળલગ્નના ભોગ થતી બાળાઓ માટે લલિતાના હૃદયમાં ઘણી દયા હતી; પરંતુ કોઇને દુઃખ મનાવવા જેટલી જાહેર હિમ્મત તેનામાં ન હતી. જે કામ જે સારૂ માને છે તેને તે ખરાબ કહેવા જતાં ઉલટું જ પરિણામ આવે છે. એ લલિતાના મગજમાં તાજુંજ હતું. હિતોપદેશમાં મુર્ખ વાંદરાને કહેવા જતાં પક્ષીનો થયેલો વધ લલિતા જાણુતી હતી. હજુ તેના હૃદયના વિચારો ખાલી થયા ન હતા એટલામાં બારણું ઉઘડયું. સ્વામીને આવતા જાણી તેણે મુળ વિચારો છુપાવ્યા; અને મીઠું હાસ્ય કરતી વ્હાલાભણી દૃષ્ટિ ફેંકતી, સસ્મિત બોલી ઉઠી.

"વ્હાલા ? એક વધાઇ આપું તો મને શું આપશો ?"

"જે તું માગે તે."

"શારદા બ્હેન, તેમનાં નણંદ સરલા, અને શરચ્ચન્દ્ર આજે સાંઝની ગાડીમાં આવવાનાં છે."

"વહાલી ! વધાઇ તો સાચી પરંતુ દુનિયાનો અનુભવ આથી જુદો છે. બ્હેનનું આવવું ભાઇને આનન્દ આપે પણ ભોજાઇને તો સંતાપનું જ કારણ થાય."

"આથી આપ શું કહેવા માગો છો ?"

"નણંદ ભોજાઇ ઉપર હુકમ ચલાવે છે, ભાભીને હસતી, રમતી, આનંદ કરતી. કલ્લોલ કરતી, જોતાં તેની આંખમાં અગ્નિ વરસે છે, ભાભીના સાચા ખોટા દોષ કાઢી ભાઇના કાન ભરે છે, આથી ભાઇનો મિજાજ જાય છે અને ઘરમાં કલહ કંકાશનો પાયો રોપાય છે. આવું હિન્દુસંસારમાં ઘેર ઘેર છે; છતાં નણંદ આવતાં તું આનન્દ બતાવે છે એ અનુભવ મને આશ્ચર્ય પમાડે છે."

"એમાં આશ્ચર્ય જેવું કશુંય નથી. જેવું આપ તેવું જગ, જેવું વાવીએ તેવું પામીએ. જેવું બીજે તેવું વૃક્ષ, એ કુદ-

સ્તના કાયદામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે. જેના ભણી આપણે સદ્‌ભાવ રાખીએ તે આપણાભણી વેરભાવ રાખે એ વ્હાલા! મને તો જરાયે સાચું લાગતું નથી. વેંત નમીયે તો અન્ય હાથ નમેજ. શારદાબ્હેન તો ઘણાં ગુણીયલ અને ગરવાં છે. તેમના આવવાથી જે આનન્દ મને થશે તેવો આનંદ સાચું પૂછાવો તો મારી સગી બ્હેન આવ્યાથી પણ નહિ થશે. નણંદ, ભોજાઈનું વાંકું બોલે એમાં બન્નેનો દોષ છે. ભોજાઈ જો નણંદનાં વખાણ કરે, તેનાં વચનોને શાન્તિથી સાંભળે તો નણંદ પણ ભોજાઈનાં વખાણજ કરે પરંતુ હિન્દુસંસાર આપણો હાલ નિન્દાય છે તેનું કારણ વળી જુદુંજ છે. તમે જે ઘેરઘેર જોયું છે તે જો કે સાચું છે; પણ બધે ઠેકાણે એવું ન જ હોય. બાકી સાસુ વહુ વચ્ચે, નણંદ ભોજાઈ વચ્ચે, પતિ પત્નિ વચ્ચે, દેરાણી જેઠાણી વચ્ચે જે કલહ કંકાશ જોવામાં આવે છે તેનું કારણ વ્હાલા! તમે ક્યાં નથી જાણતા?

"આપણા ગૃહસંસારનો અનુભવ વિચિત્ર છે. કોઈ કોઈને ન્હાય નહિ અને ઉગ્યાથી આથમ્યા સુધી કાંઈને કાંઈ ઘરમાં ઘોંઘાટ મચાવ્યાજ કરે. જ્યાં જાઉં છું ત્યાં આવોજ ઘોંઘાટ સાંભળું છું પણ તેનું મુળ કારણ શોધવા તો મેં વિચારજ હજુસુધી કર્યો નથી. કલહકંકાશ થવાનું કારણ તું જણાવ જોઉં વ્હાલી?

"જાણો છો છતાં મારી પાસેજ બોલાવવું છે? તમારી પાસે બોલતાં મને શી શરમ થવાની છે? બાળક ઘોડીયામાં સૂતું હોય ત્યાંથી પિતા માતા વેવિશાળ કરવાની વાતો ગામમાં ચલાવ્યા કરે. વરના બદલે ઘર પ્રથમ જુએ, લક્ષ્મીનું મોઢું જોતાં પુત્રીના પિતાની ડાગળી ચસકે અને પુત્ર પુત્રી સમજણાં થયાં ન થયાં ત્યાં તો પિતા માતા તેનો લગ્નોત્સવ ઉજવે; આનું પરિણામ પછી શું આવે? લીંબડો વાવે અને લીંબડો ઉગે ત્યારે કપાળ કૂટે કે આંબો કેમ ન ઉગ્યો! એ જેટલી મૂર્ખતા છે તેટલીજ મૂર્ખતા યોગ્ય પુત્રને યોગ્ય કન્યા, અને યોગ્ય કન્યાને યોગ્ય વર ન શોધે અને પછી વરવહુ કેમ એક બીજાને ચાહતાં નથી? કેમ ઘર કારભાર ઉપાડતાં નથી? એ પ્રશ્નો કરવા, તે છે."

"તારૂં કહેવું ખરૂં લાગે છે. હજુ આવા અયોગ્ય લગ્નોત્સવ ઉજવાય છે એવો તેં દાખલો એકે ન શોધ્યો એટલી તારી ખામીજ ગણાય."

"મારી ખામી તે તો તમારીજ ખામી ગણાય. આપણા શહેરના લક્ષ્મીદાસ શેઠની દીકરી શાન્તાનો શ્રીનગરના શેઠ કીર્તિદાસના દીકરા ચિમનલાલ સાથે વિચાર થાય છે. શાન્તાનું વય દશ વર્ષનું છે અને ચિમનલાલનું વય અગીયાર વરસનું છે શાન્તા ચાલાક છે અને ચિમનલાલ ન્હાના બાળક જેવા છે. એક બીજાને હજુ ઓળખતાં પણ નથી ત્યાં પતિ—પત્નિ થઇ આ સંસારમાં આગળ કેમ ચાલી શકશે?

"વ્હાલી! જમાનો તદન બદલાયો છે. ડાકણના મોઢે ડાકણ કહેવા જતાં લાભને બદલે હાનિજ થવા સંભવ છે. લગ્નવેદિનું રહસ્ય ઘણું ઉંડું છે બાળ પતિ પત્નિ બિચારાં ક્યાંથી સમજી શકે?

"આપણા શાસ્ત્રકારો બાળાની સંમતિ જાણ્યા વિના લગ્ન કરવાનું બીલકુલ ફરમાવતા નથી. છતાં હાલના દુષ્ટ પિતા માતા પોતાની પુત્રીને તત્સમ્બન્ધે પોતે કાંઇ પૂછતા નથી. અન્ય સખીદ્વારા તેણીનું હૃદય જાણવા પ્રયત્ન કરતા નથી. લગ્ન જેવા પ્રસંગમાં બાળાને છેવટ સુધી અજ્ઞાન રાખવી એથી કળિકાળની ક્રુરતા બીજી કઇ સમજવી? કદાચ હાલની કેળવણીને લઇ કોઇ ભણેલી બાળા પોતાના વિચારો પ્રકાશમાં મુકવા હિમ્મત કરે, તો આખી જ્ઞાતિ તેને ઉદ્ધત ગણે. ખરેખર જ્ઞાતિ રૂઢિની દાસી છે. જે પ્રચલિત વાત થઇ તે ખોટી હોય તો પણ સાચી માની વ્યવહાર કરવો એમાં વ્હાલા? શું શાણપણ ગણાય!"

"આપણાં શાસ્ત્રોપ્રમાણે હમણાં કોણ ચાલે છે? આપણા આર્યધર્મની ઉત્કૃષ્ટતા અધમતાના વાદળાથી ઘેરાઇ ચૂકી છે. મહાપુરૂષ પ્રણિત લગ્નગ્રંથી ગ્રંથોના અમુક પાનામાં ભરાઇ બેઠી છે; અને સપ્તપદીની ઉપયોગિતા તો ક્યારનીએ રીસામણે ગઇ છે. લગ્ન અને તેની મહત્તા હવે નકામાં ઠર્યાં છે. ખોટી લગ્નગ્રંથિઓ ગુંથાણી છે, તેને શાસ્ત્રોક્ત માનવા વ્યવહારકુશળ

પુરૂષોની, લક્ષ્મીની લાલચથી અસત્ક્રિયાનું સેવન કરનાર મૂર્ખ બ્રાહ્મણોની સલાહ મળી છે અને તદનુસાર વર્ત્તવા જનસમાજ તૈયાર રહ્યો છે; એટલે સત્ય પક્ષ હાલ દબાઇ ગયો છે.

" यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते ।
ध्रुवाणि तस्य नश्यन्तु अध्रुवं नष्टमेव च ॥ "

વ્હાલા ! આટલેથી પણ હજુ કયાં હદ આવી છે. સત્યાસત્યનો નિર્ણય જ્ઞાનદૃષ્ટિએ આણ્યાવિના અસત્યનુંજ ગ્રહણ કરવામાં કાંઇક મહત્તા, જ્ઞાતિ સુધારકોની કાર્યદક્ષતા, અને ઉચ્ચ જ્ઞાનની પરિસીમા હાલ મનાવા લાગી છે. ઉંચી મેડીએથી પડતું મૂકી શરીરના મુળ અવયવો વિશેષ મજબુત જોવા આશા રાખવી એ દેખીતુંજ જનસમાજની દ્રષ્ટિમાં મૂર્ખ ગણાવા જેવું છે છતાં સ્ત્રીપુરૂષનાં હૃદય-મન કઇ દિશામાં વહે છે, પુરૂષ સ્ત્રીને અને સ્ત્રી પુરૂષને કેવા અને કેટલા પ્રેમથી ચ્હાય છે, વૈદિક અને જ્યોતિષ શાસ્ત્રોની સંમતિ સ્ત્રીપુરૂષના અરસપરસ બંધાતા સંબંધમાં કેટલા પ્રમાણમાં સાનુકૂળ છે, ભવિષ્યમાં થનાર પ્રજાનું લાલનપાલન કરવાની શકિત બન્નેમાં કેટલી છે, બાળપ્રજામાં વય વધતાં ઉચ્ચ સદ્ગુણોનાં બીજો તેઓના હૃદયમાં રોપી શકે એવી યોગ્યતા તેનામાં કેટલા પ્રમાણમાં છે ? વગેરે બાબતનો વિચાર કર્યાવિના પુત્રપુત્રીને બ્રહ્મચર્યાશ્રમરૂપી મેડીથી કાલ્પનિક લગ્નવેદિરૂપી પૃથ્વી ઉપર પડતું મૂકાવી તેઓનાં શારીરિક અને માનસિક, સાંસારિક અને વ્યવહારિક, આર્થક અને પારમાર્થિક, સાધનોરૂપી અવયવો ખીલતાં ગુલાબની પાંખડીજેવા જોવા અભિલાષા રાખવી એ છે. વ્હાલા ! આવાં લગ્ન જ્યાંસુધી ન અટકે ત્યાંસુધી આપણા દેશના અધોગતિ થતી કેમ અટકે ? એ હું વિચારી શકતી નથી. આંધળો માણસ કુવામાં પડે તેની સૌ દયા ખાય પણ સામાન્ય બુદ્ધિનાં સ્ત્રી પુરૂષો સમજી શકે એવી વાતને દરેક જ્ઞાતિના શુભેચ્છક અગ્રેસરો સમજ્યા છતાં છાજલા ઉપર મૂકે અને રૂઢિના ખોટા ચીલામાં ચાલે એની દયા કેમ ખવાય ? જાહેર સભાઓ ભરો અને તેઓનું અજ્ઞાન જાહેર કરો."

"ગમે તેટલી સભાઓ ભરીએ છીએ છતાં પરિણામમાં ક્યાં સંતોષ મળે છે."

'એ વકતાઓનોજ દોષ છે; જેવું તેની વાણીમાં તેવુંજ તેના વર્તનમાં જો હશે તોજ દુનિયા તેનું માનશેજ."

"હાલના ઉપદેશકો પોપટ જેવા છે. પરંતુ સ્ત્રીયો ભણી ગણી પિતા માતાની અયોગ્ય આજ્ઞાઓનો શાન્તિથી અનાદર કરતાં શીખે તો કંઇક સારું પરિણામ આપે ખરૂં."

"બધા ઉપદેશકો સરખા હોતા નથી. ઘણા ચારિત્ર્યમાં પ્રભાવશાળી પણ હોય છે. સભાનું કામ ગામમાં જાણીતું થવામાં આવાજ ઉપદેશકો કારણભુત છે. કાળા પત્થર પણ રોજીંદા દોરડાના ઘસારે ઘસાયા છે તો હમેશના ઉપદેશે પત્થર હૃદય પણ કાંઇક પલળશે, પરંતુ વાણીયા જેવી ડાહી જ્ઞાતિ બાળલગ્નને હજુ કેમ વળગી રહી છે."

"વ્હાલી! તારા જેવા ઉપદેશક નહિ મળવાથી."

"ઉપદેશકનો ધંધો મારા સ્વભાવથી વિરૂદ્ધ છે પણ..."

"ઉછળ્યુ ખાન પેટમાં નહિ સારૂં. દેવી! તારા હૃદયના વિચારો જાણવા મારૂં હૃદય પણ આતુર જ છે."

"કવિતા લખવાનો પ્રયાસ હવેથી કરીશ. પરંતુ તમારે સુધારવું પડશે."

"તારા લેખો વાંચવાનો સમય મને ઘણોજ આનન્દ આપશે. આપણા મંડળનો આવતી કાલે મેળાવડો થવાનો છે જેમાં નલિનીકાન્ત મુખ્ય ભાષણ આપવાના છે. બાળલગ્નને તું ધિક્કારે છે તે વિષયપરત્વે ટુંકામાં એકાદ કવિતા લખે તો કલે સભામાં અન્યદ્વારા ગવરાવી શકાય. વ્હાલી! મારીને નાશી જવું અને જમીને સૂઈ જવું એવો અમારા ડોકટરોનો મત છે."

"ત્યારે તમે સૂઇ જાઓ. હું નીચે માતુશ્રી પાસે જાઉં છું."

છેલ્લા શબ્દે લલિતા નીચે આવી અને પુજ્ય સાસુને શારદાબ્હેન તેમનાં નણંદ તથા શરચ્ચન્દ્ર વગેરે આજે સાંજની ગાડીમાં આવવાના છે એ પણ જણાવ્યું. વત્સલ માતાનું હૃદય વ્હાલથી ઉભરાવા લાગ્યું.

— :o: —

પ્રકરણ ૬ ઠું.

લગ્ન વેદિમાં બાળાનું બળિદાન.

સ્વધર્મદગ્ધ પતિ હાથ પ્રિયા સુધર્મો,
સ્વધર્મદગ્ધ પ્રિય હાથ પતિ સુધર્મો;
દામ્પત્ય પ્રેમ—ફળ સ્વાદ લીધા વિનાય,
એ યુગ્મ રીબી રીબી કાળ મુખે ફસાય.

આહ્‌લાદપુર એ વ્યાપારનું સારૂં મથક હોવાથી દેશ પરદેશનાં ઘણાં માણસો અહિં આવી વસ્યાં હતાં. આહ્‌લાદપુર તે ખરેખરૂં આહ્‌લાદપુરજ હતું જ્યાં સાક્ષરોનું સારી પેઠે સન્માન થતું. લક્ષ્મીના લાલિત્યથી લુબ્ધ થયેલા મનુષ્ય ભાવ ભુલી ગયેલા, અને ખોટી કીર્તિથી ફુલી રહેલા શ્રીમંતોનું મન પણ અહિં શાન્ત થતું; સત્ય સમજાવનાર વકતાઓનું હૃદય અત્રે શાન્તિ પામતું અને ગરીબવર્ગને પણ કમાવાનાં સાધનો અહિં સારાં હતાં.

આ શહેરના સુપ્રસિદ્ધ શેઠ લક્ષ્મીદાસ હતા. તેઓનો સ્વભાવ પ્રથમ ઘણો શાન્ત-ઉદાત્ત હતો; પરંતુ લક્ષ્મીદેવીની કૃપા જેમ જેમ તેમના ઉપર થતી ગઇ તેમ તેમ મુળ સ્વભાવ નષ્ટ થતો ગયો. રાત્રિ દિવસ લક્ષ્મીની હાયવરાળમાંજ તેનું જીવન પસાર થવા લાગ્યું; જેથી મનુષ્યજીવન સમ્બન્ધી વિચાર કરવાનો લક્ષ્મીદાસને હવે અવકાશ રહ્યો ન હતો. ઘરમાં તેમની સ્ત્રી શાન્ત સ્વભાવનાં હતાં. ગરીબ માબાપના હાથહેઠળ તેઓ ઉછરેલાં હોઇ, ગરીબાઇ, દુઃખી પુરૂષની આકુળવ્યાકુળતા અને અપંગ સ્ત્રીપુરૂષોની મુશ્કેલિઓ તેઓ સહજ સમજી જતાં હતાં, અને પુષ્પનું ખીલવું તે કરમાવા માટે, ઉંચે ચઢવું તે નીચે પડવા

માટે અને લક્ષ્મીના મદમાં તણાતું એ ગરીબાઇને આમંત્રણ આપવા માટે, આદિત્યચનો તેમના હૃદયમાં સુવર્ણાક્ષરે કોતરાઇ રહેલા હતા, પરંતુ શેઠની પાસે તેમનું જરાય ચાલતું ન હતું. ગરીબ માબાપની પ્રજાનું કોણ માને? શેઠ તેણીને ગાંડામાંજ ગણી કાઢતા હતા; જેથી ઘરના ખુણામાં રોઇ બેસી રહેવા જેવુંજ તેનું ભાગ્ય હતું. તેમનું નામ ગંગા હતું, સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી તેમને હતાં. પુત્રી સૌથી મોટી અને તેણીનું નામ શાન્તા હતું. શાન્તાનું વય આજે દશ વર્ષનું હતું. તે ગુજરાતી ચોથું ધોરણ હાલ ભણતી હતી. આજથી તેના ભણવાનો અંત આવવાનો હતો. કારણ શાન્તાને પરણાવી લગ્ન લ્હાવો લેવામાં શેઠનું મન ઉત્સુક થયું. શેઠાણીએ તે બાબતમાં ઘણી ઘણી ના પાડી હતી; છતાં શેઠનો વિચાર કાયમજ રહ્યા હતો. પુત્રીનું હવે શુ થશે? એ વિચારે તેનું હૃદય ઘણું બળતું હતું. કુવાની છાયા કુવામાંજ સમાય તદ્વત્ શેઠાણીની બધી ઇચ્છાઓ હૃદયમાંજ વિરામ પામતી. પુત્ર પુત્રીની આખી જીંદગી બગાડવામાં શ્રીમાન્ પુરૂષો પોતાનું ગૌરવ માને છે તે શેઠાણી સારીપેઠે જાણતાં હતાં.

દરેક જ્ઞાતિમાં બાળલગ્ન મોટા પ્રમાણમાં થાય છે છતાં જ્ઞાતિ અગ્રેસરોની આંખ ઉઘડતી નથી એ ભારતભૂમિનું દુર્ભાગ્ય સૂચવવા પુરતું છે. "જેના આગેવાનો આંધળા તેનું કટક પણ કુવામાં પડે" એ લોકોક્તિ હવે સાચી ઠરી ચુકી છે.

આઠ વરસની બાળા કે જેને પોતાનું શરીર સાચવવાનું ભાગ્યેજ ભાન હોય છે, જેને ગૃહદેવી બની ગૃહકુંજને કેવીરીતે સ્વર્ગકુંજ સમોવડી બનાવવી એનું ક્વચિતજ જ્ઞાન હોય છે, જેને પતિ શું ને પ્રેમ શું, વેવીશાળ શુ ને પરણવું શું, સાસુ શું ને વહુ શું એ આદિ વિષયોની ભાગ્યેજ ખબર હોય છે; તેવી નિર્દોષ બાળાને પરણાવવા જ્યાં અનેક માતાપિતા આનન્દ લે છે, ત્યાં લક્ષ્મીના લાલિત્યથી અંજાઇ ગયેલા લક્ષ્મીદાસ શેઠ પોતાની દસ વર્ષની પુત્રીનો લગ્નોત્સવ ઉજવવામાં વિશેષ આનન્દ માને એમાં શું આશ્ચર્ય? આઠ વર્ષની કન્યાને પરણાવવા જે

જ્ઞાતિમાં અગ્રેસરો છુટ આપે તે જ્ઞાતિમાં લક્ષ્મીદાસજેવા શ્રીમાન્ પુરૂષો કન્યાને દસ વર્ષની થવા આપે તેના માટે તેમને પણ માનજ આપવું જોઇએ.

નાનાં બાળકો પ્રસન્નતાભર્યા ઉરે—ઉત્સાહભર્યા મને, ઢીંગલા ઢીંગલીની નિર્દોષ રમતો રમે છે. તેમનો અરસ પરસ સંબંધ કરી લગ્નોત્સવ ઉજવે છે અને ભાગી તુટી વાણીમાં અર્થરહિત બે ચાર ગીતો ગાઇ, બે ચાર ઘડી આનન્દ પણ માને છે. જે રમતો જોતાં તરૂણ યુવકો બાલકોની મૂર્ખતા ઉપર હસે છે; વયોવૃદ્ધ સ્ત્રીપુરૂષો તેમને નમાલા ગણી આંખના ડોળા બતાવી ધુરકાવી કાઢે છે; અને તેના નિર્દોષ આનન્દનો અંત આણી અગ્નિ ઉપર મૂકેલી ફટકડીની માફક મનમાં ફુલે છે. અહો! કેટલી બધી અધમતા! બાળકોની નિર્દોષ રમતોને તુચ્છ ગણી હસતાં આ મહા પંડિતોને કોણ સમજાવે છે કે તમારા ઢીંગલા ઢીંગલીની રમત કરતાં તેઓના ઢીંગલા ઢીંગલીની રમત હજાર અંશે સારી છે. તમારા ઢીંગલા ઢીંગલી જીવનપર્યન્ત કલકકં-કાશની ખાડીમાં સડે છે, જગતની દૃષ્ટિએ ચડે છે. કુટુમ્બ કીર્તિને શ્યામતાનો વજ્રલેપ લગાડે છે અને આખી જ્ઞાતિને કલં-કરૂપ બનાવે છે. જ્યારે બાળકોના ઢીંગલા ઢીંગલીઓને તેમાંનું કાંઇપણ થતું નથી. તેઓનાં ઢીંગલા ઢીંગલીઓ પરણે છે પણ દુઃખથી મુક્ત રહે છે. અન્યના સંતાપનું કારણ થતાં બચે છે અને રમાડનારને આનન્દનું મહાન રસભર્યું લહાણું પણ આપે છે.

અન્યનું ધિક્કરતા પહેલાં પોતાનું સાંભળો. પરોપદેશે પાણ્ડિ-ત્યમ બતાવતા પહેલાં પોતાના પગ નીચેનું બળતું જરા તપાસો. શું તમે નિર્દોષ બાળકોને ઢીંગલા ઢીગલી નથી માનતા? શું તમે લગ્નના નામે ધગધગતા અંગારા ઉપર બિચારાં નિર્દોષ બાલુડાંને નથી હોમી દેતા? શું તમે આર્યશાસ્ત્રકારોના વૈદિક લગ્નવિધિને પગતળે દબાવી સ્વકલ્પિત વેદિથી લગ્નોત્સવ નથી ઉજવતા? શું તમે લગ્ન પ્રસંગે અજ્ઞાન બાળકોથી ગવાતાં અ-ર્થહીન ગીતો કરતાં પણ વધારે અર્થહીન, ઉચ્ચ પ્રજાને નીચું જોવરાવે એવાં ગીતો ગાવા ગવરાવવામાં વિશેષ આનન્દ નથી લેતા? હા પાડતાં તો તમો હારી જશો, ના પાડતાં તમોને

નામોશી લાગશે. માત્ર દુરાગ્રહ પકડો તો તમોને પરમાત્મા પણ નહિ જ પહોચે.

બાળકોની મૂર્ખતાપર હસનાર યુવકો! તમે તમારી કવિ કલ્પનાની અગમ્ય રહેલી મૂર્ખતાપર કાં નથી હસતા? નિર્દોષ રમતોથી શાન્ત આનન્દ-સાગરમાં નાચતાં કુદતાં બાલકોને ડોળા કાઢી ધ્રૂજાવનારા તેમને નમાલા ગણી માથા ઉપર ટાપલી મારનારા વયોવૃદ્ધ વડીલો! તમે આ સંસારને સ્વર્ગને બદલે નર્કસ્થાન જેવો બનાવી મૂકયો છે. છતાં પોતાને નમાલા મૂર્ખશિરોમણી ગણી કાં આંખના ડોળા નથી ફોડતા? તમોને કોણ કહી શકે? લક્ષ્મીથી મસ્ત થયેલા, વ્યવહારની ખોટી મોટાઇથી પુલી ગયેલા, શ્રીમાન ધીમાન પુરૂષોને કોણ સમજાવી શકે! કોઇ નહિ. અન્ય યજ્ઞોની સમાપ્તિ બે ચાર વર્ષે થાય છે, જયારે બાળલગ્નરૂપી યજ્ઞની સમાપ્તિ કયારે થશે તે કોઇ જ્યોતિષશાસ્ત્રી જાણતા હોય તો ના નહિ.

આવાજ બાળલગ્નમાં આજે શાન્તા હોમાવાની છે. તેણીનો વિદ્યાભ્યાસ આજે સમાપ્ત થવાનો છે. તે બાલિકા છતાં આજે ગૃહિણી તરીકે ઓળખાવાની છે. ઘરમાં બધાને આનન્દ છે. છતાં એક શેઠાણીનેજ શોક વ્યાપેલો છે. જે સમજે છે તેનેજ પીડા છે. સૌ પરણવામાં આનન્દ માને છે. શાન્તા પણ પોતાનો વિવાહ થશે જાણી હસે છે. પરણ્યા પછી શું થશે તે નહિ જાણનારી બાળા બિચારી હસે એમાં શું નવાઇ?

પહેકુંવરની દીકરી પહેકુંવરને જ પરણે તેમ ગૃહસ્થની દીકરી પણ ગૃહસ્થનેજ પરણે એ ન્યાય સર્વત્ર પ્રસરી ચૂકયો છે. ઘર સારૂં હોય તો વરના ગુણ દોષ ઉપર કાંઇ વિચાર કરવાનો કોઇને અવકાશ નથીજ.

જાન જોડી આવનાર ગૃહસ્થાઇમાં લક્ષ્મીદાસથી સવાયો હતો. દુધમાં સાકર ભળ્યા જેવો આ સમ્બન્ધ કોને પ્રિય ન હોય? જનકોનો અને રઘુઓનો સંબધ જેટલો પ્રિય પુરવાસીઓને વિચારદ્રષ્ટિએ થયો હતો, તેટલોજ પ્રિય આ સંબંધ શહેર વાસીઓને થયો હતો. લક્ષ્મીદાસ શેઠની લક્ષ્મી અન્ય પ્રસંગે

બહાર આવતી ન હતી; છતાં શાન્તાના વિવાહ પ્રસંગે માંડવો શણગારવામાં, કીર્તિ ખાતર, મોટા મોટા ન્યાતવરા કરવામાં, મનને હેરત પમાડે એવી આતશબાજી ગોઠવવામાં અને પોતાનું સૌ કોઇ સારૂં બોલે એવી પ્રવૃતિ કરવામાં તો નદીના પાણી પેઠે બહાર આવવા ઉત્સુક બની હતી. શ્રીનગરના સુપ્રસિદ્ધ કીર્તિદાસના ઘરની જાન રેલ રસ્તે આહ્લાદપુર સાંજના ૭ વાગતાં આવી પહોંચી; સાથે આણેલી પોલીસ ટુકડીને બંદુકો ફોડવા હુકમ અપાઇ ચૂકયો; ઉપરા ઉપરી થતા અવાજે આખા શહેરને ગભરાવી મૂકયું. સૂર્ય ભગવાન પણ આવી અજ્ઞાનજન્ય પ્રવૃત્તિ જોઇ, વૃક્ષોના ઓથે રહી જવા લાગ્યા. જાન આવી જાણી શેઠે વાજતે ગાજતે સગાં સ્નેહીસહ સામૈયું કર્યું, ઉતારા માટે–જાનીવાસામાટે સગવડતાથી ભરેલો બંગલો કાઢી આપ્યો અને ગામમાં લીલા લ્હેર જેવું થઇ પડયું.

રાત્રિના સાડા સાત વાગ્યા હતા, આકાશમાં ચન્દ્રિકા વિહરતી હતી, ચોઘડીયું મંગળ હતું, લગ્નની ઉત્તમ પળ સાચવવા તત્પર રહેલા બ્રાહ્મણોએ, મોઢે આવ્યા એમ શ્લોકો બોલવા માંડયા હતા. જેવા શેઠ અભણ એવા બ્રાહ્મણો પણ તેના માથાના એટલે કથરોટ કુંડાને હસે એવું ન હતું. એક બાજુએ લગ્નક્રિયા થાય છે, બીજી બાજુએ જાનમાં આવેલા સદ્‌ગૃહસ્થોને જમાડવાની ગોઠવણ ચાલે છે અને ત્રીજી બાજુએ તેઓને સુવાડવાની ગોઠવણ થાય છે.

સ્ત્રીવર્ગ તથા પુરૂષવર્ગ જમી રહ્યા, તેમાંનો થોડો ભાગ માંયરે ગયો, થોડો ભાગ સૂવાની સગવડતા ખાતર સગાં સ્નેહીના ઘેર ગયો અને બાકીનો ભાગ સૂવા માટે નિર્ણિત થયેલા બંગલે ગયો.

પુરૂષવર્ગથી સ્ત્રીવર્ગને સૂવાની ગોઠવણ જરા અલગ રાખવામાં આવી હતી કે જેથી એક બીજા સંકોચવિના પોતાના વિચારોની આપ લે કરી શકે શ્રમિત થયેલાં સ્ત્રીપુરૂષો પોતપોતાને ગમે એવી પથારી શોધી નિદ્રાદેવીની આરાધના કરવા

લાગ્યાં. જ્યારે એક બાળાનું હૃદય કોઇ અન્ય વ્યાપારમાં દોરાયું હતું. મનના વ્યાપારોમાં બળતું હૃદય, આખરે સમુદ્રના મધ્ય ભાગે ઝોલાખાતા મછવામાફક, ઝોલા ખાવા લાગ્યું હતું.

પ્રકરણ ૭ મું.

સંજોગ સામર્થ્ય.

(હરિગીત છંદ)

પૃથ્વી છુપાં બીજક ઘણાં, સંજોગવિણ ખીલતાં નથી,
સંજોગવિણ અંતર વિચારો, દૃષ્ય કદી થાતા નથી;
વર્ષાઋતુમાં વારિ પડતાં, બીજક ખીલતાં રસભર્યાં
સંજોગ મળતાં ઉર વિચારો, બહાર આવે સુખભર્યા.

નિદ્રાદેવીની કૃપા મેળવવા નિષ્ફળ નીવડેલી બાળા ન્હાનપણથીજ ચાલાક હતી. વયના વધવા સાથે યોગ્ય કેળવણી તેણીને મળી હોવાથી તેણીનું હૃદય-મન ઘણું સંસ્કારી હતું. સારી સંગતિના બળે, શિક્ષકપ્રત્યેના પ્રેમબળે અને સૌ કોઇ સાથે શાન્તિથી બોલવાની ટેવવડે તેણીમાં એવા એવા સદ્ગુણોનાં બીજો રોપાયાં હતાં કે જેને લીધે તે બાળાપ્રત્યે સૌ કોઇને સદ્ભાવ ઉપજ્યાવિના રહેતો નહિં. તેની માતા ઘણી સુશિક્ષિત અને ખાનદાન કુટુમ્બની દીકરી હતી. તેણીની વાણીમાં પ્રિયતા સાથે મધુરતા હતી, તેણીની દૃષ્ટિમાં પ્રેમપીયૂષસાથે મનોહરતા હતી, તેના ભાલ ઉપર પ્રસન્નતાસાથે પ્રતાપ હતો, તેની બુદ્ધિમાં તીવ્રતાસાથે વિમળતા હતી, તેના મનમાં રસિકતાસાથે સ્થિરતા હતી અને તેના હૃદયમાં ઉચ્ચતાસાથે પતિભક્તિ હતી.

તેનું જીવન એક સતીને છાજે એવું હતું. તેના દરેક કામમાં નિર્દોષપણું પ્રત્યક્ષ થતું હતું. આવા ઉચ્ચગુણોને લીધે જ્ઞાતિમાં તેનું સન્માન થતું હતું. જ્યાં જાય ત્યાં તેના ભણી મોટી વયની સ્ત્રીઓ પણ પૂજ્યભાવ દર્શાવતી હતી. તેણીનો સ્વભાવ લીંબુના પાણીપેઠે સૌસાથે મળી જતો હતો; માતૃભાવે તેણીનું હૃદય એટલું બધું પરિપૂર્ણ હતું કે જેને લીધે દેવોને પણ તેણીના વ્હાલપભર્યા અંકમાં રમવા–આળોટવા મન થતું એમ કલ્પવામાં અતિશયોક્તિનો ભય ન હતો. આવી આદર્શ માતાના ખોળામાં રમવા, તેની છાયામાં મોટા થવા, આ બાળાના ભાગ્યમાં વિધાતાએ ઘણાં ઓછાં વર્ષો નિર્માણ કર્યાં હતાં. પાંચ વર્ષની બાળા અને પંદર વર્ષના પુત્રને મૂકી તે આ ફાની દુનિયાનો ત્યાગ કરી વૈકુંઠ સીધાવી હતી. આવી પ્રેમાર્દ્ર હૃદયની પતિભક્ત પ્રમદાના સ્વામીતરીકે અલૌકિક સુખશાન્તિનાં રસઝરણમાં નિમગ્ન રહેનાર રસજ્ઞ પતિ તેના વિયોગે થોડાજ દિવસના અંતરે તેના પાછળજ ચાલી નીકળ્યો. આ વખતે ભાઈ બ્હેન નિરાધાર ઠર્યાં, સગા સમ્બન્ધી સૌ દુશ્મન થઈ બેઠાં, મિત્રો હતા તે તેઓને છાંડી ગયા. “ધણી વિનાનાં ઢોર સુનાં” તદ્વત આ ભાઈ બ્હેનનું પણ થયું હતું. સ્વાર્થી દુનિઆ ભાઈ બ્હેનને છાંડી ગઈ ગરંતુ તેનો પરમાત્મા તેને છાંડી ગયો ન હતો. સગાં સમ્બન્ધીઓ તેનાથી મુખ મરડી સંતાવા લાગ્યાં પણ ગામના નાકરૂપ સદ્‌ગૃહસ્થો તેના પ્રત્યે ઉચ્ચભાવ દર્શાવવા ભૂલ્યા નહતા. સ્વર્ગસ્થ કલાપી લખે છે કે.

“જેનું કોઈ નહીં જગે જગ અહો ? આખુંજ તેનું નકી,
“ને જેનું જગ તે જરૂર જગનું, પોતાનું કોઈ નહી;”

જેનું કોઈ નહિ તેનો બેલી પ્રભુ હમેશાં બને છે. મહાભારત, ભાગવત કે રામાયણ હાથમાં લ્યો ત્યાં પણ તમોને દુઃખના પ્રસંગમાં સૌને પ્રભુએ સાહાય્ય કરેલી છે તે માલુમ પડશે જ. “ જેને રામ રાખે તેને કોણ ચાખે ? ” એ લોકોક્તિ ખોટી કહેનારા સમય આવ્યે પોતાની ભૂલો કબુલ કરશે. ભાઈ બ્હેનનું પ્રભુકૃપાએ કહો કે શહેરના સદ્‌ગૃહસ્થોની ઉદા-

રતાએ કહો પણ સંરક્ષણુ થયું એ વાત તો સાચીજ છે. આજે ભાઇનું વય પચ્ચીશ વર્ષનું હતું. વીસ વર્ષે તેણે મેટ્રીકયુલેશનની પરિક્ષા આપી હતી. આગળ ભણવાની ઘણી ઇચ્છા હોવા છતાં પોતાની બ્હેનનો સ્વાર્થ બગડી જાય એ ભયે તેણે આગળ ભણવું મુલતવી રાખ્યું. એન્ડમાં તેણે નોકરી લીધી અને પોતાનું તથા બ્હેનના ભણવાનું–ખાવાપીવાનું ખર્ચ કાઢતાં અમુક પૈસા એકઠા પણ થતા ગયા. ખાનગી અભ્યાસના બળે તે હાલ એકાઉન્ટન્ટની જગ્યાએ આવ્યો હતો. લાયકને લાયક મળી રહે છે એ ન્યાયે તેનાં લગ્ન આહ્લાદપુરના સુપ્રસિદ્ધ નાગર સદ્‌ગૃહસ્થ નવલરામની પુત્રી શારદા સાથે થયાં હતાં. શારદા જેવી સ્ત્રી મળવાથી શરચ્ચંદ્રનું જીવન ઘણુંજ આદર્શ રૂપ હતું. બ્હેનને તેણે અંગ્રેજી સ્કુલમાં દાખલ કરી હતી. તેણીનું નામ સરલા હતું. હાલ તે અંગ્રેજી પાંચમું ધોરણ ભણતી હતી; છતાં ખાનગી અભ્યાસના બળે તેનું અંગ્રેજી અને સંસ્કૃત ઘણુંજ સારૂં ગણાતું હતું. દરેક કલાસમાં તે પહેલા નંબરે પાસ થઈ હતી તેમજ ઇનામનો મોટો ભાગ પણ તેજ મેળવવા ભાગ્યશાળી બની હતી. આજે તેણીનું વય પંદર વર્ષનું થવા આવ્યું હતું છતાં તેણીના લગ્નવિષે શરચ્ચન્દ્રે કાંઈ પણ પગલું ભર્યું ન હતું. ઉમર લાયક છતાં નાહ પરણાવેલી હોવાથી શહેરમાં શરચ્ચંદ્ર અને શારદા આંખે ચડયાં હતાં પરંતુ શરચ્ચંદ્ર સ્વતંત્ર વિચારનો હોવાથી તેના મોઢે કહેવા કોઇની હિંમત ચાલતી ન હતી.

શરચ્ચંદ્ર સ્વતંત્ર વિચારનો હોવા છતાં અન્યના કામમાં માથું મારવાના સ્વભાવવાળો ન હતો. બેકદર દુનિઆ પોતાના માટે ગમે તેવા વિચારો બાંધે તેની તે પરવા કરતો ન હતો. વ્યાપારીવર્ગ તેના પ્રત્યે ઘણો સારો ભાવ રાખતો હતો. શેઠના ઘણા આગ્રહે તે પોતાની સ્ત્રી તથા બ્હેનસાથે જાનમાં આહ્લાદપુર આવ્યો હતો. સરલા જ્યારે પોતાની ભાભી શારદાસાથે સુવાના બંગલે આવી ત્યારે શરચ્ચંદ્ર માયરે ગયો હતો.

પથારીમાં પડી પડી સરલા વિચાર–વારિધિમાં સામાન્ય નોકા પેઠે ઝોલા ખાવા લાગી. ક્ષણે બેઠી થાય ને ક્ષણે સુઈ જાય.

ક્ષણે ક્ષણે સૂતેલા આ વર્ગ ઉપર દ્રષ્ટિ ફેરવે અને ક્ષણે પડખું ફેરવતાં દીર્ઘ નિશ્વાસ મુકે, ક્ષણે કપાળે હાથ મૂકે અને ક્ષણે ઉંચે મોઢું કરે પરંતુ નિદ્રાની મીઠી મજા તેણીને મળી શકી નહિ. છેવટે નિરાશ-હતાશ બની પોતાનાં ભાગ્યને ઠપકો દેવા ઉત્સુક્ત થઇ હોય તેમ અસ્પષ્ટ સ્વરે સૂતેલો સ્રીવર્ગ ન સાંભળે તેમ ગણગણવા લાગી.

"વિધિનું નચાવ્યું આખું જગત નાચે છે. શ્રીરામચંદ્રજી સરખા સ્વામી અને જનક જેવા પિતા છતાં સીતાજીને વનમાં રહેવાનો વખત આવ્યો, પાંડવોજેવા સમર્થ સ્વામીનો આશ્રય છતાં દ્રૌપદીને દુષ્ટ દુર્યોધનની સભામાં આવવું પડયું. વિધિનું ધાર્યું શું ન થાય એ વિચારવુ એ મનુષ્યની ભ્રમણા જ છે. વિધિથી થએલા કામો જ્યારે સંભાળું છુ ત્યારે મારૂં હ્રદય ફાટે છે, કારણકે ગુલાબને કાંટા કર્યા, શેરડીને ફળ ન કર્યાં અને સુગંધ આપતા કેવડાને સર્પથી વિંટાતો રાખ્યો. હશે! તેની સાથે મને શો સંબંધ છે? પણ અબુધ સ્રી તેને સુશિક્ષિત સ્વામી, સદ્‌ગુણી સ્રી તેને દુરાચારી પતિ, સ્વરૂપવાન સ્રી તેને આંધળો સ્વામી, વૃદ્ધ પુરૂષને તરૂણ સ્રી, તરૂણ સ્રીને વૃદ્ધ સ્વામી. જ્યાં જોઉં છું ત્યાં તો વયનાં કજોડલાં, કાંતો રૂપનાં કજોડલાં અને કાંતો ગુણનાં કજોડલાં. જ્યાં આવુંજ વિપત્તિ વાદળું અમારા ઉપર વિધિનું પ્રેર્યું ઝઝુમી રહ્યું છે ત્યાં ધાર્યું ધુળ મળે એમાં શું આશ્ચર્ય? આવા વિપત્તિ વાદળમાંથી પ્રભુ ધારે તો સહજ બચાવી શકે. પ્રભુએ મનુષ્યને વિચાર કરવાની શક્તિ આપી છે. જે વિચારશકિતનો ઉપયોગ કરે તો વિધિ પણ સાનુકૂળ થાય. રૂપનું કજોડલું કે વયનું કજોડલું પણ જ્યાં દુનિઆ ન જાણી શકે ત્યાં ગુણનું કજોડલું સાકરતાં વિશેષ દુઃખદાયક છે એ તેમની બુદ્ધિમાં કેમ ઉતરી શકે? જે પુરૂષ શરીરઉપરના મલિન પટને જોતો નથી તે હૃદયના મળને કેમ જોઇ શકે? જે પુરૂષ આંગણે બાંધેલી ગાયને પાણી પાતો નથી તે ગામમાં ફરતી ગાયને કેમ પાણી પાઇ શકે? ન જ પાઇ શકે. તદ્વત ગૃહસંસારની બાબતમાં પણ છે. ખરેખર આર્યપુરૂષોની બુદ્ધિ મલીનતાના તત્વથી ઓતપ્રોત થવા લાગી છે.

સંસારયાત્રા કરવા કારણ, જે રથો જગમાંહિ છે,
તેના ખરે છે ચક્ર દ્વિ પણ તત્વ એક જોડાયું છે;
સામાન્ય બુદ્ધિના વિચારે, તુરત તે સમજાય છે,
અવિદ્યાતણા અભ્રે અરે ? દ્યુતિ આર્ય—ભાનુ છુપાય છે,

તે તત્વ આ સંસારમાં બન્ધુ નિહાળે સર્વથા,
તોયે અરે ! એ તત્વને આગળ ધરે નવ લગ્નમાં;
તે તત્વ ગુણ સમાનતા, વિણ દંપતિ રીબાય છે,
અવિદ્યાતણા અભ્રે અરે ! દ્યુતિ આર્ય—ભાનુ છુપાય છે.

" વિદ્યાથકી વિમુખ ગુણ સમાનતા શું સમજતા !
" સમાન ગુણી દંપતિવિણ દંપતિ શું દીપતા ?
" તે પ્રશ્નને મુળથી ઉડાવી, લગ્નક્રિયા થાય છે.
" અવિદ્યાતણા અભ્રે અરે, દ્યુતિ આર્ય—ભાનુ છુપાય છે."

" ઘણા વિદ્વાનો અમુક પત્નીથી કંટાળી જ્ઞાત બન્ધનને ધિક્કારવા લગ્યા છે. ઘણી સ્ત્રીયો અમુક પતિને સૂતા મૂકી, અન્ય ઉતરતી જ્ઞાતિમાં રહેતી થઇ છે. માંદો માણસ મરવા સુધી ગમે તેવી દવા ખાવામાં જેમ આંચકો ન ખાય તેમ કંટાળેલાં સ્ત્રીપુરૂષો સુખશાન્તિ મેળવવા અર્થે અનેક માર્ગો ગ્રહણ કરે તેમાં દોષ કાનો કાઢવો ? સાક્ષર શ્રી નવલરામની ગરબાવલિમાં મેં ક્યાં નથી વાંચ્યું ?

" ભાઇ તો સભામાં જઇ સુભાષણો આપે,
" બાઇ જઇ રાજવીયો ગાય; દેશી
" છેકજ જ્યાં આવી રીતભાત મતિ જુદી છે,
" પ્રાંત તે શી રીતે બંધાય.— દેશી.
" દેશીઓ ન દોષ દેશો, જો કદી એ બાપડાં;
" હારી કરે એ પીડા વિદાય— દેશી

નવલ ગરબાવળી.

"અણુધ પત્ની એ પતિને જેટલા સંતાપનું કારણ છે તેથી સેંકડોગણું, અબુધ, મૂર્ખ કે માવડીયો પતિ, એ પત્નીના દુઃખનું કારણ છે. પુરૂષવર્ગ પુસ્તકો લખે તેમાં પુરૂષની મુશ્કેલીઓ જણાવે છે. સ્ત્રીઓનું ગમે તેમ થાઓ તેની દરકાર તેઓને ભાગ્યેજ હોય છે. અનસૂયાના નાટકમાં ખરૂંજ લખ્યું છે.

"સ્વાર્થી મળ્યા શાસ્ત્ર લખનાર,
નહિ કોઈ નાર પક્ષ કરનાર;"

"વ્યાકરણના તમામ સૂત્રોને જેમ અપવાદ લાગુ પડે છે તેમ બધા પુરૂષો સ્વાર્થી છે એમ પણ નથીજ. અપવાદ તરીકે પુરૂષ લેખકોમાં ઘણાએ સ્ત્રીજાતિની દાઝ હૈયે ધરીને ઉદ્ગારો કાઢયા છે એ મારૂં હૃદય કબુલ કરે છે તેમ સત્યનીષ્ઠા પૂર્વક એટલું બોલવા હિમ્મત પણ ધરેલ છે.

"એ આત્માના પ્રણય ઉર આ દેશ જાણ્યા વિનાનાં,
લગ્નો કીધાં લગન નહિ એ સાખ શ્રુતિ પુરે ? હા.

× × × ×

"હાલી સ્ત્રીને અબુધ પતિએ ઘા ઉંડો અંતરે છે,
જોડી વિના જીવન ઝરણું ના વહાવ્યું વહે છે."

"જે લખી ગયા તે બધું પુસ્તકમાંજ રહ્યું છે. માત્ર પરણવું અર્થાત્ પૂત્રપુત્રીને પરણાવવાં એટલોજ ઉપદેશ જનસમાજના હૃદયમાં સોનેરી અક્ષરે લખાઇ ચૂકયો છે. એટલે લગ્નનો મહિમા કે તેના વેદોકત મંત્રો કે સપ્તપદીની પ્રતિજ્ઞાઓનો. હવે કોણ ભાવ પૂછે છે ? જેના લગ્નમાં અહીં આવવાનો સમય મળ્યો છે તે લગ્નને કેમ લગ્ન કહી શકાય ? રા. ન્હાનાલાલ ઇન્દુકુમારમાં એક ઠેકાણે લખે છે કે "કુવારાં તો કરમાવાનું" તેમજ અંગ્રેજી લેખક ગોલ્ડસ્મીથ પણ તેવુંજ લખે છે.

"I was ever of opinion, that the honest man who married and brought up a large family did

more service than he who contained single and only talked of population.

"બન્ને સમર્થ લેખકોના અનુભવકરતાં દુનિઆનો અનુભવ વળી જુદોજ છે. "પરણવું એટલે પસ્તવું" અથવા ઉચ્ચ જીવનથી પતિત થવું એના જેવો છે. જે સત્ય અનુભવાતું હોય તેજ સત્ય માની શકાય પરંતુ ગોલ્ડસ્મીથ, ન્હાનાલાલ કે એમને અક્ષરશઃ આ બાબતમાં મળતા આવતા લેખકોને, ખોટા કહેતાં જીભ કપાય એવું છે. આદર્શ દંપતિને જોવાથીજ ગયા સમયમાં અંગ્રેજી લેખકે લખ્યું હશે તેમજ સમયનું સત્ય સમયસાથે ચાલ્યું જવાથી લેખકનું ગૌરવ ઘટી જતું નથી. પરંતુ ચાલુ જમાનામાં જ્યાં ઘેર ઘેર દંપતિના કલહકંકાસો જોવામાં આવે છે છતાં ગુજરાતના ટેનિશન ગણાતા રા. ન્હાનાલાલ 'કુવારાં તો કરમાવાનું પરણવું તે તો પ્રભુતામાં પગલાં માંડવાં" વગેરે શા આધારે લખતા હશે? શું તેઓ જે ભૂમિમાં હરે ફરે છે, તે ભૂમિ આદર્શ દંપતિ, સુખશાન્તિમાં જીવન વિલાવતાં દંપતિ કે સંસ્કૃત અને અંગ્રેજી લેખકોએ કવિતામાં ઉતારેલા સર્વ પ્રકારે સુખી દંપતિના પ્રભુતાપૂર્ણ પગલાંથી પવિત્ર થયેલી છે? જો એમજ હોય તો મારી દૃષ્ટિએ આવું દંપતિ કેમ જોવાતું નથી. શાન્તા અને ચિમનલાલનો લગ્નોત્સવ હું આંજે કેમ જોઉં છું? આજ અંધારાની બાડી છે. કવિશ્રીની ભૂલ માનવા કરતાં દુનિઆનીજ ભૂલ માનવી વધારે યોગ્ય છે. દંપતિની સ્વાભાવિક સ્થિતિ સુખી અને ઉચ્ચ જીવન સૂચવવાવાળી છે. હાલ જે દંપતિધર્મમાં પગલાં ભરવા તૈયાર થયા છે તે તો એક પ્રકારના વેષ છે. નાટકમાં રામ કૃષ્ણનું સ્વરૂપ ધરનાર બાળકમાં તેના જેવા ગુણો ન હોય તેથી રામ અને શ્રીકૃષ્ણમાં આવું સામર્થ્ય ન સંભવે એ કહેવું જેટલું અયોગ્ય છે તેટલુંજ અયોગ્ય આ દુનિઆમાં પતિ પત્નીનો પાઠ ભજવનાર બાળક બાળકીમાં પતિ પત્નીને છાજે એવા ગુણો ન હોય એ ઉપરથી પતિ અને પત્નીમાંથી વિશેષ ગુણજ નજ હોય એમ કહેવું તે છે. બ્રહ્મચર્યાશ્રમમાં યથાર્થ કેળવણી લીધા

વિનાના બાળદંપતિએ વિચાર દૃષ્ટિએ દંપતિ સંજ્ઞાને પ્રાપ્ત થતાંજ નથી. કારણકે સ્ત્રી પુરૂષ જે લગ્નથી આ સંબંધમાં યોજાય છે તે લગ્નનું સ્વરૂપ ઘણું ઉચ્ચ છે. રા ન્હાનાલાલ તે માટે યોગ્યજ લખે છે. "લગ્ન પ્રાણ વિકાસનું વન છે, સ્વર્ગ પથનુ સોપાન છે માનવ બાલનો ધર્મ્ય માર્ગ છે." સ્ત્રી પુરૂષના આત્મવિકાસ અર્થે લગ્ન એ ઉત્તમોત્તમ સાધન છે. લગ્ન એ સૂક્ષ્મ પ્રીતિનો સૂક્ષ્મ તંતુ છે છતાં એ હૃદયને પરસ્પર એવા પ્રમાણમાં શીવી આપે છે કે બે હૃદયની કલ્પના પણ કરી શકાતી નથી.

यदा वै मिथुनौ समागच्छत आपाययतो वै तावन्योन्यस्य कामम् ।
आपः शिवाः शिवतमाः शाताः शांततमास्ता ते कृण्वंतु भेषजमिति

સૂક્ષ્મ પ્રીતિનું મહાત્મ્ય જ્યારે બન્ને આત્માથી સમજાય છે ત્યારે લગ્નના પવિત્રમાર્ગે પગલું ભરવાની તેમનામાં યોગ્યતા આવે છે. યોગ્યતા વિના વર પોતાનો ધર્મ ક્યાંથીજ સમજી શકે? અને જ્યાં ધર્મ ન સમજે ત્યાં તેના મુખમાંથી આવા પ્રેમ ભર્યા શબ્દો ક્યાંથીજ નીકળે?

ॐ मम व्रते ते हृदयं दधामि मम चित्तं मनु चित्तं तेऽस्तु ।
मम वाचमेकमना जुषस्व प्रजापतिष्ट्वा नियुनक्तु मह्यं ॥ २ ॥
मामेवानुसरं स्वमस्व मयि चित्तानि सन्तु ते ।
मयि सामिच्यमस्तु ते मह्यं वाचं नियच्छतात् ॥ ३ ॥

૧—"જ્યારે કામ પ્રીતિ પરિણામને પામે ત્યારે અન્યોઅન્ય એક બીજા કામ પ્રીતિને શાન્તિ પમાડો. જે જળ કલ્યાણ કર, અભ્યુદય સુખ અને પરમાનંદને પ્રાપ્ત કરાવે છે તે જળ તને આરોગ્ય રાખો."

सत्यधर्म प्रकाशः

૨—મારા વ્રતને અનુકૂળ તારૂં હૃદય કરૂં છું. મારા ચિત્તને અનુકૂળ તારૂં ચિત્ત થજો. તું એકચિત્તથી મારી આજ્ઞાનું પાલન કર. પ્રજા પ્રતિ ભગવાને મારૂં કલ્યાણ કરવામાં તને નિયુક્ત કરી.

सत्यधर्म प्रकाश

૩—ઉપરના શ્લોકને મળતોજ છે.

ॐ गृह्णामि ते सौभगत्वाय हस्तं । मया पत्या जरदष्टिर्यथा सः ।
भगोऽर्यमा सविता पुरन्धिर्मह्यं त्वादुर्गार्हपत्याय देवाः ॥ १

ॐ ममेयमस्तु पोष्या मह्यं त्वादाद् बृहस्पतिः । २
मया पत्या प्रजावति शंजीव शरदः शतम् ॥

"બાળસ્વામી એ અશિક્ષિત સ્વામીના મુખમાંથી આવા શબ્દો બહાર ન આવે તેમજ બાળાના મુખમાંથી પણ તેને અનુરૂપ શબ્દો ક્યાંથીજ આવે ?

आयुष्मानस्तु मे पति रेधंतां ज्ञातयो मम स्वाहा । ३
इमां ल्लाजानाव भ्यग्नौ समृद्धि करणं तव
मम तुभ्यं च संवननं तदग्निरनुमन्यतां मियं स्वाहा ।

"એ વિના સપ્તપદીના સાત શ્લોકોમાં આ જે પ્રતિજ્ઞા કરે છે તે બીચારી બાળપત્ની ક્યાંથી સમજે ? લગ્નનું ખરૂં રહસ્ય સમજે એવી યોગ્યતા સૌને પ્રાપ્ત થાય એવી કૃપા જો પરમકૃપાળુ પરમાત્મા કરે તોજ ગૃહસંસારમાં સુખશાન્તિનો અનુભવ થાય. મારૂં વય હવે આ અવસ્થાને શોભાસ્પદ નથી.

૧—" હે યુવતિ ! સન્તાનોત્પાદનાદિ સૌભાગ્ય સિદ્ધિને સારૂ હું તારો હાથ ગ્રહણ કરૂં છું. તું મારી સાથે આનન્દ ભોગવી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કર. ભગવાન સૂર્ય દેવતાએ તથા આર્યમાદેવતાએ મારી ગૃહિણી થવા સારૂ રૂપ, ગુણ સંપન્ન તને મારે સ્વાધીન કરી છે."

सत्यधर्म प्रकाश

૨—" મારે આ પોષણ કરવા યોગ્યજ છે. બ્રહસ્પતિએ મને આપેલી છે. મારા વડે તું પ્રજાવતી થા અને સો શરદ ઋતુ જીવ. "

૩—" મારો પતિ દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરે, મારી જ્ઞાતિઓ વૃદ્ધિ પામો. દંપતિ ! તારી સમૃદ્ધિ સારૂ આ લાજને હું અગ્નિમાં હોમું છું. આપણી બેઉ જણાની પરસ્પર પ્રીતિને અગ્નિ અનુમોદન આપો. "

सत्यधर्म प्रकाश

મારૂં હૃદય જે પ્રત્યે વહન કરે તેવો માર્ગ મારી દ્રષ્ટિમાં હજુ આવ્યો નથી. "પાણી પહેલાં પાળ બાંધવી." એ સો શાણાનો મત છે. પરંતુ પાણી કયાંથી આવે છે તે જાણ્યા પહેલાં મારે કયે ઠેકાણે પાળ બાંધવી? એ પ્રશ્ન મારા અંતરમાં અનેક ગુંચવાડા ઉત્પન્ન કરે છે. મારી આશાઓ જે સમજી શકે, પોષી શકે, તેવા સ્વામીની શોધમાં હું અંગ્રેજી યુવતિઓની પેઠે દોડધામ કરૂં એ સર્વથા અનિષ્ટ પરિણામ જ લાવનારૂં છે. મારાં ભાઇ ભોજાઇ બન્ને ડાહ્યાં છે. તે આ બાબતમાં પ્રયત્ન કરતાં હશે! પરંતુ પરમાત્મા કરે ને યોગ્ય સ્વામી મને મળી આવે તો મારો સંસાર સુધરી જાય. સુખી થઇ હું અન્ય સ્ત્રીપુરૂષોની માફક બીજાના દુઃખની ઉપેક્ષા કરી બેસી રહેવાની નથી. પરંતુ મારા સ્વામીને મારા વિચારો સમજાવી મારી અન્ય ભગિનીઓને, તેઓના આધિ દુઃખમાંથી મુક્ત કરવા મારાથી બનતું કર્યા કરીશ. જેની પાસે લક્ષ્મી હોય તેણે લક્ષ્મી બીજાના હિત માટે યોજવી જોઇએ, જેની પાસે જ્ઞાન હોય તેણે પોતાનું જ્ઞાન બીજાઓના હિતમાર્ગે વેરવું જોઇએ અને જેનું જીવન સુખશાન્તિપૂર્ણ છે તેવાં સ્ત્રીપુરૂષે એ પોતાના સુખશાન્તિનો આસ્વાદ અન્ય સ્ત્રીપુરૂષને આપવા ઉદ્યુક્ત રહેવું જોઇએ. પોતાના સ્વાર્થનીખાતર જીવવુ એ જીવન નથી; પરંતુ બીજાઓના ખાતર જીવવું એજ ખરૂં જીવન છે. પરંતુ હૈયામાં હોળી સળગતી હોય એવાં સ્ત્રીપુરૂષો જાણતા છતાં અન્યના હિતમાં પગલું ન ભરે એ બનાવજેવું છે. યોગ્ય સ્વામીનો આશ્રય મળતાંજ મારૂં હૃદય હસશે અને હસતું હૃદય અન્યના હિતમાં પગલું ભરવાનું આપોઆપ પ્રેરશે. પ્રભુમાં મને વિશ્વાસ છે અને તેમનેજ મારો અંતરાત્મા પ્રાર્થના કરે છે કે, મારા મનની વ્યથા હમેશના માટે દૂર રાખે." આદિ વિચારોના એક પછી એક લહરીમાં વહતાં, અંતમાં મગજ કંટાળ્યુ. પથારીમાં આમ કેટલો સમય, તેનો નિરર્થક થયો એનું ભાન થયું અને પોતાની સ્થિતિનો વિચાર કરવા લાગી.

"અન્ય સ્ત્રીવર્ગ સૂતો છે. નિદ્રાદેવીની મીઠી મજામાં તેઓનો અંતરાત્મા હસતો જણાય છે. અનિલરાજની શાન્ત લહરીઓ જા

આવ કરી રહી છે, શૈયા કુસુમ જેવી મૃદુ છે છતાં મને નિદ્રાનું જે સુખ, સૌને સુલભ છે તે પણ મળતું નથી, આનું કારણ શું હોઇ શકે ! મનની આકુળ વ્યાકુળતા એજ આનું કારણ છે. અન્યનો લગ્નોત્સવ જોતાં મારા મનમાં પણ પરણવાનો ઉત્સાહ પ્રકટી ચૂકયો છે. સૌભાગ્ય કુંજ ખીલવવી, વિશ્વ દૃષ્ટિએ જે સુખ દામ્પત્ય પ્રિતિમાં ભર્યું છે તે સુખના સંગી થવું, એ શું મારા હાથમાં છે ! જે સત્તાના હાથમાં છે તે સત્તા તે બાબતમાં વિચાર કરતીજ હશે ? પ્રિય હૃદય ? શાન્ત થા, પ્રિય મન ! આકુળવ્યાકુળતામાંથી મુક્ત થા અને સુવિચારમાં યોજાઇ મને મીઠી નિદ્રાનું સુખ આપ. ”

પરંતુ વિચારોમાં વિરહતા મનને ઉપદેશ શી અસર કરે ? એ વિચારવું પ્રિય વાંચક સહેલુંજ છે. આથી શાન્ત હૃદયની સરલા અત્યંત કંટાળી પથારીમાંથી એકદમ ઉભી થઇ, અગાસીમાં આવી ઉભી રહી અને વિશ્વપર પથરાયલા ચંદ્રિકાના ધવલ પ્રકાશમાં ન્હાવા લાગી.



પ્રકરણ ૮ મું.

પ્રેમાર્દ્ર હૃદયના પ્રેમોદ્‌ગાર.

Believe me man, there is no greater bliss,
Than is the quiet joy of loving wife;
Which who so wants half of himself doth miss,
Friend without change, playfellow without strife,
Food without fullness, councel without pride,
Is this sure doubling of our single life.

Sir P. S. Sidney.

રાત્રિનો સમય હતો, આકાશ તદ્દન શાન્ત અને સ્વચ્છ હતું, અનિલરાજની સુવાસિત લહરીઓ, માનવહૃદયને, પરમ પ્રભુની પ્રભુતાનું દર્શન કરાવી રહી હતી; કર્તવ્યપ્રદેશ ખેડતાં શ્રમિત થયેલાં સ્ત્રીપુરૂષોને, પુનઃ ઉત્સાહિ કરવા, શાન્ત ચન્દ્રિકા વ્યોમભૂમિમાં પોતાના પરિવારસહ વિહરી રહી હતી; ચન્દ્રિકાનો આછો-ધવલ પ્રકાશ સૃષ્ટિસૌન્દર્યમાં આગેવાની ભર્યો ભાગ ભોગવી રહ્યો હતો; જ્યારે એક યુવક બાવીસ વર્ષની વયનો પોતાની સામાન્ય સ્થિતિ સૂચિત ઘરની અગાસીમાંના સુખાસનમાં, પગ ઉપર પગ ચડાવી, આકાશપ્રત્યે દૃષ્ટિ નાંખી સૂતો હતો. જેનો શારિરિક બાંધો સુદૃઢ અને મોહક હતો, જેનું ભાલ ભવ્ય, તેજસ્વી અને જોનાર વ્યકિત ઉપર પ્રતાપ પાડે તેવું હતું; જેની દૃષ્ટિ અન્યની દૃષ્ટિ સાથે મળતાંજ મિત્રતાનો સમ્બન્ધ ધરાવે તેવી વિશુદ્ધ હતી; જેનું વૃત્તિવૃન્દ સદ્‌વિદ્યાના પ્રકાશથી શાન્ત હતું; જેની બુદ્ધિ તર્કની જાળથી મુકત હતી; જેની પ્રતિભાશકિત અજબ હતી; જેની વિવેકશકિત સત્યાસત્ય પક્ષનો નિર્ણય કરવા અદ્વૈત હતી અને જેની વાણી સંતપ્ત હૃદયને

શાન્તિ આપે એવી હતી. સરસ્વતીનો ઉપાસક હોવાથી તેનું હૃદય એટલું બધું વિચારોમાં ઉન્નત હતું કે જે વિદ્વાનો તેના પરિચયમાં આવતા તે વિદ્વાનો તેની મનમાં પ્રસંશા કર્યા વિના રહી શકતા નહિ. ભણીને માત્ર પૈસા કમાવા એ પ્રવૃત્તિને તે ધિક્કારતો હતો; કુટુમ્બનું ભરણપોષણ થઇ શકે એવી સ્થિતિથી વિશેષ આર્થિક સ્થિતિની સુંદરતા તે ઇચ્છતો ન હતો. પોતે સુધરવું, અન્યને ઉન્નતિક્રમમાં આગળ પાડવા અને કુપાત્રને પાત્ર, પાત્રને સુપાત્ર અને સુપાત્રને વિશેષ સુપાત્ર બનાવવા, એ તેના અંતઃકરણની અભિલાષા હતી. પોતાના સ્વાર્થમાં આત્માનું સમર્પણ કરવું તે કરતાં અન્યના સ્વાર્થમાં પોતાના આત્માનું સમર્પણ કરવું એમાં તે વિશેષ ગૌરવ માનતો હતો. પરંતુ આ યુવાનના સંજોગો જોઇએ તેટલા સાનુકૂળ ન હતા. મનુષ્ય ગમે તેટલા વિચારો કરે છતાં આસપાસના સંજોગો તેના તે વિચારને સિદ્ધ કરવા આપે, એ આશા આકાશ કુસુમવત્ જેવી છે. આ યુવાનની અભિલાષાઓ પણ તેના સંજોગોથી ઉત્રટીજ હતી. આજની રાત્રિએ આ યુવાન્ અગાસીમાં એક સામાન્ય સુખાસનમાં સૂતો હતો; સારંગી તેની સમીપમાં પડેલી હતી. પરંતુ ચન્દ્રિકાના આછા સુધાભર્યા પ્રકાશમાં ડુબી જતા વિશ્વને જોઇ, તે ઘણો આનન્દ પામતો હતો. ચન્દ્રિકાનું માધુર્ય આખા વિશ્વપર પોતાનું સામ્રાજ્ય ચલાવી રહ્યું હતું શાન્ત, પ્રકાશ, સુવાસ પરિપૂર્ણ લહરીઓ માનવહૃદયને જે આમંત્રણ આપે છે તે આમંત્રણ કોઇ કઠણ હૃદયનો પુરૂષ પણ જ્યાં અવગણી શકતો નથી ત્યાં વિદ્યાવિભૂષિત આ રસિક યુવાનનું હૃદય આવા પ્રેમભર્યા કુદરતના છુપા આમંત્રણોને કેમ અવગણી શકે ! આજની આ કુદરતી સામગ્રીએ, આ યુવાનના હૃદયમાં અનેક વિચારો ઉપસ્થિત કર્યા; શાળાના વિદ્યાર્થી કરતાં, ગૃહશાળાના વિદ્યાર્થિઓનું જીવન વિશેષ ઉન્નત છે, એ તેના મનમાં આજ નક્કી થયુ અને વિદ્યાર્થી અવસ્થામાં જે ગૃહસ્થાશ્રમનાં ચિત્રો જોતો, જે પુસ્તકો વાંચતો, જે પુસ્તકો વિચારતો તે હવે સ્વાનુભવ સિદ્ધ જોવામાં તેનું વૃતિવૃન્દ આજે લલચાવા લાગ્યું.

હૃદયસ્થિતિ પલટાતાં પ્રાપ્ત પ્રસન્નતાનું ચારૂ હાસ્ય મુખ ઉપરથી ખસવા માંડયું, નેત્રમાં ત્રિલસતું આનન્દનું સત્વ, ગંભીરતાના રૂપે બદલાઇ ચૂક્યું અને ભવ્ય, તેજસ્વી ભાલ ઉપર કરચલીયો પડવા માંડી. સંજોગો એ મનુષ્યના દાસ છે એવું માનનાર, અન્યને એવો ઉપદેશ આપનાર, આ યુવાન આજે સંજોગોનો દાસ થઇ ચૂકયો. વિચારોને નિરંકુશ રીતે પોતાના હૃદયમાં સ્થાન આપતાં કેવું ભયંકર પરિણામ આવે છે ! એની, આ સંસારના અટપટા અનુભવથી અજ્ઞાત યુવાનને કયાંથી ખબર હોય ? મહાસાગરમાં ઉછાળા મારતું જળ માપવું, એ જો કે અશકય છે; છતાં કાળબળે શકય કરી શકાય, પૃથ્વીના પરમાણુ ગણુવા હામ બીડવી, એ જો કે મનુષ્યબુદ્ધિથી અગમ્ય છે છતાં કાળબળે ગમ્ય કરી શકાય, અને આકાશમાં લટકી રહેલા તારાના અનંત ઝુમખાની સંખ્યા બાંધવી, એ જો કે મનુષ્ય તર્કશક્તિને અપરિચિત છે છતાં કાળબળે પરિચિત કરી શકાય પરંતુ મનુષ્યહૃદયમાં ક્ષણે ક્ષણે નૂતન સ્વરૂપમાં પરિણામ પામતા વિચારોનું સત્યસ્વરૂપ જાણવું એ તો અશકય ? અશકય ? અને અશકયજ.

વિચારવારિધિમાં વિહાર કરતા આ યુવાનનું મન આજે ઘણું ચંચલ થયું; આકાશમાં સ્વેચ્છાનુંસાર વિહાર કરતી ચન્દ્રિકાભણી દૃષ્ટિ તેની ચોટી, અને ચંચળ મનડું તેને જોવામાં ઉત્સુક થતાં ત્રાટક મુદ્રા જેવું થયું; મુળ વિચારો વિલાયા, ચન્દ્રિકાની મધુરતા મળતાં મનની આકુળવ્યાકુળતા ઘણાઅંશે નાશ પામી, મુખપર પુનઃ પ્રસન્નતા ફરકવા લગી અને જરા આનંદમાં આવી મનમાં ને મનમાં બોલવા લાગ્યો.

“ પ્રભુસૃષ્ટિમાં સંતપ્ત સ્રીપુરૂષો, સૌમ્ય શશિની સુધામય શીતળ ચાંદનીમાં જે સુખશાન્તિ મેળવે છે તેના કરતાં સેંકડો ગણી ઉચ્ચતમ શાન્તિ સ્રી, સ્વામીના પ્રેમમાં અને પુરૂષ પોતાની પત્નીના પ્રેમમાં મેળવી શકે છે. સુખશાન્તિ સૂચિત સમગ્ર સ્થાનો સ્રીને પ્રેમાર્દ્ર હૃદયના સ્વામીવિના અને પુરૂષને પ્રેમાર્દ્ર હૃદયની પ્રિયતમાવિના ગોળવિનાના કંસાર જેવા અર્થાત્ સલિલવિનાના સરોવરીયાં જેવા છે. શકુન્તલાના અભાવે દુષ્ય-

ન્તરાજાને ચન્દ્રિકાના પ્રકાશમાં જે અનુભવ થયો હતો તેવોજ અનુભવ આજે મને થઇ ચૂક્યો છે.

" तव कुसुमशरत्वं शीतरश्मित्वमिन्दो।
द्वेयमिदम यथार्थं दृश्यते मद्विधेषु ॥
विसृजति हिमगर्भैराग्नि मिन्दुमयूरवै।
स्त्वमपि कुसुमबाणान्वज्रसारी करोषि ॥१

" સ્ત્રીના અભાવે પુરૂષની અને પુરૂષના અભાવે સ્ત્રીની આવી વિચિત્ર દશા થવાનું મેં જે આદિ સુધી પુસ્તકોમાં વાંચ્યું હતું તે મને આજે સ્વાનુભવેજ સમજાયું. સ્ત્રી પુરૂષના શરીરનું બંધારણ કુદરતી રીતેજ એક બીજાની અપેક્ષા રાખે છે. સ્ત્રી એ પુરૂષનું અર્ધું અંગ છે એ આર્ય શાસ્ત્રોનું કહેવું આજે મને બરાબર સમજાયું. સ્ત્રીવિના પુરૂષનું અને પુરૂષ-વિના સ્ત્રીનું જીવન નિરસજ છે. આશ્રમોમાં પણ ગૃહસ્થાશ્રમને ઉચ્ચ કોટિમાં મૂકવાનો જે હેતુ છે; તે હેતુ પણ સ્ત્રી પુરૂષના સમ્બન્ધનું જ સૂચન કરે છે. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશેલાં સ્ત્રી પુરૂષો જે દામ્પત્ય પ્રેમનો લ્હાવો લે છે, તે લ્હાવો અન્ય આશ્રમોના લ્હાવા કરતાં ઉચ્ચ છે.

" સંસારના અંગે પ્રાપ્ત કર્તવ્ય પ્રદેશમાં વિહરતા પુરૂષનું મન ઘડીએ ઘડીએ નિરૂત્સાહી થઇ જાય છે. પ્રસન્નતાના મીઠા રસ ઝરણુમાં રસબસ થવા પહેલાં અપ્રસન્નતા કલુષિત પાણીમાં ડુબી જાય છે અને મનુષ્યજીવન જે પુનઃ પુનઃ અપ્રાપ્ત છે તે જીવનને પણ જતું કરવા પુરૂષ, આનન્દ માનતો થાય છે; એવા અણીના પ્રસંગે પુરૂષહૃદયને ઉત્સાહી બનાવવા, જે કોઇ સત્તા આ સંસા-રમાં અસ્તિત્વ ધરાવતી હોય તો તે સ્ત્રીસત્તા જ છે. ખરેખર સ્ત્રીસત્તાની અવગણુના કરનારા પણ અંતઃકરણમાં સ્ત્રીસત્તાની પ્રશંસા કર્યા વિના રહી શકતા નથી જ.

૧—તારાં કુસુમ શર અને ચન્દ્રનાં શીતળ કિરણો એ બન્ને મારા જેવાને અયથાર્થ જણાય છે. ચન્દ્ર તેના શીતળ કિરણોથી અગ્નિ વ-રસાવે છે અને તું પણ તારા કુસુમ બાણુને વજ્રસમ કરે છે.

" સ્ત્રીના કોમળ હૃદયમાં સ્થાન મળતાં પુરૂષ પોતાની સર્વ આધિ વ્યાધિ ભુલી જાય છે. એક અંગ્રેજી ગ્રંથકાર તત્સંબંધે જે લખે છે તે વિચારવાજેવું જ છે.

" Man is the creature of interest and ambition. His nature leads him forth into the struggle and bustle of the world. Love is but the embellishment of his early life or a song piped in the intervals of the acts. He seeks for fame, for fortune, for space in the world's thought and dominion over his fellow men. But a woman's whole life is a history of the affections. The heart is her world; it is there her ambition strives for empire; it is there her avarice seeks for hidden treasures. She sends forth her sympathies on adventure, and if ship-wrecked her case is hopeless for it is a bankruptcy of the health." Washington Irving.

" પુરૂષહૃદય કરતાં સ્ત્રીહૃદયનું માધુર્ય ઉચ્ચતમ છે. પુરૂષના હૃદયતંત્રને યોગ્ય દિશાએ વાળનાર સ્ત્રીહૃદયની અવગણના કરવી એ સ્ત્રીજાતિનું એક પ્રકારનું અપમાનજ કર્યું ગણાય. સ્ત્રીહૃદયની પ્રશંસા અનેક મહાપુરૂષોએ કરેલી છે.

૧—મનુષ્ય એ સ્વાર્થ અને લોભનું પુતળું છે. તેનો સ્વભાવ સંસારના કલહકંકાશ અને ધોંધાટપ્રત્યે તેને ધસડી જાય છે. પ્રેમ માત્ર, તેની પ્રથમાવસ્થાનું આભૂષણ છે અથવા કૃત્યોના અંતરાયમાં ગવાયલા ગીતજેવું છે. દુનિયાદારીની દૃષ્ટિએ જોતાં, તે કીર્ત્તિ, દ્રવ્ય અને સ્થાન શોધે છે; તેમજ અન્ય બંધુઓ ઉપર સત્તા ચલાવવાની આકાંક્ષા રાખે છે; પરંતુ સ્ત્રીનું આખું જીવન પ્રેમમય જ હોય છે. અંતઃકરણ એજ તેની દુનિયા છે. તે દુનિયામાં રાજ્ય કરવું એ તેની તૃષ્ણા અને ત્યાં ગુપ્ત ભંડારો શોધી કાઢવા એજ તેણીનો લોભ હોય છે. તે સાહસિક કામને ઉતેજન આપે છે અને જો તેમાં નિષ્ફળ નીવડે તો તે ઇશ્વરાધીન બને છે; કારણ કે, તે અંતઃકરણની લાગણીનું અંતિમ સ્થાન છે.

કવિવર્યોએ તેમની કીર્તિને કવિતા જેવા મોંઘા સુત્રમાં સંગ્રહી રાખી છે અને ધર્માચાર્યો પણ ગૃહસ્થાશ્રમની ઉત્તમતાનું પ્રતિપાદન કરી ગયા છે. શ્રીરામચન્દ્રજીએ સીતાજીને માટે જે ઉદ્‌ગારો કાઢયા છે તે પણ વિચારણીય છે.

इयं गेहे लक्ष्मी रियममृतवर्तिर्नयनयो ।
रसावस्याः स्पर्शो वपुषि बहुल श्चन्दनरसः ।
अयं बाहुः कण्ठे शिशिरमसृणो मौक्तिकरसः ।
किमस्या न प्रेयो यदि परम सद्वस्तु विरहः ॥ २

"બધી વનસ્પતિ જેમ ઉપકારક હોતી નથી તેમ બધી સ્ત્રીઓ માટે આવા ઉદ્‌ગારો સંભવતા પણ નથી. પરંતુ પુરૂષના હૃદયનો ઝરો સ્ત્રીહૃદયના વિશુદ્ધ ઝરાસાથે જ્યારે મળ્યો હોય છે ત્યારે જ આવા ઉદ્‌ગારો પુરૂષના મોઢામાંથી સ્વભાવિક નીકળે છે. સદ્‌ગુણી સ્ત્રી એ આ સંસારમાં પરમ પ્રભુની બક્ષીસ મનાય છે પ્રાશ્ચાત્ય પ્રજાના કવિવર્યો ગૃહસ્થાશ્રમની ઉચ્ચતા સ્વીકારે છે.

" What is there in the vale of life,
" Half so delighted as a wife. 1
" The treasures of the deep are not so precious,
" As are the concealed comforts of a man;
" Locked up in woman's love. I sent the air

૨—" ગૃહે આ છે લક્ષ્મી અમૃતતણી નેત્રાંજન સળી,
" અડતા અંગારા પ્રફુલ રસ રે ચન્દન મળી
" ધર્યો કંઠે બાહુ શિશિર મૃદુ મુક્તાસર ખરે,
" ન શું એનું વ્હાલું ? અસહ નવ જો વ્રેહ નિવડે.

भवभूति (મ. ન. ના ભાષાંતરમાંથી)

૧—" જીંદગીરૂપી ખીણમાં એવું શું છે ?, જે સ્ત્રી કરતાં પણ સેંકડે પચ્ચાસ ટકા ઓછો આનન્દ આપી શકે ?"

" કાઉપર "

" of blessings when I come but near the house;
" What a delicious breath marriage sends forth;
" The violet bed's not sweeter. 2 Middleton,

" ખરેખર સ્ત્રી એ શરીરની કાન્તિ, મનની શાન્તિ અને હૃદયનું માધુર્ય છે; પરંતુ પુરૂષના હૃદયથી સ્ત્રીનું હૃદય મળવું જોઇએ."

" હૃદય જો મળ્યું તો મળ્યું બધું,
" હૃદય જો નહી તો નહીં કશું." कलापी.

" પુરૂષહૃદયના મર્મભાગ સમજી શકે એવી સ્ત્રી મળે તોજ બન્ને આત્માનાં હૃદયો દ્વૈતભાવ તજી શકે, પરસ્પર પ્રેમના પવિત્ર પ્રવાહને રેલાવી શકે અને પ્રીતિયોગનું ખરૂં રહસ્ય સમજી શકે.

" ચહે કાન્તા સ્વામી હૃદય મન અર્પી પ્રતિ પળે,
" ચહે સ્વામી કાન્તા અધિક નિજથી ? હા, પ્રીતિ બળે;
" સદા ખેલી સાથે પ્રણય પ્રીતિ પ્યાલો હસી હસી,
" પીતાં પાતાં પ્રેમે જગ વિચરતાં અંતર હસી."

સાહિત્ય વર્ષ ૨. અંક ૧

" મારૂં હૃદય જેની સાથે એકતા પામી શકે એવી ગૃહિણી જો મળે તોજ મારો જન્મ સફળ થઇ શકે, મારા જીવનના ઉચ્ચ

૨—" સુશીલ સુન્દરીતણા પ્રેમથી સુખ છાના જે જન પામે,
" તે આગળ રત્નાકરકેરા અમૂલ્ય કોષો ક્ષુદ્ર દીસે;
" સદ્‌ગુણી સુશીલા મહિલાનો પતિ નિજ ગૃહ નજદીક આવે,
" સુગન્ધમય સુખકરો વાયુ પ્રસન્ન તેનું હૃદય કરે.

(દોહરો)

" પ્રસરી રહ્યો જ્યાં લગ્નનો, મધુરો રૂડો સુવાસ,
" કુસુમ તણા કયારા સહુ, તુચ્છ દીસે તે પાસ."

ડાહ્યાભાઈ લક્ષ્મણભાઇ પટેલ

આશયો તોજ જનસમાજને હું સમજાવી શકું અને તોજ આ સંસારમાં સુખાનુભવ કરવા સાથે દિનપ્રતિદિન ઉન્નતિક્રમમાં આગળ વધવાની કલ્યાણકર સામગ્રીને હું મેળવી શકું. સ્કુલ, હાઇસ્કુલ અને કોલેજની પરિક્ષામાં હજુસુધી સંતોષકારક જ પરિણામ મેળવ્યું છે. અન્ય બધી શાળાઓની પરિક્ષામાં પાસ થનાર વિદ્યાર્થી જો ગૃહશાળાની પરિક્ષામાં નાપાસ થાય તો તેનું ભણ્યું બધું ધુળમાં મળે, તેના પ્રમાણપત્રો માત્ર કિંમત વિનાનાં કાગળીયાં ઠરે, અને પ્રાપ્ત વિદ્યાથી હૃદયમાં અમૃતરસની નદીઓ ઉભરાવાના બદલે અગ્નિની જવાલાઓ પ્રકટે, એ સુસ્પષ્ટ છે.

અન્યશાળામાં નિષ્ફળ નીવડેલા વિદ્યાર્થીનું એકજ વર્ષ નકામું ઠરે છે જ્યારે ગૃહશાળાની પરિક્ષામાં નિષ્ફળ નીવડેલા વિદ્યાર્થીની આખી જીંદગી નિરસ અને નકામી થાય છે. આખા વર્ષનો આધાર જેમ વર્ષાઋતુ ઉપર અવલમ્બે છે તદ્વત આખી જીંદગીના સુખશાન્તિનો આધાર સર્વ સદ્‌ગુણસંપન્ન સ્ત્રીઉપર રહેલો છે. વર્ષાઋતુ સારી તો વર્ષ પણ સારૂંજ આવે એ જેટલું સત્યથી ભરેલું છે તેટલું જ બલ્કે તેથી પણ વિશેષ સત્ય સદ્‌ગુણી સ્ત્રી મળે તો આખી જીંદગી સુધરે તે છે. સામાન્ય લોકોકિત પણ આજ વાતનું સમર્થન કરે છે જે, શાક બગડયું તેનો દિવસ બગડયો, અથાણું બગડયું તેનું વર્ષ બગડયું અને બાયડી બગડી તેનો ભવ બગડયો.

"ખરેખર પરણવું એ તો પ્રભુતામાં પગલાં માંડવા જેવું છે પરંતુ કેવી સ્ત્રીસાથે તે વિચાર જ મારા હૃદયને આમ ખાવ્યા કરે છે.

"મૃદુ મૃદુ મુખ બોલી, શાન્તિ ઉરે ભરે છે,
"હસી હસી વળી ચારૂ, સ્વાર્થ સિદ્ધિ હરે છે;
"જીવન સુખ પ્રદેશે, ગાળી ભાવે ગળાવે,
"જગત પટ સ્ત્રી એવી દૃષ્ટિમાં પ્રેમ લાવે."

"આવી પ્રેમાર્દ્ર અંતઃકરણવાળી પ્રિયા જે શાન્તિ આપે તે શાન્તિ આગળ આ આકાશગામી શશિકળાની સુધામયી ચાંદનીમાં

રમતાં મળતી શાન્તિ કાંઇ હિસાબમાં નથી. માત્ર મદન પીડા પ્રકટાવી ચાંદની પુરૂષહૃદયને બાળે છે, જ્યારે સ્ત્રી, શરીર પીડા હરવા સાથે સુખશાન્તના માર્ગમાં મૂકે છે. સ્ત્રીયોગે ચાંદની જે આનન્દ આપે તે આનન્દ વાણીદ્વારા આલેખવો એ અસંભવિત છે. આટલું બોલતાં વાણી અટકી પડી; તેની દૃષ્ટિ ચાલાક ચન્દ્રિકાભણી દોડી ગઇ અને ત્યાંજ શાન્તિનું સ્થાન મળશે એ આશામાં વળી પુનઃ હૃદય પ્રવાહ વાણીદ્વારા વહેવો શરૂ થયો.

"ઓ મીઠી ચન્દ્રિકા! તારૂં માધુર્ય હું અવગણતો નથી. મારા ઉપર તારો સદ્‌ભાવ હશે છતાં પત્નીના અભાવે તું મને બીજાજ સ્વરૂપમાં આજે જણાય છે. મારા દોષે હું તારા દોષો કલ્પું તેમાં તારે મારી દયા ખાવાની છે. મારા ઉપર પ્રીતિભાવ રાખજે એ મારી તને પ્રાર્થના છે. કારણ, તારી ચાંદની મારામાં નવલ વિચારો કરવાનું બળ રેડે છે, જીવનના પ્રેમભર્યાં માર્ગ પ્રત્યે પગલાં ભરવાનું પ્રેરે છે અને દામ્પત્ય પ્રીતિની દિવ્યતા એ ગૃહસ્થાશ્રમીનું અનુપમ લ્હાણું છે! એવું મારા હૃદયમાં ઠસાવે છે જે બોધ તું હાલ આપે છે તેજ બોધપ્રમાણે મારા જીવનને દોરવજે. તારૂં સ્મરણ આજે હું મારી નોંધપોથીમાં કરૂં છું." છેલ્લા શબ્દોના ઉચ્ચાર સાથે તેણે પાસે પડેલી સારંગીને હાથમાં લીધી, જરા છેડી, અને હૃદયના વિચારો કવિતાના રૂપમાં ગોઠવાઇ, મુખદ્વારા બહાર આવવા ઉત્સુક થયા.

૧

" ઓ ચન્દ્રિકા સુખકારિણી,
" ઓ ચન્દ્રિકા જગ ઠારિણી;
" આકાશે ચડી અવનવી આશા, અંતર ધારિણી,
" આધિ વ્યાધિ ઉગ્ર ઉપાધિ, ઉર વિદારિણી.

૨

" સૃષ્ટિ સુધા સંચારિણી,
" દ્રષ્ટિ સ્થિતિ સુધારિણી;

" સુખોદધિ સંસાર સુહાવા, શાન્તિ ધારિણી,
" સ્વર્ગવાસી સમ થવા સુભાગી, ભ્રાન્તિ હારિણી.

૩

" જગ જન આનન્દ કારિણી,
" પોષક સત્વ પ્રસારિણી;
" શ્વેત પ્રભા પ્રસરાવી તિમિર, ગાઢું હારિણી,
" સ્નેહ સાંકળે જડિત યુગલનું, અંતર ઠારિણી;
" આ ચન્દ્રિકા સુખ કારિણી,
" આ ચન્દ્રિકા જગ ઠારિણી.

સારંગીની મધુરતા જગપ્રસિદ્ધ છે અને તેની સાથે સ્નિગ્ધ હૃદયની રસિકતા મળતાં શ્રોતૃવર્ગના હૃદયમાં અવનવો આનન્દ મહાસાગર રેલી રહ્યો; ગાનાર કોણ અને વગાડનાર કોણ ?" એ પ્રશ્નો શ્રોતૃવર્ગના અંતરમાં રમવા લાગ્યા અને આવા પુરૂષથી ગવાતાં રસગાનો સાંભળવાનો હમેશાં લ્હાવો મળ્યાજ કરે એવું સંગીતનાં પરમરાગી સ્રીપુરૂષનાં મનમાં થવા લાગ્યું. સંગીત કોને પ્રિય નથી ? પ્રત્યેક આત્માને પોતપોતાનું સંગીત હોય છે છતાં તેને ખીલવી વધારે આકર્ષક બનાવવા કોઇ વિરલજ પ્રયત્ન સેવે છે.

પ્રકરણ ૯ મું.

---:o:---

આશામાં અમૃત.

અનુષ્ટુપ.

આશાકેરી સુધા મીઠી, બાલ વૃદ્ધ યુવા ગણી,
પીવા સર્વે અહો ! દોડે, પ્રાણી પૂર્ણ પ્રમોદથી.

ચન્દ્રિકાના શાન્ત પ્રકાશમાં ન્હાતા, સરલાના મુળ વિચારો વિરામવા લાગ્યા; અનિલરાજ મીઠી લહરીઓનો સ્પર્શ શરીરને વિશેષ સુલભ થતાં, મનની આકુળવ્યાકુળતા ઘણા અંશે શમવા લાગી અને સૃષ્ટિ સુંદરના સૂચિત વસ્તુઓ, દૃષ્ટિને સુગમ થતાં, તેણીના હૃદયમાં અન્ય વિચારોને સ્થાન મળવા લાગ્યું. જોતજોતામાં મૂળ વિચારોથી તેણીનું મન મુક્ત થયું, ખોટી વિડમ્બનામાં ડુબેલું વૃત્તિવૃન્દ પુનઃ પ્રફુલ્લિત થયું, મલિન મુખ ઉજ્જવલ બન્યું, નિરુત્સાહી હૃદય ઉત્સાહથી વિભૂષિત થયું અને આનન્દાવેશમાં આવી ચન્દ્રિકાપ્રત્યે દૃષ્ટિપ્રવાહ વાળી બોલવા ઉદ્યુક્ત બની.

" ઓ મધુરી ચન્દ્રિકા ? તારૂં દર્શન મને આજે ઘણું સુખદાયક નીવડયું છે; મારામાં નવા વિચારોને સ્થાન આપવામાં તારૂં દર્શન આજે કારણભુત થયું છે અને મારા મુખ ઉપર પ્રસન્નતાનાં કિરણો પુનઃ વિરાજીત કરવામાં તેં મને આજે ઘણી સહાય્ય કરી છે. ખરેખર આનન્દસાગરમાં ડુબકી મારી, અન્યને એવા આનન્દનું દિવ્ય લ્હાણું આપવાની તારી પ્રવૃત્તિ આદરણીય છે તારી પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિ જો આ સૃષ્ટિની જ્ઞાનપ્રધાન્ય પ્રજા શિખે તો આ સૃષ્ટિમાં દુઃખ એ

શબ્દને પણ અવકાશ ન મળે એ નિઃસંશય છે. તારૂં હૃદય ઘણુંજ ઉન્નત છે.

"સૌ ઉરમાં ઉત્સાહ ભર્યે ઉત્સાહિની,
"સૌ આનન્દે તું આનન્દ–વિલાસ જો;
"સૌ હિતાર્થે પ્રેમ–સુધા તું સીંચતી,
"સૌ અંતર અજવાળ્યે ઉર હુલ્લાસ જો.
સુખશાન્તિ સ્ત્રવતિ ઓ મીઠી ચન્દ્રિકા !"

"તારા જેવી મધુરતા–તારા જેવી હૃદય ઉત્સુકતા, તારા જેવી કર્તવ્યપરાયણતા અને તારા જેવી શાન્તિ તું મને આજે અર્પણ કર, તો કેવું સારૂં ?" આટલું બોલી વિશેષ બોલવાને સરલા હૃદયમાં વિચાર કરવા લાગી. ચન્દ્રિકાને અમુક દહેરામાં જ્યાં પ્રેરાય છે ત્યાં તેણીના કર્ણમાં સારંગીનો મધુર, શાન્ત, ચિત્તાકર્ષક સ્વર અથડાયો; આથી તે ચમકી ઉઠી; કયાંથી સ્વર આવે છે એ જાણવા તે જીજ્ઞાસુ બની અને ચારે દિશામાં ચપળ ચક્ષુને દોડાવતાં, કર્ણેન્દ્રિયને આગળ કરતાં, જે દિશામાંથી સ્વર આવતો હતો તે દિશા શોધી કાઢી, સ્વચ્છ ચિત્ત રાખી તે ભણી બેઠી અને સારંગીનો સ્વર સ્પષ્ટ થયો, તેની સાથે ગાનારના ભળી જતા કંઠનું ભાન થયું અને બહુ ધ્યાન આપતાં શું ગવાય છે તે કર્ણદ્વારા હૃદયમાં પ્રવેશવા પણ લાગ્યુંજ.

"સુખોદધિ સંસાર સુહાવા, શાંતિ ધારિણી,
"સ્વર્ગવાસી સમ થવા સુભાગી, ભ્રાન્તિ હારિણી;"

આ શબ્દો શ્રવણેન્દ્રિયદ્વારા હૃદયમાં પ્રવેશતાં, ગાનરના હૃદયની ઉત્કર્ષ ભાવના તેણીને પ્રત્યક્ષ થઇ; આર્યશાસ્ત્રો, સ્ત્રી જાતિપ્રત્યે જે પ્રેમથી જોવાનું દર્શાવે છે તેવાજ પ્રેમથી ગાનાર પુરૂષનું હૃદય વહે છે એવું સત્ય તેણીની બુદ્ધિમાં સહજ વિચારે ઉતરી શકયું; હૃદયની ગુપ્ત લાગણીઓ કવિતાના રૂપમાં સાંભળતાં, કાવ્યસરિતાનું આખું રસઝરણું ગાનારના અંતઃકરણમાં રાત્રિદિન વહેતું હશે તે પણ જ્ઞાન થયુંજ;

સરસ્વતીના ઉપાસકવિના સરસ્વતીની સહાય્ય આવા પ્રમાણમાં કોઇને સુલભ ન હોય એ ન્યાયે ગ.ના પુરૂષ પણ સરસ્વતીનો ખરો ઉપાસક હશે એ પણ તેણીના હૃદયે સહજ સ્વીકાર્યું, અને આવા ઉદ્‌ગારો તેના મુખમાંથી કવિતારૂપે બહાર આવવામાં કાંઇ પણ કારણ હોવું જોઇએ એવો વિચાર પણ હૃદયમાં મૂર્ત્તિવંત ખડો થયો. પરંતુ વિવાહિત પુરૂષના આ ઉદ્‌ગાર હશે કે અવિવાહિત પુરૂષના એ માનવાને એકે પક્ષનું સબળ કારણ તેણીના મનમાં ઉતર્યું નહિ કારણ, પતિભકત પ્રમદા માટે પિયુના મુખમાંથી આવા જ ભાવનાં ઘણાં વાકયો નિકળ્યાં છે એવું ઘણા પુસ્તકોના વાંચનથી તેણીના હૃદયમાં ઠસેલું હતું. હજુ તેણીની વિચારશકિતનો ઉપયોગ પુરો થયો નથી તેટલામાં અન્ય શબ્દે વળી તેણીનું ધ્યાન રોકાયું,

"એ ચન્દ્રિકા સુખકારિણી,
"એ ચન્દ્રિકા જગ ઠારિણી."

આ કડીદ્વારા શ્વેત કિરણોથી જગતજનોને આનન્દનું કારણ થઇ પડેલ ચન્દ્રિકાની પ્રશંસા, તે પુરૂષ કરે છે એ સિદ્ધ થતાં ગાવાનું મુખ્ય કારણ તે પામી ગઇ. ચન્દ્રિકાના કિરણોમાં ન્હાતા આ પુરૂષનું હૃદય તેનાજ ગુણ ગાવા ઉત્સુક થયેલું છે એ તેણીએ સહજ જ જાણ્યું. તેની સાથે તેમાં છુપાયલું રહસ્ય, તેનો અંતરગત અર્થ પણ તે વિચારબુદ્ધિદ્વારા સમજી શકી કે. ચન્દ્રિકાજેવી મધુરતા પ્રસારી સુખી કરે એવી સ્રીની પણ તે પ્રશંસા કરે છે. વિવાહિત પુરૂષના આવા ઉદ્‌ગારો, જગત્ વિના પ્રયત્ને જાણી શકે એમ બને જ નહિ. ઘરનાં પૂજ્ય વડીલો સાંભળે તેમ આવા ઉદ્‌ગારો, સરસ્વતીનો ઉપાસક કાઢેજ નહિ. એ વિચારને મનનો ટેકો મળ્યો અને સરલાનું શાન્ત હૃદય વાણીદ્વારા જોતજાતામાં પ્રત્યક્ષ થયું.

"જે દિવ્યનાદ ઉર દિવ્ય પ્રભા જણાવે,
"જે ગાન સર્વ ઉર તાર અહા ! હલાવે;
"જે ખેંચતું હૃદયને ઉરમાં હસાવે,
"તે ગાય દેવ મનુ કો, મનમાં મનાવે."

"ગાનાર કોણ હશે? મનોભાવ સૂચિત એવી રસપૂર્ણ કવિતા કોના પવિત્ર-સ્નિગ્ધ હૃદયથી ઉદ્દ્ભવી હશે। આદિ જાણવા મારૂં મન આજે ઉત્સુક થયું છે. સારંગીસર ગવાતાં ઘણાં કાવ્યો મેં સાંભળ્યાં છે છતાં આ ગાનારનું નામ જાણવા મારૂં હૃદય ઉછાળા શાથી મારતું હશે? હૃદય એ પરમતત્ત્વને રહેવાનું સ્થાન છે. ભવિષ્યની વાતો હૃદય સ્વાભાવિકજ જાણી જાય છે પરંતુ તે સમ્બન્ધે હાલનાં સ્ત્રીપુરૂષોનું ધ્યાન ખેંચાયલું નહિ હોવાથી તે સંબધે કંઈ ખુલાસો બહાર આવતો નથી. રાજયોગના અવલમ્બીઓને જે અનુભવ થાય છે તે આવાજ પ્રકારનો છે. જે કામ હાથમાં લીધું તેનું પરિણામ લાભમાં જો આવવાનું હોય છે, તો હૃદય પ્રફુલ્લિત રહે છે, તેમજ જો ગેરલાભમાં આવવાનુંજ હોય છે તો હૃદય સ્વાભાવિકજ ઉદાસીનતા ધારે છે; છતાં જ્ઞાન-પ્રાધાન્ય પ્રજા તેને મનનો સ્વભાવ જાણી તે વાત ઉપર અલક્ષ કરે છે એ કોઇરીતે ઇચ્છવા જેવું નથી. કોઈને જોતાં તેના ઉપર પ્રેમ ઉપજે છે, કોઇને જોતાં તેના ઉપર વૈરભાવની લાગણી ઉદ્દ્ભવે છે અને કોઇને જોતાં હૃદય નમવાનું કબુલ કરે છે. શા કારણથી આ થતું હશે? તે હૃદય સમજતું હોય છે, છતાં હૃદયના ગુપ્ત આદેશો જતા કરેલા હોવાથી મુળસંબંધ ઘણા અંશે નષ્ટ થયો છે. મારૂં હૃદય ઘણી બાબત મારા વિચારોને મળતુંજ આવ્યું છે. પરિક્ષામાં બેસવાની તૈયારી પહેલાં મારૂં હૃદય આનન્દથી ઉભરાતું; જેથી મારો આત્મ નિશ્ચય બંધાતો કે, પરિક્ષામાં હું પાસ જ થઇશ. હૃદયથી બાંધેલો નિશ્ચય મારો આજદિન સુધી સાચોજ પડયો છે છતાં ગાનાર કોણ? તે જાણવાથી મને શો લાભ? એ પ્રશ્નના સમ્બન્ધમાં મારૂં હૃદય શું સૂચન કરે છે તે જો કે મને સમજાતું નથી છતાં તે હસે છે એ વાત તો નક્કીજ છે. ગાનારના ગુણો જાણ્યા પહેલાં તેમાં શ્રીકૃષ્ણ પરમાત્માની કહેવા પ્રમાણે દૈવીસંપત્તિની બધી સામગ્રી છે એમ માની લેવા જેટલું મારૂં હૃદય આજે કેમ ભોળું થયું છે? નિરર્થક કલ્પનાઓ કરવાથી લાભને બદલે હાનિ પ્રત્યક્ષ છે એ હું સમજું છું. છતાં ગાનારને ઓળખ્યાવિના સ્વપ્નમાં પણ ગાનારનું નામ

સાંભળ્યાવિના તેના પ્રત્યે મારા હૃદયમાં જે માન ઉપજ્યું છે તેનું કારણ શું હોય શકે ? તેના સંબધે કાંઇ પણ વિચાર કરવો એ સ્ત્રીસ્વભાવથી વિરૂદ્ધ છે, સોધમંથી પ્રતિકુળ છે, એ સમજ્યા છતાં મારા વિચારો કેમ બદલાતા નથી ? વિચાર ઉપર મારૂં સામ્રાજ્ય હતું તે આજે શાથી નષ્ટ થયું ! સ્ત્રીસ્વભાવને શાસ્ત્રકારો નિર્બળ જણાવે છે તવીજ નિર્બળતા મારા શરીરની રગેરગમાં કેમ પ્રવેશી ? આજદિન સુધીની મારી પ્રસન્નતાપૂર્ણ સ્થિતિ કેમ પલટી ?" આદિ વિચારોમાં શાન્ત હૃદયની સરલા કયાં સુધી વહ્યા કરત તે કહેવા પુરૂષબુદ્ધિ અસમર્થ હતી. એટલામાં બારણું ખખડયું: સરલા ચમકી ઉઠી શ્રવણેન્દ્રિયમાં કોઇ પોતાનું નામ આપી બોલાવે છે એવા શબ્દો પ્રવેશ્યા; બારણાપ્રત્યે દૃષ્ટિ કરે છે તો પોતાના ભાભી શારદાને આવતાં જોયાં. સ્વર છુપાવા પ્રયત્ન કર્યો પરંતુ સમજુ શારદાથી છુપો રહી શકયો નહિ. રાજયોગની સમાધિમાંથી આંખો ઉઘાડતા રાજયોગીના જેવી સ્થિતિ સરલાની જાણી સમજુ શારદા ઘણી વિચારમાં પડી. પથારી છોડી અહીં આવવાની પ્રવૃત્તિ સરલાની કંઇક પ્રયોજનવતી જ હશે એવો વિચાર તેણીના અંતઃકરણમાં ઉદ્ભવ્યો. પ્રયોજનવિના પ્રવૃત્તિનો અસંભવજ છે.

"व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतु—
"न खलु बहि रुपाधीन्प्रीतयः संश्रयन्ते ॥ १

સુવાની પ્રવૃત્તિ છોડી શા લાભની આશાએ સરલા અહીં આવેલી એ જાણવાની અત્યન્ત જીજ્ઞાસા શારદાના અંતઃકરણમાં પ્રકટી ચુકી અને જીજ્ઞાસાની પ્રેરી વિચારપૂર્વક બોલી ઉઠી.

"નિદ્રાદેવીનું શરણ છોડી અહિં આવવાનું શું પ્રયોજન ?"

"અનિલરાજની આછી લહરીઓથી થતો આનન્દ અનુભવવા." સરલાએ મુળ વાતને છુપાવી, મોં મલકાવી પ્રત્યુત્તર વાળ્યો.

૧—કોઇપણ અંતરગત હેતુ પદાર્થોને જોડે છે. ખરેખર પ્રીતિ બાહ્ય પદાર્થો ઉપર અવલમ્બતી નથી.

"ઉત્તર રામચરિત"

"લહરી તો વિકારી છે અને વિકારી લહરીથી થતો આનન્દ પણ વિકારી જ વિકારી આનન્દથી તમારા જીવનનો શો ઉદ્દેશ સિદ્ધ થવાનો હતો, જે નિદ્રાદેવીની અવગણના કરી અત્રે દોડી આવ્યાં છો ? સુશીલ શારદાએ તેણીના અંતર્ગત વિચારો જાણવા પ્રયત્ન કરવા માંડયો.

"ભાભીશ્રી ? આ તમારી ભૂલ છે. અનિલરાજની શાન્ત લહરીઓ સાથે ચન્દ્રિકાનું અમૃત અહિં વિશેષ સુલભ છે. જેથી મારા હૃદયસાગરમાં આનન્દની ભરતી આવે છે, ઇન્દ્રિયોમાં નવું નવું ચૈતન્ય સ્પુરે છે, અને આત્મામાં કંઈ અલૌકિકજ સામર્થ્ય પ્રકટે છે જે કહેવામાં મન બુદ્ધિનું સામર્થ્ય પણ નથી." સરલાએ પોતાના પક્ષનું સમર્થન કરવા આરંભ કર્યો.

"લહરી ક્ષણે ક્ષણે બદલાય છે એટલે તેથી મળતો આનંદ પણ ક્ષણે ક્ષણે બદલાયજ. સરલા બ્હેન ? જ્યારે આનંદનું સ્વરૂપ બદલાય ત્યારે શોકમાંજ પરિણામ પામે એ પ્રભુનો કાયદો છે. સુખ જતાં દુઃખ, શ્રીમંતાઇ જતાં ગરીબાઈ અને ઉન્નતિ જતાં અવનતિ જ આવે એ શું તમારી સ્મરણશકિતમાં નથી ? અને જ્યારે શોકની છાયા તમારા મુખડે બેસી જાય તો આ ઉજ્જ્વલ મુખની પ્રસન્નતા કેમ સચવાશે તેનો વિચાર કર્યો ? વળી વિશેષ જણાવું છું કે, નિદ્રાદેવીને શરણ થવાથી દિનભરનો શ્રમ ભૂલાય છે. મનની આકુળવ્યાકુળતા, જે વસંતવિભવથી ભરપૂર બગીચે બેસતાં નથી શમતી, તે નિદ્રાદેવીના ખોળામાં મસ્તક મૂકતાં શમે છે; અને હૃદય શાંતિથી ઉભરાય છે. મારા કહેવામાં તમને શ્રદ્ધા છે છતાં તેને માટે તમોને બીજાનો અનુભવ જણાવવો પણ ઉચિત ધારૂં છું.

ગઝલ.

"ફકીરો રાય મીરોને, વહાલી તું નિશે લાગે,
"ગરીબોને નવાજે છે, છતાં રાહ રંક ચાહે છે.

* * * *

"અજબ દેવી, અજમ બાળા, નમસ્કારો તને છાજે,
"જનમ ગુણ ગાઉં હું તારા, અગર રાતે મને ચાહે."

ક. ર. જાનજીઆણી.

"સરલા બ્હેન! આથી હવે તમે સમજ્યાં હશો કે, નિદ્રાદેવીની અવગણના કરવાથી કાંઇક ગુમાવ્યું છે."

"તમારા અનુભવથી મારો અનુભવ ન્યારો છે. નિદ્રાદેવીથી મારા હૃદયમાં ચાલતા વિચારો જ્યારે દબાઇ જાય છે ત્યારે મધુરા અનિલરાજની મધુરી લહરીથી મારા વિચારો વિશેષ ખીલે છે. અંતર ઉન્નત બને છે; આખા બ્રહ્માંડની પ્રદક્ષિણા એકાદ મિનિટમાં કરવા જેટલું સામર્થ્ય મારા મનમાં પ્રવેશે છે; અને મારી કલ્પનામાં પણ સત્ય અંશો હોય એવું મારા હૃદયમાં કંઇક કંઇક ઉદ્ભવે છે."

"સરલા બ્હેન! તમે તો હવે બારીસ્ટર જેવાં થયાં, મૂળ વાતને ઉડાવી આપી. આડી વાતે મને ચડાવી, તમે તમારો હેતુ ઠીક સાધી લીધો. તમે જીત્યાં હું હારી પણ સત્યને આગળ કરી અહીં આવ્યાનું કારણ જણાવો જોઉં?

"નિદ્રા નહિ આવી એટલે ભાભીશ્રી? હું અહીં આવી."

"સૌને નિદ્રા આવી છે તમોને નિદ્રા ન આવે એમાં કોનો દોષ?"

"મારા મનમાં તર્ક વિતર્ક ઉદ્ભવ્યા, મારૂં હૃદય અન્ય પ્રવાહમાં તણાયું અને તેમાંથી મુક્ત થવા મેં પથારી છોડી, અગાસીનો આશ્રય કર્યો. એમાં કોનો દોષ! એ તમેજ વિચારી લ્યો."

"તમારૂં મન સદ્વિદ્યાથી અલંકૃત છે, તમારૂં હૃદય વિશુદ્ધિથી વિભૂષિત છે અને તમારૂં ચારિત્ર્ય વયે નાનાં છતાં અન્યને અનુકરણ કરવા જેવું છે. તેમ છતાં ઇરાદા વિરૂદ્ધ મનમાં વિચારો ઉદ્ભવે, અંતરની ઇચ્છા વિરૂદ્ધ તેનું પોષણ બને, નિદ્રાદેવીની અવગણના કરી અહીં આવવા વૃત્તિ વેગ ધરે, એ મારાથી તો માની શકાતું

નથી. કદાચ આજનો લગ્નપ્રસંગ જોતાં, તમને પરણવાનો લોભ લાગ્યો હોય, બાળા મટી સુંદરીસ્વરૂપે સોહાવું હોય, મન માન્યો મોહન કયા પ્રદેશથી ખોળી કાઢવો, એ વિચારોમાં હૃદય-મન ચડયું હોય, અને ધૂનમાં ને ધૂનમાં અહીં આવવાનું બન્યું હોય એવું મારી નિર્દોષ બુદ્ધિ કબુલ કરે છે."

"સમજી ભભીશ્રી? સમજી. આતો "જેવું હૈયે તેવું હોઠે." એના જેવું થયું. શું તમારા જેવો અનુભવ સૌને માટે સુલભ હશે? મારાં ગુણીયલ ભાભીશ્રી! આવું તમે ક્યાંથી શિખ્યાં? શું?" મારા ભાઇ પાસેથી, એવું બોલવા સરલા જતી હતી પરંતુ સરલાનું હૃદય શારદા જાણે વાંચી શકી ન હોય, તેમ તેણીના મુખ સામો હાથ ધરી, આગળ બોલવા જતાં અટકાવી, પોતે વચમાંજ બોલી ઉઠી.

"સરલા બ્હેન? તમારી બુદ્ધિએ હવે તો હદ વાળી તમારી બુદ્ધિ મને એકપક્ષે ઘણો આનન્દ આપે છે જ્યારે બીજે પક્ષે મને વિચારમાં ડુબાડે છે. તમારૂં હૃદય જાણ્યા વિના વિશેષ બોલવું મને અનુચિત લાગે છે." છેલ્લા શબ્દે શારદાએ ઉઠવા માંડયું. શારદા, ભાભીને ખોટું લાગ્યું છે જાણી સમજુ સરલાએ તેમનો હાથ પકડયો; નીચે બેસાડયાં અને જરા હસીને બોલી.

"શું આમ રીસાઇ જવાય? લ્યો હવે અહીં આવ્યાનું સાચે સાચું કહી આપું?"

"સત્યને છુપાવવું એ સત્યનું જ અપમાન કરવા જેવું છે." મારામાં તમોને વિશ્વાસ હોય તો છુપું રાખવાનું શું કારણ છે?

"આજની રાત્રિ આહલાદજનક છે, ચન્દ્રિકાનાં કિરણો સૃષ્ટિની વસ્તુઓ સાથે પ્રેમભર્યું રમી રહ્યાં છે અને અનિલરાજ પુષ્પ-વેલીઓને વિનવતો વિનવતો જગતને પ્રેમભર્યું આમંત્રણ આપી રહ્યો છે, વળી ઓછામાં પુરૂં શાન્તાનો લગ્નોત્સવ વિચારમાં આવ્યો એટલે મારા મનમાં પણ લગ્નનું લ્હાણું લેવાનું સ્ફુરી આવ્યું? અને તમારા વિચાર પ્રમાણે મારી સ્થિતિ થતાં હું

અહીં આવી. અહીં આવતાં રમ્ય દેખાવો જોતાં, અને મધુરા આલાપો સાંભળતાં મારા હૃદયમાં ભાભીશ્રી ! ઘણોજ આનન્દ થયો અને મારૂં મન ઉત્સુક થયું. કેમ ન થાય ? કારણ

" रम्याणि वीक्ष्य मधुरांश्च निशम्य शब्दान्—
" नार्युत्सुकी भवति यत्सुखितोऽपि जन्तुः । " १

" ભાભી ! સુખી જીવોનું પણ ધ્યાન ખેંચાય એવું અહીં મેં સાંભળ્યું હતું. પરંતુ તમને કહેતાં શરમ ન થાય ? જેના શબ્દો સાંભળવામાં આનન્દ હતો તેનું જગત્‌ને શું અપ્રિય હોઈ શકે ? બસ, થયું. વિશેષ ભાભી કાલ કહીશ " સરલા બોલતાં બંધ પડી, શારદા વિચારમાં પડી, શુદ્ધિમાં બોલે છે કે મારી હજુ મશ્કરી કરે છે એ સમજવા પોતાની બુદ્ધિ કુંઠિત જણાઈ. તેમ છતાં કાંઈક નવીન હતું એ તો શારદને નક્કીજ લાગ્યું. શું નવીન હશે એ જાણવા તે ઘણી અધીરી બની, પણ શું કરે ? અન્યના હૃદયની છાની વાતો જાણવાનું યંત્ર તેણીની પાસે ન હતું કે તેનો ઉપયોગ કરી પોતાની અધીરાઈને જતી કરે. સરલા હૃદયની વાત અકદમ નહિજ આપે એવી ખાતરી થવાથી તે ઉભી થઈ. સરલાના વાંસા ઉપર હાથવડે શરીરનો ભાર દેતાં ઘણીજ શાન્તિથી બોલવા લાગી.

" સરલા બ્હેન ? આમ મારાથી પણ છાનું રાખશો ? શું આપણા વચ્ચે નણંદ ભોજાઈજેવો સંબંધ છે ! તમારા મનમાં ગમે તેમ હો, પણ હું પ્રભુના સાગન ખાઈ કહું છું કે તમે મને મારા બ્હેન કરતાં પણ વિશેષ વ્હાલાં છો. તમારાં ભાવિ સુખો માટે જેટલું તમારી માતુશ્રી કરે તેટલુંજ કરવા હું મારો ધર્મ સમજું છું. " કહેવા કરતાં કરી બતાવવું વધારે સારૂં છે " હું તમારા ઉપર મીઠી નજરથી જોઉં છું એમ કહેવાથી શો લાભ ? સમય આવ્યે તમે પણ જોશોજ. તમારાં માતુશ્રી, જો આજ જીવતાં હોત, તો તમને

૧—સુખી જીવો પણ રમ્ય વસ્તુ જોવાને અને મધુર શબ્દો સાંભળવાને ઉત્સુક થાય છે.

પણ ઓછું ન આવત, પણ પ્રભુની મરજી એવી ત્યાં આપણો શો ઉપાય? સરલા બ્હેન? મારાથી છાનું તમે રાખો છો તેમાં હું મારો ધર્મ ભૂલી જઇશ એવો મને ભય રહે છે. તમે હૃદય ખોલીને વાત કરો તો તમારા ભાવિ સુખોમાટે મારે જે કરવું જોઇએ તે ઘણા અંશે સુગમ થાય." શારદાની આંખમાં આંસુ આવી ગયાં. ભાભીના હૃદયને સારી પેઠે જાણતી સરલા વિનયથી કહેવા લાગી.

'પૂજ્ય ભાભી! આમ ઓછું ન આણો. તમારાથી છુપું રાખવા મારો અંતરાત્મા કદિ કબુલ કરેજ નહિ. માતા ગણું, ભાભી ગણું કે મારા હૃદયના મર્મભાગ ઉઘાડવા જેવી સાહેલી ગણું, જે ગણું તે મારે મન તો તમેજ છો. તમારી પાસે હૃદય ન ખોલું તો કોની પાસે ખોલું? ભભીશ્રી! મારૂં ભાગ્ય એટલું સારૂં કે, તમારા જેવી ગુણીયલના હાથે મોટી થવાનો મને સમય મળ્યો છે. તમારે ઠેકાણે જો અન્ય હોત તો હું જીવત કે નહિ એ શકાભરેલું હતું. ખરેખર માતાની ખોટ દુનિયામાં કોઇ પુરી શકે નહિ એવું છે. છતાં તમે તો મારી માતા કરતાં પણ ઘણુંજ સારૂં મારી બાબતમાં કરી બતાવ્યું છે. તમારા મોઢે તમારાં વખાણો કરવાં અનુચિત લાગે છે. છતાં તમારા પ્રત્યે મારા હૃદયનો સદ્ભાવ હોઇ આટલું બોલી જવાયું છે. મારા અને તમારા વચ્ચે નણંદ ભોજાઇનો ભાવ નથીજ, ત્યારેજ આપણે બન્ને આનન્દથી રહી શકીએ છીએ. મારાં ભાવિ સુખો માટે જો તમારામાં લાગણી ન હોય તો મને. અધીંરાત્રે સુવાનું છોડી, અહીં ખોળતું ખોળતું કોણ આવે? ભાભીશ્રી! સાંભળો, પરંતુ મારા બન્ધુ પાસે આ વાત મૂકતાં તમે મારીજ પાસેથી સાંભળ્યું છે એમ તો ન જ બનવું જોઇએ."

"સત્ય વાતને કેમ મારાથી ના કહેવાય? તમારા ભાઇ પાસે કહેવા જેવું કહેવાય ને પણ કેવી રીતિથી? તે હું ક્યાં નથી જાણતી? બોલો સરલા બ્હેન! સત્વર બોલો મારા હૃદયની અધીરાઇ તે સાંભળ્યાવિના નહિ મટે."

શારદાને હૃદયવાત આપવા સરલા જેવી બોલવા જાય છે તેવો જ એક શબ્દ તેણીના કર્ણમાં આવ્યો. શબ્દ

ઓળખતાં બન્ને ચમકી ઉઠયાં. "ભાભીશ્રી! કાલે કહીશ!" ચાલો પથારીમાં મારો ભાઇ નીચેથી બોલાવતા જણાય છે." નણંદ ભોજાઇ પથારીમાં આવ્યાં. શારદા પોતાની પથારીમાં રોકાઇ અને સરલા નીચે આવી પોતાના ભાઇ શરચ્ચન્દ્રને મળી.

"કેમ ભાઇ આવવું થયું?"

"લગ્નોત્સવ પુરો થયો. સૂવા જતો હતો પરંતુ સ્ત્રીવર્ગની સગવડતા કેવી સચવાઇ છે એ જાણવાની જીજ્ઞાસાએ અહીં આવ્યો છું; કેમ સૂવાની સગવડ તો સારી છે ને?"

"ઘણીજ સગવડતા છે. ચિન્તા કરવા જેવું કશુંય નથી."

"ઠીક, સરલા! ત્યારે હું જાઉં છું. સંભાળથી સુઇ જજો. કાલે તો મારા સસરાને ત્યાં સુવાનું થઇ રહેશે. બાકી જાનનું કામ છે. બધા પ્રકારની સગવડ ન સચવાય છતાં શાન્તિથી ચલાવી લેવું એ માનવધર્મ ન ભૂલવો જોઇએ," એટલું બોલી શરચ્ચન્દ્ર પોતાના સૂવાના ઉતારે ગયો. સરલા ઉપર આવી અને ભાભીને મળી તેમજ પથારીમાં નિદ્રાનું શરણુ શોધવા લાગી

પ્રકરણ ૧૦ મું.

ગરીબ પણ ગુણજ્ઞ.

Give thy hearts best treasures,
From fair nature learn;
Give thy best and ask not,
Seek not a return;
And the more thou givest,
From thy little store;
With a double bounty.
God will give thee more.

Adelaide A. Procter

સારંગીદ્વારા ગવાતાં ગીતમાં લીન થયેલ શ્રોતૃવર્ગના હૃદયમાં ગાનાર કોણ? અને વગાડનાર કોણ? એ પ્રશ્નને જ્યારે સ્થાન મળી ચુક્યું છે ત્યારે પ્રિય વાંચક! આપના હૃદયમાં તે યુવકને જાણવા સ્વાભાવિક સ્થાન મળે એ સહેલાઇથી સમજી શકાય તેવું છે. તમારી જીજ્ઞાસા સંતોષવા અર્થેજ મારો પ્રયાસ છે.

આ તરૂણ સાધારણ કુટુમ્બનો હતો. પ્રથમ ઘર ઘણું આબરૂદાર, ખાનદાન ગણાતું છતાં આજે લક્ષ્મીદેવીની કૃપાદ્રષ્ટિ સારા પ્રમાણમાં નહિ હોવાથી, તે ઘરની ગણના હમણાં જ્ઞાતિસદ્‌ગૃહસ્થો મનમાં બીજી રીતે આંકતા હતા. તેના પિતાનું નામ રમણિકલાલ હતું. તેનો સ્વભાવ ઘણોજ ઉદાર હતો. તેમનું વય હાલ પીસતાળીસ વર્ષનું હતુ. તેઓ ઘણા ખાનદાન હતા છતાં તેના ખાનદાની આહલાદપુરમાં એટલી બધી પ્રસિદ્ધિમાં આવી ન હતી. યુવાવસ્થામાં જેટલું કમાતા તેટલું ઉદાર સ્વભાવે ધાર્મિક ખાતામાં ખર્ચી નાખતા હોવાથી તેઓના ભંડારમાં એટલો બધો વધારો ન હતો કે જેથી પુરવાસીઓ તેના પ્રત્યે સ્નેહભાવથી દોડયા આવે. તેના મુખપર ચાતુરતા રાત્રિદિવસ રમતી હતી; છતાં અન્યલોકો, તેને કમાવાની, જાત તોડી મહેનત કરવાની, પૈસાનો સંગ્રહ કરવાના, કે ગૃહવ્યવહાર ઉત્તમ પ્રકારે ચલાવવાની ચિન્તા નથી જેથી તે મનમાં મસ્ત રહે છે એવું કહેતા હતા તેનું ભાલ વિશાળ હતું છતા લક્ષ્મીના અભાવે શહેરવાસી તેને લોઢીકપાળવાળો માનતા હતા. સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યમાં તેની બુદ્ધિ ઘણો ભાગ લેતી હતી છતાં અન્ય લોકો ધંધા વિનાનો પુરૂષ શું કરે! પુસ્તકો વાંચે અને મજા કરે એવું મનમાં માનતા હતા. તેની પાસે પુસ્તકોનો ઘણો સંગ્રહ હતો પરંતુ લોકો "ઠોઠ નિશાળીઆને વતરણાં ઝાઝાં" એના જેવો તેનો અર્થ કરતાં ખરેખર ગરીબાઇ એ મનુષ્યના હૃદયનું પાણી કરવા મુખ્ય સાધન જેવી છે. ગમે તેવો વિદ્વાન હોય પણ જો નાણું પાસે ન હોય તો તેની વિદ્વતાનું કોઇ નામ પણ પૂછતુ જ નથી. તેણે ધાર્મિક ફંડોમાં પોતાનો પૈસો લુંટાવ્યો હતો. હજુ નિરાધારોને યથા-

શક્તિ આપતો હતો છતાં લોકો તેને ઉડાઉમાં ગણી હસી કાઢતા હતા. અહો ! ગરીબાઈમાં પ્રાપ્ત ગુણોનો પ્રકાશ ઘડામાં મૂકેલા દીપક પેઠે બહાર આવતોજ નથી. ગરીબાઇનું જે કષ્ટ છે તે કષ્ટ ઘણું છે. છતાં રમણિકલાલનું હૃદય આનન્દથી ઉભરાયા કરતું. કારણકે ગરીબાઇને તેણેજ આમંત્રણ આપ્યું હતું. અન્ય બંધુઓ દુઃખ ભોગવે અને પોતે ઘોડાગાડીમાં ફરે, મિષ્ટાન ઉડાવે એ પ્રવૃત્તિને તે અંતરથી ધિક્કારતો હતો. ગરીબાઇમાં જો અજ્ઞાનાવસ્થા હોય તો જ તે દુઃખનું કારણ થાય છે. ગમે તેવી તવંગરની સ્થિતિ તમે તપાસશો તો તેનું અંતર ગરીબાઇમાં જીવન ગાળતા પુરૂષ જેટલું ઉન્નત નહિજ હોય તેનું હૃદય ગરીબ પુરૂષ જેટલું વિશુદ્ધ નહિજ હોય, અને તેનુ મન ગરીબના મન જેટલું ઉદાર પણ નહિજ હોય. શ્રીમંતાઇ જે શિખવે છે તે કરતાં ગરીબાઇ જે શિખવાડે છે તેની કિંમત ઘણીજ છે. પરંતુ જ્ઞાનાવસ્થા તો હોવી જોઇએ. રમણિકલાલની સ્થિતિ વિચારદૃષ્ટિથી જોતાં ઘણીજ ઉન્નત હતી.

दारिद्र्यानल सन्तापः शान्तः सन्तोषवारिणा ।
याचकाशाविघातान्तर्दाहः केनोप शाम्यते ॥ १ ॥

એ તેના હૃદયમાં ખાસ લાગણી હતી. પોતે દુઃખી થવું છતાં અન્યને દુઃખી ન થવા દેવા એ તેનો વિચાર હતો. ધન મળે છતાં બીજાઓના હિતમાં ન વાપરે અને ભંડારમાં સંગ્રહે તેની રમણિકલાલ દયા ખા ા હતો.

धनिनोऽप्यदान विभवा गण्यन्ते धुरि महादरिद्राणाम् ।
हन्ति न यतः पिपासामतः समुद्रोऽपि मरुरेव ॥

૧—દારિદ્રરૂપી અગ્નિના તાપને તો હું સંતોષરૂપી જળથી ઠારી નાખું છું પણ યાચક લોકોની આશાનો ભંગ થવાથી મારા હૃદયમાં થતો દાહ શાથી મટે ?

ભોજ પ્રબંધ.

उप भोगकातराणां पुरुषाणामर्थसञ्चय पराणाम् ।
कन्यामणिरिवसदन तिष्ठत्यर्थः परस्यार्थे ॥ २ ॥

અન્ય બન્ધુઓના હિતમાં પોતાના ધનનો ભોગ આપતાં ગમે તે અવસ્થા થાય તેની વિશેષ ચિન્તા રમણિકલાલને ન હતી. તેમજ ઘરમાં તેમની સ્ત્રી પણ તેમનાજ વિચારને મળતી હોવાથી લક્ષ્મીને સંગ્રહી રાખવાનું તેમનાથી બન્યુંજ ન હતું. ગરીબાઈમાં તેમને પૂર્ણ સંતોષ હતો. પ્રિય વાચક ! ગરીબાઈમાં જીવવું શરૂઆતમાં તો દુસ્તર લાગે છે પરંતુ શ્રીમંતાઇના ઉપયોગ ન આવડે તેઓના માટે તો તે ઘણું સારૂં સાધન છે.

પીવામાં કડવું ઔષધ જેટલો ફાયદો આપે છે તેટલું સ્વાદિષ્ટ મિષ્ટાન્ન ફાયદો આપતું નથી એ જેટલું ચોકસ છે તેટલુંજ ગરીબાઇ અને શ્રીમંતાઇ વચ્ચે સમજવાનું છે.

કુદરતનો સૃષ્ટિક્રમ ઘણો વિચિત્ર છે. કોઇ વસ્તુ બહારથી સુન્દર તો કોઇ અંદરથી સુંદર પરંતુ સુન્દરતાનો અંશ તો સૌમાં છે, છે ને છે જ.

પીવામાં ન આવતાં સમુદ્રના ખારા પાણીમાં સાચાં મોતી પાકે છે, હાથે લેતાં શ્યામતાનો ડાઘ લાગે એવા કોલસામાંજ સાચા હિરા રહેલા માલુમ પડયા છે, આંખને અળખામણી જોતામાં બકારી આવે એવી વિષ્ટામાં જ જેમ અન્નને ઉગાડવાનો વિશેષ ગુણ રહેલો છે તેજ પ્રમાણે મનને અપ્રિય લાગતી સ્નેહી સંબંધીનો ત્યાગ કરાવવામાં સાધનભુત થતી ગરીબાઇમાં જ ઉચ્ચ ગુણોની સંપત્તિ રહેલી છે. આવી ઉચ્ચ સંપત્તિથી

૨—જેઓ ધનવાન છતાં પણ દાતા હોતા નથી તેઓ મોટા ઠંગાલોની પંક્તિમાંજ ગણાય છે. સમુદ્ર પાણીથી ભરપૂર છતાં પણ પ્રાણિઓની તરસને મટાડતો નથી. માટે તેને જળવિનાનો દેશ જ સમજવો જોઇએ. જે પુરૂષો ઉચ્ચ ભોગ નહિ કરતાં માત્ર ધનનો સંગ્રહ કરવામાંજ તત્પર રહે છે. તેઓના ઘરમાં ધન ઉત્તમ કન્યાની પેઠે અન્યને વાસ્તે રહે છે.

ભોજ પ્રબન્ધ

આ દંપતિનું હૃદય પરિપૂર્ણ હતું. મતલબ ગરીબાઇમાં ગુણુની શ્રીમંતાઇ છે. બહારથી સ્વરૂપવાન સોમલમાંજ પ્રાણુ હરવાનું ઝેર રહ્યું છે, બહારથી મોહક લાગતી ખજૂરમાંજ ઠળીયા રહેલા છે, તેજ પ્રમાણે શ્રીમંતાઇમાં આસુરી સંપત્તિને આડકતરીરીતે ઉત્તેજન મળી જાય એવું તત્વ રહેલું છે. બ્રહ્મનિષ્ઠ મણિલાલના શબ્દોમાં બોલી એ તો—

"કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે" એના જેવું જ છે. ગરીબાઇ છતાં ગુણુની શ્રીમંતાઇવાળા રમણિકલાલની હિંમત જનસમાજ આંકી શકયો નહતો. કદાચ કોઇ ગરીબાઇમાં અટવાતા પુરૂષની વિદ્યાનું મૂલ્ય આંકી શકે, તો પણુ તેની પાસે શિખવા આવતાં તેઓનું હૃદય શંકા ખાય છે કે, રખેને પાંચ પચ્ચાશમાં ફસાવી દે.

તેઓ રિદ્ધિસિદ્ધ કરતાં વિદ્યાની અભિવૃદ્ધિને વિશેષ હિતકર ગણુાતા હતા. સાહિત્યના તે પૂર્ણ શોખીલા હતા. પોતાની પ્રજાને તેવાજ શોખથી સાહિત્યમાં રસ લેતી કરવાનો તેમને લોભ હતો. તેમની પત્નીનું નામ દીનલક્ષ્મી હતું. તેણીનું વય હાલ લગભગ ચાલીશ વરસનું થવા આવ્યું હતું. સંતાનમાં એક પુત્ર હતો. જેનું નામ નલિનીકાન્ત હતું. નલિનીકાન્તને ભણુાવવા માટે માતપિતાએ પુરતી સંભાળ રાખી હતી. ગમે તેટલી મુશ્કેલીઓ ઉઠાવવી છતાં પુત્રને વિદ્યાભ્યાસ ખલિલ ન આવવા દેવી એનો તેમનો આત્મનિશ્ચય હતો. પિતામાતાના સ્વાભાવિક ગુણો પુત્રમાં પણુ સહજ ઉતરે છે. નલિનીકાન્તમાં તેવાજ ગુણો ઉતર્યા હતા. વિદ્યાર્થી જીવનની મહત્તા નલિનીકાન્ત ઘણી સારી પેઠે સમજતો હોવાથી તેના તરફથી પિતામાતાને જરા પણુ અસંતોષ ન હતો. B. A. ની પરિક્ષા આપ્યા પછી તેણે L. L. B ની પરિક્ષા આપવાનો ઠરાવ ઠર્યો હતો. હમણાં તે L. L. B ની પરિક્ષા આપી, આહલાદપુર આવ્યો હતો. હાલમાં તેનું વય બાવીસ વરસનું હતું. પુત્રનું વેવિશાળ કરવા પિતામાતાનું મન ઘણું ઉત્સુક હતું છતાં નલિનીકાન્તનો નિશ્ચય L. L. B. ની પરિક્ષા આપ્યા પહેલાં નહિ કરવાનો હોવાથી સમજુ માતાપિતાએ તે સમ્બન્ધે વિશેષ આગ્રહ કરવો યોગ્ય ધાર્યો ન હતો. હવે તેનો

વિચાર હતો અને તેથી યોગ્ય કન્યાની શોધમાં માતાપિતાનું ધ્યાન ખેંચાયું હતું.

પરિક્ષા આપ્યા પછી રજાના દિવસો નિવૃત્તિપરાયણ ગાળવાના ઉદ્દેશે, પવિત્ર, પ્રેમાર્દ્ર હૃદયની છાયાનો લાભ લેવાની શુભેચ્છાએ, સ્નેહીજનોને મળવાની ઉત્સુકતાએ, તે થોડાજ દિવસ થયાં અત્રે આવ્યો હતો. નિવૃત્તિનો લાભ પમાય, પ્રવૃત્તિના ઉદ્દેશો ભુલી ન જવાય, ઉન્નતિક્રમમાં આગળ પડતું થવાય, એવા ઉચ્ચાશયથી સુપ્રસિદ્ધ કવિ કાલીદાસપ્રણિત નાટકોમાં શકુન્તલા, વિક્રમોર્વશીય, ભવભૂતિપ્રણિત માલતીમાધવ. ઉત્તરરામચરિત્, મહા કવિ બાણપ્રણિત કાદમ્બરી અને અંગ્રેજી પ્રસિદ્ધ કવિઓનાં પુસ્તકો પોતાની સાથે તે લેતો આવ્યો હતો, -પુસ્તકોનો મોટો ભાગ તેણે ઇનામતરીકેજ મેળવ્યો હતો. જે દિવસના ભાગમાં વાંચતો, વિચારતો અને અવકાશ મળતાં તેના ઉપર પોતાના સ્વતંત્ર વિચારોનું ટિપ્પણ પણ લખી રાખતો હતો. રાત્રિનો સમય કંટાળાભર્યો ન થાય એવા હેતુથી તે એક સામાન્ય કીંમતની સારંગી લેતો આવ્યો હતો. નિવૃત્તિનો સમય આનન્દમાં ગળાય એ હેતુથી તે ઘણીવાર રાત્રના ભાગમાં વગાડતો હતો. સારંગીના યોગે તેનામાં કાવ્યશક્તિ વિશેષ ખીલી નીકળી હતી. સારંગી હાથમાં લેતાંજ તેના વિચારો કવિતાના રૂપમાં બદલી જતા. જેથી નલિનીકાન્તને એક પંથ ને બે કામ સિદ્ધ થવા જેવું થયું હતું.

પ્રકરણ ૧૧ મું.

સ્નેહભર્યા સંવાદ.

Friendship like the immoratality of the soul, is too good to be believed......Happy is the house that shelters a friend...

The essence of friendship is entireness, a total magnanimity and trust.

Emerson.

"સુહૃદ્ ! ગઇ રાત્રિના આનન્દની તો અવધિજ હતી."

"આ કહેવાથી તારા હૃદયનો આશય કાંઇ બહાર આવતો નથી." નલિનીકાન્તે ગંભીરતા ધારણ કરી કહ્યું.

"શશિકળાથી સંચાતી શાન્ત સુધામાં નહાતાં, તેનાજ ગુણ ગાવામાં તારૂં હૃદય ગતરાત્રિએ પ્રવર્ત્યું હતું. ચન્દ્રિકાની મધુરતા સાથે હૃદયની મધુરતા મળતાં ઘણો આનંદ તને કાલે મળ્યો હશે !" રસિકલાલે જરા સ્પષ્ટ કર્યું.

"શું તું સાંભળતો હતો." નલિનીકાન્તે આશ્ચર્ય પામતાં પ્રત્યુત્તર વાળ્યો.

"સુહૃદ ! સંસ્કારી હૃદયની પ્રેમભરી લાગણીયુક્ત કવિતા મધુર સારંગીસહ મધુર અવાજથી આલાપતાં કયો કમનશીબ સાંભળવા વૃત્તિને વેગ ન આપે ! હું ધારૂંછું કે આખું આહ્લાદપુર સાંભળવામાં રોકાયું હશે." રસિકલાલે મિત્રનું હૃદય જાણવાની ઇચ્છા રાખતાં કહ્યું.

"રસિક ! તારી ટેવ તો આવીને આવી રહી. કાવ્યપ્રદેશ એ હૃદયજન્ય લાગણીઓનું સંગ્રહસ્થાન છે. ચન્દ્રિકાને વિશ્વસાથે અપૂર્વ આનંદિત ચહેરાએ રમતી જોતાં, હૃદયમાં તેના પ્રત્યે સદ્ભાવની અમુક લાગણી ઉદ્ભવે અને કવિતાના સ્થૂલ રૂપે સારંગીના શોખે કરી તદ્દ્વારા બહાર આવવા માંડે, તેમાં હું નથી

ધારતો કે તને તેમજ આહ્લાદપુરને નારાજ થવાનું મેં કારણ આપ્યું હોય ?"

"અન્યને નારાજ થવાનું કારણ આપ્યું છે કે નહિ એ તો અંતર્યામી જાણે પરંતુ મને તો નારાજ થવાનું કારણ મળ્યું છે તેનું કેમ ?

'નારાજ, નારાજ થવાનું, પ્રિય રસિક ! તુ તેમાંથી કાંઇ બતાવી શકશે ?"

"બલ્કત કેમ નહિ."

"ચન્દ્રિકાને સમ્બોધી ગવાયલી કવિતામાં નારાજ થવાનું તત્વ તું મને શોધી આપ ત્યારે. પરંતુ અર્થનો અનર્થ કરવા જતાં રસિકની રસિકતામાં ખામી ન આવે એનો પહેલો વિચાર કરજે."

સુહૃદ ! હું સિદ્ધ કરી બતાવું પછી તો કબુલ કરશે ને ?"

"પ્રત્યક્ષ વાતને ન સ્વીકારવી એતો દુરાગ્રહ ગણાય અને દોષ ન છતાં દોષ જોવાય એ દોષદૃષ્ટિ હોય આપણા બેમાં કોણ સાચું છે તેનો ન્યાય પણ આપણેજ કરવાનો છે."

"સત્ય છે. સાંભળ સંગીત સ્રીયોનું કે પુરૂષનું ?"

"આવા પ્રશ્નને અહિં શો સમ્બન્ધ ?"

"સમ્બન્ધ છે કે નહિ ? એ પછી જણાશે. હમણાં હું પૂછું તેનો પ્રત્યુત્તર હૃદયને પૂછી આપ્યા જ કર."

"ભલે, તારી આવીજ ઇચ્છા છે તો શ્રવણ કર. સંગીત સાહિત્યમાં સ્રીને સ્થાન અને પુરૂષને નહિ અથવા પુરૂષને સ્થાન અને સ્રીને નહિ એવું અનંત બ્રહ્માંડને ગતિ આપનાર સત્તાથી કાંઇ લખીતવાર આવ્યું નથી. મારા વિચારપ્રમાણે તો બાંધે તેનીજ તલવાર જેવું જ છે. ઉભય વર્ગને સંગીત ક્ષેત્રમાં સરખું જ સ્થાન છે. છતાં સ્રીઓના કંઠમાં મધુરતા, હૃદયમાં કોમળતા, આદિ જે ગુણો સ્વાભાવિક રહ્યા છે તેના લીધે તેઓ સંગીતને વધારે પ્રિય, મોહક, અને આકર્ષક બનાવી શકે છે. એથી એવું અનુમાન ન કરી શકાય કે પુરૂષોકરતાં સ્રીયોને સંગીતમાં વિશેષ સ્થાન છે. પુરૂષના જેટલી સંગીતની શાસ્રીય

મહત્તા સ્રીયેઃ નહિ બતાવી શકે તેમજ સ્રીઓના જેટલી સંગીતની મીઠાશ પુરૂષો નહિ આપી શકે. તપસ્વીઓનું તપભંગ કરવામાં સ્રીઓની મીઠાશજ કારણભુત થાય છે.”

“સુહૃદ ! હું પણ એજ કહેવા માગતો હતો. કેમ વકીલ થયા છવાં પોતાનાં હાથેજ પોતાનો કેસ હારી ગયા ને !”

“આમાં હારવા જેવું શું હતું ?”

“સમજ તો તો ઘણુંય છે ? મારા નારાજ થવાનું ગુપ્ત પણ મીઠું રહસ્ય તારાજ શબ્દોમાં ઓતપ્રોત છે.”

“તારૂં બોલવું મર્મભરેલું છે. મર્મભર્યું બોલવું અને બીજાને આમ ભ્રમમાં નાખવાની ટેવથી તો રસિક! આપણે બચવું જોઇએ. નાની બાબતને મોટું સ્વરૂપ આપી સમયને જતો કરવો તે કરતાં અન્યથી સમજી શકાય એવા રૂપમાં વાતને મૂકી સમય બચાવવો એ પ્રવૃત્તિ મને વિશેષ પ્રિય છે. કહેવાનું હોય તે સ્પષ્ટ કહેવું જોઇએ. પ્રસંગવિના મજાક કરવાની વૃત્તિને તારે જેમ બને તેમ ઓછી કરવા શિખવું જોઇએ.”

“પ્રસંગ જાણ્યા પછી લાંબુ ભાષણ તારે પાછું ખેંચવું પડશે. કહેવાનું તો કહી ચૂકયો છું. સમજયો હશે છતાં મારીજ પાસે બોલાવવું છે કેમ ! સુહૃદ ! સ્પષ્ટ વાણીમાં બોલુ ! સાદા શબ્દમાં બોલું ! ભલે તેમજ કરૂં છું. વિદ્યાસાગરમાં ડુબકી મારનાર, કાવ્યસરિતામાં ઉત્સાહભર્યા ઉરે તરનાર અને સંગીત સાહિત્યમાં પ્રેમપૂર્વક વિહાર કરનારને સંસારના અંગે મનાયલા સાચા સ્નેહીની અપ્રાપ્તિ એ મારા હૃદયને નારાજ કેમ ન કરે ? સુહૃદ ! જ્ઞાતિ, રૂઢિની દાસી છે. ભણેલાની ભૂલો શોધે અને અભણ્યા વખણ્યા કરે, ધનવિનાના ધીમાનને ગાંડો ગણે અને બુદ્ધિવિનાના શ્રીમાનને ડાહ્યો ગણે. જેની પાસે પાંચ પૈસા હોય કે ઘર સારૂં હોય તેને કન્યા દેવા દોડે અને તારા જેવા ભણેલા ગણેલા કન્યાવિના રહે. પાંચ પૈસા મળ્યા એટલે પુત્રીનો બાપ બાદશાહ બને. પુત્રી સુખી થાય કે દુઃખી થાય તેમાં કયાં માબાપને લેવા દેવા છે ! સુહૃદ ! દુનીઆ ઘણી બુરી છે. તારી જાનમાં આવવાનો, મીઠો કંસાર ખાવાનો, શું મને ઉમંગ નહિ હોય ?”

"પ્રિય રસિક? તારૂં મગજ તો વિચિત્ર છે. જ્યાં જે વાત ન હોય ત્યાં તે વાતનું ચોકઠું બેસાડવામાં તું હવે પ્રવીણ થયો છે. "કર્મઆડું પાંદડું." જે સત્તાએ તને ભણાવ્યો છે તે સત્તા તારી ઇચ્છા પણ વહેલી મોડી સંતોષશે. ઉન્નતિક્રમમાં મનુષ્યોને આગળ પાડવા એ ખાસ કુદરતનો નિયમ છે. જે સમયે જેની જરૂર છે તે સમયે તે આપોઆપ આપે છે.

એક અંગ્રેજ તત્સમ્બન્ધે ખરૂંજ કહે છે.

I am always content with that which happens; for I think that what God chooses is better than what I choose. Seek not that things should happen as you wish, but wish the things which happen to be as they are, and you will have a tranquil flow of life. 1

Epictetus.

પ્રભુ ઇચ્છા પ્રમાણે જે થાય તે જોયા કર. દાંત પહેલાં જેણે માતાનાં સ્તનમાં પય ભર્યું, દાંત આવતાં જેણે અનાજ પુરૂં પાડયું, સમજણ આવતાં બુદ્ધિ ખીલવવાનાં સાધનો જેણે પ્રતિપળે આપ્યા કર્યાં, તે સત્તા જરૂર જણાયે મને ગૃહશાળામાં પ્રવેશ શું નહિ કરાવે? રસિક! મારી ચિન્તા જેટલી મને છે તે કરતાં તને ઘણી છે; જેના માટે મારૂં હૃદય આનન્દથી ઉભરાય છે. પરંતુ મશ્કરીમાં સમય ચાલ્યો જાય છે. હમણા આવશે એવી આશામાં રહેલાં ગૃહદેવીનું શું ધાર્યું."

"અનુભવવિના મારૂં બોલવું નહિ સમજાય, સમય મળ્યે વળી કહીશ."

---

1 "જે કાંઇ થાય છે તેથી હું હમેશાં સંતોષ રાખું છું. કારણકે, મારી પસંદગી પ્રમાણે થાય તે કરતાં પરમાત્માની પસંદગી પ્રમાણે થાય એ હું વધારે સારૂં ગણું છું. તમારી પસંદગી પ્રમાણે થાય એવી આશા ન રાખો, પરંતુ જે સ્વરૂપે તે થવાની છે તેવીજ ઇચ્છા રાખો અને આ પ્રમાણે વર્તવાથી તમે શાન્તિનું આવું ઝરણું તમારી જીંદગીમાં રમતું જોશો."

એપીકટેટસ.

ભગવતિ ઉષાદેવીનો ભવ્ય પ્રકાશ વિશ્વકુંજે પથરાઇ ચૂકયો દામ્પત્ય પ્રેમમાં કિલ્લોલ કરતા દંપતિનો, દિવ્ય પ્રેમપ્રવાહ ગૃહકુંજે પડવા માંડયો; સ્નેહસરિતાનો આછો પણ અમીભર્યો પ્રવાહ હૃદયકુંજમાં વહવા લાગ્યો; અને હૃદયકુંજના રસ માધુર્યે, ઇષ્ટ માનેલા પ્રત્યે આનન્દભાવ દર્શાવવા જનસમાજને ઉદ્યુકત પણ કરી દીધા.

પ્રવૃત્તિ પ્રદેશે વાધવાના જીજ્ઞાસુ, કલ્યાણકર સામગ્રી સંભાળતા હતા; ભકિતરસે ભીંજાયલા ભકતજનો પ્રફુલ્લિત ચિત્તે, સ્થિર મને, અને હસતા હૃદયે ઇષ્ટ પ્રભુનાં સ્તવન ગાવામાં પ્રેરાયા હતા; પ્રભુમન્દિરમાં થતા ઘંટનાદે, આખા શહેરને અવનવા આનન્દમાં ડુબાડયું હતું; પતિભક્ત પ્રમદાઓ, સૂર્યોદય થવા પહેલાં દંતધાવન સ્નાનાદિ ક્રિયાઓથી પરવારી, તાંબા પીતળનાં બેડાંસહ નિર્મળ નદીના જળ ભરવામાં ગુંથાણી હતી; અને આહલાદપુર એજ કાશી-જેવું તીર્થક્ષેત્ર ન હોય ! એવો દેખાવ થઇ રહ્યો હતો. આર્ય શાસ્ત્રકારોએ સૂર્યોદય પહેલાં ઉઠવાનો જે બોધ કર્યો છે તે કેટલો સાચો અને કુદરતી છે તેનો ખ્યાલ સૂર્યોદય પહેલાં સ્નાન સન્ધ્યાદિ કર્મોમાં પ્રેમપૂર્વક યોજાયલાં સ્રીપુરૂષો સહજ સમજે છે. બાકી નિરૂત્સાહી, નિરૂદ્યમી અને માનવ જીવનની કિંમત ન જાણનાર મૂર્ખ, એદી સ્રીપુરૂષો પથારીમાં પડયા રહે તેને ઉષાદેવીનું રસભર્યું લ્હાણું ન મળે એમાં કોનો દોષ કાઢવો ! એ પ્રિય વાંચક ? તમારીજ ઇચ્છા ઉપર છોડું છું.

લક્ષ્મીદાસ શેઠને ત્યાં આવેલી જાનના માણસો જાગૃત થયા છે, કોઇ દંતાધાવન, કોઈ શૌચ, કોઇ સ્નાન આદિ ક્રિયાઓ-માંથી મુક્ત થવા શહેરની સમીપમાં ખળખળ વહતી સરિતાના તીરે જવા, જોઇતી સામગ્રી એકઠી કરવા લાગ્યા છે; અને થોડો ભાગ રસ્તે પણ પડી ચૂકયો છે.

પ્રભાકરનાં સુવર્ણમયી આછાં કિરણોમાં, સૃષ્ટિ ન્હાવા માંડે તે પહેલાં નલિનીકાન્ત, દંતધાવન શૌચ, સ્નાન, સન્ધ્યા આદિ ક્રિયા માટે સેવ્ય સરિતાના પંથે પડી ચુકયો હતો. આ સમયે તેણે અંગપર સરબતી મલમલનું સાદું પણ સ્વચ્છ બદન પ-

કેર્યું હતું. તેના જમણા હાથમાં જર્મનસીલવરનો લોટો તથા પુજાનાં સાહિત્યો હતાં. વામ હાથમાંના ખંભે ઝીણી રેશમી કિનારની ધોતી હતી, જે પવન લહરીએ ઝોલા ખાતી હતી. માથાનો ભાગ ખુલ્લો હતો છતાં વાળ હવામાં ઉડતા ન હતા. સંભાળપુર્વક ચાલતાં નલિનીકાન્ત શહેર બહાર આવી પહોંચ્યો. નદી જવાના માર્ગપ્રત્યે દૃષ્ટિ ફેંકે છે તો તેનો મિત્ર રસિકલાલ સ્નાન સંધ્યા આદિ કર્મથી પરવારી, મોઢેથી પવિત્ર મંત્રોનો ઉચ્ચાર કરતો આવતો જુએ છે, બન્ને મિત્રોની દૃષ્ટિએ પ્રેમપીયુષ પીવા માંડયું; પ્રસન્નતાનો પ્રભાવ બન્ને મિત્રના વદન ઉપર ઝળકવા લાગ્યો; અને હૃદયશું હ્રદય મળતાં નૂતન ભાવના વાતાવરણમાં બન્ને મિત્રો પ્રવેશી ચૂકયા, પરસ્પર હસતાં બન્ને મિત્રો ઉભા રહ્યા,

રસિકલાલ અને નલિનીકાન્ત એકજ શાળામાં ઘણાં વર્ષો સાથે ભણ્યા હતા તેમજ બન્નેનો સ્વભાવ એક બીજા સાથે ઘણો મળી ગયો હતો. વયમાં તફાવત હોવા છતાં વાતચિત કરવામાં નાનામોટાપણું સાચવવુ તેઓ યોગ્ય ધારતા ન હતા. દિવસમાં એકાદ વખત જ્યારે મળે ત્યારે બન્નેને સંતોષ થતો હતો. બન્નેના ધંધા જુદા હતા છતાં વિચાર જુદા ન હતા. રસિકલાલનો સ્વભાવ ઘણો આનન્દી હતો, મિત્રનું હ્રદય જાણી તેને પ્રિય થઇ પડે એવું બોલવામાં તેનામાં નૈસર્ગિક શક્તિ હતી. ગમે તેવા ઉદાસીના વખતમાં પણ અન્યને હસાવવામાં તેણે પોતાની વાણી ઉપર કાબુ મેળવ્યો હતો એમ કહેવું યથાર્થજ હતું.

ગતરાત્રિનું પ્રેમભર્યું કાવ્ય સારંગીસાથે જ્યારે નલિનીકાન્ત ગાતો હતો ત્યારે રસિકલાલ તે ધ્યાન દઇને સાંભળતો હતો. રાત્રિનો સમય હોવાથી રસિકલાલ પોતાનો ઉભરો ઠલવવા મિત્રને ત્યાં જઇ શકયો ન હતો; પરંતુ મિત્રને અહીં અચાનક મળેલો જાણી, ગત રાત્રિનો આનન્દ જાણવાનું ઠીક સુગમ પડશે જાણી, મનમાં ઘડીભર વિચાર કરવા લાગ્યો. નિત્યની ટેવ પ્રમાણે તેમાંથી કાંઇક શોધી, હસતા મુખડે નલિનીકાન્ત પ્રત્યે દૃષ્ટિ રાખી રસિકલાલે વાણીને પ્રથમ સ્થાન આપ્યું.

બન્ને સ્નેહાર્દ્ર મિત્રો વાતચીતમાં એટલા બધા તલ્લિન થયા હતા કે રસ્તે કોણ જાય આવે છે તેનું ભાન પણ તેમને ભાગ્યેજ હતુ. બન્ને મિત્ર વચ્ચે સ્નેહભર્યો સંવાદ ચાલતો હતો ત્યારે જાનમાં આવેલો સ્ત્રીવર્ગ સ્નાનાર્થે નદી ઉપર જતો હતો. સરલા અને શારદા ગત રાત્રિના પ્રસંગનું સ્મરણ કરતાં સૌ પાછળ ધીરા પગલે ચાલ્યાં જતાં હતાં. આ બન્ને મિત્રોવચ્ચે થતી વાતચીતના એકાદ શબ્દે સરલાનું હૃદય ખેંચ્યું. પગમાં ઠેસ વાગ્યાના મસે ઉભી રહી. કાન દઇ સાંભળતાં ગત રાત્રિએ સારંગીસહ કવિતા ગાનાર આજ યુવક છે એમ નક્કી પણ થયું જ. સરલા, રસિકલાલને સહજ ઓળખતી હતી પણ જેની સાથે તે વાત કરવામાં આટલો બધો રસ લે છે તે યુવાનને તો તેણે કોઇ દિવસ જોયો પણ નહતો.

“રસિક! સમય મળ્યે હજુ વળી સાંભળવાનું મારે બાકી રહ્યું!”

“સુહૃદ! જ્યાંસુધી તું શાળાનો વિદ્યાર્થી મટી ગૃહશાળાનો વિદ્યાર્થિ નહિ થાય ત્યાંસુધી મારી વાતનો અંત આવવાનો નથીજ. વળી તું સંસ્કૃત સાહિત્યનો રસજ્ઞ થયો છે. જે આદર્શ ગૃહિણીનું ચિત્ર તારા હૃદયમાં કોરાયું છે તે ચિત્ર આપણી જ્ઞાતિમાં હજુ કોઇએ જોયું પણ નથી. તું તારી તે ઇચ્છા તજી દે તો મારી વાતનો અની મેળેજ છેડો આવશે.”

“રસિક! તારૂં બોલવું હમેશાં માર્મિક છે. જે સિદ્ધિ દૃષ્ટિથી દુર છે તે સિદ્ધિ પ્રત્યક્ષ થતાં તને પણ આનન્દ થશે. સમયનાં વાજાં, સમયે જ સારાં. મારી ખાતર નહિ પણ અન્યની ખાતર હવે ઘેર જશે!”

“ભલે, આ ચાલ્યો.” એટલું બોલતાં રસિકલાલ ચાલી નીકળ્યો. આ યુવાન નાગરજ્ઞાતિનો જ છે એમ જાણતાં સરલાના હૃદયમાં એક પક્ષે ઘણો આનન્દ થયો પણ બીજે પક્ષે પૂર્ણ વિચાર કર્યા પહેલાં અમુક નિશ્ચય કરવો એ વ્યાજબી ન લાગતાં ઉદાસ પણ થઇ. દુષ્યન્તની પ્રીતિ કરી પસ્તાવાનો સમય પ્રાપ્ત થતાં શકુન્તલાને જે ઉપદેશ શાર્ઙ્ગરવે આપ્યો છે

તે શ્લોક સરલાને સાંભળી આવ્યો અને મનમાં મનમાં બોલવા લાગી.

" अतः परीक्ष्य कर्तव्यं विशेषात्सं गतं रहः ।
" अज्ञात हृदयेष्वेवं वैरी भवति सौहृदम् ॥ "

કાર્યના આરંભ પહેલાં પૂર્ણ વિચાર કરવો આવશ્યક છે. ઉજળું એટલું દુધ માની ઘણાં સ્ત્રી પુરૂષો ઠગાયાં છે. દૃષ્ટિથી જોયા પછી પગ મુકવો, વસ્ત્રથી ગાળીને પાણી પીવું, સત્યથી શુદ્ધ કરી શબ્દો બોલવા અને મનને પવિત્ર કરી કર્તવ્યપ્રદેશમાં વિહરવું એ જેમ માનવધર્મ છે; તેમ હૃદય જેવી કોમળ વસ્તુને કોઇના વિશ્વાસે મૂકવા પહેલાં તેના ચારિત્ર્યનો વિચાર કરવો એ પણ માનવ ધર્મ નથી શું ?

" यथा च तु भिः कनकं परीक्ष्यते निघर्षणच्छेदन ताप ताडनैः
" तथा चतुर्भिः पुरुपः परीक्ष्यते श्रुतेन शीलेन कुलेन कर्मणा ॥

भर्तृहरि.

" ચારિત્ર્યનું ઉચ્ચપણું એજ સ્ત્રીપુરૂષનું આભૂષણ છે. ઉચ્ચ ચારિત્ર્યવિભુષિત સ્વામી મળે તોજ સ્ત્રીજીવનનું સાફલ્ય છે. જે ગુણોની હું આશા રાખું છું તે ગુણો આ યુવાનમાં ઘણાઅંશે દૃષ્ય થાય છે. આકૃતિ ગુણોને બતાવી આપે છે છતાં તેમાં પણ ઘણી ભૂલ થાય છે. મારી આશામાં નવલ બળ હવે રેડાવા લાગ્યું છે. જે જેને શોધે તે તેને મળી આવે એ નિયમ કુદરતી છે. અંગ્રેજીમાં પણ મેં વાંચ્યું છે કે " He that seeketh, findeth, and to him that knocketh, it shall be opened " " સરિતા સાગરમાં તદ્દરૂપ થવાની આશામાં જેમ ઉછાળા મારે

---

* " વિશેષ કરી જે ગુહ્ય તેમાં પરિક્ષા કર્તવ્ય છે. અજ્ઞાત હૃદયમાં કરેલી મિત્રતા વૈરનું સ્વરૂપ પકડે છે.

શાકુંતલ.

છે તેમ સરલાનું હૃદય આજે ઉછાળા મારવા લાગ્યું. આ સંસારને સ્વર્ગસમ સુંદર જોવાની અભિલાષાવાળી સરલાના મનમાં અવનવો આનન્દ આજ વધતો જણાયો; ઇપ્સિત સિદ્ધ પોતાની સમીપમાં આવતી જાય છે એવા સાનુકુળ સંજોગો જોતાં તેનું વૃત્તિવૃન્દ આનન્દથી આજ રમવા લાગ્યું. વિચારમાં રહેતી સરલા તેની ભાભી શારદા કરતાં ઘણી પાછળ રહી. વાંકી વળી પગમાંથી કાંટો કાઢતાં જાણી શારદા જરા પાછળ વળી. શારદાને પોતાના ભણી આવતા જાણી સરલાએ ઉતાવળું ઉતાવળું ચાલવા માંડયું. નણંદ ભોજાઇ ભેગાં થયાં અને ઉતાવળી ચાલે નદી તીરે રાહ જોતા સ્રીમંડળને મળ્યાં

"પરદેશનો માલ છે. લુગડાં સાચવવા આપણામાંથી એકાદ જણ અહિં કાંઠે રોકાય ને આપણે બધાં શૌચકર્મ કરવા જઇએ." એક અનુભવી સ્રીએ કહ્યું.

"સાચી વાત છે. નદી કાંઠે ઘણી વખત એવું બને છે દુધનો દાઝયો છાશ પણ જેમ ફુંકીને પીએ તેમ આપણે પણ આ બાબતમાં કરવું જોઇએ." શારદાએ પોતાનો વિચાર જણાવ્યો. અંતમાં સૌની દ્રષ્ટિ સરલા ઉપર પડી. ચાલાક બાળા સમજી ગઇ. સૌ કહે ને રોકાવુ પડે તે કરતાં પોતાની ઇચ્છાથી રોકાવું ઘણું સારૂં છે.

"શારદા ભાભી! ભલે પહેલાં તમે સૌ જઇ આવો. તમારામાંથી એકાદ જણ આવે ત્યાંસુધી હુ સંભાળથી બેસીશ."

"દોડવું હોય ને ઢાળ આવે અથવા જોઈતું હોય ને વૈદ્ય હા પાડે એના જેવું સૌને, સરલાના શબ્દો સાંભળતાં થયું. શારદા તથા અન્ય સ્રીઓ સારતાના પુલ ઉતરી સામે કાંઠે જવા લાગ્યાં. સરલા [illegible] તણાવા લાગી.

પ્રકરણ ૧૨ મું.

સરિતા કિનારે સરલા.

(શારદુલ.)

પિતા ધામ તજે સતી પતિ ભજે, સ્નેહાર્દ્ર પંથે સરે,
મારૂં સર્વ ભુલે પતિ કર ઝુલે, આનન્દ અંગે ધરે;
તેવી દિવ્ય નદી સરે રતિવડે, વ્હાલા ગણે વારિધિ,
તે જોતી સરલા હસે મનવિષે, ચાહે અનેરી સિદ્ધિ.

—:૦:—

"કેવું રમ્ય અને પવિત્ર સ્થળ! જ્યાં જતાં હૃદયને શાન્તિ મળે છે, સુવિચારોનો રસઝરો ઉછળે છે અને આત્મામાં નવુંજ ચૈતન્ય પ્રવેશ પામે છે. પ્રભુ સૃષ્ટિનાં સર્વ સ્થળ બોધક અને આનન્દદાયક જ છે.

હરિગીત છંદ.

"તવ દર્શને મનુ દ્રષ્ટિમાં, વૃષ્ટિ અમીની ઉછળતી,
"તવ સ્પર્શથી મનુ શરીરમાં કાન્તિ અલૌકિક આવતી;
"તવ ઉરની રસ અંજલિ, પીતા મનુ શાન્તિ મળે."

પ્રમદા પ્રાણાર્પણ.

એ શું ખોટું છે?

"સરિતામાં સ્નાન કરતાં સ્ત્રીપુરૂષો, સરિતા જે શિખવવા માગે છે તે શિખવા તેઓનાં હૃદય તૈયાર રાખતાં નથી એ નવાઇની વાત છે.

"સરિતામાં સ્નાન કરવાથી અનેક લાભ—ધર્મલાભ થવાનું આર્યશાસ્ત્રકારોએ જણાવ્યું છે. જે આધારે તે જણાવ્યું છે તે

નહિ સમજતાં અંગ્રેજી ભણેલાં ઘણાં સ્ત્રીપુરૂષો, આર્યશાસ્ત્ર પ્રત્યે અશ્રદ્ધાની દૃષ્ટિથી જોતાં થયાં છે. અંગ્રેજી ભણ્યા પછી સ્ત્રીપુરૂષની બુદ્ધિનો વિકાસ થાય છે એ કેટલાક અંશે સાચું હશે. છતાં જે પોતાની બુદ્ધિમાં ઉતરે તેટલું સાચું અને અન્ય બધું ખોટું; એ રીતિ તો લાભદાયક નથી જ. પાશ્ચાત્ય પ્રજાના ડાક્ટરોના અભિપ્રાયથી ઘણાં સ્ત્રીપુરૂષ એટલું તો હાલ સમજતાં થયાં છે કે, સરિતાનું સલિલ વહેતું હોવાથી તે વિશેષ નિર્મળ હોય છે; જેમાં ન્હાવાથી તન્દુરસ્તીને સારો લાભ થાય છે. જે લાભ સ્પૂળને થાય તેમાંથી સૂક્ષ્મ શરીરને કાંઇ લાભ ન થાય એ કેટલું સત્ય છે તે ઘણું વિચારણીય છે. ગાયને સુખ તો ગર્ભને પણ સુખ એ ન્યાયે સ્થુળ શરીરને લાભ થાય તો સૂક્ષ્મ શરીરને પણ લાભ થવોજ જોઇએ. છતાં મારાં ભણેલાં ગણેલાં ભાઇ બ્હેનો એ વાતને હસી કાઢે છે. અહો! કેટલી બધી અજ્ઞાનતા!

"હાલના વિદ્વાનો વસ્તુનું સ્થુલ જ જુએ છે. પરંતુ વસ્તુના ગર્ભભાગમાં શું તત્વ છે? અર્થાત્ તેના દર્શનથી, તેના સ્પર્શથી, અંતઃકરણમાં શું લાગણીઓ ઉદ્ભવે છે! તે જોવાને બીલકુલ પ્રયત્ન કરતા નથી. શરીરનું પૃથક્કરણ કરતાં પાશ્ચાત્ય ડાક્ટરોને આત્મા જેવું કાંઇ ન જણાયું તેમાં કોનો દોષ?

વસન્તતિલકા.

" શાસ્ત્રો શિખે પણ રહસ્ય ન શાસ્ત્ર જાણે,
" જાણે ખગોળ પણ ભૂમિ ઉભો ન જાણે;
" બોધે હશી જગતણો હિત પંથ નિત્યે,
" શોધે ન કિન્તુ નિજનો હિત પંથ પ્રીત્યે.

"સ્થુલ દૃષ્ટિએ કરેલું અવલોકન ઘણા અંશે સાચું હોતું નથી. મોટી મોટી વાતો કરે છતાં નાની વાતોનું અજ્ઞાન ટળ્યું હોતું નથી. ઘણું મળે તે કરતાં થોડું પણ સંગીન મળે તોજ સારૂં છે. એક અંગ્રેજી ગ્રંથકાર લખે છે કે:—

" Better to be a little wise,
    Than learned over much;
Better than high are lowly thoughts,
    For truthful thoughts are such.
Better to have a quiet grief,
    Than a tumultuous joy;
Better than manhood age's face,
    If the heart be of a boy.
Better a death when work is done,
    Than earths more favoured with;
Better a child in God's great house,
    Than the king of all the earth. "

George macdonald.

" સોજા ચઢે ને જાડા થવું " તે કરતાં શરીરની મૂળ સ્થિતિ પસંદ કરવા જેવી છે. દરેક વસ્તુનું સ્થૂલ સ્વરૂપ જાણવા કરતાં થોડીક વસ્તુના સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપને જાણવું વિશેષ હિતપ્રદ છે. સરિતા સ્થૂલ શરીરને જે લાભ આપે છે તેના કરતાં તે જોનારાની હૃદયમાં જે લાગણીઓ ઉપસ્થિત કરે છે અને તે લાગણીઓથી મળી શકતો લાભ સમજી શકે તો સ્ત્રીપુરૂષોને માટે ઘણો છે. શાસ્ત્રોના પઠનથી–ગુરૂબોધના શ્રવણથી જે ગૃહ-

---

૧ વિશેષ ભણવું તે કરતાં થોડુંક ડાહ્યા થવુ એ ઘણુંજ સારૂં છે. નમ્ર વિચારો ઉંચા (અક્કડ) વિચારો કરતાં વિશેષ સારા છે કારણકે એ સત્ય છે.

૨ ઉપદ્રવવાળા આનન્દ કરતાં શાન્તિ વાળી દિલગીરી હોવી સારી છે. જો હૃદય બાળકના જેટલું નિર્દોષ હોય તો આદમીની અવસ્થા કરતાં પ્રથમાવસ્થા (યુવાવસ્થા) વધારે સારી છે.

૩ કાર્ય પુરૂં થઇ રહ્યા પછી પૃથ્વીમાં સૌથી અનુકૂળ જન્મ મળે તે કરતાં મૃત્યુ ઘણુંજ સારૂં છે, અને આખી પૃથ્વીનું સામ્રાજ્ય મળે તેથી પ્રભુના દરબારમાં બાળક થવું વધારે સારૂં છે.

જ્યોર્જ મેકડાનેલ્ડ.

સ્થાશ્રમનું ઉચ્ચ સ્વરૂપ નથી સમજી શકતાં તેવાં સ્ત્રીપુરૂષો પણ સરિતાના દર્શનથી તે સ્વરૂપ સમજતાં થાય છે. દામ્પત્ય પ્રીતિની પ્યાલી પીવા ચાહનાર સ્ત્રીપુરૂષોએ કેમ વર્તવું, એક-બીજાએ પોતાના હૃદયનો કેટલા પ્રમાણમાં ભોગ આપવો, એ બોધ, સ્ત્રીપુરૂષને સરિતા સહજ કરે છે. જે પ્રમાણે તે બોધ આપે છે તેને અનુપમ જ તેનું આખું જીવન હોવાથી સમજુ હૃદયને શંકા કરવાનો પણ સંભવ હોતો નથી કારણ કે—

" પ્રતિભા પુરી પ્રકૃતિ ઠરી, નિજ પ્રાણપર ખોળે મૂકે,
" ગ્રથિ રચી આત્મા સમર્પી, સાચવે આત્મા સટે;
" સ્ત્રી પુરૂષ દ્રષ્ટિ ખેંચી સમીપે, રવ કરી ખળખળ સરે,
" દામ્પત્ય પ્રેમે હૃદય હૃદયે, જોડવા શિખ ઉર ધરે,
" સુંદરી રૂપે સ્વાર્પણ સિદ્ધિ, સાગરપ્રતિ સરિતા કરે,
" પ્રેમી થવા પોષણ પ્રભા, દેના લળી લળી વિનવે;
" રસિલી થવા રસ–તાલ, સાગર સાથ લેવા ગતિ કરે,
" વ્હાલી થવા સાગર ગુણો, વ્હાલે વધાવા રતિ કરે.
" માતા રૂપે જીવો હસી, ધરી અંક પ્રેમે પોષતી,
" રસ તરંગ ઉર્મી ઉછાળી. શાન્તિ સહ સંતોષતી;
" પરમાર્થમાં પહેલી થવા નિજ જાતને જાતી કરે,
" તરૂ, વેલ, વેલી પોષી ફળ, સ્વાદિષ્ટ સૌ સમીપે ધરે.

"ઓ સેવ્ય સરિતા ? તારા બોધની ભલે દુનિયા અવગણના કરે. પરંતુ તેથી તારે તેમના ઉપર રોષ ભરી દ્રષ્ટિ ફેંકવાનું કશુંય કારણ નથી સરિતા અને સાગર જે દામ્પત્ય પ્રેમનું સૂચન કરે છે તે પ્રેમે જ્યાંસુધી સ્ત્રીપુરૂષનાં હૃદય ભીંજાયાં નથી, ત્યાંસુધી જીવનનો ઉત્કર્ષ ન સમજાય એમાં વિચાર કરવા જેવું કાંઈ નથી.

"મીઠી સરિતાનો પ્રભાવ સ્ત્રીજાતિ ક્યારે સમજશે ? સરિતા જેવો આત્મનિશ્ચય આર્ય સુન્દરીઓના હૃદય–મનમાં

ક્યારે રમતો થશે ? અને સરિતાના જેટલું હૃદય ઔદાર્ય તેઓના હૃદયમાં ક્યારે સ્થાન લેશે ? એક સમય એવો પણ આવશે."

"જેવી સરિતા તેવીજ સ્ત્રી છે. જેમ ગિરિરાજનું પવિત્ર રમ્ય સ્થાન તજી સરિતા સાગરમાં પોતાના આત્માનું સ્વાર્પણ કરે છે તેવીજ રીતે સ્ત્રીયે પોતાના સ્વામીના હૃદયમાં પોતાના સર્વસ્વનું સમર્પણ કરવાનું છે. ભીનામાંથી સુકામાં સુવાડનાર, લાલનપાલન કરનાર પિતામાતાનું પ્રેમભર્યું-આનન્દભર્યું સ્થાન તજવાનું છે અને સ્વામી એજ જીવન ગણી જીવવાનું છે. જે સાગરપ્રત્યે સરિતાનો હૃદયપ્રવાહ વળ્યો હોય છે ત્યાંજ વિરામવા સરિતા જેમ પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરે છે તેજ પ્રમાણે સ્ત્રીયોએ પોતાના હૃદયનો પ્રીતિરસ ભર્યો પ્રવાહ. જે જ્ઞાતિ પુરૂષપ્રત્યે સ્વભાવિકજ વળ્યો હોય છે તેમાંજ વિરામવા પોતાના સદ્ગુણોનો ઉપયોગ કરવાનો છે, સરિતાપ્રવાહને ખાળવાને જેમ અન્યની શક્તિ નથી, તેમ તે ખાળવા કોઇને જેમ હક નથી તેમ સ્ત્રીના હૃદયનો પ્રીતિપ્રવાહ રોકવા કોઇ સમર્થ નથી, તેમ તે વચ્ચે આડરૂપે પડવાનો કોઇને હક પણ નથી જ. સરિતાને અમુક સાગરમાંજ મળવા દેવી એવો નિશ્ચય જેમ ગિરિરાજનો નથી હોતો, તેમ સ્ત્રીને પણ અમુક પુરૂષ સાથે મળવું એવો નિશ્ચય તેઓના પિતાએ કરવાનો હોતો નથી. સરિતા પોતાના સ્વામી સાગરના ગુણોનો આશ્રય કરવામાં જેમ આનાકાની કરતી નથી તેમ સ્ત્રીયોએ પણ પોતાના સ્વામીના ગુણોમાં અનુરકત થવામાં સંશય કરવાનો નથી. પૂજ્ય પિતાનું ઉચ્ચસ્થાન તજી સરિતા સ્વામી સાગરને મળવા માટે ઉત્તરોત્તર નીચાજ સ્થાનનો આશ્રય કરવા છતાં આનન્દ માને છે. તેજ પ્રમાણે સ્ત્રીયે પણ જે પુરૂષપ્રત્યે પોતાના હૃદયનો વેગ હોય તે પુરૂષનું રૂપ, તેની લક્ષ્મી કે તેનું કુળ જોવાનું હોતું નથીજ."

આદિ વિચારોમાં આ બાળા તલ્લિન હતી. એટલામાં તેના કર્ણમાં અમૃતભર્યા શબ્દોનો ધ્વનિ આવ્યો બાળા, ચમકી. પાછળ દૃષ્ટિ કરતાં, તે શબ્દો બોલનારને નહિ જોવાથી, તે મનમાં ને મનમાં બોલી ઉઠી.

" શો આવીયો મધુર આ સ્વર ક્યાંથી આંહી,
" કીધો પ્રવેશ કયમ રે ! મુજ કર્ણમાંહી,
" શી રીતથી મનવિષે રણકાર કીધો,
" બેશુદ્ધ પ્રાણ મુજ કેમ સજીવ કીધો ?"

હૃદયઝરણાં.

પ્રકરણ ૧૩ મું.

પ્રેમ પરિક્ષા

મન્દાક્રાન્તા.

યોગી મધ્યે શિવ સરવથી શોભિતા શ્રેષ્ઠ રૂપે,
એતો હારે હરિ વદનીથી ઉપમા શી અનુપે;
તેવી સ્ત્રીમાં સુરપતિ શચી રૂપગુણોથી રાજે,
લાજે લાજે લલિત લલના લક્ષધા આથી લાજે.

તપત્યાખ્યાન.

" કવિની કાવ્યસૃષ્ટિને શોભાસ્પદ આ કોણ હશે ? કઇ માતાના ખોળાને આણે દીપાવ્યો હશે ! કઇ જ્ઞાતિને દુનિયાની દ્રષ્ટિમાં આગળ પાડી હશે ? કયા પુરૂષના ભાગ્યને ભર્યું હશે ! ખરેખર આનું સૌંદર્ય દેવોને પણ ઇર્ષા કરાવે એવું છે. લક્ષ્મી અને વિદ્યા માફક જ સુંદરતા અને સુગુણતાને વૈરભાવ છે. એક જ વ્યક્તિમાં એક જ સમયે બન્નેનો યોગ સંભવતો નથી છતાં આની સુંદરતા તેના અંતરમાં રહેલી સુગુણતાને પ્રદર્શિત કરવામાં સારો ભાગ ભજવે છે. જેના ગૃહમાં આવું રત્ન પરમાત્માએ આપ્યું હશે તે ગૃહને વૈકુંઠ માનવું કે કંઇ વિશેષ ?

એ મને કોણ સમજાવે ? પુરૂષ બુદ્ધિ પ્રબળ ગણાય છે છતાં આ વિચાર બુદ્ધિને હંફાવે એવો છે.

"જેની પ્રશંસા સાંભળતાં ઘણાના મનમાં એવો વિચાર સહજ ઉદય પામે છે કે, એવી પ્રશંસાને પાત્ર આ પ્રભુસૃષ્ટિમાં કોઇ હોવું એ અશક્ય જ છે. માત્ર નેપોલીયન જેવા વીરનરોને જ અશકય શબ્દ ખુંચે છે અથવા મૂર્ખના શબ્દકોષમાં હોવાનું સૂચન કરે છે. વિચારદૃષ્ટિએ જોતાં નેપોલીયનનું કહેવું ઘણુંજ યથાર્થ છે. જેને જેવો અનુભવ થાય તેવું તે માને છે. છતાં નેપોલીયનના અનુભવને દુનિઆનો સારો ભાગ મળતો આવે છે.

સૌન્દર્યમાં આગળ પડતું માલવિકાનું ચિત્ર દૃષ્ટિ પ્રયત્ક્ષ થતાં અગ્નિમિત્રે પણ ચિત્રપ્રમાણે તેણીનું સ્વરૂપ હોય જ નહિ એવી શંકા કરી છે. તેમજ મારા એક બુદ્ધિશાળી સુહૃદે કવિની કાવ્યસૃષ્ટિમાં દૃષ્ટિએ ચડતી નાયકાના સમ્બન્ધે પણ કરી છે. માલવિકાને જોતાંજ અગ્નિમિત્રરાજાનું હૃદય બદલાય છે. કાચી પળમાં તેના મુળ વિચારો પલટાય છે, અને ચિત્રકારની પણ ભૂલ શોધવા તૈયાર થાય છે. ચિત્રપ્રમાણે સ્ત્રી સૌન્દર્ય ન માનનાર અગ્નિમિત્રરાજાનું હૃદય માલિકાપ્રત્યે પ્રેમથી ઉભરાય છે. વાણીનો પ્રવાહ નિરંકુશ બને છે, અને આનન્દાવેશમાં આવી સહજ બોલી ઉઠે છે કે—

" दीर्घाक्षं शरदिन्दुकान्ति वदनं बाहू नतावंसयोः
" संक्षिप्तं निविडोन्नतस्तनमुरः पार्श्वे प्रमृष्टे इव ।
" मध्यः पाणिमितो नितम्बि जघनं पादावरालाङ्गुली
" छन्दो नर्तयितुर्यथैव मनसः श्लिष्टं तथास्या वपुः ॥ १

---

१ તેની આંખો વિશાળ છે, શરચ્ચન્દ્રની કાન્તિસમુ તેનું વદન છે; ખભાથી બાહુનુ નીચાપણું વિસ્તૃત છે, ગાઢ અને ઉંચા તેના સ્તન છે, પડખામાં પૃષ્ટ એવી તેની છાતી છે, કટિભાગ તેનો સુક્ષ્મતર છે, નિતમ્બો ભારે છે, પાદાંગૂલીઓ તેની નાજુક છે, તેનું આખું શરીર નૃત્ય કરનારને છન્દ પ્રિય છે. તદ્વત્ મારા મનને પ્રિય છે."

માલવિકા અગ્નિમિત્ર.

"આ સૌન્દર્યમૂર્તિને જોતાં કદાચ મારો સુહૃદ કવિઓનોજ દોષ કાઢે કે, પ્રભુસૃષ્ટિમાં જે સૌન્દર્ય છે તે સંપૂર્ણરીતે આલેખવામાં તેઓ નિષ્ફળ નીવડયા છે મારી વાણી તો મૌન જ ધારણ કરે છે તે કોણ છે ? તે જાણ્યા પહેલાં તેની પ્રશંસા કરવા જતાં ભૂલ થાય એ શંકાથી મારી વાણી હૃદયના ઉંડાણમાં જાણે છુપાતી હોય એવો મને આજે અનુભવ થાય છે. આ સૌન્દર્યમૂર્ત્તિની આસપાસની પરિસ્થિતિ જોતાં પરિણિત માનવા કરતાં અપરિણિત માનવાનાં ઘણાં કારણો મળી આવે છે. ચોક્કસ એમ જ છે. કારણ કે તેણે ધારણ કરેલા વસ્ત્રાલંકાર જે ઉઘડક રહે છે તે તેની સાબીતિ કરવા પુરતા લાગે છે.

લક્ષ્મીદાસ શેઠને ત્યાં આવેલી જાનના સ્ત્રીવર્ગમાંની આ એક બાળા છે એ તો મારૂં હૃદય પણ કબુલ કરે છે. શારદા અને શરચ્ચન્દ્ર જાનમાં આવેલા એ બન્નેને હું સારી પેઠે ઓળખું છું. એટલે આ બાળાને નાગરજ્ઞાતિનું રત્ન માનવા કરતાં વૈશ્યજ્ઞાતિનું રત્ન માનવાનું સબળ કારણ મળી આવે છે. ઋષિઆશ્રમમાં શકુન્તલાને જોતાં દુષ્યન્તરાજાએ તેણીને અમાનુષી માની હતી જેમાં તે સાચો ઠર્યો પરંતુ આ બાળાને જોતાં વૈશ્યજ્ઞાતિના બદલે નાગરજ્ઞાતિનું કન્યારત્ન કલ્પવામાં શું હું સાચો ઠરી શકું ? કદાચ સાચો ઠરૂં તો પણ શું ! મારી સ્થિતિ જોતાં મારા વિચારો મને હવાઇ કિલ્લાજેવા લાગે છે. ગરીબનું બાળક રાજ્યગાદી ભોગવવાની ઈચ્છા ધારે એ જેટલું અયોગ્ય છે તેટલુંજ અયોગ્ય આવી બાળા મારા ગૃહરાજ્યને શોભાવે એવી આશા સેવવી તે છે. પરંતુ ભાગ્ય ફરતાં ન કલ્પી શકાય એવું થાય છે. આસપાસની પરિસ્થિતિ તદ્દન વિપરીત હોવા છતાં ઘણાં સ્ત્રી પુરૂષોએ મન ધાર્યું મેળવ્યું છે એ મારાથી કયાં અજાણ્યું છે ? સામાન્ય સ્થિતિના નેપોલિયને આખા યુરોપને ધ્રુજાવી મૂક્યું હતું; ગુલામ જાતિમાં ઉછરેલા વૉશિંગ્ટને યુરોપના વીરનરોમાં પોતાના નામને દાખલ કરાવ્યું હતું અને કુલીન પણ હબસી જ્ઞાતિના ઓથેલો તમામ સંજોગો વિરૂદ્ધ હોવા છતાં, આબરૂદાર અને સુપ્રસિદ્ધ બ્રેબાન્શિયોની પુત્રી, સુંદરતા સાથે સુગુણતાની મૂર્તિ, ડેઝિડિમોનાનો પ્રેમ જીતી શકયો હતો." આ

પ્રમાણે વિચાર કરતો તે ત્યાં આવી પહોંચ્યો અને વિવેકથી બોલ્યો.

"પવિત્ર બાળે! મારાં શારદા બ્હેન ક્યાં ગયાં?"

"મારાં ભાભીશ્રી હમણાં અન્ય સ્ત્રીવર્ગ સાથે શૌચ કરવા ગયેલાં છે." બાળાએ, શરમાતા મુખડે, મંદ અવાજે, દૃષ્ટિનો પ્રવાહ નીચે વાળી પ્રત્યુત્તર વાળ્યો. આ બાળાને શારદાની નણંદ જાણતાં આ યુવાનનું હૃદય આનન્દથી ઉછળી ચૂક્યું. જે કન્યારત્નને પ્રથમ અસ્પર્શજ્ઞાતિનું કલ્પતો હતો તેને પોતાની જ્ઞાતિનું જાણતાં, તેનામાં નવો ઉત્સાહ પ્રકટ્યો અને આનન્દથી ઉછળતા હૃદયને સંબોધી મનમાં કહેવા લાગ્યોઃ—

"भव हृदय साभिलाषं संप्रति संदेह निर्णयोजातः ।
"आशङ्कसे यदग्निं तदिदं स्पर्शक्षमं रत्नम् ॥[१]

મારી આશાનું કિરણ પ્રકાશતું જાય છે એ વિચારે તેને પ્રભુપ્રત્યે વિશેષ પ્રેમ ઉપજ્યો. બાળાસાથે વાત કરવાનું હવે વિશેષ કારણ આ યુવકને શાસ્ત્રદૃષ્ટિએ જણાયું નહિ. ભગિનીસમો ભાવ રાખનાર સ્નેહાળ શારદાને શૌચ ગયેલાં જાણવા છતાં અહીં ઉભા રહેવું એ પ્રાપ્ત અધિકારથી પ્રતિકુલ લાગ્યું. પાછા પગલે આગમનનું જ્યાં આ યુવક કરે છે ત્યાં તેના કર્ણમાં કુદરત સરસ્વતીની વીણાના માધુર્યથી વિશેષ મીઠો સ્વર આવવો શરૂ થયો.

"હમણાંજ આવશે. તેઓ સાથે શું કામ હતું? અડચણ જેવું ન હોય તો જણાવશો." બાળાની આવી વિવેકભરી, મીઠાશભરી વાણી અને મળવા આવેલા સાથે વિચાર દૃષ્ટિએ વાતચિત કરવા જેટલું નૈતિક બળ જોઇ આ યુવાનને ભારતનો ઉદયકાળ સમીપ જણાયો અને તેણીના વિવેકે આ યુવાનને બોલવા પણ ફરજ પાડી.

---

૧. "હૃદય! આશા રાખ. સંદેહ હવે ટળી ગયો છે. જેને તું અગ્નિસમ માને છે તે તો સ્પર્શ કરવા જેવું રત્ન છે." શાકુંતલ

"વિચારશીલ બાળે ! કહેવામાં અડચણ થાય એવું કે અતિ અગત્યનું કાર્ય મારે તેઓ સાથે ન હતું. રસ્તે આવતાં મેં દાંતમંજનની શીશી જોયેલી હતી. જમણી દાઢમાં એકાએક દુ:ખાવો ઉપડવાથી હું અહીં આવ્યો હતો. શું તમે આપી શકશો ?"

"ઘણીજ ખુશીથી. પરંતુ આપનું.........નામ........."
એટલું બોલતાં બાળાના ગુલાબસરખી સુરભિવાળા ગાલો ઉપર આછી શરમના શેરડા પડ્યા. આગળ બોલવા હૃદયમાંથી કોઇ ના પાડતું હોય તેમ બાળાની સ્થિતિ બની. બાળાનું હૃદય જાણે આ યુવાન વાંચી શકયો ન હોય તેમ આનન્દાવેશમાં આવી તે બોલી ઉઠયો.

"શું, મારૂં નામ જાણવા માગો છો ? નામ જાણવાનું પ્રયોજન અને જાણ્યા પછી શો લાભ ?"

"પ્રયોજનવિના પ્રવૃત્તિ અને કારણવિના કાર્યની ઉપલબ્ધિ થતી નથી—"

"ત્યારે તો નામ પૂછવાની પ્રવૃત્તિ પણ પ્રયોજનવતીજ હશે."

"તે પરત્વે ગમે તે વિચાર બાંધો."

"ઉદ્દેશ જાણ્યાવિના નામ આપવું એ હૃદયને અનુચિત લાગે છે."

"ઉદ્દેશ ભવિષ્યમાં આપોઆપ જણાશે."

"બાળે ! વર્ત્તમાનકાળમાં જીવવું અને વર્ત્તમાનકાળમાં મ્હાલવું વર્ત્તમાનકાળમાં જમવું અને વર્ત્તમાનકાળમાં રમવું, વર્ત્તમાનકાળમાં પૂછવું અને વર્ત્તમાનકાળમાં જાણવું એ મનુષ્યોનો સ્વાભાવિક જ ધર્મ છે. છતાં વર્ત્તમાનકાળની વાતન માટે ભવિષ્યકાળનો આશ્રય લેવો એવું જ્ઞાન, વિજ્ઞાન કે માનસશાસ્ત્ર કોઇ નવું શું શોધી કાઢયું છે ?"

"જ્ઞાન, વિજ્ઞાન કે બુદ્ધિના સમર્થન શાસ્ત્રોની વાત જવા દો. અપરિચિત સ્ત્રીપુરૂષમાં પ્રસંગ મળ્યે એક બીજાનું નામ સ્વાભાવીક:જ પૂછાય છે. એ દરેકને અનુભવની વાત છે છતાં નામ ન જણાવવા તમારૂં હૃદય આંચકો ખાય છે એ મને વળી

જુઠુંજ ભાન કરાવે છે. તણનું ચાલ કરવું જેટલું અનુચિત છે તેટલુંજ અનુચિત નામ છુપાવી વાતને લંબાવવા તે છે. મારૂં નામ આપે જો પ્રથમ પૂછ્યું હોત તો મને આશા હતી કે આપણા બન્નેનો સમય બાલ ચલ્યો ન જાત. નામ જણાવવામાં હીણપત છે એવું તમોએ કોઈ શાસ્રમાં વાંચ્યું છે ?

"અન્યસ્થળે નથી વાંચ્યું છતાં નામ આપવા પછી તમે વળી બીજેજ તર્ક ઉડાવશો, એવું હું તમારા વાકચાતુર્યમાં જોઇ શકું છું."

"જેવું હૃદય તેવું હોઠે" અને 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એ ન્યાયે તમારા હૃદયના દોષ મારા ઉપર મૂકવા જેવી આપની પ્રવૃત્તિ અનાદરણીય છે"

"બુદ્ધિ ઘણી ભિન્ન છે. અન્યના શબ્દોથીજ અન્યને જીતવાનું સામર્થ્ય સ્રીજાતિમાં રહ્યું છે એ તમે મને આજે નવું શિખવ્યું. મારૂં નામ પવિત્ર બાળે! નલિનીકાન્ત છે."

"નામ તો વિવાહિત જીંદગીનું સૂચન કરે એવું રમણીય છે. હવે દંતમંજન અને યોગ્ય લાગે તેમ કરો."

"બાળે! મારૂં નામ ભૂલાવામાં નાખે એવું છે. અવિવાહિતને વિવાહિત માનતાં ઘણી વખત અર્થના અનર્થ થવા સંભવ છે."

"અવિવાહિત વિવાહિત થશે એટલે અર્થ અનર્થનો સંભવ આપોઆપ શમી જશે."

"સત્ય છે. જે જેની શોધમાં છે તે તેને મળી રહે છે." એટલા શબ્દોના ઉચ્ચારસાથે આ યુવકે ચાલવા માંડયું. યુવાનને ચાલતો જોઇ ચાલાક બાળા બોલી. "વિશેષ દંતમંજન જોઇએ તો લઇ જાઓ. હાથનું દાંતમંજન હવામાં ઉડી જવાનો મને ભય રહે છે. સ્રીઓનો સ્વભાવ પુરૂષને દુઃખે દુઃખી થાય એવો હોય છે.

"બાળે! પુરૂષનું હૃદય પણ એવુંજ હોય છે.

"હૃદય હૃદયને ઓળખે છે." નલિનીકાન્ત ન્હાવાના સ્થાન પ્રત્યે ગયો.

પ્રકરણ ૧૪ મું.

પ્રિયાકાંક્ષી પ્રેમાત્મા.

तामिंदु सुंदरमुखीं सुचिरं विभाव्य
चेतः कथं कथमपि व्यपवर्तते मे ।
लज्जां विजित्य विनियं विनिवार्य धैर्य—
मुन्मथ्य मंथरविणे कमकांड एव ॥

જ્યારથી એ સૌન્દર્ય મૂર્તિનું દર્શન કર્યું, તેણીની વાણીનું રસ માધુર્ય સપ્રેમ પીધું. અને તેણીના વિશુદ્ધ હૃદયની ઉચ્ચ આશાસૂચિત અંતમ શબ્દો શ્રવણપટપર અથડાયા; ત્યારથી મારૂં હૃદય તે મુગ્ધાપ્રત્યે કાંઇક જુદીજ લાગણીથી વળી ચૂક્યું છે.

તેણીની સુંદરતાએ મારી દૃષ્ટિને ખેંચી; તેણીના ઉત્સાહ વિભૂષિત વૃત્તિવૃન્દે મારા વૃત્તિવૃન્દને ઈન્જીન પાછળના ડબા માફક ઘસડયું અને તેણીના સ્નિગ્ધ હૃદયની સુગુણતાએ મારા આત્માને તે પ્રત્યે પગલાં માંડવા ઉત્સુક કર્યો હું જે ભાવથી તેણીને ચાહી શકું, તે ભાવથી તેણીનું હૃદય છલોછલ ભર્યું છે એમ મારૂં હૃદય સહજ કબુલ કરે છે. મારી ઉચિત આશાની સર્વ સિદ્ધિ, એ મુગ્ધામાં જાણે સ્વભાવથી જ ન હોય ! એમ મારૂં મન સાક્ષી આપે છે. છતાં મારા અંતરનો ગુંચવાડો કેમ મટતો નથી !

“પ્રિય આત્મન્ ! તે મુગ્ધામાં તું શાથી લોભાય છે ! તેના પ્રત્યે તું શાથી ઉછાળા મારે છે ! દેવાંગના જેવું એ મુગ્ધાનું સૌન્દર્ય જોઇ, જો તું તેના પ્રત્યે જતો હશે, તો તારી ગણના મદનવિકારી પુરૂષમાં થશે. વિદ્યાભૂષિત કુટુમ્બની કન્યા—લક્ષ્મીવાન અને સારી વગવાળાં પિતામાતાની પુત્રી અને યોગ્ય ભ્રાતાની ભગિની જાણી જો તું તેનાપ્રત્યે પ્રેમભાવ દર્શાવવા તૈયાર થયો હશે, તો તારૂં નામ, વરને બદલે ઘર જોનાર કીર્તિદાસોની નોંધ-

ચોપડીમાં દાખલ થશે. પરંતુ જો તું તે મુગ્ધાના આંતરિક ઉચ્ચ સદ્ગુણોથી તેણીના પ્રત્યે જવામાં આનન્દતો હશે તોજ તારી આત્મા યથાર્થ પ્રેમીનાં થઇ શકશે અને તોજ તું દામ્પત્ય પ્રેમનું ખરૂં રહસ્ય સમજવા સદ્ભાગી થશે. જે પ્રેમથી તે મુગ્ધાપ્રત્યે તું જુએ છે તે પ્રેમથી તે મુગ્ધા તારીપ્રત્યે શું જુએ છે! કારણ God is Love and Love is God.

હરિગીત છંદ.

"પ્રભુ પ્રેમનું સ્વરૂપ જેમાં સુખનું સામ્રાજ્ય છે,
"તે પ્રેમ પંથે પગ ધર્યે ના ફરને દુઃખસ્પર્શે છે;
"પ્રેમી થતાં બ્રહ્માંડ સૌ નિજ હસ્તમાં આવી વસે,
"તે પ્રેમનું સ્વરૂપ શું ! મુગ્ધાતણાં હૃદયે લસે !"

"If it be in reality, thou wilt have an adequate idea of mystery of Love between wife and husband and if it be in unreality, thou wilt have to fall a victim to various kinds of adversities, which are apt to take their existance in the world-ocean and in hope for worldy enjoyments and absolute tranquillity, thou wilt have to subject thyself to the inevitable.

"વળી પ્રેમ અને મોહમાં ઘણો ભેદ છે, જે તારે ખાસ લક્ષમાં રાખવો જોઇએ.

"મોહે અહો! મકરંદ આ, કુમુદતણા કોષે સડે,
"મોહે જીવો ટોળે મળે, ને કાળમુખ આવી ખડે;
"મોહે ફસે મીન જાળમાં, મોહે મરે મૃગ નાદમાં,
"મોહે પતંગ દીપક પડે, બની ખાખ ઉડે આભમાં.

"પ્રિય આત્મન્! હર્ષ અને શોકના અશ્રુમાટે જેમ એકજ સ્થાન છે, પુત્રી અને પત્નીને ચુંબવાને જેમ એકજ ઓષ્ઠ છે તદ્વત મોહ અને પ્રેમને બહાર આવવાનું એક જ સ્થાન છે. હર્ષ અને શોકનાં અશ્રુથી આંખલડી ભીંજવવામાં, પુત્રી અને

પત્નીને ચુંબવામાં જેમ ઇરાદામાં ફેર છે, તેમ મોહ અને પ્રેમના પરિણામમાં ફેર છે. મોહથી મૃત્યુ અને પ્રેમથી પ્રભુ મળે છે તેટલાજ માટે જ્યાં જ્યાં તારી દૃષ્ટિ પડે. જ્યાં જ્યાં તારા હૃદયને શાન્તવન મળે અને જ્યાં જ્યાં તારા શુદ્ધ પ્રેમનો પ્રવાહ વહે, ત્યાં ત્યાં તારે એકાગ્રચિત્તે વિચાર કરવાનો છે. આ બાબતમાં જેટલો તું જાગૃત રહેશે, તેટલો લાભ તું મેળવી શકશે અને જેટલો પ્રમાદ સેવશે. તેટલો તું પશ્ચાતાપના ઉંડા પાતાળી કુવામાં ઉતરશે, એ તારે સ્મરણપોથીમાં સુવર્ણાક્ષર લખી રાખવું જોઇએ.

"જે પ્રેમથી ચહીએ સખે! તે પ્રેમથી તે વ્હાય જો,
"પ્રિય પ્રેમ—પ્રભુને પામવા, આશા સફળ બધી થાય તો.

"મારા વ્હાલા આત્મન્! શાન્ત થા, સમજુ થા, વિવેકનો આશ્રય કર અને ધૈર્યનું અવલમ્બન કરતાં શીખ. તારૂં સામર્થ્ય અબાધ છે."

×"The human will, that force unseen,
'The ofspring of a deathless soul,
"Can hew a way to any goal,
"Though walls of granite intervence."

James Allen.

"તારી સત્તાપ્રમાણે જો તું કરશે તો સર્વથા તારૂંજ ધાર્યું થશે તારામાં તે મુગ્ધાપ્રત્યે જે લાગણી છે, તે લાગણી જો વિશુદ્ધ પ્રેમથી ઓતપ્રોત હશે, તો તે મુગ્ધા પણ તારાપ્રત્યે તેવીજ લાગણીથ ખેંચાશે. અહો! પ્રિય આત્મન! તું ત્યાં જા, અને તે મુગ્ધાને શાન્તિથી સૂચવ કે,

× અદૃશ્ય સત્તારૂપ મનુષ્ય ઇચ્છા જે અનંત અવિનાશી આત્માનું સ્ફુરણ છે તે, અવિહાર્યણીય વિઘ્નોને મૃત્યુપ્રાપ્ત કરીને, પોતાના ઉચ્ચા શયને સિદ્ધ કરી શકે છે.

જેઇમ્સ એલન.

" જો તું મ્હને ચાહે કદાપિ જોઈ મુજ સૌન્દર્યને,
" ચાહીશ ના, ચાહીશ ના, ચાહીશ નાહિ કદી મ્હને;

× + + +

" જો તું મ્હને ચાહે કદાપિ જોઈ મુજ તારૂણ્યને,
" ચાહીશ ના, ચાહીશ ના, ચાહીશ નાહિ કદી મ્હને;

× × × +

" ચાહે નિરંતર શુદ્ધ કેવલ પ્રેમથી જો તું મ્હને,
" ઓ મધૂરી ! ચાહજે તો તું સદા નિર્બંધપણે;
" ઉદધિ, સૂર્ય, વસન્ત એ સર્વેથકી અધિકું બને,
" મુજ હૃદય ભક્તિભર્યું સમર્પું પ્રેમથી હું તે તુને."

વસન્ત વર્ષ—૧૨ અંક ૬.

"જ્યારે આવું અદ્દ્ભુત થશે ત્યારે આખું વિશ્વ તને વધાવશે, કવિવર્યો તારા ગુણોથી પોતાની કવિતાને અલંકૃત કરશે અને દેવો પણ તારા ઉપર પુષ્પોનો વરસાદ વર્ષાવવા યોગ્ય ધારશે."

લગભગ ત્રણ વાગ્યાનો સમય હતો. આ સમયે એક યુવાન કે, જેના મુખઉપર ગંભીરતાનું પુર આવ્યું હતું, જેની દૃષ્ટિમાં હૃદય મનની ગુપ્ત વ્યથા સૂચન કરે એવું સત્વ પ્રસરવા લાગ્યું હતું, અને જેનું શાન્ત વૃત્તાન્ત વિશાળ વિચાર-સાગરમાં વિહરી રહ્યું હતું તે પોતાના વચનાલયમાં ટેબલની પાસેની ખુરશીમાં બેઠો હતો. વાચવાને તે જીજ્ઞાસુ હતો છતાં હૃદયમાં એક પછી એક વિચાર જન્યું દોડતું હોવાથી તે વાંચવામાં આનન્દ લઇ શકે એવું ન હતું છેવટમાં આ યુવાનનું હૃદય વિશેષ વિહ્વલ થયું, અને હૃદયની ગુપ્ત લાગણીઓ સ્થૂલરૂપે પ્રત્યક્ષ થવા માંડી. જે વાત હૃદયને હલમલાવે છે તે વાતને જો સ્થૂલરૂપે બહાર મુકાય છે તો ઘણી વખત હૃદયશાન્તિ પામે છે. છતાં આ યુવાનને શાન્તિ થઇ નહિ જેના પ્રત્યે તેના હૃદયનો પ્રીતિ-પ્રવાહ વળી રહ્યો છે, તે

મુગ્ધાનો હૃદય-પ્રવાહ પોતાના પ્રત્યે વળેલો જોવા, આકાશપ્રત્યે દૃષ્ટિપ્રવાહ રોકી, જાણે કોઈને વિનવતો હોય, તે પ્રમાણે પુનઃ તેની વાણી ઉદ્યુક્ત થઈ.

" મૃદુભાષી મદિરાક્ષી, રમા ઉર રાચશે કયારે !
" મધુરીના મધુર શબ્દે, હૃદય આહ્લાદશે કયારે !
" પ્રિયા જોતાં પ્રિયાકાંક્ષી, નયન આ રાચશે કયારે !
" ઉરે ઉર જોડતાં સરિતા મીઠી ઉર રેલશે કયારે !
" પ્રણય પ્રેમીતણી સંગે, જીવનજાત્રા થશે કયારે ?
" પછી પ્રીતિતણા મંત્રો, થશે પ્રેમાત્મા કયારે ? "

વિશેષ બોલવા જાય છે, તેટલામાં અન્ય શબ્દોએ તેને અટકાવ્યો જરા સ્વસ્થ થયો. આસપાસ જોયું છતાં કોઈ દૃષ્ટિગોચર થયું નહિ; પરંતુ શ્રવણેન્દ્રિયમાં અમુક શબ્દો આવવા લાગ્યા.

" જે આશામાં કવિહૃદયની ભવ્ય સૃષ્ટિ ભરી છે,
" તે આશામાં તવ હૃદયની દિવ્ય સિદ્ધિ ઠરી છે;
" જે આશામાં જગતરમણી, સર્વ મૂર્ખો ઠરી છે,
" તે આશામાં રમણ કરવા કેમ બુદ્ધિ ફરી છે ? "

" જે આશામાં મારૂં સ્વર્ગ છે, આશામાં મારા ઉચ્ચાશયોની સિદ્ધિ ઓતપ્રોત છે અને જે આશામાં મારૂં જીવનસાફલ્ય છે, તે આશામાંથી મુક્ત થવાને બોધ આપતાં આ શબ્દો કોના હશે ! મારા હૃદયની ઇચ્છિત સિદ્ધિ અર્થે મને પુરૂષાર્થપરાયણ બનાવવાને બદલે આમ નિરૂત્સાહી બનાવે, એવી આ મીઠી પણ કટુ લાગતી વાણી કોની હશે ? શાન્ત દેવો મત્યુભૂમિના જીવોની આશામાં આમ પત્થરો ફેંકવાનું શું પ્રયોજન હશે ? શું શુભ દેવોનો આ દિવ્યાદેશ હશે ? જે કામ પુરૂષો ન કરે તે કરવા દેવો શું ઉઠતા હશે ? અરે એમ હોયજ નહિ. આશાભર્યા હૃદયને આઘાત થાય એવું શાન્ત દેવો કરેજ નહિ. ત્યારે શું આ મનુષ્યવાણી હશે ? એમ પણ કેમ મનાય !

" પૂર્વે આ વાણી મેં સાંભળી હોય, આ શબ્દોનો મારી

અવણેન્દ્રિયને પરિચય હોય એવું મારા અંતરાત્મા માનવા-ણીમાં જણાવી રહ્યો છે. જમે તેમ હો શુભેચ્છકો આવી મને સમજાવે, શિક્ષકો આવી યુક્તિ પુરઃસર મને સમજાવવા પોતાનો ધર્મ બજાવે, અદૃશ્ય તત્ત્વો સૂક્ષ્મરીતે ભલે મારા કર્ણમાં આવી મને કહે અને સ્વર્ગના દેવો પણ ભલે ટોળે મળી મને બોધ આપે, પરંતુ જ્યાંસુધી મારામાં શ્વાસ છે ત્યાંસુધી હું મારી આશાને સિદ્ધિ મળ્યા વિના જતી કરૂં, એ કદિ જ થવું નથી. આસ પાસ સંતાયલા સુહૃદો ! વાતાવરણમાં વિહરતાં અદૃશ્ય સત્વો ! અને સ્વર્ગના દેવો ! મારા આ શબ્દો સાંભળતાં, મને દુરાગ્રહી નહિ ગણશો. "વિનાશકાળે વિપરીતબુદ્ધિ" એ કહેવતને મારી બાબતમાં આગળ ન ધરશો, મૃત્યુસમીપ આવવાને સમયે, પોતાની પવિત્ર પ્રમદાના સ્વપ્નને અસત્ય માની, મૃત્યુને શરણ થયેલા સીઝર જેવી મારી સ્થિતિ થશે, એવી કલ્પના પણ ન કરશો. વિદ્યાનું, ધનનું કે યૌવનનું મને અભિમાન નથી પરંતુ મારો આત્મનિશ્ચય ગણી તે નિશ્ચય પાર પાડવામાં જો તમારાથી બની શકે તો મદદ આપો, અને તે તમારા સામર્થ્યની બહાર હોય તો છેટે ઉભા રહી જોયા કરો કે, આત્મનિશ્ચયનું સામર્થ્ય કેટલું છે ? મારી આશા એજ મારે મન હમણા તો સર્વસ્વ છે.

" આશા છે તો જીવન જીવને વિશ્વ આ આસસાથે,
" આશા છે તો પ્રગતિ જીવ છે સંપત્તિ દિવ્ય સાથે;
" આશા છે તો જીવ જીવથકી પ્રેમગોષ્ટિ રચે છે;
" આશા છે તો મધુર રસની આપ લે સૌ કરે છે;
" આશા પ્રેર્યા યુવક યુવતી વિશ્વ—વાડી વહે છે,
" આશા પ્રેર્યા સુખ—સુમનની માળ કંઠે ધરે છે;
" આશામાં છે અજબ બળ તે આશભકતો સુજાણે,
" ને આશા જ્યાં નિષ્ફળ થઇ ત્યાં જીવવું ઝેર જાણે.

" મારી આશા સાથેજ મારૂં જીવન છે આશા નિષ્ફળ થયે હું જીવી શકું એ પ્રશ્ન મારા હૃદયને કંપાવે છે."

"તારી આશા સિદ્ધ થાઓ, તારૂં જીવન ઉજ્વળ બનો, કવિ હૃદયની ભાવના પ્રમાણે પ્રભુ સૃષ્ટિમાં તને મળી આવો, અને તારો આત્મનિશ્ચય ફળે તેટલું પ્રભુ તને સામર્થ્ય આપો." એ શબ્દોના ઉચ્ચાર સાથે રસિકલાલે વાંચનાલયમાં પગ મૂકયો મિત્રને જોતાં નલિનીકાન્ત આભોજ બની ગયો અને શું બોલવું એ પ્રશ્નમાં તેની મતિ મુઝાણી. અદ્રષ્ટ રહી ઉચ્ચારેલા શબ્દો રસિકલાલના હતા તેમજ તે પ્રત્યે પોતે, જે લાંબુ ભાષણ આપ્યું તે બધું પણ રસિકે છુપા રહી સાંભળ્યું છે. એ વિચાર તે ઘણો ગુંચવાયો. કાંઇ પણ નિમિત્તવિના ગમત કરવાની ટેવવાળા રસિકના હાથમાં હવે સર્વ વાત આવી એટલે તેપરત્વે તેની રસિકવાણીમાં કેવા ભાવો હવે રમશે, એ કલ્પના પણ નલિનીકાન્તને આવવી દુસ્તર લાગી. છેવટ મનમાં વિચાર કરી, અંતરમાં પશ્ચાતાપ કરતો હોય એવો ચહેરો કરી, ઘણીજ આશાન્તિથી બોલ્યો.

"રસિક ! તું તો ખરેખર રસિક જ છે. તારી સંગત છતાં જો મારૂં જીવન રસિક ન બને તો દેષ કોનો !"

"એ પ્રશ્નને અવકાશે વિચારીશું. પણ તું જે ઉંડી નારામાં જે ભુત ભરાયું છે, તે ન નીકળે ત્યાંસુધી રંગીન રહેવાનું પણ સામર્થ્ય નથી કે, તારૂં ધાર્યું તને કરી આપે. સુહૃદ ! સમયનાં વાજાં સમયે જ શોભશે. પરંતુ આજે આપણા મંડળના જાહેર મેળાવડો છે જેમાં 'ચારિત્ર્ય'ના વિષયપરત્વે તારે બોલવું, એવો ઠરાવ થયો છે. તેમજ આમંત્રણપત્રિકા પણ ગામમાં અપાઈ ચુકી છે. સાડાત્રણ થયા છે. સભાનો કાર્યક્રમ સાડાપાંચે શરૂ થશે.

"સ્નેહીનું હૃદય સ્નેહી સહજ જાણે છે. ગઇ કાલેજ 'ચારિત્ર્ય' ઉપર મેં એક લેખ લખી રાખ્યો છે. ભલે હું ત્યાં વખતસર હાજર થઇશ.

નલિનીકાન્તનો યોગ્ય પ્રત્યુત્તર મળતાં રસિકલાલ પ્રાસ કર્તવ્યમાં આગળ વધવા ત્યાંથી એકદમ ઉપડી ચૂકયો.

પ્રકરણ ૧૫ મું.

પ્રેમભર્યું નિમંત્રણ.

તમે ત્યાં હું હસી આવું, રહૂં હું ત્યાં તમે આવો;
હૃદય ખેંચે હૃદયને ત્યાં, જવામાં શો નથી લ્હાવો.

આજ તમારૂં હૃદય વિશેષ આનન્દથી ઉછળે છે, દ્રષ્ટિમાં પ્રેમસરિતા રેલે છે અને મુખ ઉપર નવોજ ઉત્સાહ રમે છે." સરલાએ કહ્યું.

"આનન્દ એજ આપણું જીવન છે. હસવું અને અન્યને હસાવવા એજ આપણું જીવનસાફલ્ય છે." શારદાએ પ્રત્યુત્તર વાળ્યો.

"જેનું હૃદય હસતું હોય તેને આખું વિશ્વ હસતું લાગે છે." જરા સ્મિત હાસ્યપૂર્વક સરલાએ કહ્યું.

"જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ." તમે આજે અંતરમાં હસો છો તેથીજ બીજાને હસતાં કલ્પી અંતરની છાની વાત બહાર લાવો છો." શારદાએ જરા ગંભીરતાનું રંગરૂપ પકડી પ્રત્યુત્તર વાળ્યો. વાતનો રંગ બદલાતાં ચાલાક સરલા સમજી. કાલની અધુરી વાત વળી પ્રસંગવિના કહેવી પડશે. વાત બદલી નાખું. એવો વિચાર કરતી તે સસ્મિત બોલી.

"હમેશની સ્વાભાવિક ચાલમાં આજે ઘણોજ ફેરફાર છે."

"મને પણ એમજ લાગે છે." શારદાએ બરાબર જવાબ વાળ્યો.

"પવિત્ર પિતામાતાનું દર્શન આજે તમોને ઘણો આનન્દ આપશે. સંસ્કારી પિતામાતાના દર્શનમાં તેની સેવામાં, અનેક કલ્યાણકર સામગ્રી પુત્રપુત્રીમાટે રહેલી જણાવે છે."

"જેણે નાનાથી મોટા કર્યા, આપણું શરીર સાચવવાને જેણે અતિ કડવાં ઔષધો ખાધાં અને જેણે પોતાના જીવનકરતાં પણ વિશેષ વ્હાલાં ગણી પુષ્પમાફક ઉછેર્યા, તેવા પૂજ્ય તીર્થરૂપ પિતામાતાના પાસે જતા કોનું હૃદય ન હસે ? કોના દૃષ્ટિમાં પ્રેમ-પીયૂષ ન રેલે ?"

"તેટલેજ કારણ બાળક એ માતાપિતાના પ્રેમની ગ્રંથિ છેજ સંસ્કૃતમાં આવા ભાવનાં ઘણાં વાક્યો છે.

"अन्तःकरण तत्त्वस्य दम्पत्योः स्नेहसंश्रयात् ।
आनन्दग्रंथी रेकोऽयमपत्यमिति पठ्यते ॥*"

"તમારૂં દર્શન પૂજ્ય પિતામાતાને પરમ આનન્દનું સ્થાન થયેજ."

"વાત્સલ્ય પ્રેમનું સામર્થ્ય ક્યાં ઓછું છે ? જો તેવું પ્રેમબળ માતાપિતામાં પરમાત્મા ન મૂકે તો આ સૃષ્ટિક્રમ કેમ ચાલે ? હાલનો સમય જો કે ઘણોજ જુદો છે. પિતામાતા બાળકના હૃદયને સદ્ગુણથી અલંકૃત ન કરે, ધાર્મિક શિક્ષણથી વિમુખ રાખે અને પોતાના સ્વાર્થી ધંધામાં પૈસાના લોભે યોજી આપે તેમાં બાળકો પિતામાતા પ્રત્યેનો શાસ્ત્રીયધર્મ ક્યાંથી બજાવે !"

"જે પિતામાતા પોતાના બાળકપ્રત્યેનો શાસ્ત્રીયધર્મ નથી બજાવતાં તેઓ તેના શત્રુ છે. બાળકોને જે શિખવાડ્યું નથી તે બાળકો પાસેથી જોગ આશા રાખવી એ માત્ર નિરાશ થવા સારૂંજ છે. સારા ફળની આશા રાખનાર માળી આળવૃક્ષની સંભાળ રાખે છે, તમને વિમલ પાણી સિંચે છે અને રાત્રિદિવસ તેના માટે મહેનત કરે છે પરંતુ માતાપિતા પોતાના બાળકોની જરા પણ સંભાળ રાખતાં નથી. શાળામાં તે શું ભણે છે ? તેનો નંબર શું છે ? કયા વિષયમાં તે રસ લે છે !

---

* "સ્નેહાશ્રયથી બન્નેના અંતઃકરણ તત્વની,
'આનન્દગ્રંથિ બંધાયે એક આ છોકરાં રૂપી."

ભવભૂતિ (મ. ન. ના ભાષાંતરમાંથી.)

તેના શિક્ષકનો પ્રેમ તેનું કેટલે અંશે જીત્યો છે? શિક્ષકનું ચારિત્ર્ય કેવું છે? સ્કૂલ બેઠવા પછીનો સમય તે ક્યાં કાઢે છે? તે કોની સાથે ફરે હરે છે? અવારનવાર અપાતા પૈસાનો તે ક્યા વ્યય કરે છે? ને જે ખોરાક ઘર બહાર ખાય છે તે તેની તબીયતને પોષક છે કે શોષક છે? વગેરે પ્રશ્નોપર માતાપિતાનું ધ્યાન ખેંચાતું નથી. જ્યાંસુધી પિતામાતા પોતાના વ્હાલાં પુત્રપુત્રીની સંભાળ, એક સામાન્ય બાળવૃક્ષની લે છે, તેટલી સંભાળ ન રાખે ત્યાં સુધી પુત્રપુત્રીનું ચારિત્ર્ય એવું યોગ્ય થયું નથી કે જેના લીધે તેના પિતામતાનું હૃદય તેમના પ્રત્યે હશે. તેમજ પુત્રપુત્રી પણ માતાપિતા પ્રત્યે પ્રેમભાવ બતાવી શકશે નહિ. તમારૂં હૃદય આટલું બધું ઉન્નત, જ્યારે તમારા માતાપિતાએ બનાવ્યું છે ત્યારેજ તમારૂં હૃદય આજે તેમના પ્રત્યે પ્રેમથી દોડે છે. મારૂં હૃદય મારા પિતામાતા પ્રત્યે કેટલા પ્રેમથી દોડત એ જાણવા પ્રભુએ મારા ભાગ્યમાં નહિજ લખેલું. મનુષ્યની ઇચ્છા પ્રમાણે ક્યાં કંઇ થાય છે! ઇશ્વરની ઇચ્છા જાણી થતા શોકને ખાળું છું. વળી તમારા સહવાસે મારૂં હૃદય જાણે તમને જ માતારૂપે ન માનતું હોય? એમ જાણી ધસે છે એ પણ મારૂં ક્યાં ઓછું સદ્ભાગ્ય છે.?"

"સૃષ્ટિક્રમમાં આપણાંથી ફેરફાર થવો અશક્ય છે. જે થયું છે તે પ્રભુએ કર્યું છે માની આપણો જીવનમાર્ગ સુખમય રાખવો જોઇએ."

આ પ્રમાણે શારદા અને સરલા વાર્તાલાપમાં વહતાં રસ્તામાં ચાલ્યાં આવે છે. એટલામાં દીનલક્ષ્મીના શાન્ત સ્વરો શારદાની શ્રવણેન્દ્રિયમાં પ્રવેશ્યા. સમજુ શારદા ઉભી રહી. તેના પ્રત્યે પ્રેમભાવ દર્શાવતાં દીનલક્ષ્મી જરા ઉતાવળી ચાલે આવી પ્રેમપુરઃ બોલ્યાં.

"શારદા! અહલાદપુર છોડયું તેની સાથે સૌનો સંબંધ પણ છોડયોજ ને? તારૂં વ્હાલસોયું હૃદય વડીલોને પણ આમ વિસરી જાય એવું અમે પહેલાં ધારતાં ન હતાં."

"હું ભૂલી જાઉં પણ મારું હૃદય તમને કયાં ભૂલે એમ છે? બાકી જાનનું પ્રેમ તો તમે જાણોજ છો ને! વળી કાલ સવારની ગાડીમાં જવાનું છે આજે તો માથાથી થઈનેજ આ બાજુ નીકળી આવી છું. મારાં માતાપિતાને પણ હજુ મેં મોઢું બતાવ્યું નથી. કોઇ વાત સાંભળે તો એમજ બોલે કે અંગ્રેજી ભણ્યા તેને વળી માબાપ શું!"

"એવું કોઇ ન બોલે. મારે નલિની અંગ્રેજી ભણે છે પણ તેને મન તો અમે શી વાત? પાંચે આંગળાં સરખાં હોતા નથી. અંગ્રેજી ભણેલામાં કોઇ એવો ઉદ્ધત થાય તો અંગ્રેજી ભણેલા દુનિયાની દૃષ્ટિએ ચડે તેમાં શું? ચાલો, પહેલાં મારે ત્યાં." એટલું બોલી શારદાનો હાથ ઝાલી પોતાના ઘર-બાજુ દીનલક્ષ્મી ખેંચવા લાગ્યાં.

"સરલા બ્હેન ચાલો! આવું પ્રેમભર્યું આમંત્રણ શું આપણાથી અવગણું ચે?"

"ચાલો મારી કયાં ના છે. જે હેતથી બોલાવે તેને સ્વજન જ ગણવાં જોઇએ. સગાં હોય પણ હૃદયમાં પ્રેમ ન હોય તો ત્યાં જવાથી શો લાભ?'

"શું સાથે લઈ જવાનું છે? જો સારાં થશું તો મરી જશું તો પણ લોકો પાછળ સંભાળશે શરીરસાથે બધું જાય એવું શા માટે કરવું જોઈએ." છેલ્લા શબ્દે દીનલક્ષ્મીએ શારદાનો હાથ ઝાલ્યો અને પોતાને ઘેર લઇ ગયાં.

દીનલક્ષ્મીનો સ્વભાવ ઘણોજ શાન્ત હતો; તેમનું હૃદય ઉચ્ચ ગુણોથી અલંકૃત હતું તેમની આંખમાં વિવેકવારિ ઉછળતું હતું, તેમની વાણીમાં મીઠાશ હતી અને નાના મોટા સાથે મળી જવામાં તેમની શક્તિ અજબ હતી. જે પ્રેમથી પોતાનાં બાળકોપ્રત્યે જુએ તેજ પ્રેમથી અન્ય બાળકોપ્રત્યે જોવાની ટેવ તેઓને સ્વાભાવિક જ હતી. તેઓએ શાળાનું શિક્ષણ લીધું ન હતું પરંતુ ગૃહસંસારમાં પ્રવેશ્યા પછી ગુજરાતી શીખવું શરૂ કરેલું હતું. હાલ તેઓ સરલભાષામાં લખાયલાં પુસ્તકો વાંચી શકતાં હતાં.

શારદા અને સરલા તેમને ઘેર હમેશ મિનિટ રોકાયાં જુદા જુદા વિષયો ઉપર વાત નીકળતાં સરલાના હૃદયમાં તેમના પ્રત્યે ઉંચો અભિપ્રાય બંધાયો. આવી ગુણજ્ઞ માતાને પેટ અવતાર લીધેલા બાળકો ગુણજ્ઞજ થાય એમાં શી શંકા? જે કુવામાં હોય તેજ હવાડામાં જ આવે. એ લોકોક્તિ ઘણી જ સાચી છે એ સરલાના હૃદયમાં હવે નક્કી થયું. પરસ્પર પ્રેમની દૃષ્ટિ ફેંકતાં શારદા અને સરલા લીનલક્ષ્મીથી જુદાં પડયાં અને ઉતાવળા પગે ધાર્યા સ્થળે જવા બન્ને જણાં ઉપડી ચૂકયાં.

પ્રકરણ ૧૬ મું.

લલિતા અને લેખિની

રમ્યર્થોક્તિ તનૂજ્જ્વલા રસમયપ્રાણા ગુણોલ્લાસિની
चेतोरज्जकरीति द्वात्ति कवितापाकं वयो विभ्रती ।
भावालंकरणो चितागमवती सर्वत्र निर्दोषता
शय्या मज्जति कामिनि व कविता कस्यापि पुण्यात्मनः ॥

સુભાષિત રત્નભાંડાગાર.

"અગાધ સામર્થ્યસંપન્ન લેખિની! ક્યાં સાગર અને ક્યાં બિંદુ! ક્યાં સૂર્ય અને ક્યાં આગીઓ? અને ક્યાં તારૂં અગાધ સામર્થ્ય અને ક્યાં મારી નિર્બળતા! તારામાં અને મારામાં આકાશ અને જમીન વચ્ચેના જેટલું અંતર છે છતાં તને આજે મારા હાથમાં સ્થાન આપી તારા દ્વારા મારા હૃદયની ઉર્મિઓને, સમુદ્રની સપાટી જેવા, શરચ્ચન્દ્રની ચાંદની જેવા શુભ્ર કાગળ ઉપર મૂકવા હું ઉદ્યુક્ત બની છું. જ્યાં વક્તાની વાણીનું સામર્થ્ય અલ્પ દીસે છે ત્યાં તારૂં સામર્થ્ય

દીપી નીકળે છે. જ્યાં સૂર્યનો પ્રકાશ પ્રવેશવા હિંમત કરતો નથી ત્યાં તારી હિંમત ઝળકી ઉઠે છે. જ્યાં સૌ નાશીપાસ નીવડે છે ત્યાં તારો ઉત્સાહ અભિવૃદ્ધિ પામે છે. પ્રભુભક્તિથી ભીંજાયલાં સ્ત્રીપુરૂષોનાં નામ જેમ જનસમાજની વાણીમાં રમી રહ્યાં છે તેમ તારી ભક્તિથી પણ ઘણાં સ્ત્રીપુરૂષોનાં નામ જનસમાજના હૃદય-મનમાં રમી રહ્યા છે. બાણના હાથને વિભુષિત કરતાં 'बाणोच्छिष्टं जगत्सर्वम्' એ મહા મોઘ સૂત્ર સાથે તેના નામને કાલીદાસના હાથમાં સ્થાન લેતાં उपमा कालीदासस्य એ શબ્દોથી તેના નામને, ભારવીના હાથમાં વિહાર કરતાં भारवी अर्थगौरवे એ સૂત્રથી તેના નામને, દંડિના હાથમાં ખેલતા दण्डिनः पदलालित्यं એ સૂત્રસાથે તેના નામને, અને માઘના હાથમા યથેચ્છ વિહરતાં माघे सन्ति त्रयोगुणः એ રસભર્યા સૂત્રસાથે તેના નામને તેં અમર કર્યાં છે. મારા હસ્તમાં પણ એવાજ ઉત્સાહથી રમી તું આજકાલ એવાજ સૂત્રથી મારા નામને શું અમર નહિ કરાવશે ?

"દૈવીસત્તાથી અલંકૃત લેખિની ? કેમ વિલમ્બ કરે છે ! શું સંસ્કૃત સાહિત્યમાં મારા નામને શોભાવે એવું સ્થાન નથી ? સંસ્કૃતમાંજ લખવું એવો મારો દુરાગ્રહ નથી. શું ગુજરાતી સાહિત્યમાં મારા માટે સ્થાન છે ? હા, એમજ છે. ભલે, જેવી તારી ઇચ્છા તેવી મારી પ્રવૃત્તિ છે. તારી ઇચ્છાને અધીન થવા છતાં તું હજુ કેમ તારો કૃપાપ્રસાદ મને આપતી નથી ? તારા હૃદયનો આશય હું સમજી શકી છું.

"મારા આત્માથી અધિક પ્રિય લેખિની ? હું કવિતા લખવા ચાહું છું. કેવી શૈલીથી ? એ જો તું મને પૂછતી હોય તો હું સપ્રેમ જણાવું છું જે, રાગ સાથે તાલબદ્ધ, અર્થગૌરવ સાથે પદલાલિત્ય, મધુરતા સાથે મોહકતા, અને સરલતા સાથે ગંભીરતા વાળી. મારો અંતર્ગત અભિપ્રાય જાણ્યા છતાં તારો ઉત્સાહ તું કેમ હજુ દાખવતી નથી ? શું ગુર્જરગિરામાં આવી કવિતા થવી અશક્ય છે ? શું રાગ અને તાલબદ્ધ કવિતાનો યુગ હવે ચાલ્યો ગયો છે ? શું રા. હરિલાલ, રા. મસ્ત કવિ બાલ, રા. મણિલાલ, રા. કાન્ત રા. નરસિંહરાવ. રા.

ગુલગુલ અને રા. કલાપીની પંક્તિમાં બેસવાની મારામાં યોગ્યતા નથી ! શું માત્રામેળના ગુંચવાડામાં પડતાં હૃદયમાં ઉપસ્થિત થતી ઉર્મિઓ રીસાઇ, જયાંથી આવી ત્યાં પાછી ચાલી જતી હશે ? શું વાક્યં રસાત્મકં કાવ્યમ એ સૂત્રનેજ વળગી રહેવામાં તારી કૃપા સમાયેલી હશે ? પ્રિય લેખિની ! એ સૂત્રને હું પણ અવલમ્બુ એમાં તારી સંમતિ છે કેમ ? રા. ન્હાનાલાલે એ માર્ગ પ્રથમ ગ્રહણ કર્યો છે. ઘણાએ તેમનું અનુકરણ કર્યું છે હું પણ તેમજ કરૂં. કદાચ તારી કૃપાદૃષ્ટિ તથા રા. ન્હાનાલાલ કરતાં મારી કવિતા જનસમાજને વિશેષ પ્રિય-વિશેષ આકર્ષક લાગે તો તેનું પ્રથમ માન રા. ન્હાનાલાલ ખાટી જાય એ મારાથી કેમ સહન થાય ? વળી આ કવિતા મારે સભામાં વાજીંત્રસાથે અન્યદ્વારા ગવરાવવાની છે તેથી રા. ન્હાનાલાલના મતને કેમ મારાથી અનુસરાય ? કદાચ અંગ્રેજી સંગીત પ્રમાણે ગવરાવવાનું પણ બની શકે. પરંતુ મારા હૃદયમાં એક ચિન્તા રહે છે તેનું કેમ થાય ? ગુર્જર ગિરાને ઉચ્ચપદે સ્થાપવામાં પ્રયત્નશીલ સાક્ષરવર્ગે રા. ન્હાનાલાલની આવી કવિતા જોતાંજ અનેક રસભર્યા શબ્દોથી અનેક ગાળીપ્રદાનોથી વધાવી લીધા હતા. છતાં તેઓ સામર્થ્યસંપન્ન હોવાથી પોતાના માર્ગને બરાબર અનુસરી ધીર પુરૂષની ઉપમાને પામી શક્યા. પરંતુ મારી શક્તિ કેટલી છે તે હું સારી પેઠે સમજું છું. મારી કવિતા જોતાં જ જો તેઓ આવો ખળભળાટ મચાવે તો, લખવાનો ધંધો જ બંધ કરવો પડે. લેખક થઉં કે કવિ થઉં ! એ બધી મનની મનમાંજ રહી જાય.

" રાગ તાલની સાંકડી ગલીમાં પ્રવેશતાં, હૃદયની ઉર્મિઓને અન્યાય મળે છે એ હું કબુલ કરૂં છું. છતાં તે મતને હમણાં અનુસરવું યોગ્ય નથી. જે પક્ષ વિદ્વાનવર્ગની આંખે ચડયો છે તે પક્ષમાં મારાથી કેમ રહી શકાય ?

" પ્રિય લેખિની ! મારો આત્મનિશ્ચય હવે સબળ થયો છે પ્રેમાનંદ, દયારામ કે શામળની શૈલિને અનુસરવાનો થયો છે. પરંતુ અનુષ્ટુપ કે મન્દાક્રાન્તામાં મારી ઉર્મિને સ્થાન આપવાના વિચારોથી

હમણાં તો હું વિરૂદ્ધ જ છું. સંગીત સૌને પ્રિય છે. દયારામની રસભરી ગરબીઓએ આખા ગુજરાતને ગાંડુ બનાવ્યું હતું તે સમય આજે નથી. ગરબીને બદલે ગઝલ સૌને વિશેષ પ્રિય થઇ પડેલી છે. જે ગાવામાં સાંભળવામાં સૌને રસ પડે એવું શામાટે ન કરવું ? આજે તો ગઝલ જ લખવાનું મારૂં મન થયું છે. જનસમાજની રૂચિથી વિરૂદ્ધ લખવું તે કરતાં મારા સ્વભાવથી વિરૂદ્ધ લખવું એમાં મારૂં ગૌરવ ક્યાં ઘટી જવાનું છે ?

"મારી ભ્રમણા ટળી. નિર્ણય થયો. હવે સત્વર મારી ઉર્મિં પ્રમાણે તારી ઉર્મિંને કર અને મારૂં ધાર્યું પરિણામ લાવવા તું ઉત્સાહ ધર. તને આટલી આટલી પ્રાર્થના કરી છતાં તું હજુ આળસુ સ્રીપુરૂષની પેઠે કેમ ઉભી રહી છે ? શું અન્યની સહાય્યવિના તારો માર્ગ તને સુગમ નહિ થાય ? શું અન્ય કવિવર્યોની તને શરમ લાગે છે ? શું તું જાતે જ મને શિક્ષણ આપી તારા અન્ય ભકતોનું દિલ દુભવવા નથી માગતી ? ભલે શાન્ત થા. તને દોષ મળે તે કરતાં તે દોષ હું વ્હોરી લઉં છું. જમણો હાથ તારી સેવામાં છે. મારો ડાબો હાથ તારા અન્ય ભકતોના અક્ષરદેહને જાળવી રહેલા ગ્રંથોને પહોળા કરવા પ્રેરૂં છું; તેમાંથી જે કાંઇ માર્ગદર્શક તરીકે મળે તેને પ્રથમ સ્થાન આપવા તું વેગવતી થશે જ.

"ઓ વામ હસ્ત ! કેમ ધ્રુજે છે ! સત્વર ગ્રંથોને ઉઘાડ અને આતુર થયેલી દૃષ્ટિને તેનું ધાર્યું કરવામાં સહાય્યક થા. પ્રિય હસ્ત ! ઉપકાર થયો. પ્રિય દૃષ્ટિ ! એકાદ કવિતાનું એકાદ ચરણ સત્વર પસંદ કરી લે. કેમ બીએ છે ! અહીં અન્ય કોઇ નથી. જેનું તું નામ વાંચે છે એ તો સ્વર્ગમાં છે. ચોરી કરતાં ડરે છે ! તો થયું. તારાથી કામ નહિ થાય. કોમળ હૃદયવાળો, જેમ ડૉકટર ન થઇ શકે તેમ ચોરીથી બીએ એ મને કેમ સંતોષ આપી શકે ? પ્રિય દૃષ્ટિ તેં મારી આશા ધુળ મેળવી. મારો વામ હાથ પુસ્તકનું પાનું ફેરવવા અસકત થયો અને જમણા હાથમાંથી લેખિની પરસેવાથી ભીંજાતાં નીચે પડી. મારૂં ભાગ્ય જ એટલું ઓછું લાગે છે. આ સમય જ કવિતા લખવાને અનુકુળ નથી. શરૂઆતમાં જ જ્યાં આવી દશા ત્યાં

બીજી શું યુક્તિ રચવી હવે બાકી રહી ? ગામના પાધરમાં થાકેલા બળદો ધાર્યા સ્થળે કેમ લઇ જઇ શકે ?

ત્રણ વાગ્યાનો સમય હતો ત્યારે લલિતાગવરી પોતાના દિવાનખાનામાં ટેબલ પાસેની ખુરશીમાં બેશી કવિતા લખવાનો પ્રયાસ કરી રહી હતી. ઘણાં પુસ્તકો જોયાં, ઘણા વિચારો કરી જોયા, ઘણાં વખાણ લેખિનીનાં કર્યાં છતાં એકાદ કવિતા લખવા તે વિજયશીલ નીવડી નહિ. સંસ્કૃત અને ગુજરાતીનું સારૂં જ્ઞાન હોવા છતાં, સંસ્કારી કવિઓની ઉત્તમ કૃતિઓને સમજવા જેટલી તીવ્ર બુદ્ધિ હોવા છતાં તેણીના વિચારોએ, કવિતાના આકારમાં સ્થાન ન લીધું જાણી તેણીનું હૃદય ઘણુંજ બળવા લાગ્યુ; મસ્તક ભમવા લાગ્યું અને મુખનું પ્રસન્નતાભર્યું ચારૂ હાસ્ય ખસવા માંડ્યું. હવેથી કવિતા લખવાનો વ્યર્થ પ્રયાસ કરી આવી સ્થિતિને ભોગ નહિ થવાનો જયાં મનમાં નિર્ણય કરે છે ત્યાં ગઇકાલે એક કવિતા બનાવવાનું સ્વામીને આપેલું વચન યાદ આવ્યું "સ્વામી પાસે ખોટી પડું એ કરતાં મરવું શું ખોટું છે ? જે શક્તિનો વિચાર કરી મેં મારા સ્વામીને વચન આપ્યું છે તે શક્તિ શું આજે મને આમ દગો દેશે ? ગમે તમ થાય પણ આજે કવિતા તો લખુંજ. જેવી બને તેવી પણ મારી જ શકિતથી બનાવું. અન્યની શક્તિનો આશ્રય લેવા જતાં મૂળ શકિત નષ્ટ થાય છે." એ વિચારે તેણીએ પુનઃ કલમ હાથમાં લીધી અને પોતાના વિચારોને કવિતાના આકારમાં ગોઠવવા ભાગ્યશાળી થઇ.

કવિતા લખી પુનઃ પુનઃ વાંચવા લાગી અને એકાદ લીટી તો તેણીના મુખમાંથી મોટે સાદે નીકળવા માંડી.

"બિચારા બાલ પંખીની, અરેરે ! પાંખ છેદો ના."

"આ દિવ્યધ્વનિ કોનો ? આ મીઠું હૃદયને હલમલાવી નાખે એવું અસરકારક કાવ્ય કોનું ?" એટલા શબ્દોના ઉચ્ચાર સાથે રસિકલાલ દિવાનખાનામાં દાખલ થયો. ગાવાનું કામ બંધ થયું, જરા લજ્જા પામી નીચું જોયું. મોટેથી ગવાયું તેને માટે પશ્ચાતાપ તેણીને અંતરમાં થયો. પ્રિયાની આવી સ્થિતિ જોતાં રસિક પ્રિયુ પુનઃ બોલ્યો.

પ્રકરણ ૧૭ મું.

પ્રેમવિનોદ.

"દેવી! જ્યાં સ્નેહના સંચાર ત્યાં આત્મામાં રસધાર. ગાઢ પરિચય છતાં લજ્જામણી વેલીસમ આવી લજ્જાશીલ ક્યાં સુધી રહેશે? દિનપ્રતિદિન ઉન્નતિક્રમમાં આગળ વધવું એ માનવધર્મ છે. જાહેર સભામાં પણ તારે જ ગાવાનું છે. સ્રીના કંઠ જેવું માધુર્ય, પુરૂષોના કંઠમાં કદિ સંભવતું નથી. કંઠના માધુર્યવિના સભામાં પધારેલાં સ્રીપુરૂષો કવિતાના સારને ગ્રહણ કરી, એ દુષ્ટ રિવાજને નષ્ટ કરવા કદિ પગલું ભરવાનાં નથી.

"ઘરના ખૂણામાં ગવાતાં જ્યાં હૃદય પશ્ચાતાપ કરે છે ત્યાં વળી સભાના મધ્યભાગમાં હું ગાવા બેસું એ વ્હાલા! મારાથી તો થવું જ નથી. સભામાં હું બોલું એવું સ્વપ્ને પણ થવાનું નથી. ત્યાં ગયા પછી જો આવી આજ્ઞા આપશો તો આપની આજ્ઞા લોપવી એ સ્રીધર્મથી વિરૂદ્ધ છે અને સભામાં લજ્જાને તિલાંજલી આપી ગાવા ઉભાં થવું એ સ્રીસ્વભાવથી વિરૂદ્ધ છે. ધર્મ કરતાં સ્વભાવ હમેશાં આગળ છે અને જો એમ થાય તો સભામાં બન્ને હાસ્યને જ પાત્ર થઈએ. સોથી સારો માર્ગ એજ છે કે, લ્યો આ કવિતા. મારી શરત મેં પાળી છે. આપની શરત આપ પાળો. બાકી હું સભામાં આજે આવવાની નથી."

"વળી સારી યુક્તિ. તારામાં આવું બુદ્ધિ ચાતુર્ય-સમયને સાનુકુળ થવાનું ચાતુર્ય છે એવું તો દેવિ! આજ જ જાણ્યું. શાન્ત થા. સભામાં હું તને ભાષણ આપવા કે કવિતા ગાતી જોવા કદિ ઇચ્છું છું? પ્રેમાર્દ્ર અંતઃકરણની પ્રિયતમે! સભામાં સ્રીયો ભાષણો આપે અને પુરૂષવર્ગ તેઓના પ્રત્યે ભગિની કે માતાભાવથી જુએ એ જમાનો હજુ આવ્યો નથી. હું કવિતા અન્ય પાસે વંચાવવાનું ઠરાવીશ પરંતુ સભામાં તો તારે આ-

વર્હું જ પડશે. બેસવાની જવા આવવાની તદ્દન જુદી જ સગવડ. ચીયો માટે હોવાથી હું ધારૂં છું કે તું હસતા હૃદયે જ આવીશ."

"જેમાં તમારૂં મન પ્રસન્ન તેમાં મારૂં મન પણ પ્રસન્ન." વિયોગ બોલવા જતી હતી ત્યાં શારદાગવરીને આવતાં તેણીએ બારીમાંથી જેયાં. નીચે જવું યોગ્ય લાગ્યું અને જરા સ્મિત-હાસ્ય કરતાં બોલી.

"વ્હાલા ! શારદા બ્હેન આવે છે. મને નીચે જવા દો નહિ તો વળી મને માર્મિક શબ્દોમાં કંઇક કહેશે."

"ભલે. પહેલો હું જાઉં છું તું પાછળથી આવજે."

પ્રસન્નતાના પુરમાં તણાતી, અવનવુ સ્મિત હાસ્ય મુખે ફુરકાવતી. અને નમ્રતાના અવિરલ ચિન્હો દર્શાવતી શારદાને આવતી જેતાં માતાપિતાનું વાત્સલ્યભાવપુર્ણ હૃદય સમુદ્રપેઠે ઉછળવા લાગ્યું. ઘણુાજ પ્રેમથી ગુણુજ્ઞ પુત્રીસાથે પિતામાતાએ વાર્તાચિત કરી અને હૃદયના આનન્દની આપ લે કરતાં તેઓનો અંતરાત્મા ઘણોજ પ્રસન્ન થયો. રસિકલાલે પણ વ્હાલસોયી ભગિનીને નિરાંત પુછી આવું સંસારનું પ્રેમભર્યું-આનન્દભર્યુ વ્હાણુ વાઇ રહ્યુ છે ત્યાં તે વ્હાણુામાં ભાગ લેવાની લલિત ઇચ્છા રાખતાં લલિતા મેડી ઉપરથી નીચે આવી ઓરડામાં ગઇ. ભાભીને ઓરડામાં ગયાં જાણી સુશીલ શારદાએ પોતાનાં સુશીલ નણુંદનો હાથ ખેંચ્યો, બન્ને સહર્ષ ઉભાં થયાં અને હસતાં હૃદયથી ઓરડામાં જવાને ઉદ્યુક્ત થયાં.

'મેડી ઉપર શું પ્રેમવિનોદ કરી રહ્યાં હતાં ? હમણાં આવશે એવી આશામાં ને આશામાં હું તો નિરાશ જ થઇ. અંતે સરિતાની શોધમાં નાનાં ઝરણાં દોડયાં આવે એમ મારે આવવું પડયું. તમે મારા હૃદયને જીતી લીધું છે એટલે નાના મોટાનો વિવેક પણ કયાં કરવો ?"

"સ્નેહભૂમિ એવી રસાળી છે કે, તે ભૂમિમાં પગ મુકતાં જ નાના મોટાનો વિવેક ભૂલી જવાય છે. જેવું તમારૂં હૃદય મારા પ્રત્યે દોડે છે તેવું જ મારૂં હૃદય તમારાપ્રત્યે દોડે છે. પણ મારૂં ધાર્યું કયાં થાય છે ? આજે તો આવવાની ઇચ્છા હતી જ. છતાં અણુધાર્યું કામ આવી પડયું."

"એવું અગત્યનું શું કામ હતું જે ઇચ્છાને પણ હાણી દેવી પડી. અંગ્રેજીમાં મેં વાંચ્યું છે કે જ્યાં ઇચ્છા ત્યાં માર્ગ હોય જ આ તો પતિવેલી પ્રમદાને સહાય કામ એના જેવું થયું. હમેશાં પ્રસન્ન રાખેલા મારા ભાઇને આવા પ્રસંગે અપ્રસન્ન રાખ્યા હોત તો તમને શિક્ષા કરે એવા તેઓ કઠોર ન જ થાત. પ્રણયકલહમાં પણ પરમ પ્રેમનું પરમતત્વ ઓતપ્રોત છે"

"દામ્પત્ય પ્રેમની લીલા અવનવી જ છે જે તમે જાણ્યું તે મેં પણ જાણ્યું હશે. તમારાં નણંદની હાજરીમાં નણંદસોજાઇના સંબંધને જતો કરી, સખીભાવે બોલવું એ ઉચિત નથી. કદાચ તેઓના મનમાં આપણા માટે હલકો વિચાર બંધાશે. આજે જાહેર મેળાવડો છે 'ચારિત્ર્ય' ઉપર નલિનીકાન્ત ભાષણ આપનાના છે. આવા પ્રસંગે તમારા બન્ધુના અત્યાગ્રહથી મારે પણ એક કવિતા લખવી પડી છે. તમારા ભાઇની હઠ તમે ક્યાં નથી જાણતાં ?"

"ઓહો ! સ્વભાવથી જ રસિક હતાં તેમાં વળી રસિકતા પરિપૂર્ણ કાવ્યસરિતામાં ન્હાતાં શીખ્યા. "સોનું અને સુગંધ" સાથે મળ્યા હવે તમે પણ સિક જ થયાં રસિકને રસિ કેમ અવગણી શકે ? જોઉં ભાભી 'કવિત. સભામાં શ્રવણેન્દ્રિય પવિત્ર થાય તે પહેલાં અહિં જ પવિત્ર બનાવી લઇએ"

"સંસ્કારી હૃદયને આનન્દ આપે એવું તત્ર એ કવિતામાં સંગ્રહિત નથી. દામ્પત્ય-પ્રેમ સાગરના તીરે ઉભેલાને તેમાંથી કંઇ નવું મળે એમ નથી માત્ર શાન્તાના બાળલગ્ન જોવા ઉપરથી જે લાગણી હૃદયમાં ઉદ્‌ભવી તેનું જ માત્ર તે પ્રતિબિંબ છે."

"ગમે તે વિષય હોય તેની સાથે મને સંબંધ નથી. ફક્ત જે હૃદયથી ઉદ્‌ભવી છે તે હૃદયની રસિકતા તેમાં છે કે નહિ? એટલું જ મારે જાણવાનું છે. સત્વર આપો કે જેથી ઉત્સુક હૃદય શાન્ત થાય." શારદાના આગ્રહથી લલિતાગવરીએ લખેલી કવિતા તેમના કરકમળમાં મૂકી. શારદાએ સરલાના હાથમાં વિવેક પુરઃસર મૂકી આપી. અને સરલા મનમાં ને મનમાં વાંચી સ્મિત હાસ્યપૂર્વક બોલી ઉઠી.

"જેવા મારા ભાઈ વિષયનિરૂપણમાં ચાલાક છે તેવાંજ તમારાં ભાભી છે. કવિતા ઘણીજ અસરકારક છે. બાળલગ્નમાં પુત્ર પુત્રીને હોમતા પિતા માતાઓ, આ કવિતા સાંભળતાં નીચું જ જોશે. એટલુંજ નહિ પણ હવે પછી એવું ન કરવા કદાચ સખ્ત પ્રતિજ્ઞા પણ લે."

"શારદા બ્હેન! સમય થવા આવ્યો છે. તમો જાનના સ્ત્રી વર્ગને લઇને ત્યાં આવજો. કવિતાનો કાગળ મને આપો. હું તેને માટે અમુક ગોઠવણ કરી રાખું. વિલમ્બ નહિ કરશો." રસિકલાલે કહ્યું.

"લ્યો મોટાભાઈ! આ કવિતા. હું મારાં ભાભીશ્રીને હમણાં મારી સાથે ત્યાં તેડી જાઉં છું અને ત્યાંથી જેમ બનશે તેમ અન્ય સ્ત્રીવર્ગ સાથે અમે સભાના મુકામે આવશું."

રસિકલાલ કવિતા લઇ ચાલતો થયો.

"ભાભીશ્રી! તમારી લેખિનીનું લાલિત્ય તો મેં આજ જ જાણ્યું." એટલું બોલતાં શારદા સરલાસાથે બહાર આવી. પૂજ્ય પિતામાતાને પુનઃ મળી અને વિનયશું કહેવા લાગી.

"પૂજ્ય તિર્થરૂપ પિતામાતા! હવે મને રજા આપો. હમણાં સભામાં જવાનું છે. વળી કાલ સવારે પહેલી ગાડીમાં જાનને જવાનું છે એટલે હું ફરીથી અહિં આવી શકીશ નહિ. તમારા હેતના લીધે મને જવું જો કે રૂચતું નથી પરંતુ ધર્મનું રક્ષણ સૌને કરવાનું છે એ સમજતાં તેમ કરવું પડે છે."

"ભલે. તારાં ભાભીને પણ સાથે સભામાં લઇ જા. અવકાશ મળે તો વળી થોડા દિવસ અહીં આવી જજે."

"ત્યાં ગયા પછી મારાં નણંદના માટે વિચાર કરવાનો છે. એટલે હમણાં તો અવાય એમ નથી. ઇશ્વરેચ્છા હશે તો વળી આગળ ઉપર જોયું જશે."

"ભલે તું સમજુ છે. તારાથી અમને સંતોષ છે." પવિત્ર પિતામાતાને સંતોષ આપી શારદા પોતાનાં ભાભી તથા નણંદને લઈ જાનના ઉતારે આવી અને ત્યાંથી અન્ય સ્ત્રીવર્ગને લઇ તે વખતસર સભાના મુકામે આવી.

પ્રકરણ ૧૮ મું.

સમાજ અને જનસેવા.

મંદાક્રાન્તા.

માતૃભૂમિ રસકસ વધે એ વિચારી વીરા તું,
ઉઠી વ્હાલા ધીર ધરી ઉરે વિશ્વહિતે વળે તું;
એ હું શિક્ષા હૃદયભૂમિમાં કોતરી રાખશે તું,
તો બ્રહ્માંડે વીર વિચરતાં લાભ થાશે ઘણા તું.

સૃષ્ટિભેદ સાથેજ દ્રષ્ટિભેદ અસ્તિત્વમાં આવ્યો છે આ દ્રષ્ટિભેદ એ માથા ઉપર આવેલા આકાશજેવો દૃઢ છે. આ દ્રષ્ટિભેદ અનિવાર્ય છે છતાં તેમાં ઘણો સુધારો થઇ શકે એમ છે. પ્રત્યેક જમાનાના મહા પૂરૂષોએ, દ્રષ્ટિભેદ ઓછો કરવા અર્થે સતત પ્રયત્ન કર્યો છે. જુદી જુદી ભાષામાં પ્રસિદ્ધિમાં આવેલા ગ્રંથોનો હેતુ મુખ્યત્વે કરીને આ દ્રષ્ટિભેદને જેમ બને તેમ ઓછો કરવો તે છે. દરેક સ્રીપુરૂષમાં બ્રાતૃભાવની લાગણીને સ્થાન મળે, આપણે સૌ એકજ પિતા–પ્રભુનાં બાળકો છીએ એવું જ્ઞાન સર્વની રગેરગમાં પ્રસરે અને એક જ પ્રભુની બ્રહ્માંડકુંજમાં આપણે સૌ રમીએ છીએ એવું અનુભવથી જોતાં શીખે તો ઘણા અંશે મૂળ દ્રષ્ટિભેદ ઓછો થાય એ નિ:સંશય છે.

આવો પ્રેમભાવ વધે, આવું ઉચ્ચ જ્ઞાન મળે અને સર્વને આવો જ અનુભવ મળતો રહે તે અર્થે એક બીજાના વિચારો જાણવાનું, એક બીજાના વિચારોનો વિનિમય કરવાનું કાર્ય સૌ કરતાં વિશેષ અગત્યનું છે. બે હૃદયના વિચારો જાણ્યા પહેલાં બે હૃદયની એકતા થવી જેટલી અશક્ય છે તેજ પ્રમાણે જનસમાજના હૃદયો એક બીજાના જાણ્યામાં આવ્યાવિના એકતા થવી એ પણ

અશક્ય જ છે. આવી એકતા જોવા માટે એક બીજાના વિચારોમાં ભ્રાતૃભાવને સ્થાન આપવા માટે અને મૂળ દૃષ્ટિભેદને નિર્બળ કરવા માટે જો કોઇ સાધન હોય તો તે સમાજ-મંડળ જ છે. આવા ઉચ્ચ હેતુથી અત્રે કેટલાક ઉત્સાહી પુરૂષોના આત્મભોગથી એક "સ્વાત્મદોષદર્શક" નામક મંડળની સ્થાપના થયેલી હતી જેમાં સાંસારિક અને વ્યાવહારિક, માનસિક અને આધ્યાત્મિક શકિતઓના વિકાસને કારણભુત થાય તેવા વિષયો ઉપર અવાર નવાર ભાષણો અપાતાં હતાં.

સાંઝનો સમય હતો "ચારિત્ર્ય" ઉપર રા. નલિનીકાન્તનું ભાષણ થવાનું છે એવા ખબર જાહેરપત્રદ્વારા મળતા મંડળનું મુકામ શ્રોતૃવર્ગથી ઉભરાઇ ગયેલું હતું; ડાબી બાજુમાં સ્ત્રીવર્ગના માટે ખાસ સગવડ રાખી હતી. મંડળની પ્રશંસા સાંભળી લક્ષ્મીદાસ શેઠને ત્યાં આવેલી જાનના ઘણા સદ્‌ગૃહસ્થો અને ઘણી સુશીલ બહેનોએ હાજરી આપી હતી તેમાં શરચ્ચન્દ્ર અને સરલા સૌનું ધ્યાન ખેંચે એવાં પ્રતિભાશાળી હતાં.

સવા પાંચ થતાં ભાષણ કર્ત્તા નલિનીકાન્ત આવી પહોંચ્યા. રસિકલાલની યોગ્ય દાલલથી અત્રેના ન્યાયાધીશે પ્રમુખપદને શોભાવ્યું અને કાર્યક્રમ ચાલુ કર્યો.

૧. "પ્રભુસ્તવન" (એક વિદ્યાર્થિ)
૨. "આપણો ઉત્કર્ષ" (સંવાદ) બે વિદ્યાર્થિ.
૩. "ચારિત્ર્ય" રા. નલિનીકાન્ત.

એક વિદ્યાર્થિ—

"અહો? અમ ભાગ્યની ભાવિ પ્રભો! રેખા સુધારોને,
"રેખા સુધારોને પ્રભો! રેખા સુધારોને (૨) અહો૦
"બ્રહ્મચર્યથી, રસજ્ઞાનથી, ઉરને રસાવોને,
"શુભ લગ્નનું, રસ પ્રેમનું, લ્હાણું અપાવોને(૨) અહો૦
"ગૃહકુંજમાં, ઉર કુંજમાં, પ્રભુતા પ્રસારોને,
"સુખસાર આ સંસાર એ, સિદ્ધિ વધારોને; (૨) અહો૦
"પર પ્રાણમાં નિજ પ્રાણ એ, પ્રેમે પઢાવોને,
"જગ કુંજ આ રસનાદથી સત્વર ગજાવોને. (૨) અહો.

(શાર્દૂલ)

કાન્તિ—

" પ્રીતિ પંથ રસાળ સૌ મુખ વદે, દોડે પ્રીતિ પંથમાં,
" થોભે દુષ્ટ અનંગની કળબળે, લેખાય છે અંધમાં,
" કૈં કામાંધ ઉરે અને ઉછળતાં, દુઃખોદધિ છોળથી,
" કિન્તુ જ્ઞાનહીણા અહો ! મન લહે, ન્હાયા પ્રીતિ–વારિથી "

શાન્તિ—" કેમ ઉદાસ જણાય છે ? "

કાન્ત—" મારા વ્હાલા મિત્ર ! એક પ્રશ્ન મારા હૃદયને બાળે છે, આંખમાં અશ્રુ આણે છે, અને મારા આત્માની અનંત શક્તિઓને ઝુંટી નાંખે છે. "

શાન્ત—સુહૃદ ! જયાં વૃક્ષ ત્યાં બીજ, જયાં ઈંડું ત્યાં પક્ષી, જ્યાં ગુરૂ ત્યાં શિષ્ય, અને જયાં ધર્મ ત્યાં જય હોયજ. તદ્વત જયાં પ્રશ્ન ત્યાં સમાધાન હોય એમાં શી શંકા ? "

કાન્તિ—" સામાન્ય પ્રશ્નોનું સમાધાન સર્વત્ર સુલભ છે પરંતુ આ સામાન્ય પ્રશ્ન નથી. હું બાળક છું પણ મારા વિ-ચારો બાળક નથી. મારો બાળ પ્રશ્ન પણ વયોવૃદ્ધ વડીલોના મનને ચોંકાવનારો, હૃદયને કંપાવનારો અને બુદ્ધિને હંફાવ-નારો છે. "

શાન્તિ—" ગર્ભ પ્રમાણે બાળક અને જળ પ્રમાણે માછલાં હોય છે. મોટા મગર તો સમુદ્રમાં જ મળી આવે. બાકી તારા પ્રશ્નમાં વયોવૃદ્ધ વડીલોનાં હૃદય કંપે એવું હોય જ નહિ. " બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી. " એ માત્ર બો-લવામાં છે. પ્રભુ સૃષ્ટિમાં સર્વત્ર એવો અસંભવ છે પરંતુ તારો પ્રશ્ન જણાવ જોઉં ? "

કાન્તિ—" આપણો ઉત્કર્ષ શામાં છે ? "

શાન્તિ—" આપણા આર્યશાસ્ત્રો પ્રમાણે જીવન ગાળવામાં. "

કાન્તિ—" જુના જમાનાનાં શાસ્ત્રો જુના જમાના સાથે ગયાં છે હવે નવો યુગ બેઠો છે, નવાં નવાં શાસ્ત્રો લખાયાં છે;

આચારમાં પણ મુકાયાં છે જુનાં શાસ્ત્રોપ્રમાણે કોઈ વર્તતું નથી. જ્યારે જનસમાજનો મોટો ભાગ જાણ્યે અજાણ્યે નવાં જ શાસ્ત્રો પ્રમાણે જીવન ગાળે છે. બોલો મારા વ્હાલા મિત્ર ! હવે ક્યાં શાસ્ત્રો સાચાં ગણવાં ? ”

શાન્તિ—“ જેવો વિચાર એવો આચાર હોવો જોઈએ. નવાં શાસ્ત્રો પ્રમાણે જો હાલ સૌ જીવન ગાળે છે તો નવાં શાસ્ત્રો પ્રમાણભુત ગણાય. છતાં નવાં શાસ્ત્રોના અમુક સિદ્ધાન્તો જાણ્યા પહેલાં હું મારા વિચારો કેવી રીતે જણાવી શકું ? ”

કાન્તિ—“ સત્ય છે. સ્વપ્નમાં મહારાજની પદવી મળે તે કરતાં જાગૃતાવસ્થાની પ્રાપ્તસ્થિતિ વિશેષ સારી છે. નવાં શાસ્ત્રોમાં અન્ય આશ્રમો કરતાં ગૃહસ્થાશ્રમની મહત્તા ખાસ પ્રતિપાદન કરી છે, ”

શાન્તિ—“ તું જેને જુનાં શાસ્ત્ર ગણે છે તે શાસ્ત્રોમાં પણ ગૃહસ્થાશ્રમની મુક્ત કંઠે પ્રશંસા કરેલી છે. બન્ને શાસ્ત્રોનું રહસ્ય જાણ્યાવિના એકની વ્હેલમાં બેસવું એ યોગ્ય નથી. સાંભળ.

“ यथा नदी नदाः सर्वे सागरे यान्ति संस्थितिम् ।
“ तथैवाश्रमिणः सर्वे गृहस्थे यान्ति संस्थितिम् ॥ ” १

કાન્તિ—“ ગૃહસ્થાશ્રમની શ્રેષ્ટતા બન્ને શાસ્ત્રો પ્રતિપાદન કરે છે છતાં બન્નેના વિધિમાં યુવા અને વૃદ્ધાવસ્થા જેટલું અંતર છે.

“ अविलुप्त ब्रह्मचर्यो लक्षण्यां स्त्रियमुद्वहेत् ”

× × × × × ×

“ एतैरेव गुणैर्युक्तः स्वर्णः श्रोत्रियो वरः
“ यत्नात्परिक्षितः पुंस्त्वे युवा धीमाञ्जनप्रियः ॥ २

૧—“ નદી અને નાળાં જેમ સમુદ્રમાં વિરામે છે તેમ સર્વ આશ્રમીઓનો ગૃહસ્થાશ્રમમાં સમાવેશ થાય છે. ”

૨—“ સ્વજ્ઞાતિનો, વેદાધ્યયનવાળો, પત્નિથી પરિક્ષા કરાયલો, યુવાવસ્થાવાળો બુદ્ધિમાન, લોકપ્રિય વર હોવો જોઇએ. ”

"જૂનાં શાસ્ત્રો ગૃહસ્થાશ્રમી થવાના તમામ હકો સૌ સૌની ઇચ્છા ઉપર છોડે છે, જ્યારે નવાં શાસ્ત્રોમાં વરવહુની ઇચ્છાને બદલે તેઓના પિતામાતાની જ ઇચ્છા કામ આવે છે. વરવહુ નાનાં હોય, પણ માતાપિતા મોટાં હોય તો, પુત્રપુત્રીને ગૃહસ્થાશ્રમી બનાવી દેવાં અને કદાચ આ કાયદામાં જો કોઇ અપવાદ તરીકે બહાર આવે તો તેની કીર્તિ ઓછી થાય છે. કેવું આબરૂદાર ઘર કે "છોકરાં ઘોડીયામાંથી ઝડપાય છે." આ સૂત્રથી અલંકૃત વિનાનું જીવવું એ નવાં શાસ્ત્ર પ્રમાણે મૃત્યુરૂપ મનાય છે."

શાન્તિ—"તું તો હવે બારીસ્ટરજેવો થયો. તર્કવાદી થવું સહેલું છે પરંતુ નવાં શાસ્ત્રોની લોકપ્રિયતા જોવી સહેલી નથી. કારણ કે, ઘરસંસાર વરવહુએ ચલાવવો છતાં વરવહુના ગુણદોષો જાણવાને બદલે ઘરના ગુણદોષો જાણવા પ્રયત્ન કરવો એ વૃક્ષનાં મૂળને મૂકી ડાળે ડાળે પાણી પાવા જેવું છે. વરવહુના ગુણદોષો જોવા કરતાં ઘરના ગુણદોષો જોવાનો નવા શાસ્ત્રનો કાયદો સારો છે એ તું સિદ્ધ કરી આપશે ?"

કાન્તિ—'વરના બદલે ઘર સારૂં જોવામાં ઘણા ફાયદા છે. સારો સગો મળે તો આંગણું ઇન્દ્રભુવનના જેવું શોભે. કદાચ વરવહુ એકબીજાના સ્વભાવને નહિ જાણતાં કજીયા કરે, પૂજ્ય સાસુજી બાળવધૂને વાત વાતમાં સંતાપ્યા કરે, દુર્જન લોકોનાં ટોળાં જોવા મળે, આખું ઘર જગ-બત્રીસીએ ચડે, પરંતુ આબરૂદાર–ખાનદાન ઘર હોય તો, આંખના ખુણા રાતા ન બને, લાકડીઓ ન ઉડે, કોર્ટના પવિત્ર મન્દિરે ચડવું ન પડે, એટલુંજ નહિ પણ પ્રજા આયુમાં અલ્પાયુ થાય, નિસ્તેજ થાય, સામર્થ્યહીન થાય એટલે વિશેષ જીવી વિશેષ પાપ કરવાના મહાન દોષમાંથી આપોઆપ મુક્ત થઇ જાય. વળી છોકરો અંગ્રેજી ભણેલો હોય અને દેવમન્દિરે ન જતો હોય એવો મૂર્ખશિરોમણી ઘેર બેઠાં બેઠાં જ્ઞાન મેળવી શકે કે ? આ સંસાર ખારો ઝેર છે. પ્રભુ ભજવામાં કલ્યાણ છે. એ પણ કયાં ઓછો લાભ છે ?"

શાન્તિ—વહારે વાહ ! તારી બુદ્ધિની તો બલિહારી છે."

કાન્તિ—"સુહૃદ્ ? જુનાં શાસ્ત્રોના નિયમો જ ઘણા અટ-

પટા છે જ્યારે નવાં શાસ્ત્રોના નિયમો ઘણા વ્યવહારૂ છે. હવે કયા શાસ્ત્ર પ્રમાણે તું વર્તવા તૈયાર રહેશે ?"

શાન્તિ—"વિચાર કર્યા પછી પ્રત્યુત્તર આપી શકું !"

કાન્તિ—"નવાં શાસ્ત્રો મારા વિચાર પ્રમાણે ગામેગામ અને ઘરેઘરના ખૂણા તપાસી લખાયાં હોય એવું માલુમ પડે છે. ગમે તેને મળો, ગમે તે ઘેર જુઓ તો તેઓ બાળ લગ્નનો આનંદ ભર્યો લ્હાવો લેતાં હશે. નજરે જોવું છતાં ન સ્વીકારવું એ ક્યાંનો ન્યાય ?"

શાન્તિ—"જે સત્ય શાસ્ત્રથી વિરૂદ્ધ હોય તે સત્ય ગણાય નહિ. બાળલગ્ન આજે કાલે અટકશે, શાસ્ત્રોપ્રમાણે ગૃહસ્થાશ્રમો રચાશે અને ઘરેઘર કલહકંકાસના બદલે આનન્દનાં માંગલિક વાજીંત્રો વાગશે. આવો સમય આવ્યે વળી જુનાં શાસ્ત્રો માનવાં પડે તો આગળથી તે મતને માની બાળલગ્નો અટકાવવા પ્રવર્તવું શું ખોટું છે !"

કાન્તિ—"મારા વ્હાલા મિત્ર ! તમારામાં જો આવી દ્રઢતા હોય તો તમારા મતમાં હું ભળવા તૈયાર છું. આજથી જ હું પ્રતિજ્ઞા કરૂં છું કે મારૂં જીવન જુનાં શાસ્ત્રઆધારે ગાળીશ અને મારા સાથે સંબંધ ધરાવતા બન્ધુઓને પણ તેવો જ ઉપદેશ આપીશ."

શાન્તિ—મારી પણ તેજ પ્રતિજ્ઞા છે. આપણી પ્રતિજ્ઞા સિદ્ધિ થવા પ્રભુ બળ આપે તો કેવું સારૂં ? હું ધારૂં છું કે પ્રભુ આપણને એવું બળ આપશે જ અને આપણો ઉત્કર્ષ પણ થશે જ. સર્વ બન્ધુઓ બાળલગ્નના ભોગ થતાં બચે એવી આશા રાખતાં ચાલો આપણે આપણા સ્થાનકે જઇએ."

સંવાદ પુરા થતાં સભાએ તાલીઓના ગડગડાટથી બન્ને વિદ્યાર્થીઓને વધાવી લીધા. રસિકલાલે કવિતાનો કાગળ પ્રમુખ સાહેબની સમક્ષ રજુ કર્યો. જે જોતાં, વાંચતાં સમયોચિત હોવાથી તે ગવરાવવા અન્ય વિદ્યાર્થીને રજા મળી. વિદ્યાર્થીએ તે શાન્ત સ્વરથી ગાવા માંડી.

ગઝલ.

" બિચારા બાલપંખીની, અરે રે ! પાંખ છેદો ના,
" બતાવી પુષ્પની માળા ફુલે હૈયું ફુલાવો ના. ૧

" પ્રભુની પ્રેમ–વાડીનું, મહા મોઘું જ પંખીડું,
" પ્રજા પ્રેમે અહો ! પાળ્યું, પછી તેને પ્રજાળો ના. ૨

" તરૂ ડાળે રમે હિંચે, સુધા સિંધુ સદા સિંચે,
" જનેતા અંકમાં સૂતું, જનેતાથી ઝુંટાવો ના. ૩

" મધુરાં ગીતડાં ગાતું, વળી હૈયામાં હરખાતું,
" અકાળે કાપવા તેને, કસાઈ હાથ આપો ના. ૪

" પ્રજાસમ બાલપંખી એ, હલાહલ લગ્નના યજ્ઞે,
" અરે ! હોમી બલિ તેનું. જમી સ્નેહી જમાડો ના. ૫

કવિતા ગાઇ વિદ્યાર્થી નીચે બેઠો. હૃદયભેદક કવિતા સાંભળતાં ઘણાના મનમાં આવું કૃત્ય હવે પછી ન થાય એવો નિશ્ચય થયો હોય એવાં ચિન્હો સૌના મુખડે રમવા માંડયાં. પ્રમુખ સાહેબની રજા મળતાં નલિનીકાન્ત ભાષણ કરવા ઉભા થયા. શ્રોતૃવર્ગે તેમને હર્ષનાદથી વધાવી લીધા.

" नमो विश्वसृजे पूर्वं विश्वं तदनु बिभ्रते ।
" अथ विश्वस्य संहर्त्रे तुभ्यं त्रेधा स्थितात्मने ॥

" સદ્વિવેકી સદ્‌ગૃહસ્થવર્ગ, વિદ્યાનુરાગી વિદ્યાર્થિવર્ગ અને ભારતની ભાવિ આશાના આભૂષણરૂપ ભગિનીઓ !

" जातस्य हि ध्रुवो मृत्यु ध्रुवं जन्म मृतस्य च । એ આ વિશ્વનો અબાધિત નિયમ છે છતાં સ્થુલ દેહ છોડીને આ સંસારથી છુટાં થયે જેને ઐતિહાસિક દૃષ્ટિએ સેંકડો વર્ષો થઇ ગયાં છે, તેમનાં નામો હજુ આપણા શરીરની રગેરગમાં રમી રહ્યાં છે.

"રાજ્યનીતિથી શ્રીરામચંદ્રજી, જ્ઞાનગીતાથી શ્રીકૃષ્ણચંદ્રજી. દયાધર્મથી મહાત્મા બુદ્ધ, અદ્વૈત જ્ઞાનયોગથી સ્વામી શ્રી શંકરાચાર્ય, પ્રેમભક્તિ યોગથી શ્રીમદ્ વલ્લભાચાર્ય, આપણા આત્માને પ્રત્યેક પળે આનન્દભર્યું હજુ હસાવી રહ્યા છે. આનું કારણ દરેક સ્ત્રી પુરૂષોએ અંતરમાં ઉંડાં ઉતરી વિચારવું જોઇએ.

"જે પ્રમાણે તેઓના હૃદયમાં હતું, તેજ પ્રમાણે તેઓની વાણીમાં હતું; અને જે પ્રમાણે વાણીમાં હતું તે પ્રમાણે જ તેમના વર્તનમાં હતું. હૃદય, વાણી અને વર્તન એ ત્રિપુટિના યોગેજ આપણે તે તે મહાત્માઓને વંદિએ છીએ. તેને લીધેજ આપણો અંતરાત્મા તેમના ચરણકમળમાં લોટવા ઉમેદ રાખે છે અને તેને લીધે જ તેઓનાં નામે આપણા સર્વસ્વનો ત્યાગ કરવા આપણે આંચકો ખાતા નથી. જેટલા અંશે હૃદય, વાણી અને વર્તન એકતા પામે છે તેટલા અંશે તેનું "ચારિત્ર્ય" ઉચ્ચ ગણાય છે. જેટલા અંશે ચારિત્ર્યનું ઉચ્ચપણું તેટલા અંશે તેઓ આખા વિશ્વથી પૂજાય છે. તેમના અને આપણામાં જે ભેદ છે તે ભેદ પણ 'ચારિત્ર્ય' માં જ છે. તેઓનાં હૃદય, વાણી, અને વર્તન એક હતાં જ્યારે આપણાં હૃદય, વાણી અને વર્તન પરસ્પર વિરોધ ભરેલાં છે. અને આ વિરોધ જેમ બને તેમ આપણે ટાળવો જોઇએ.

"જે આજે સત્ય લાગ્યું તે કાલે અસત્ય લાગે છતાં ઘણાં દુરાગ્રહી ભાઈ બ્હેનો મૂળ વાતને જ પકડી રહે છે. જે નિશ્ચય જણાવ્યો તે નિશ્ચય વ્યર્થ છે એવું જાણ્યા છતાં તેને વળગી રહેવું એવું શાસ્ત્રકારોનું તેઓને કબાણ હોતું નથી. પરંતુ જનસમાજમાં તરંગી વિચારના ગણાય એવા ભયથી જ તેઓ એમ કરે છે. પરંતુ જનસમાજના અપવાદથી અસત્યનું ગ્રહણ કરી મનુષ્યજીવન ગુમાવી નાખવું એ જ્ઞાનપ્રાધાન્ય પ્રજાને શોભાસ્પદ નથી જ. તત્સમ્બંધે એક પ્રખ્યાત અંગ્રેજી ગ્રંથકાર લખે છે કે—

"Speak what you think, now in hard words and to-morrow speak what to-morrow in hard words

again though it contradicts every-thing you said to-day”

“ અને આ પ્રમાણે જ્યારે થશે ત્યારે જ આપણા આ-ત્મામાં રહેલાં સામર્થ્યો આપોઆપ પ્રકટ થશે અને ત્યારે જ આપણું ચારિત્ર્ય આપણે સુધારી શકીશું એ નિર્વિવાદ છે.

“ આખા વિશ્વનું દ્રવ્ય તેની પાસે હોય, સૃષ્ટિના સર્વ જીવાત્મા કરતાં વિશેષ સૌન્દર્યયુક્ત તેનું શરીર હોય, સમગ્ર ભાષાના સમર્થ વિદ્વાનોના શૃંગારરૂપ તેનું જ્ઞાન હોય, પરંતુ જો તેનું ચારિત્ર્ય તેની વાણીને અનુરૂપ ન હોય તો તેનું દ્રવ્ય, તેનું સૌન્દર્ય અને તેનું જ્ઞાન તેની જ ઇર્ષા પ્રથમ કરશે; એ-ટલુંજ નહિ પણ દ્રવ્યના દાસો દ્રવ્યમાટે તેને થોડે થોડે ફોલી ખાશે, દુનિઆની આધિ વ્યાધિઓ તેનું સૌન્દર્ય, ‘ રીંછ મધપુડાને લુંટે ’ તેમ લુંટી લેશે અને વિતંડાવાદી વિદ્વાનોની હાજરી તેની બુદ્ધિને, તેના જ્ઞાનને, જોત જોતામાં મ્હાત કરી મૂકશે; કારણ, જેવા આપણે હૃદયમાં હોઇએ તેવીજ વસ્તુઓને આપણે આ બ્રહ્માંડમાં જાણ્યે અજાણ્યે, આપણા પ્રત્યે આક-ર્ષીએ છીએ. ‘ Like attracts like ’ એ કુદરતનો ખાસ કાયદો સર્વના માટે છે. દવાખાને દરદી આવે અને કોર્ટના બારણે વાદી પ્રતિવાદી આવે એ જેટલું સત્ય છે તેટલું સત્ય ‘ સત્ય ચા-રિત્ર્યરહિત પુરૂષપાસે ચારિત્ર્યરહિત જ આવે.

“ જેનું ચારિત્ર્ય પ્રભાવશાળી છે તેની પાસે તેનાજ જીજ્ઞાસુ આવતા હોવાથી તે પુરૂષ સ્વાભાવિક જ આગળ વધતો જાય છે. જેને આખું વિશ્વ વંદે છે, ચાહે છે તે તેના ચારિત્ર્યના જ પ્રભાવે. નહિ કે તેમની અન્ય આડમ્બરસૂચિત સામગ્રીના પ્રભાવે. આપણે ચારિત્ર્યને કલંકિત કરે એવી વસ્તુથી અલગ રહેવું જોઇએ અને હૃદયની ઉચ્ચ સામગ્રી મેળવવા કટિબદ્ધ થવું જોઇએ.

“ We live in deeds, not years
In thoughts, not breaths

In feelings, not in figures on the dial
We should count time by heart throbs." 1

× × × × ×

"He most lives, who thinks most
Feels the noblest, acts the best." 2

Bailey.

"જેનું હૃદય દૈવીસંપત્તિનું સંગ્રહસ્થાન હશે, જેની વાણી દૈવીસંપત્તિનું રમણસ્થાન હશે અને જેનું વર્તન દૈવીસંપત્તિનું પ્રદર્શન હશે તે, બ્રાહ્મણ જ્ઞાતિનો હોય કે મ્લેચ્છ જ્ઞાતિનો હોય, હિંદુ હોય કે મુસલમાન હોય, પારસી હોય કે જૈન હોય, રામનો ભક્ત હોય કે ક્રાઇષ્ટનો ભક્ત હોય તો પણ આખું વિશ્વ તેના ચરણમાં પડશે. મહાકવિ ભવભૂતિના શબ્દોમાં બોલીએ તો

शिशुं र्वा शिष्या वा यदसि मम तत्तिष्ठतु तदा
विशुद्ध्यै रुत्कर्ष स्त्वयितु मम भक्तिं द्रढयति ।
शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्यासि जगतां
गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ॥

૧—કર્તવ્યમાં નહિ કે મોટા થવામાં, લાગણીઓમાં નહિ કે કાલ્પનિક ચિત્રોમાં, આપણું જીવન છે. હૃદયના ધબકારાથી આપણે વખત આપવો જોઇએ.

૨—તેનું જીવન સફળ છે કે, જે સુવિચારો સેવે છે, ઉમદા લાગણીઓને અંતરમાં સ્થાન આપે છે અને ઉચ્ચ ચારિત્ર્યને અનુસરે છે.

બેઇલે.

૩—શિશુ વા શિષ્યા વા મમ તું જયમ છે તે રહી ભલે,
મહા શુદ્ધિનાથી તુંપર મમ ભક્તિ ઠરી રહે;
શિશુ હો કે સ્ત્રી હો પણ તું જગમાં વન્દ્ય સહુની,
ગુણી ના પુજાએ ગુણ, ન, વય જાતિ નવ કદી.

'મ. ન. ના ભાષાન્તરમાંથી.

જ્યાંસુધી ચારિત્ર્ય ન સુધરે ત્યાંસુધી દ્રવ્ય, રૂપ, કે જ્ઞાન એ સર્વ એકડા વિનાનાં મીંડાં જેવાં છે. હૃદય, વાણી અને વર્ત્તન એક થતાં કોઈપણ વસ્તુ એવી નથી કે તેમને ન મળે. કારણ—

વસંતતિલકા.

"વિદ્યા દિયે વિનય, પ્રેમ ગુણી દિયે છે,
"શાન્તિ દિયે શમ અને શમ સર્વ દે છે,
"ચારિત્ર્ય સૌજ્ય ગુરૂ શિષ્ય હસી શિખાવે,
"ચારિત્ર્ય દે વિભુતણી પ્રભુતા સ્વભાવે."

"આપ સર્વ બન્ધુઓને આવું ચારિત્ર્ય સિદ્ધ થાઓ એવી આશા રાખતો, પરમાત્માપ્રત્યે પ્રાર્થના કરતો, અને થયેલ દોષોની આપ સર્વ પાસે માફી માગતો, બેસવા રજા લઉંછું." ભાષણકર્તાનું વય નાનું હોવા છતાં તેના ઉન્નત વિચારોએ સભાને આંજી નાંખી. શ્રોતૃવર્ગના હૃદયમાં નૂતન નૂતન લાગણીઓ જન્મ પામી અને નલિનીકાન્તપ્રત્યે સૌનું હૃદય પહેલાં કરતાં વિશેષ પ્રેમથી વળવા માંડયું.

પ્રમુખ સાહેબે ઘટતું વિવેચન કરી સભાનું કાર્ય પુરૂં થયું જાહેર કર્યું. સર્વ સદ્‌ગૃહસ્થો એક પછી એક એમ બહાર નીકળ્યા. શરચ્ચન્દ્ર, શારદા અને સરલા, રસિકલાલ અને લલિતાગવરીને મળી ઉતારે આવ્યા અને કાલે ગાડીમાં જવાનું છે માટે આગળથી તમામ વસ્તુઓ સંભાળી પ્રાપ્ત કામમાં રોકાયા.

પ્રકરણ ૧૯ મું.

શારદા અને શરચ્ચન્દ્ર.

મન્દાક્રાન્તા

જેના માટે મમ હૃદયમાં લાગણી ઉંડી કાંઇ,
તે લોકોને નિજ હૃદયમાં ભાસતી અન્ય આંહિ.

અહો! લોક વ્યવહાર કેટલો બધો વિચિત્ર છે! જયાં કવિનું કાવ્ય ચાતુર્ય, વક્તાનુ વાકચાતુર્ય, લેખકનું લેખનચાતુર્ય અને ભાષાશાસ્ત્રીનું શબ્દચાતુર્ય ચાલતું નથી. આભ ફાટયે કદાચ થીંગડુ આપી શકાય પણ જગત મોઢે તાળું તો ન જ દઇ શકાય. ખરેખર લોકવ્યવહાર ખાંડાની ધાર જેટલો તીક્ષ્ણ છે. ઘણાં પ્રતિભાશાળી સ્ત્રીપુરૂષો ભ્રમણામાં પડયાં છે, ઘણાં માતાપિતા પુત્રના ચારિત્ર્યભણી શંકાશીલ થયાં છે. ઘણાં દંપતિ પરસ્પર અન્યવૃત્તિથી જોતાં શિખ્યાં છે, ઘણા સ્નેહી, સ્નેહ પ્રત્યેના ધર્મથી વિમુખ થયા છે. લોકની દૃષ્ટિએ ચડેલા સ્ત્રીપુરૂષના ગુણોપ્રત્યે કોઇની દૃષ્ટિ ખેંચાતી નથી પરંતુ દુધમાં પોરા જોવાની વૃત્તિથી જ, તેઓપ્રત્યે સૌકોઇ દૃષ્ટિ પ્રવાહ વાળે છે. ગમે તેટલાં સ્ત્રીપુરૂષ નિર્દોષ હોય, ગમે એવાં શાસ્ત્ર વિહિત કર્તવ્યમાં પ્રીતિવાળાં હોય, ગમે તેના પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમથી જોતાં હોય તો પણ જગતને મન એ બધું અપૂર્ણું! અપૂર્ણું! અને અપૂર્ણું જ. મહાનુભવિઓ આ દુનિઆને દોરંગી ગણે છે એ તેમની દીર્ઘદૃષ્ટિ જ છે. જે બોલે તેને બોલકણો અને ન બોલે તેને નમાલો ગણે, કરે તેની ભૂલો શોધે અને ન કરે તેને મૂર્ખ માને, પરમાર્થમાં પૈસા વાપરે તેને કીર્ત્તિલોભી ગણે અને ન આપે તેને લોભી કહે, અન્યના હિતમાં રાત્રિ દિવસ જે માથું મારે તેને સ્વાર્થી ગણે અને અન્યના હિતમાં પગલું ન ભરે તેને પશુસમ ગણે. અરે! આવી બેકદર દુનીઆમાં કેમ રહી શકાય!

"મારા પ્રત્યે સરલાનો અને સરલાપ્રત્યે મારો જે સદ્‌ભાવ છે, તેનું ખરૂં સ્વરૂપ સમજ્યાવિના મને ધૂર્ત, સરલાના સુખનું સત્યાનાશ વાળનારી આદિ વિશેષણો આપે છે, એ ન્યાય રીતિ દુનિઆની કેટલા અંશે સારી છે! તેનો નિર્ણય મારે કોની પાસે કરાવવો! ઘણાં સ્ત્રીપુરૂષો દુનીઆના ખોટા વ્યવહારથી કંટાળ્યાં છે; કામ કરે તેની કદર કરવાને બદલે દુનીઆ પોતાના મનમાં આવે એવાં વિશેષણો આપે. જે સાંભળવાથી ઘણાં સ્ત્રીપુરૂષોનો ઉત્સાહ મંદ થયો છે; અને દુનીઆનું કામ દુનિઆ જાણે, એવા શબ્દોના ઉચ્ચારસાથે ઘણાં પરોપકારી સ્ત્રીપુરૂષો પણ પોતાનું સાચવી બેસી રહેવાના વિચાર ઉપર આવી ગયાં છે. દુનિઆ પોતાની આવી ભુલ સમજે તો લોકવ્યવહાર વિશેષ સુગમ થાય એ દીવા જેવું છે. શું મારૂ હૃદય લોકો માને છે એવું પ્રપંચી કે સ્વાર્થનું પુતળું છે? શું સરલાના સુખમાં હું આડી આવું, એવુ મારૂં અંતઃકરણ મલીન છે? શું આખરે સત્યનો સૂર્ય નહિ પ્રકાશે! શું નિર્દોષને દુષિત અને દુષિતને નિર્દોષ, ધૂર્તને સાધુ અને સાધુને ધૂર્ત, પૂર્ણાત્માને પાપાત્મા અને પાપાત્માને પૂર્ણાત્મા માનનાર દુનિયા, જે સ્વરૂપે છે તે સ્વરૂપે તેને સમજવા જેટલી ઉદાર નહિ થશે? અરેરે! એવું સ્વપ્ન પણ ક્યાંથી? શ્રીરામચંદ્ર, શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રી શંકરસ્વામી જે નથી જોઇ શકયા તે મારાથી ક્યાંથી જ જોવાય? અરે એવી આશા રાખવી એ પણ એક પ્રકારની મૂર્ખતા વિના બીજું શું છે?

"પરમાત્માવતાર ગણાતા શ્રીરામ, શ્રીકૃષ્ણની પાછળ વાંકુ બોલવાની ટેવવાળી દુનિઆ અન્યનું વાંકુ બોલે એમાં શું આશ્ચર્ય? લોકોની દૃષ્ટિએ ડાહ્યાં ગણાતાં સ્ત્રીપુરૂષો વાસ્તવિક રીતે ડાહ્યાં હોતાં નથી. લોક વ્યવહાર સાધુ સ્ત્રીપુરૂષના વ્યવહાર કરતાં જુદો જ છે. લોકોના કહેવા પ્રમાણે કરવાથી લોકો પોતાની ટેવ ભૂલી જતા નથી. અગ્નિસ્નાન કરી શુદ્ધ થયેલાં સીતાજીને મૂર્ખ લોકોએ પુનઃ વનનાં દર્શન કરાવ્યાં હતાં એ જાણવા છતાં લોકોની વાત સાંભળી મારૂં હૃદય આજ કેમ ઉછળી રહ્યું

છે ! હું ગમે તેટલી સરલાપ્રત્યે સદ્ભાવ રાખવાવાળી છું એ લોકોને સમજાવવા મારી શક્તિ નથી. નજરે જોવા છતાં ન માને એવા લોકોને મનાવવા માટે કોઇ નવું શાસ્ત્ર હજુ મળી આવ્યું નથી. મારાં નણંદ સરલાના ભાવિ સુખ માટે મારૂં અંતર કેટલું ઉત્સુક અને રાત્રિદિન ઉજાગરા સેવે છે, તે એક દિવસ બહાર આવશે, ત્યારે એક પક્ષે ન્યાય આપનાર ન્યાયાધીશ જેવી આ દુનિઆનો ન્યાય કેટલો સાચો છે, તેનું ડાહ્યાં સ્ત્રી પુરૂષો તોલન કરશે જ. મારાં નણંદ સરલા જેટલાં ડાહ્યાં છે, જેટલાં સ્વધર્મમાં પ્રીતિવાળાં છે, જેટલાં શાન્ત સ્વભાવના છે, તેવોજ તેમનો ગૃહસંસાર સુખી નીવડે, એવો સ્વામી મળે એટલે મારે મન પ્રભુએ બધુંયે આપ્યું, એમ હું માની લઇશ.

સૂર્યની ઉષ્ણતામાં ઘટાટો થયો હતો, પાંચ વાગ્યાનો સમય હતો, તે વખતે શારદાગવરી સ્વામીના આવાગમનની રાહ જોતી દિવાનખાનામાં બેઠી હતી; પરંતુ હમેશના જેટલી પ્રસન્નતા તેના ચંદ્રવદનપર ન હતી; તેની દૃષ્ટિમાં હમેશ જેવો આનન્દ ન હતો; તેના મનમાં આજે આકુળવ્યાકુળતાનું વાતાવરણ પ્રવેશ્યું છે એ તેણીને જોતાં સહજ જણાય તેમ હતું. આવી સ્થિતિ થવાનું કારણ માત્ર નજીવું અને સમજુ હૃદયને સંતાપ આપે એવું હતું. લોકોમાં તેના વિષે ઉંચો અભિપ્રાય નથી એવું તેના જાણવામાં આજે આવ્યું હતું. અજ્ઞાનાવસ્થામાં ઝોલા ખાતા લોકાના વિચારની, અભિપ્રાયની કિંમત કાંઇ પણ નથી એ શારદા જો કે જાણતી હતી, છતાં તે જ્ઞાન તેના હૃદય-મનનું સમાધાન કરવા આજે પુરતુ નીવડયું નહિ. કમળાવાળો જગતને પીળું જુએ તેમાં જોનારનો જ દોષ છે, તેમ પોતાને ધૂર્ત, સ્વાર્થી, કોઇ માને તેમાં તે માનનારનો જ દોષ છે. એ શારદા સત્ય માનતી હતી છતાં, તે સત્ય આજે તેને શાન્તવન આપી શકયું નહિ અંતમાં વિચારપ્રવાહ વધતો ગયો અને વાણીદ્વારા ઉપરોક્ત પ્રમાણે બહાર આવ્યો. એટલામાં બારણું ખખડયું. વિચાર પ્રવાહ અટકયો પણ મુખ ઉપરનું મીઠું હાસ્ય હજુ ન જ આવ્યું. પ્રસન્નતાની સરિતામાં નિમગ્ન રહેતી પ્રણય પત્નીને આવી સ્થિતિમાં જોતાં શરચ્ચન્દ્ર આભો જ બની ગયો અને

પ્રિયાની આવી સ્થિતિ થવાનું કારણ જાણવા પ્રયત્ન કરવા લાગ્યો.

"દેવી! પ્રસન્નતાનું મીઠું હાસ્ય ક્યાં અને આ મુખકમળ પર છવાયલું અશાન્તિનું મલીન વાદળું ક્યાં? આજની તારી સ્થિતિ મને ઘણું જ આશ્ચર્ય આપે છે."

"મનનો સ્વભાવ આપ જાણો છો. એકાંતમાં અનેક તરંગો ઉઠાવે, પ્રસન્નતાભર્યા સુવિચારોને વિસરાવે અને જોનારને વિચાર સાગરમાં ડુબાડે, એવા મનને વ્હાલા! શાની ઉપમા આપવી?" મનનું સામર્થ્ય ઘણું છે. શ્રીકૃષ્ણ જેવા સમર્થ ગુરૂ છતાં અર્જુનને પણ મન ઉપર કાબુ મેળવવો દુર્લભ ભાસ્યો હતો. તો સામાન્ય બુદ્ધિનાં સ્ત્રીપુરુષની તો વાતજ શી કરવી! મનની ભમાવી હું હવે ભમી રહી છું. આપનાં દર્શનથીજ મારામાં નવો ઉત્સાહ આવ્યો છે."

"હૃદયશલ્ય છુપાવવું એ સ્ત્રીપ્રકૃતિનો સ્વભાવિક જ ગુણ છે. વિદ્યાર્થી અવસ્થામાં મેં શાળામાં વાંચ્યું હતું, તે ગૃહશાળામાં આજ સ્વાનુભવે શિખ્યો. પરંતુ તારી પાસેથી આવું શિક્ષણ મેળવવાની આશા હું રાખતો ન હતો. પતિપાસે હૃદયશલ્ય છુપાવવું એ પતિપરાયણ પ્રમદાને ભૂષણ રૂપ નથી."

"તમારા સમીપમાં કોઇ આધિવ્યાધિ મારા હૃદયને સ્પર્શ કરવા હજુ સુધી સશકત નીવડી નથી, પણ—"

"મારી પાસે આમ સંકોચ સેવવો સર્વથા અનુચિત છે. પતિપાસે હૃદય ખોલતાં પત્ની આંચકો ખાય એ વ્હાલી! સાચું પૂછાવે તો દામ્પત્ય પ્રેમની ખામી સૂચવે છે."

"દમ્પતિ ધર્મ એવો જ છે. મારી પ્રસન્નતા નષ્ટ થવાનું કારણ નજીવું છતાં હૃદયને ચોંકાવનારૂં છે. લોકોની દ્રષ્ટિમાં મારૂં હૃદય સ્વાર્થી મનાય છે. લોકાપવાદ કેમ સાંભળી શકાય?"

"દેવી! ધૈર્ય ધર. આખી સૃષ્ટિને પૂજવા યોગ્ય-વંદવા યોગ્ય સાધુ સાધ્વીઓના દોષો જોનાર લોકોને કોણ સમજાવી શકે એમ છે? અન્યની બુદ્ધિ ઉપર ચાલનારા લોકો ગાડરીઆ પ્રવાહ જેવા છે. એક જણે પાંચ માણસના વચમાં કોઇને

સ્વાર્થી, લોભી કે દંભી કહ્યા તો આખું શહેર તે માણસને તે નામે જ ઓળખતું થાય છે. વિવેકશૂન્ય લોકોના અભિપ્રાયથી આમ ખિન્ન થવું એ તારા જેવી શાન્ત સ્વભાવની સ્ત્રીને આભૂષણરૂપ નથી. તમામ રોગોનાં ઔષધો પ્રભુસૃષ્ટિમાં મળી આવે છે; પરંતુ મૂર્ખ લોકોની પ્રકૃતિ ફેરવવાનું એકે ઔષધ જોવામાં આવતું નથી. મહાત્મા ભર્તૃહરિ પણ તેમનાથી કંટાળી ગયા છે. 'પ્રાણ અને પ્રકૃતિ બન્ને સાથે જવાનાં' એ લોકોક્તિ ઘણા અનુભવના જ ફળરૂપે બહાર આવી છે. પરંતુ લોકોપવાદ શા આધારે તારા હૃદયને સમજવા છતાં પીડા કરે છે તે જણાવે તો વળી તેનો ઉપાય પણ થઇ શકે. હું ધારૂં છું કે લોકોપવાદ નિવારી શકાય એવો જ હશે."

"લોકાપવાદ ઘણા ભાગે અનિવાર્ય જ હોય છે. મારા સંબંધમાં લોકોપવાદ એવો નથી તો પણ ઉતાવળા થતાં તે વિશેષ બળવાળો બને એવો છે."

"તો આપણે શાન્તિથી કામ લેશું."

"જલવિનાની સરિતા અને માવિનાની દીકરીની કોણ સંભાળ લે? મા એ તો મા અને બીજા સંસારના ગા."

"દુનિઆના સૌ સગપણકરતાં માનું સગપણ વિશેષ લાગણીવાળું છે. સ્વર્ગસ્થ કલાપી પણ લખે છે કેઃ—

"તવ પિતા ઘણું વ્હાલ રાખશે,
"પણ ન માતની ખોટ ભાંગશે.

कुपुत्रो जायते क्वचिदपि कुमाता न भवति.

"વળી તત્સમ્બન્ધે બીજું પણ કહું છું.

હરિગીત.

"નિજ બાળ યદિ કંગાળ હો કે, સબળ હો બ્રહ્માંડમાં,
"પણ ભેદભાવે ભેટવા, માતા હૃદય અવકાશ ના

" કદિ દુષ્ટ હો ! પૂર્ણાત્મ હો ! કે, રોગી હો ! સૌ અંગમાં
" તોયે હસી ખોળે લહે, માતા હૃદય આનન્દમાં. "

" માતાની ખોટ કોણ પૂરી શકે ? "

" માતાનું હૃદય બાલક ઉપર જેટલું હશે તેટલું બીજાનું ન હશે એ હું સમજું છું; પરંતુ મા એ તો મા અને ભાભી એ તો ભાભી જ. હાથથી નખ વેગળા એટલા વેગળા જ. માતા-જેટલો ઉમળકો કંઈ પારકી જણીને આવે ? મા મરી ગયાં આજે દશ દશ વર્ષ થવા આવ્યાં છતાં બિચારી સરલાને ભોજા-ઇના હાથનો રોટલો ખાવો મટયો છે ? તેની મા જીવતી હોત (!') તો ક્યારનુંએ તે ઘર કરી બેઠી હોત. સરલા શું હવે નાની છે ? ખાટી છાશ ઉકરડે જાય તેમાં પારકી જણીને શો પાનો આવવાનો છે ? વગેરે શબ્દો આડોશીપાડોશીની સ્ત્રીયો મારી પછવાડે બોલે છે, એ મારાથી કેમ સહન થાય ? "

" લોકો ન બોલે એટલું થોડું. અજ્ઞાનીનો શો ઓરતો ! દુનિઆ ગમે તેમ બોલે તેથી શું ? મારી બ્હેનસાથે તારૂં કેવું વર્તન છે, એ હું સારીપેઠે જાણું છું. તારી નિન્દા લોકો કરે એમાં મારી પણ ભેગી જ છે. પરંતુ ઘર જોઈને ચાંલ્લો કરવો એ હવે મારાથી તો નહિ થાય. લગ્નજેવા પ્રસંગમાં સરલા અજ્ઞાત રહે. " દીકરી અને ગાય જ્યાં દોરે ત્યાં જાય " એ ઉકિત તેના સંબંધે સાચી ઠરે અને હિન્દુસંસારમાં તે આંગળાંના ટેરવે ચડે, એ મારાથી વ્હાલી ! જોવાશે નહિં. બુદ્ધિ મળી, વિચારશક્તિ વધી, મહાપુરૂષોપ્રણિત ગ્રંથો વાંચવામાં પ્રીતિ વધી, છતાં રૂઢિનાં રાંઢવે અન્યની માફક હું બંધાઇ રહું એ મને જ્યાં જાઉં ત્યાં નીચું જોવરાવનારૂં જ બને. આખી દુનિઆ મને સમજાવવા આવે, તારા અવગુણનો ખોટો ચોપડો મારી પાસે વાંચવા બેસે, તો પણ હું મારા નિશ્ચયથી ચલિત થઉં એવો કાચા હૃદયનો હું નથી. જે થાય તે જોયા કર. "

" જ્યાંસુધી તમારો પ્રેમ છે ત્યાંસુધી મને ભયનું કે શોકનું કાંઈ કારણ નથી. પરંતુ સરલા બ્હેનના માટે લાયક—યોગ્ય વિદ્યાવિભૂષિત વરની શોધમાં આપણે હવે પ્રયત્ન કરવો જોઇએ.

કારણ હવે તેઓ નાનાં નથી. લગ્નની ગંભીર પ્રતિજ્ઞાઓ પણ તેમના અંતઃકરણમાં રમી રહેલી છે, સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યમાં પણ તેઓ ઘણાં આગળ વધ્યાં છે, શાળા છોડયા છતાં અભ્યાસ તેઓએ ચાલુજ રાખ્યો છે.”

“મારો પ્રયાસ તે દિશામાં ચાલુ જ છે. વ્હાલી! મનુષ્ય પ્રયત્ન અને ઇશ્વરની કૃપા જેવું થયું છે. પરંતુ આસપાસના ચોકસ સંજોગો વિશ્વાસપાત્ર માણસદ્વારા જાણ્યાવિના તત્સબન્ધે કેમ પગલું ભરાય?”

“કાર્યના આરંભમાંજ બુદ્ધિમાનો વિચાર કરે છે. બાકી જગત્‌ને કયાં જીતાય એમ છે! સારૂં મળે તો કહેશે કે, સરલાના નસીબે જોર કર્યું અને નબળું મળે તો કહેશે કે મુઈ ભોજાઈએ એનો ભાવ ભજવ્યો. નાથ! એમને નસીબે બધુંય સારૂ મળે તો જાણે ગંગામાંજ ન્હાયાં. નહિ તો દુનિઆના લાખ લાખ રૂપીયાના બોલો તમારાથી કે મારાથી સાંભળી શકાશે નહિ. જે દુરીજનો હમણાં જ બોલે છે તેઓને વળી કારણ મળ્યે શું ન બોલે?”

“તારૂં કહેવું સાચું છે. આહલાદપુર ઘણું રમણીય તેમજ વ્યાપારનું મુખ્ય મથક છે. આપણી નાગરજ્ઞાતિના ખાનદાન કુટુમ્બોનાં ઘર ત્યાં કેટલાં છે, તે મારી જાણમાં બરાબર નથી. રસિકલાલ! આવા પ્રસંગમાં શું મદદ ન કરે?”

“કરે જ. સગાનાં કામ સગા જ કરે છે. આપણી જ્ઞાતિના ત્યાં આબરૂદાર કુટુમ્બો સારી સંખ્યામાં છે. જેમાં ભણેલા યુવકો પણ સારા પ્રમાણમાં છે. નલિનીકાન્ત સૌ યુવકોમાં વિશેષ શાણો ગણાય છે.”

“ઓ ભાષણ આપનારા!”

“હા વ્હાલા! તે જ.”

“શું તેઓ હજીસુધી અવિવાહિત છે! કેટલી ગંભીર ભૂલ! વિવાહિત માની મેં તેમની કાંઇ પણ તપાસ જ ન કરી. ખરેખર તે યુવક લાયક અને વળી શાણો છે. આવો પુરૂષ આજસુધી કેમ અવિવાહિત રહ્યો હશે?”

"B. A. L L. B. ની પરિક્ષા આપ્યા પહેલાં વેવિશાળ નહિ કરવાની તેની પ્રતિજ્ઞા હતી. પરંતુ લોકોએ એવું અનુમાન કર્યું છે કે, એવા ગરીબ ઘેર કોણ કન્યા આપે! તેનું કુટુમ્બ ઘણું આબરૂદાર છે. તેનાં પિતામાતા બન્ને ગુણજ્ઞ છે પરંતુ આર્થિક સ્થિતિ જોઇએ તેટલી સારી નથી. ધંધે પડયા પછી તો જરાય વાંધો નથી. હું તથા સરલા બ્હેન તેમના ઘેર પણ ગયેલાં હતાં.

"જ્યાં ગુણ હશે ત્યાં લક્ષ્મી આપોઆપ આવશે, પરંતુ આ બાબતમાં સરલાનું હૃદય તારે ખાનગીરીતે જાણવું જોઇએ. રસિકલાલને હું પણ એક પત્ર લખી રાખું છું. સરલાનું હૃદય આપણા વિચારમાં મળે તો જ મારો લખેલો પત્ર તું ટપાલમાં નંખાવજે. નહિ તો તે પત્ર વિપરીત પરિણામ લાવશે. પત્ર લખીને હું બગીચે ફરવા જવાનો છું."

શરચ્ચન્દ્રે પત્ર લખી મેજ ઉપર મુકયો અને સન્ધ્યાના પ્રકાશમાં ન્હાવા શહેરસમીપ આવેલા ઉદ્યાને જવા ઉપડી ચૂકયો.

વડીલ બન્ધુને નંદનવનસમા ઉદ્યાને હવા ખાવા ગયા જાણી સુશીલ સરલા દિવાનખાનામાં દાખલ થઇ. ભાભીને વિચારગ્રસ્ત જાણી સપ્રેમ તેણે વાણીને સ્થાન આપ્યું.

"સતીસન્ધ્યાનો રમણીય સમય શા વિચારમાં વ્યતીત કરો છો ? ચાલો અગાસીમાં અને સતીસન્ધ્યાના મીઠા હાસ્યમાં આપણા અંતરાત્માના મીઠા હાસ્યનું ઐક્ય કરીએ."

"ઘણું સારૂં તમે સંભાળી આપ્યું. આહલાદપુરમાં જ્યાં જાનનો ઉતારો હતો ત્યાં અગાસીમાં રાત્રે જે વાત તમે અધુરી મૂકી છે તે તમારે હવે પુરી કરવી પડશે. વચન આપો તો આગળ પગલું ભરૂં."

"તમારૂં આમંત્રણ હું સ્વીકારૂં છું. પ્રભુના આદેશકરતાં પણ તમારૂં આ આમંત્રણ મને આનન્દ આપે છે."

"ત્યારે એ વાત કહેવામાં તમારા અંતરાત્માની શાન્તિ હશે."

"મારા હૃદયની વાત તમે ક્યાંથી જાણી જાઓ છો!"

બન્ને જણાં હસતાં હસતાં અગાશીમાં આવ્યાં અને સરલાએ હૃદય ખોલી કહેવાધાર્યું.

તે સમયે સારંગીમાં પ્રેમાર્દ્ર હૃદયથી ઉદ્ભવેલું ગીત ગવાતું હતું. શ્રીકૃષ્ણ પરમાત્માની બંસી સાંભળતાં ગોપીઓની જે સ્થિતિ થાય તેવી જ સ્થિતિ મારી તે સમયે થઇ હતી સભામાં ભાષણ આપનારા પણ તેજ હતા. તમારી મદદવિના બધું કામ ભાંગી હવે અટક્યું છે."

"પ્રભુ સૌ સારૂં કરશે. ચાલો નીચે હજુ ઘણુંય કામ છે. કાગળો પણ ટપાલમાં નાખવાના છે." બન્ને જણાં નીચે આવ્યાં. સરલાનું હૃદય સમજી શારદાએ અન્ય માણસદ્વારા કાગળો ટપાલમાં નંખાવ્યા. થોડીવારમાં શરચ્ચન્દ્ર ઘેર આવ્યો. લખેલા પત્રની વ્યવસ્થા થયેલી જાણી અંતરમાં આનન્દ માનવા લાગ્યો.

પ્રકરણ ૨૦ મું.

આનન્દોત્સવ કે લગ્નોત્સવ

વસંતતિલકા

"સ્નેહીતણાં હિતમહીં નિજ સર્વ આપે,
"એવા નરો સુહૃદનાં સહુ દુઃખ કાપે.

સદ્વિવેકી રસિકલાલ!

વિ. વિ. સાથ લખવાનું જે જાનસાથે અમો આનન્દથું અત્રે પહોંચ્યા છીએ, જાણી આપ ચિંતામાંથી મુક્ત થશો, છતાં આપના હૃદયને એક બીજી ચિંતામાં નાંખવું યોગ્ય ધારૂં છું.

આ સંસાર ઘણો તોફાની છે. તેમાં અનેક વાવાઝોડાં આવે છે અને તે વાવાઝોડામાંથી આપણું જીવનનૌકા સહી-સલામત સામા કાંઠે લઈ જવું એ પુરૂષનું લક્ષણ છે. આવા અનેક વાવાઝોડામાંથી પસાર થવા છતાં માથાપર ઝઝુમતાં વાવાઝોડામાંથી પસાર થવા આવ્યેલા કુશળ પુરૂષની મદદ લેવી મને વાસ્તવિક લાગે છે અને આશા છે કે આપ મદદરૂપ થશો જ.

મારાં બહેન સરલાનું વય હાલ પંદર વર્ષનું છે. સંસ્કૃત અને અંગ્રેજી જ્ઞાન તેનું ઘણુંજ સારૂં છે. "કન્યા એ પારકી થાપણ છે." તો તેને યોગ્ય ઠેકાણે આપી ઋણમાંથી મુક્ત થવું એ મને હવે ઉચિત લાગે છે. શાસ્ત્ર અપવાદ લાંબો સમય સહેવો એ ધર્મમાં ક્ષતિ (નાશ) કરે છે.

આહ્લાદપુરમાં આપણી જ્ઞાતિનાં ઘણાં કુટુમ્બ છે. જેમાં ઘણા યુવકો કેળવાયલા છે. મેં અહીં આવ્યા પછી ઘણાનાં નામો સાંભળ્યાં છે તેમાં નલિનીકાન્તનું નામ મારૂં ખાસ ધ્યાન ખેંચે છે. સભામાં ભાષણ આપતાં એ યુવકની યોગ્યતાએ મારા હૃદયને ખેંચ્યું હતું, છતાં અવકાશના અભાવે મેં કંઇ તપાસ કરી ન હતી. તેમજ આવો યોગ્ય યુવક અવિવાહિત હશે એ વિચાર પણ નહિ આવવાથી આપની સલાહ હું રૂબરૂમાં લઇ શકયો ન હતો. તે યુવક ઘણો ગુણજ્ઞ છે. તેના આસપાસના અન્ય સંજોગો તપાસી તમને યોગ્ય લાગે તો મારી વતી સરલાનું વાગ્દાન કરશો. તેમજ તેઓને યોગ્ય લાગે તો લગ્નતિથિનો સારા શાસ્ત્રીની સલાહથી, નિર્ણય કરી મોકલાવી આપશો તો વળી વિશેષ સારૂં થશે. આશા છે કે આપ આ કામ ઘણી જ અગત્યનું જાણી બજાવશો જી. જે કાર્યમાં ઘણું જોખમ છે તે કાર્ય આપના હાથમાં મૂકતાં સારૂં પરિણામ આવશે એજ.

શ્રીનગર વાર મંગળ	લી. શુભેચ્છક શરચ્ચન્દ્રના પ્રણામ.

પ્રાતઃ કાળનો સમય હતો. રસિકલાલ ઔષધાલયપ્રત્યે જવાની તૈયારી કરતો હતો એટલામાં ટપાલ આવી. એક કવર મળ્યું. પત્ર વાંચતાં નલિનીકાન્તનું હૃદય હવે વિશેષ પ્રફુલ્લિત થશે, તેનું જીવન વિશેષ ઉન્નત બનશે અને દેશહિતમાં વિશેષ ભાગ લેશે એ વિચારો તેના હૃદયમાં ઉપસ્થિત થયા.

"નલિનીકાન્ત ભાગ્યશાળી તો ખરો જ."

"કેમ વ્હાલા !" લલિતાગવરીએ હર્ષમાં આવી કહ્યું.

"દેવી ! શરચ્ચન્દ્રનો આ પત્ર છે. સરલાનો વિવાહ નલિનીકાન્ત સાથે કરવાનું જણાવે છે. લગ્ન પણ હમણાંજ લેવાં, એવી તેમની ઇચ્છા છે."

"વ્હાલા દુધમાં સાકર ભળ્યા જેવું થશે. સરલા ઘણી જ સુશીલ અને વળી સુશિક્ષિત છે. દવાખાને પછી જજો. દીનલક્ષ્મીને આ સમાચાર હમણાંજ આપો તો તેમને આનન્દ થાય. તેઓ દરેક વાતે સુખી છે. નલિનીકાન્ત કાલ સવારે ધંધે લાગશે એટલે ત પણ તમારી પેઠે કમાશે."

પત્નીની સંમતિ લઇ રસિકલાલે પોતાના પવિત્ર પિતામાતાને તે વાત જણાવી. તેઓએ પણ સારો અભિપ્રાય આપ્યો જેથી રસિક હૃદયમાં હરખાતો હરખાતો પોતાના મિત્રને મળવા ઉપડી ચુકયો.

* * * *

"નાથ ! પુત્રની પ્રતિજ્ઞા પ્રભુએ પાર પાડી. ધાર્યા પ્રમાણે પરિક્ષા આપી તે અહીં આવ્યો છતાં આપણાથી તેના ભાવિ જીવન માટે કાંઇ પગલું ભરાતું નથી."

"પૈસાદારનું સૌ સગું છે. આપણે કોઇપાસે પુત્ર લગ્નની વાત કાઢીએ તો તેઓ આપણને હસી જ કાઢે. કારણ આપણી જ્ઞાતિમાં હવે ખાવા પીવાનું, અને પહેરવા ઓઢવાનું ખર્ચ ઘણું વધી પડયું છે. આંખો મીચીને ખર્ચાળ પ્રજાનું અનુકરણ કરવા નાનાથી મોટા સુધી સૌએ માંડયું છે."

"ખર્ચના માટે આગળ ઉપર નલિનીકાન્ત કમાશે એટલે

સૌ સારાં વાનાં થશે. હમણાં તો મારૂં ઘરાણું અને પહેલું પુત્ર લગ્નના ખર્ચમાટે પુરતું છે."

"ખર્ચસંબંધી ચિન્તા નથી, વિવાહમાં વિલમ્બ થવાનું કારણ વળી જુદું જ છે. આવક નહિ છતાં આપણો હાથ ઘણો છુટો છે. આપણે આંગણે આવતાં ગરીબોને, નિરાધારોને, અપંગોને યથાશક્તિ આપીએ છીએ તેથી આપણી સુધરેલી જ્ઞાતિના સુધરેલા સદ્‌ગૃહસ્થો મનમાં એવું માને છે કે તેઓ મુર્ખને, નિરૂદ્યમીને ઉત્તેજન આપે છે."

"ગરીબોની આશિષો ફળશે એવું તો એકે નહિ ફળે. લોકો ભલે બોલ્યા કરે, પણ હવે પુત્રલગ્નનો લ્હાવો લેવાય તો સારૂં."

"સૌ સારૂં જ થશે. આપણે કયાં કોઇના બુરામાં છીએ કે, પ્રભુ આપણા સારામાં રાજી ન હોય! જે પ્રભુએ પુત્રની પ્રતિજ્ઞા પાળી છે તે પ્રભુ આપણી ઇચ્છા પણ સંતોષશે. કયારે સંતોષશે એ આપણા જાણવામાં નથી; તો પણ તે પ્રભુની જાણમાં તો છે, છે ને છે."

"એ તો સાચું જ છે. મનુષ્યોનો સ્વભાવ કયાં પ્રભુએ એવો બનાવ્યો છે કે તેમના ઉપર વિશ્વાસ રાખી બેસી રહે અને પ્રાપ્ત કામમાં પ્રસન્ન રહે."

એટલામાં રસિકલાલને આવતો દીનલક્ષ્મીએ જોયો.

❀ ❀ ❀ ❀

"કેમ રસિક! આજે વહેલો વહેલો?

"નલિનીકાન્તને મળવા."

"હમણાં જ તે મેડી માથે ગયો છે. ચાર પાંચ દિવસ થયા તેનું ચિત્ત અસ્વસ્થ લાગે છે. તું તપાસ તો કર."

"શરીર અસ્વસ્થ હશે તો દવા તૈયાર છે." એટલું બોલતાં રસીકલાલ મેડી ઉપર ગયો. દીવાનખાનામાં કપાળે હાથ દઇ બેઠેલા મિત્રને જોતાં તે વિચારમાં જ પડયો.

❀ * ❀ ❀

"સુહૃદ! આવી સ્થિતિ શાને આભારી છે."

"સહજ, રસિક! આજે આ બાજુ શું ભુલો પડયો છે?"

"દરદીઓને દવા આપવા."

"કેવા દરદીઓને!"

"તારા જેવા."

"એવું સદ્ભાગ્ય કયાંથી?"

"સુહૃદ્! તારી પ્રકુતી શાન્ત છે. છતાં તારૂં હૃદય શાન્ત નથી. શા વિચારોમાં હૃદય ગુંચાયું છે?"

"તારાથી છાનું રાખવું એ ઉચિત નથી. તું જે કવિસૃષ્ટિની સુંદરીઓનું અપમાન કરે છે તે તદન ખોટું છે. તેનું અસ્તિત્વ તું માનતો નથી તેનું અસ્તિત્વ સિદ્ધ છે."

"સિદ્ધ હોય તો પણ શું! સુહૃદ્! તારા વિચારો હવે ફર્યા છે કે નહિ?"

"શા વિષય પરત્વે?"

"અવિવાહિત જીંદગીમાંથી મુકત થવા માટે."

"વિચાર ફર્યા છે પણ સિદ્ધિની સાથે."

"તો પછી વિલમ્બ શાને કરે છે?"

"સિદ્ધિ મળવામાં તારી જ સહાય્ય હવે બાકી રહી છે."

"મારી સહાય્યની જો જરૂર હોય તો હું તૈયાર જ છું. શરચ્ચન્દ્રને તો તું સારીપેઠે ઓળખે છે."

"સુહૃદ્! એ ઘર જ સ્વર્ગજેવું છે."

"એ સ્વર્ગ જો જોવા ઇચ્છા હોય તો વાંચ આ પત્ર." એમ કહી રસિકલાલે શ્રીનગરથી આવેલો પત્ર નલિનીકાન્તના હાથમાં મૂકયો.

"સુહૃદ! મારે બોલવા જેવું હવે કાંઇ નથી." નલિની-કાન્તનું હૃદય જાણી રસિકલાલ નીચે આવ્યો.

❀ ❀ ❀

"કાકા! એક વધાઇ લાવ્યો છું." રસિકલાલે કહ્યું.

"શાની છે! રસિક!" રમણિકલાલે આશ્ચર્ય પામી પૂછયું.

"મારા બનેવી શરચ્ચન્દ્રને તો આપ ઓળખતા હશો."

"હા, તેમને કેમ ના ઓળખું ?"

"હમણાં તેઓ અહીં આવ્યા હતા. શારદા બ્હેન તેમની નણંદસાથે મારે ત્યાં આવી પણ ગયાં હતાં." દીનલક્ષ્મી વચમાં બોલી ઉઠયાં.

"સરલા ઘણી સમજુ અને ભણેલી છે તેનો વિવાહ નલિની-કાન્ત સાથે કરવા તેઓ રાજી છે."

"તો તો આપણું ધન ભાગ્ય જ સ્તો—સારો સગો, અનેસારી કન્યા ભાગ્યવિના કયાંથી મળે!" દીનલક્ષ્મી આનન્દાવેશમાં બોલી ઉઠયાં.

"રસિક! તું વયે નાનો પણ બુદ્ધિમાં અમારાથી ચઢી-આતો છે. તને જે યોગ્ય લાગે તે પ્રમાણે કરવા મારી ના નથી."

"સરલાનું વય પંદરવર્ષનું છે. લગ્ન પણ હમણાં જ લે-વાનાં છે, દશ બાર દિવસમાં આવશે તો આપણાથી પહોંચી શકાશે ને? રસિકે કહ્યું.

"પહોંચી શકાય પણ આથિક સ્થિતિનો વિચાર કરતાં લગ્ન જરા છેટાં હોય તો વિશેષ સારૂં ?"

"આર્થિક સ્થિતિ તમારી ઘણી સારી છે. નલિનીકાન્ત કાલ સવારે ધંધે લાગશે પછી શું હરકત છે! હમણાં જે ખ-ર્ચનો આંકડો આવે તે હું આપવાને બંધાઉં છું. તેવિષે હું અને નલિનીકાન્ત સમજી લેશું."

"રસિક! તેં તો હદ કરી. તારા જેવા મિત્રો સૌને હોતા નથી."

"કાકા! એમાં શું! મિત્રનું કામ મિત્ર કરતા આવ્યા છે. ઓળખીતા શાસ્ત્રીને બોલાવો, લગ્ન તિથિ જોવરાવો, જ્ઞાતિ સદ્‌ગૃહસ્થોને ખબર આપો એટલે થયું. "સારા કામને સો વાંધા." એટલામાં નર્મદાશંકર શાસ્ત્રીજીને જતાં રસિકલાલે જોયા. શાસ્ત્રીજીને બોલાવ્યા અને મહા શુદ ૫ નાં લગ્ન નક્કી

ફરી રસિકલાલ ઔષધાલયમાં આવ્યો. શરચ્ચન્દ્રને પત્ર લખી ખબર આપ્યા.

લગ્ન તિથિને દિવસ દસનું અંતર છે જાણી શરચ્ચન્દે સૌ તૈયારી કરવા માંડી. જોતજોતામાં લગ્ન તિથિનો દિવસ આવી પહોચ્યો. આહલાદપુરના સદ્‌ગૃહસ્થ રમણિકલાલના ઘરની જાન આવી પહોંચી. શાસ્ત્રવિહિત લગ્નગ્રંથીથી સરલા અને નલિનીકાન્ત જોડાયાં. બન્ને પક્ષના માણસો આનન્દ પામ્યા અને જાનને શિખ આપવાનો સમય આવ્યો. શરચ્ચન્દે પોતાનું સારૂં બોલાય એ પ્રમાણે સૌને સંતોષ આપ્યો.

"સરલા બ્હેન! આજથી તમારૂં જીવન બદલાય છે. તમારા વિના મારા દિવસો મોટા થશે. તમારી માતુશ્રી આ સમયે હોત તો શિખામણતરીકે બે બોલ કહેત." શારદાએ કહ્યું

પૂજ્ય ભાભીશ્રી? તમે માતારૂપે કહેશો તો કાંઇ હરકત નથી. તમે મને પુષ્પપેઠે સાચવી છે. મારૂં ધાર્યું કરી આપવામાં તમે ઉભા પગે રહ્યાં છો. તમારા ઉપકાર ગણું તો પાર આવે એવા નથી." સરલાએ હૃદયના વિચારો જણાવ્યા.

"સાસરામાં શોભા વધે એમ રહેજો. સૌને પ્રિય થાય એવું બોલજો. ટુંકામાં.

अभ्युत्थानमुपागते गृहपतौ तद्भाषणे नम्रता । १
तत्पादार्पित दृष्टिरासनविधिस्तस्योपचर्या स्वयम् ॥
सुप्ते तत्र शयीत तत्प्रथमतो जह्याच्य शय्यामिति ।
प्राच्यैः पुत्रि निवेदितः कूलवधू सिद्धान्त धर्मागमः ॥

૧—હે પુત્રિ! તારા પતિ ઘેર આવે તે વખતે ઉભી થજે ને તે જે બોલે તે નમ્રતાથી શ્રવણ કરજે, તેમના ચરણમાં દૃષ્ટિ રાખજે, તેમને આસન આપી તેમની સેવા કરજે, તેમના સુતા પછી સુજે અને ઉઠતાં પહેલાં ઉઠજે. કુલવધુઓનો ધર્મ પ્રાચીનકાળમાં આવો વર્ણવેલો છે.

પ્રકરણ ૨૧ મું.

—:o:—

આદર્શ દમ્પતિ.

(શાર્દુલ)

જે જ્ઞાને પ્રભુતા ભર્યું જીવન છે, તે જ્ઞાન પંથે પડયું,
જીંદગીનું રસલ્હાણું તે રળી હસી, આ વિશ્વ અર્પી રહ્યું;
બન્ને દેહ જુદા છતાં જીવ જુદા, એ સ્વપ્ન આવ્યું નથી,
આંખે આંખ મળે હસે મનવિષે, આ દંપતિ પ્રેમથી.

—:o:—

" જે દિવ્ય પ્રેમ ઝરણું હૃદયે સરે છે,
" તે દૃષ્ય આજ પતિસંગ થવું ખરે છે.

" ચન્દ્રદર્શને મહાસાગર ઉછાળા મારે, સૂર્ય દર્શને કુમુદિની મીઠું હાસ્ય કરે, ગંભીર મેઘની ગેબી ગર્જનાએ મદમસ્ત મયુરી નૃત્ય કરે, તદ્વત મારૂં હૃદય આજે પતિદર્શને ઉછાળા મારશે. જેના હૃદયમાં આનન્દ હતો, જેની વાણીમાં શશિકળા જેટલું શાન્ત માધુર્ય હતું, જેની દૃષ્ટિમાં પુરૂષપણાને છાજે એવા ગુણોનું સત્ત્ર સૂર્યદર્શને પડેલા મણિ પેઠે પ્રકાશતું હતું, જેની બુદ્ધિમાં કવિ હૃદયને શોભાસ્પદ ગૌરવ હતું અને જેના પ્રત્યે મારા હૃદયમાં ઉચ્ચભાવ બંધાયો હતો, તેઓનાજ આશ્રયે રમવાનું, તેઓના પ્રેમમાં જ સ્વર્ગસુખ અનુભવવાનું અને તેઓની જ સેવામાં જીવનવિકાસ જોવાનું પ્રાપ્ત થતાં મારૂં હૃદય આનન્દથી ધબકે છે. મારો અંતરાત્મા અવનવું આ જ ગુંજી રહ્યા છે.

" પ્રેમસાગરની ભરતીમાં, સંસારની વિવિધ ઉપાધિઓ સિંહના સમીપમાં બકરી જેવી છે. સરિતાના પવિત્ર, રમ્ય

કિનારે સંકોચાતાં હૃદયથી સ્ત્રીધર્મને સાચવી રાખવાના ભયથી વાર્ત્તાલાપમાં વહન કરવાનો પ્રસંગ મળતાં જ, મારૂં ભોળું હૃદય વૃક્ષરાજપર કિલ્લોલ કરતા પક્ષીગણપેઠે કિલ્લોલ કરતું થયું હતું. હવે વિના સંકોચે તેઓ સાથે બોલવાનો, મધુરું હાસ્ય મચાવવાનો અને હૃદયના પ્રેમઝરાને દૃષ્ટિદ્વારા ઉલેચવાનો પ્રસંગ પડયે મારૂં હૃદય કેટલું કિલ્લોલ કરશે એ કલ્પના પણ હું કરી શકતી નથી.

"સંસ્કૃત નાટકોનાં પ્રેમપૂર્ણ નાયક નાયિકાનાં ચિત્રો જોતાં વાંચતાં જે લાગણીને હૃદયમાં સ્થાન મળતું તે લાગણીનું રમ્ય ચિત્ર આજે દૃષ્ટિસમક્ષ થશે એ વિચારે મારૂં હૃદય પ્રેમમય જ થઇ જાય છે. અમરૂશતક, ગીતગોવિંદ કે સાહિત્યદર્પણ આદિ ગ્રંથો ગુજરાતી ટિપ્પણસાથે વાંચતાં, તે પુસ્તકોપ્રત્યે, તેઓના પ્રણેતાપ્રત્યે તિરસ્કાર દૃષ્ટિથી જોતી હતી તે જ હું આજે તે પુસ્તકો વાંચવાને મનમાં ઉત્સુક થતી જણાઉં છું. ખરેખર, અધિકારવિનાનું વાંચવા જતાં લાભને બદલે હાનિ પ્રત્યક્ષ છે.

"વિદ્યાર્થિ અવસ્થાનું વાંચનસાહિત્ય અને યુવાવસ્થાનું વાંચનસાહિત્ય ઘણું જ જુદું છે. યુવાવસ્થાને યોગ્ય વાંચન વિદ્યાર્થીઅવસ્થામાં વાચતાં તેઓના પ્રણેતાપ્રત્યે તિરસ્કાર ઉપજે, દુષ્ટ લાગણીઓને નિર્દોષ હૃદયમાં સ્થાન મળે અને નીતિના પવિત્ર માર્ગથી પતિત થવા મન મસ્તી ધરે, એ અક્ષરશઃ સાચું જ છે, એ મને આજે બરાબર સમજાય છે. પુરૂષકરતાં સ્ત્રીને યુવાવસ્થા વહેલી પ્રાપ્ત થાય છે એ વૈદ્યકશાસ્ત્રોનું કહેવું છે. છતાં હાઇસ્કુલમાં, કોલેજમાં, શૃંગારરસથી છલકાતાં નાટકો, અંગ્રેજ પ્રજાના આદર્શ દમ્પતિના પ્રેમમય ચિત્રોવાળી નવલકથાઓ, મારી અન્ય ભગિનીઓ ભણે છે તેઓનું નૈતિક બળ ઘણું જ હોવું જોઇએ. કારણ, અગ્નિપાસે પડેલો ઘીનો ઘડો જેમ ઓગળે છે તેમ સ્ત્રીનું હૃદય પુરૂષોના સહવાસમાં વિકારવાળું થાય છે એ આર્યશાસ્ત્રનું ખાસ માનવું છે. શૃંગારરસનું વાંચન, પરિક્ષામાં પાસ થવાના લોભે તેનું વારંવાર મનન અને વળી યુવાન પુરૂષોનો સંસર્ગ, એટલે જો તેઓનું મનોબળ-હૃદયબળ-આત્મ-

બળ નબળું હોય તો તેઓ પતિત જ થાય એમાં શું આશ્ચર્ય! પરંતુ આવા વિપરીત સંજોગોમાં વસવા છતાં તેઓ જળમાં રહેલા કુમુદપેઠે નિર્લેપ રહે છે એ જાણી મને ઘણો આનન્દ થાય છે; તેમજ ભારતભૂમિમાં હાલ જે સાધ્વીયોની ખોટ છે તે પદને વિભુષિત કરવા, આ કોલેજમાં ભણતો સ્ત્રીવર્ગ, જો ભાગ્યશાળી નીવડે તો, ભારતમાં પુનઃ નવો યુગ આવે અને સ્ત્રીયોનું મૂળ ગૌરવ પણ પાછું મળે એ નિઃસંશય છે.

"મારૂં ભાગ્ય એ ન્યાયે ઘણું જ ઓછું કે. હાઈસ્કુલ કે કોલેજનું શિક્ષણ હું લઇ શકી નહિ. સમય ગયો તેની શી વાત! કોલેજમાં ભણતાં હૃદયબળની પરિક્ષા થાત તે નહિ થશે. જે ફરવા હરવાની સ્વતંત્રતા મળત તે હવે નહિ મળશે. પતિ કે તેના સગાસંબધીઉપર હુકમ ચાલત તે હવે નહિ ચાલશે અને પુરૂષના જેટલા જ હકવાળી સ્ત્રી છે, તે હક મને હવે નહિ મળશે. એ સત્ય છે. હું કબુલ કરૂં છું છતાં મારૂં હૃદય કેમ હસે છે! મારો અંતરાત્મા કેમ આનન્દ માને છે? તે હું સમજી શકતી નથી જ. મારે જે મેળવવાનું રહ્યું તે માત્ર સ્વામીને પ્રસન્ન રાખીને તેમની સેવામાં મારૂં સર્વસ્વ અર્પણ કરીને અને તેમના સુખે સુખી થવા જેટલું મારૂં હૃદય–મન કરીને જ, કોલેજમાં ભણેલી મારી અન્ય ભગિનીયોના આનંદમાં અને મારા આનન્દમાં કોનો આનન્દ નિર્દોષ! કોનો આનન્દ ઉચ્ચ પરિણામી છે? એ પ્રશ્નનો ખુલાસો કોણ કરી શકે? સૌના આનન્દ સૌને મુબારક હો, મારો આનન્દ આવો ને આવો રહે એ જ મારે મન ઘણું છે. પતિ એ જ મારા પરમાત્મા છે જે કાંઇ શિખવાનું છે તે માત્ર તેમનીજ પાસેથી. ભૂગોળ ખગોળમાં ભલે હું સૌકરતાં પાછળ રહું, પરંતુ મારે જે શિખવું છે તે મારે મન તો ઘણું જ દિવ્ય છે. રસપ્રભુની સેવા આવડે, સ્વામી હમેશાં પ્રસન્ન રહે અને તેઓના સમીપમાં મારો આત્મા એમ બોલી શકે કે—

"પ્રિય સંગે, પ્રિય સંગે,
"આનન્દીશું, પ્રિય સંગે.

" પ્રેમવાડીના ઝરણુમાં, ગીતી નીરે ન્હાઇ,
" રાસેશ્વરને પૂજતાં, પ્રભુતા રહે પથરાઈ;

" પ્રભુતામાં, પ્રભુતામાં,
" જગ ભૂલશું રસ પ્રભુતામાં.

" સ્નેહવેલના ફૂલમાં હીંચશું ઉર હરખાઈ,
" પ્રિય ગુણ ગાન ફૂલો ગુંથી, ધરશું પ્રિય પદમાંહિ.

" પ્રભુતામાં પ્રભુતામાં,
" જગ ભૂલશું રસ પ્રભુતામાં.

ન્હાના ન્હાના રાસ.

"રસપ્રભુતામાં જ્યારે આત્મા લીન થશે ત્યારે અપ્રાપ્ય-જેવું આ સંસારમાં કંઇ રહેવું નથી." બારણું ખખડયું, પ્રિય દર્શનની અભિલાષા પ્રદીપ્ત થઇ, આંતર નયનો બારણાપ્રત્યે દોડયાં, પણ ઇપ્સિત દર્શન થયું નહિ. ખુરશીમાંથી સહર્ષ બેઠી થઇ, બહાર આવી પણ આશા કિરણ પ્રકાશનું જણાયું નહિ.

"હૃદયના વેગ શાન્ત થાઓ. જે ભાગ્યમાં છે તે હવે ક્યાં જવાનું છે ? જે વિચારમાં રમે છે તેની સિદ્ધિ હવે ક્યાં દૂર છે ?

" उदेति पूर्वं कुसुमोततः फलं
घनोदयः प्राक्तदन्तर पयः ।"

કાલીદાસ.

"પહેલું પુષ્પ પછી ફલ, પહેલું વાદળું પછી વરસાદ, તે પ્રમાણે પહેલો વિચાર અને પછી તેની સિદ્ધિ એ નિર્વિવાદ છે." એ વિચારે ઉત્સુક હૃદય શાન્ત થયું. ચન્દ્રિકાનો ધવલ પ્રકાશ સુશિશિરે રમતો હતો એ દૃષ્ય થતાં સરલા અગાસીમાં આવી. ચન્દ્રિકાના પ્રકાશમાં રમવા લાગી. એકાદ મિનિટ શાન્તિથી બેઠી, ચન્દ્રિકાને સંબોધી કહેવા જેવું તેના હૃદયમાં

આવ્યું. પરંતુ વાણીદ્વારા બહાર મુકે છે તે પહેલાં તેના કર્ણ કોઇ દિવ્ય ગીત સાંભળવામાં રોકાઇ ગયા.

આજની આહ્‌લાદજનક ચાંદનીમાં, બહુ છેટે નહિ એવા ચોકમાં કેટલીક યુવતિઓ, સ્ત્રીસ્વભાવને આગળ કરી રાસ લેતી હતી.

" સંસારશાળા સ્નેહની, અલી ચન્દ્રિકા !
" ઝીલે સ્નેહી રમતાં રાસ,
પ્રેમે પેખજે રે, અલિ ચન્દ્રિકા !

" પ્રેમભૂમિના આંગણે, ખેલે દંપતિ ખેલ,
" પ્રેમ–પીયુષ પીતું રમે, જેમ રમે વનવેલ.
" નિર્દોષ ભાવ પ્રસારતું, અલિ ચન્દ્રિકા !
" અંતરથી આનન્દતું નિત્ય,
પ્રેમે પેખજે રે અલિ ચન્દ્રિકા !

" વિમળ સલિલ ઉછાળતી, સરિતા સુખસ્વરૂપ,
" સ્વામી સદનપ્રતિ સંચરે, ધારી પ્રેમ અનૂપ.
" ભેટી સાગર અંક મ્હાલતી અલિ ચન્દ્રિકા !
" તેમ પ્રિયા રમે પતિ અંક,
પ્રેમ પેખજે રે અલિ ચન્દ્રિકા !

" જ્યાં જાઉં છું ત્યાં પ્રેમને જ જોઉં છું. જે સાંભળું છું તે પ્રેમમય જ સાંભળું છું. રાજયોગના અવલમ્બીને બ્રહ્મદર્શન જેટલું સુલભ છે તેટલું જ પ્રેમદર્શન મને આજે સુલભ જણાય છે. આતો यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः એના જેવું થયું.

" ઓ મધુરી ચંદ્રિકા ! તારૂં દર્શન આજે મને ઘણું સુખકર થયું. પતિસાથે તારા પ્રકાશમાં રમતાં મારા અંતરાત્માનું હાસ્ય વળી વિશેષ અલૌકિક થયો."

" હા, મનોરમે ! શશિથી વિશેષ મધુરતા વાણીમાં રાખ-

નાર પત્નીની સાથે, ચાંદનીમાં રમવા મને પણ ક્યાં ઓછો આનન્દ છે ?" એ શબ્દોના ઉચ્ચારસાથે નલિનીકાન્તે અગાસીમાં પગ મૂકયો.

પરિચિત શબ્દધ્વનિ સાંભળતાં ક્યાંથી એ શબ્દો આવ્યા તે જાણવા સરલા વાંકી ડોકે જ્યાં દ્વારભણી જુએ છે ત્યાં "હૃદયમણિ ! એ તો સરિતાકિનારે જવાયલો અને હમણાં તારો કાન્ત થયેલો હું છું." એટલા શબ્દો કહેવા સાથે હાથમાંની મોગરાની માળા તેણે પ્રિયાના કંઠમાં પહેરાવી દીધી.

"દેવી ! તારી કાન્તિ આજે અભિવૃદ્ધિ પામતી જણાય છે. તારી શાન્તિમાં આજે અવનવો વિકાસ જણાય છે. મારી શાન્તિનું, મારા આનન્દનું તો વર્ણન પણ થઇ શકે એમ નથી."

"મારા આત્માના ઓજસ્ ! હમેશ આવાજ મધુર રહેજો. સ્વામીના દર્શને સ્ત્રીની કાન્તિ–શાન્તિ વધે એમાં શું આશ્ચર્ય ! મધુર બોલવું અને અંતરને જીતવું. વ્હાલા ! આવા મનમોહક–હૃદયપોષક મધુરા મંત્રો કયાંથી શિખ્યા ?

"ક્યાંથી શિખ્યો ! એ પ્રશ્નનો પ્રત્યુત્તર હું પણ શોધું છું. હાઇસ્કુલમાં, કોલેજમાં ઘણા વર્ષોના સહવાસે જે મંત્રો ન શિખી શકયો તે મંત્રો થોડા દિવસ પહેલાં સહજ પરિચયે શિખી શકયો છું. એવા મધુરા મંત્રો શિખવનારને શું આપવું ?"

"સ્ત્રીબુદ્ધિકરતાં પુરૂષબુદ્ધિ પ્રબળ હોઇ નિર્ણય સત્વર કરી શકશે."

"દેવી ! પુરૂષ બુદ્ધિમાં વધે, પણ હૃદયસામગ્રીમાં સ્ત્રી વધે. જેનું હૃદય કોમળ તે પ્રશ્નનું સમાધાન પુરૂષકરતાં વહેલું મેળવી શકે."

"વ્હાલા ! પ્રશ્નનો પ્રત્યુત્તર જે સામગ્રી આપી શકે એ સામગ્રી તો આપમાં જ લુબ્ધ થઇ ગઇ છે. ગોપીવૃન્દ શ્રીકૃષ્ણ પરમાત્માના પગલે પગલે જેમ ફરતું હતું તેમ મારૂં વૃત્તિવૃન્દ તમારા પગલે પગલે, તમારા શબ્દે શબ્દે ફરે છે. ત્યાં પ્રશ્નના પ્રત્યુત્તરની મારી પાસેથી આપ કેવી રીતે આશા રાખી શકો ?"

"પ્રશ્ન પૂછી, પૂછનારને મુંઝવવાજેટલી તારી તીવ્રબુદ્ધિ ઉપર મને વિશેષ વ્હાલ ઉપજે છે, પણ તારૂં વૃત્તિવૃન્દ મારામાં રમી રહ્યું છે તેમ મારૂં વૃત્તિવૃન્દ પણ તારામાં રમી રહ્યું છે. બન્નેની સ્થિતિ સરખી ત્યાં કોણ સમાધાન કરે?"

"બન્નેની સ્થિતિ સરખી છે, ત્યારે જ પ્રીતિસાગરમાં ન્હાવાનું બની શકશે. સરખાની મૈત્રી, સરખે સરખાનો સંગ્રામ અને સરખે સરખાંનો વિવાહ શાસ્ત્રદૃષ્ટિએ શોભાસ્પદ છે."

"દેવી! શાસ્ત્રમાં પણ તું પ્રવીણ છે. હવે મારા અન્ય મનોરથો પણ સફળ થશે. સરિતાકિનારે જે જ્ઞાન તારૂં કલ્પ્યું હતું તેકરતાં વિશેષ સંસ્કારી જ્ઞાન જોઇ મારો અંતરાત્મા પરમ આનંદ પામે છે. કવિસૃષ્ટિપ્રમાણે પ્રિયા મળી. વળી તારા સાથે ચન્દ્રિકાની મધુરતા પીવા સદ્‌ભાગી થયો, પણ પવિત્ર પ્રમદા! મારો આત્મા વિશેષ આનન્દ તો હજી ત્યારે જ માનશે કે, જયારે દેશહિતમાં પ્રિયાસાથે મને ઉભેલો જોશે."

"મારા હૃદયમણિ! પતિ પત્નિનું મોઢું જોઇ બેશી રહે કે પત્ની, પતિનું મોઢું જોઇ બેશી રહે. એવું જીવન તે જીવન જ નથી."

"સત્ય છે, દેવી સત્ય છે. હાલ પ્રેમના નામે દુનિયા મોહમાં સડે છે. આ મોહ ઓછો કરવા આપણે આપણા સુખનો ભોગ આપીશું જ. દેવિ! જમાનો હાલ કેવો છે?

"રતિ કાડાતણી રીત, પ્રીત પુરી પરમાણી,
"ચર્મ ઉપર ચુંબન, પ્રેમગોષ્ટિ ઉર જાણી;
"કરલતા તણી કેદ, વેદ ગાથા સમજાણી,
"અરસ પરસ મુખ વેણ, કેણ વિણ ગણી સુવાણી.

"દેવિ! પરમ પ્રેમને આવો કલંકિત કરવા શું તું ચાહશે?"

"પ્રાણવલ્લભ! તમારા દર્શને મારા આત્મા હસે છે. તમારા શબ્દે મને પરમ શાન્તિ મળે, જીવનને ઉચ્ચ દિશાએ વાળે તેને જ ગૃહસ્થી મહાત્માઓ યોગ્ય જીવન ગણે છે."

" આવું યોગ્ય જીવન આપણને મળે અને તેવા યોગ્ય જીવન ગાળતા અન્ય બન્ધુઓ આપણી દૃષ્ટિએ રાત્રિ દિવસ પડે તોજ આપણું જીવવું સફળ કહેવાય."

" દૃઢ પ્રતિજ્ઞા આપણી હશે તો તે પ્રમાણે આપણને સિદ્ધિ મળશે જ."

" એ સિદ્ધિ મળે, ઘણા વર્ષો ભ્રાન્તિ ટળે અને ગૃહસ્થાશ્રમનું ખરૂં રહસ્ય સૌ સમજે એ પંથે પડવું એને જ હું ધર્મ ગણું છું અને એ જ ધર્મ મને પ્રિય છે."

પ્રેમાર્દ્ર હૃદયનાં પતિપત્નિ, ચંદ્રિકાના ધવલ—સુખકર પ્રકાશમાં કેટલોક વખત ઉચ્ચ આનન્દનું લ્હાણું લઇ નિદ્રાદેવીની આરાધના અર્થે દિવાનખાનામાં દાખલ થયાં.

પ્રાતઃકાળ થયો. હમેશના કરતાં ઘણા કાગળો આજે નલિનિકાન્તને મળ્યા હમેશના ખબર પુરૂં પાડતું પત્ર વાંચતાં પાસ થયેલા વિદ્યાર્થિઓની યાદિમાં તેણે પોતાનું નામ વાંચ્યું. આનન્દ થયો. ઘણા મિત્રોએ ખુશાલીના પત્રો લખ્યા હતા જેમાં શરચ્ચન્દ્ર અને શારદાનો પત્ર પણ હતો. પિતા માતાને પરિક્ષાનું પરિણામ લાભમાં છે એમ કહ્યાથી ઘરમાં આનન્દ આનન્દ જ થઇ રહ્યો. એટલામાં રસિકલાલ આવી પહોંચ્યો.

" પ્રિય સુહૃદ ! હજુર પ્રાઇવેટસેક્રેટરીની જગ્યાએ તને નીમવા મેં કોશિષ કરેલી હતી. રૂ. ૩૦૦) ના પગાર થીતું નિમાયો છે એવા ખબર આજે મળ્યા છે." રસિકલાલે કહ્યું."

" પ્રિય રસિક ! મિત્રધર્મ તેં ઘણો સારો બજાવ્યો," પુત્રને સારી જગ્યા મળી જાણી પિતામાતાનું હૃદય આનન્દથી ધબકવા લાગ્યું અને દંપતિએ સુખસાગરમાં ઉત્સાહ પૂર્વક રમવા માંડયું.

* * * *

પ્રિય વાંચક ! આપણી ભરતભૂમિમાં શાન્તા અને ચિમનલાલજેવા અયોગ્ય લગ્નોત્સવ અટકે અને નલિનીકાન્ત અને સરલાજેવા લગ્નોત્સવની સંખ્યા અભિવૃદ્ધિ પામે એવી આશા

આપણે શું નહિ રાખીશું ? પરમાત્મા આપણી આ આશાની સિદ્ધિ આપે અને સર્વ ઠેકાણે શાન્તિ વધે એવા શુભ સંજોગોમાં આપણને મૂકે.

सर्वस्तरतु दुर्गाणि सर्वो भद्राणि पश्यतु ।
सर्वः कामानवाप्नोति सर्वः सर्वत्र नन्दतु ॥

"સર્વ મનુષ્ય દુઃખને તરી જાઓ ! સર્વ મનુષ્ય કલ્યાણ જુઓ ! સર્વ મનુષ્ય ઇષ્ટ વાંછનાને પ્રાપ્ત કરો ? સર્વ મનુષ્ય સર્વ સ્થળે આનન્દ પામો."

સમાપ્ત.